# ચાલો પાઠશાળા જઈએ

મુનિશ્રી હિતવિજયજી



અર્હં નમઃ
આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-રવિચન્દ્રસૂરિસદ્ગુરુભ્યો નમઃ
જૈનં જયતિ શાસનમ્

# ચાલો પાઠશાળા જઈએ

**પાઠશાળામાં ભણનાર-ભણાવનાર**
**માટે ઉપયોગી નૂતન પ્રકાશન**


**લેખક અને સંપાદક**

પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ
સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
પટ્ટપ્રભાવક સમાધિનિષ્ઠ નીડર વક્તા સ્વ.પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજના** શિષ્યરત્ન
**પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ**



**પ્રકાશક**

સંઘવી અંબાલાલ રતનચંદ
C/o. બી. એ. શાહ ઍન્ડ બ્રધર્સ
૭૬, ઝવેરી બજાર
મુંબઈ-૪૦૦ ૦૦૨

મૂલ્ય : રૂ. ૮૦-૦૦

*CHALO PAṬHASHALA JAI E*
*By Pujya Muni Shree Hitvijayji*

તૃતીય આવૃત્તિ
નકલ : ૫૦૦
વીર સંવત ૨૫૩૨, વિક્રમ સંવત ૨૦૬૨, ઈ.સ. ૨૦૦૬

સર્વ હક્ક સ્વાધીન
આ પુસ્તકના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે. તેમની લેખિત પરવાનગી સિવાય આ પુસ્તકની કોઈ પણ બાબતનો પ્રસિદ્ધિ માટે ઉપયોગ કરવો નહિ.

© લેખક, ૧૯૯૯

**પ્રાપ્તિસ્થાન**

**અલકા ટ્રેડર્સ**
૧૫૫૪, કાળુપુર રોડ, જ્ઞાનમંદિર પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૩૧૬૧૩ (O), ૨૬૬૦૨૯૫૬ (R), ૯૩૭૬૧૦૫૬૬૦ (M)

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧ ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

**બુક પોઈન્ટ**
૪૧-૪૨-૪૩, શ્રીજી આર્કેડ, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯

**પ્રવીણ પુસ્તક ભંડાર**
લાભ ચેમ્બર્સ, એસ.ટી. સ્ટેન્ડ સામે, ઢેબર રોડ, રાજકોટ

**લેસર કંપોઝ**
**અંકન ગ્રાફિક્સ**
૫૦, કૉમર્સ હાઉસ, ઘીકાંટા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : ૯૮૨૫૭૨૩૫૨૦

**મુદ્રક**
**સાબર પ્રિન્ટર્સ**
૧૭, સીમંધર એસ્ટેટ, રુસ્તમ મિલની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૪, ફોન : ૨૫૬૨૨૫૯૬

# પ્રકાશકીય

શ્રી જિનશાસનની આરાધના માટે, તથા ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ અનુષ્ઠાનો કરવા માટે, તેમ જ તેના સ્વરૂપને સમજવા માટે સૂત્રો એક અનિવાર્ય અંગ છે. એ સૂત્રો જો અશુદ્ધ હોય તો તેના અર્થ પણ યથાર્થ થઈ શકે નહિ. એના કારણે આરાધના, વિધિ અને સ્વરૂપમાં પણ વિકૃતિ આવે.

શુદ્ધ ઉચ્ચારણપૂર્વક સૂત્રો બોલી શકાય, ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનોમાં તેનો યથાર્થપણે ઉપયોગ કરી શકાય તે માટે સૂત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કરવાની કળા શીખવી જરૂરી બને છે.

સૂત્રોના ઉચ્ચારણની શુદ્ધિના વિષયમાં કરવામાં આવતા પ્રયત્નોને વેગ મળે, સમજ વધે અને જાગૃતિ આવે એવા આશયથી **'ચાલો પાઠશાળા જઈએ'** નામના આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમે અત્યન્ત આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકનું લેખન-સંપાદન સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન **પૂ.મુ.શ્રી હિતવિજયજી મહારાજ સાહેબે** ખૂબ જ ખંતથી કર્યું છે. આ વિષયમાં તેઓશ્રી ઘણો રસ અને બહોળો અનુભવ ધરાવે છે અને એને માટે અનેક પ્રયત્નો પણ કરે છે.

અંકન ગ્રાફિક્સવાળા શ્રી મનીષભાઈએ ટાઇપસેટિંગ કરતી વખતે વાક્યો તથા ફકરાની વ્યવસ્થિત ગોઠવણીમાં અને શુદ્ધિમાં પ્રસન્ન હૃદયથી અમને ખૂબ સારો સહકાર આપ્યો છે, તે બદલ અમે તેઓશ્રીના આભારી છીએ.

આશા છે કે સુધારા-વધારા સાથેનું આ નૂતન પ્રકાશન પાઠશાળામાં ભણનારા વિદ્યાર્થીઓને, ભણાવનાર શિક્ષકોને તથા શુદ્ધ ઉચ્ચારણપૂર્વક પ્રતિક્રમણાદિ વિધિવિધાન કરાવવાની ઇચ્છાવાળા વિધિકારકોને ખૂબ જ ઉપયોગી બનશે અને સમ્યગ્ જ્ઞાનપ્રદાન કરનારાં અગ્રિમ હરોળનાં પુસ્તકોમાં અગત્યનું સ્થાનમાન પામી પાઠશાળાના વિકાસમાં અનેક રીતે સહાયક બનશે.

આ પુસ્તકના ઉપયોગ દ્વારા શ્રી ચતુર્વિધ સંઘમાં ઉચ્ચારણશુદ્ધિ અને ક્રિયાશુદ્ધિ પ્રત્યેનો આદરભાવ અને આગ્રહ સદૈવ વૃદ્ધિ પામતો રહે એ જ શુભાભિલાષા.

**વિ.સં. ૨૦૬૨** **— પ્રકાશક**

**'મા સરસ્વતી'ને અપવિત્ર થૂંક લગાડશો નહિ.**

પુસ્તક વગેરેનાં પાનાં ફેરવવા માટે આંગળીને થૂંકવાળી કરવાની જરૂર જ નથી. આ ગંદીગોબરી-અસભ્ય કુટેવ દેખાદેખીથી પડે છે.

થૂંકવાળી આંગળી કરીને પુસ્તક વગેરેનાં પાનાં ફેરવવાથી જ્ઞાનની ઘોર આશાતના થાય છે. આપણે આશાતનાથી બચવાનો પ્રયત્ન કરીએ.

# લેખકનું વક્તવ્ય

વૃક્ષની ફળફૂલ આદિ સંપત્તિનું ખરું કારણ જાણવા તેના મૂળ સુધી નજર દોડાવવી પડે છે; તેવી જ રીતે આ પુસ્તકમાં બતાવેલી ઉચ્ચારણશુદ્ધિની કળાનું મૂળ શોધવા માટે પણ મારે મારા ભૂતકાળ તરફ નજર દોડાવવી પડે તેમ છે.

ભૂતકાળ તરફ ડોકિયું કરતાં **સ્વ.પ.પૂ. પંન્યાસપ્રવરશ્રી કાન્તિવિજયજી ગણિવરનો** ઉપકાર યાદ આવ્યા વિના રહેતો નથી. મારા પરમ પુણ્યોદયે દીક્ષા લીધા પછી તરત જ મને તેઓશ્રીની પાવન નિશ્રામાં ત્રણેક વર્ષ જેટલો સમય રહેવાની તક મળી હતી. તેઓશ્રી ઉચ્ચારણશુદ્ધિના ખાસ આગ્રહી હતા, તેથી નવદીક્ષિત સાધુને સૌપ્રથમ સૂત્રો શુદ્ધ કરી લેવાની પ્રેરણા અવશ્ય કરતા, તે અંગેનું માર્ગદર્શન આપતા અને એમાં સહાય પણ કરતા.

પ્રતિક્રમણ ભણાવતી વખતે સૂત્રોમાં મારી કેટલીક ભૂલો અને અશુદ્ધિઓ જોઈને તેઓશ્રીએ તે તરફ મારું ધ્યાન દોરી ભૂલો સુધારી લેવાની અને ઉચ્ચારણશુદ્ધિ કરી લેવાની મને પ્રેરણા કરી હતી. પરંતુ ત્યાં સુધી તો હું એમ જ માનતો હતો કે સૂત્રોમાં મારી કોઈ ભૂલ નથી અને મારાં ઉચ્ચારણ પણ શુદ્ધ જ છે, કારણ કે સંસારીપણામાં સાથે પ્રતિક્રમણ કરનારા શ્રાવકો પણ એમ જ કહેતા કે તમારાં સૂત્ર બહુ શુદ્ધ છે, ઉચ્ચારણ પણ સ્પષ્ટ છે, પણ મારાં સૂત્ર ક્યાંક ક્યાંક ભૂલવાળાં છે અને ઉચ્ચારણ પણ અશુદ્ધ છે, એવું તો તે વખતે મને પ્રથમ વાર જ જાણવા મળ્યું. મેં ખુશ થઈને તરત જ તેઓશ્રીની પ્રેરણા ઝીલી લીધી અને તેઓશ્રીની પાસે ભૂલો સુધારવાની તેમ જ શુદ્ધ ઉચ્ચારણકળા શીખવાની શરૂઆત કરી દીધી. તેઓશ્રીએ મને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક નવકારમન્ત્ર સંભળાવ્યો. તેઓશ્રીના પવિત્ર મુખેથી શુદ્ધ ઉચ્ચારણપૂર્વક નવકારમંત્રનું શ્રવણ કરવાથી મારાં જ્ઞાનાવરણીય કર્મનાં ગાઢ આવરણ કાંઈક આછાં થયાં, ક્ષયોપશમ ખીલ્યો અને તેઓશ્રીની કૃપાથી મને જોડાક્ષરોનાં શુદ્ધ ઉચ્ચારણ કરવાની કળા પ્રાપ્ત થઈ. પછી મેં સ્વયં બધાં સૂત્રોની મારી ભૂલોનું અને ઉચ્ચારણની અશુદ્ધિઓનું નિવારણ કરી, એક પણ ભૂલ વગર ખૂબ જ શુદ્ધિપૂર્વક બધાં સૂત્ર તેઓશ્રીને સંભળાવી દીધાં. એટલું જ નહિ, શુદ્ધ કરેલાં એ સૂત્રોને પ્રયત્નપૂર્વક હૃદયમાં સારી રીતે ધારણ પણ કરી રાખ્યાં. તેથી તેઓશ્રીનું ચિત્ત અત્યન્ત પ્રસન્ન થયું. એક પણ ભૂલ વિના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક પ્રતિક્રમણ ભણાવવાથી મારા ઉપર તેઓશ્રીની કૃપા દિનપ્રતિદિન વધતી જ રહી. એના ફળ તરીકે મારો ક્ષયોપશમ રોજરોજ ખીલતો જ રહ્યો; અને ઉચ્ચારણશુદ્ધિના વિષયમાં મને જાતજાતની સ્ફુરણાઓ પણ થવા લાગી. તે બધી સ્ફુરણાઓ આજે આ પુસ્તકરૂપે પ્રગટ થઈ રહી છે.

પાઠશાળામાં ભણવા આવતાં બાળકો સારી રીતે ભણીગણીને તૈયાર થાય, જિનશાસનનું ઊંડું તત્ત્વજ્ઞાન મેળવે, તેના દ્વારા સ્વપર કલ્યાણ કરે અને જિનશાસનને દીપાવે એવું આપણે સૌ ઇચ્છીએ છીએ.

પણ ઈચ્છાદેવી એકલી શું કરે? પ્રયત્ન વિના તો એ પાંગળી છે. એટલે આપણી જે જાતની ઈચ્છા હોય તેને અનુરૂપ આપણો પ્રયત્ન પણ હોવો જોઈએ. તો જ ઈષ્ટ ફળની સિદ્ધિ થાય ને અંતિમ મંજિલ સુધી પહોંચી શકાય. ઈચ્છા અને પ્રયત્ન એ બે સિદ્ધિનાં સોપાન છે.

આપણી ઈચ્છા તો ભવ્ય છે, પણ આપણો પ્રયત્ન પાંગળો છે. બાળકો જ્ઞાની બની જિનશાસનને દીપાવનારાં બને તે માટે તન-મન-ધનનો જે ભોગ આપવો જોઈએ, તે ભોગ આપવા માટેનું લક્ષ નહિવત જ હોય છે.

આપણી માતૃભાષા આપણને જન્મથી જ આત્મસાત્ થયેલી હોય છે. એટલે એ શીખવા માટે બાળકોને બહુ મહેનત કરવી પડતી નથી. પણ આપણાં પંચ પ્રતિક્રમણનાં મોટા ભાગનાં સૂત્ર પ્રાકૃત ભાષામાં છે, બહુ થોડાં સૂત્ર સંસ્કૃત ભાષામાં છે. આ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઘણા જોડાક્ષરોવાળા કેટલાક શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરવાનું કામ ક્યારેક પંડિતોને માટે પણ કઠણ થઈ પડતું હોય છે. તો પછી અવિકસિત બુદ્ધિવાળાં બાળકોની શી વાત કરવી ?

આ એક મુશ્કેલી છે. જગતમાં જેમ મુશ્કેલીઓ હોય છે, તેમ એને દૂર કરવાના ઉપાયો પણ હોય છે જ. કઠિન શબ્દોના ઉચ્ચારણની આપણી મુશ્કેલીને દૂર કરવાનો સીધો, સાદો ને સુંદર ઉપાય એ છે કે આપણાં પંચ પ્રતિક્રમણનાં સૂત્રોમાં આવતા **'પાયચ્છિત્ત', 'કાઉસ્સગ્ગં', 'પચ્ચક્ખામિ', 'જવણિજ્જં ચ ભે', 'સમ્મદિટ્ઠિ'** જેવા કઠણ ઉચ્ચારણવાળા શબ્દોની એક અલગ યાદી તૈયાર કરવી જોઈએ અને તે બે પ્રતિક્રમણનાં અને પંચ પ્રતિક્રમણનાં સૂત્રોનાં સર્વ પુસ્તકોની પાછળ મોટા અક્ષરે છપાય તે જરૂરી છે. સૂત્રો કંઠસ્થ કરવા સાથે બાળકોની પાસે તે યાદીવાળા શબ્દો પણ શુદ્ધ ઉચ્ચારણપૂર્વક અલગ જ ગોખાવવા જોઈએ, જેથી સૂત્રો ગોખવાનું કાર્ય પણ સરળ બની જાય.

ધર્મની બાબતમાં **'એ તો બધું ચાલે', 'ગમે તેવું ગરબડિયું પણ ચાલે'** મનમાં ઘર કરી ગયેલી આવી માન્યતા દ્વારા ઉત્પન્ન થયેલી મનોદશાને કારણે ઘણી વાર મહત્ત્વની બાબતોને પણ સામાન્ય સમજીને તેની ભારોભાર ઉપેક્ષા કરવામાં આવતી હોય છે.

ભાષાની બાબતમાં પણ આપણે ગમે તેમ બોલીએ તોય ચાલે એવી એક માન્યતાને કારણે, ઉચ્ચારણશુદ્ધિની અવગણના કરીને એના પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાતું હોય છે. પોતાના ઉચ્ચારણની ખામીઓ પોતાને ખટકે જ નહિ, પછી એ દૂર થવાનો અવકાશ રહેતો નથી. અશુદ્ધ ઉચ્ચારણ કે લેખન આપણું પોતાનું હોય કે ભલે પારકું હોય તોપણ આપણને તે આંખમાં પડેલા કણાની જેમ ખૂંચવું જોઈએ, પગમાં વાગેલા કાંટાની જેમ ખટકવું જોઈએ.

આવો ખટકો જેમને હતો એવા શ્રી વૃદ્ધવાદીસૂરિજીએ પોતાના વિદ્વાન શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીને ઉદ્દેશીને કહ્યું હતું કે, "મને બીજી કોઈ એવી પીડા નથી કે જેવી પીડા તારા **'बाधते'**ને બદલે **'बाधति'** એવા ખોટા શબ્દપ્રયોગની છે."

અશુદ્ધિઓ પ્રત્યેનો આવો ખટકો જો આપણામાં પણ આવી જાય તો ઉચ્ચારણશુદ્ધિ પ્રત્યે આપણું લક્ષ જરૂર વિશેષ પ્રકારે રહ્યા કરે.

પડતા કાળના પ્રભાવે સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરનારો વર્ગ દિનપ્રતિદિન કૃશ અને કૃશતર થતો જાય છે. જે એક નાનકડો વર્ગ પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરે છે, તેમાં પણ વિશેષે કરીને વૃદ્ધો જ હોય છે. બાલ અને યુવાન વર્ગ તો નહિવત જ હોય છે. જે વૃદ્ધ શ્રાવકો થોડીઘણી ધર્મક્રિયાઓ કરે છે, તેમાંનો પણ મોટો ભાગ એવો છે કે જેમને સૂત્રો, વિધિ વગેરે કાંઈ પણ આવડતું હોતું નથી. જે થોડાક શ્રાવકોને સામાયિક-પ્રતિક્રમણ આદિની વિધિ અને સૂત્રો આવડે છે, તે પણ તેમણે માંડમાંડ ગોખીને તૈયાર કરેલાં હોય છે અને યાદ પણ મહામુસીબતે રાખેલાં હોય છે. તેમાં ભૂલો અને અશુદ્ધિઓ પાર વગરની હોય છે. જોડાક્ષરોનું જ્ઞાન જોઈએ તેવું હોતું નથી. રેફ-અનુસ્વાર-વિસર્ગ વગેરેની અશુદ્ધિઓ પણ પારાવાર હોય છે. તેથી ઉચ્ચારણ ઘણાં અશુદ્ધ હોય છે. અશુદ્ધ ઉચ્ચારણનો આવો વારસો તેઓ ક્યારેક પરંપરામાંથી મેળવી લેતા હોય છે, તો ક્યારેક તેમાં પોતાની બેદરકારી પણ કારણભૂત હોય છે.

આ પુણ્યાત્માઓને સૌપ્રથમ તો પોતાનાં સૂત્ર ઘણી ભૂલોવાળાં અને ઘણાં અશુદ્ધ ઉચ્ચારણવાળાં છે, એ વાત જ સમજમાં આવવી અને ગળે ઊતરવી એ મહાભારત કામ હોય છે. તેમને આ વાત સમજાઈ જાય અને ગળે ઊતરી જાય એ હજી બનવાજોગ છે, પણ તેઓ ભૂલો સુધારવાની મહેનત કરે અને મહેનત કરે તોય ભૂલો સુધારી શકે, ઉચ્ચારણની ખામીઓ દૂર કરી શકે એ વાત તો અશક્યપ્રાય થઈ પડી હોય એમ જણાય છે.

જીવોની યોગ્યતા દિનપ્રતિદિન ઘટતી જતી હોવાને કારણે ભૂલો બતાવી શકાય એવી પણ પરિસ્થિતિ પ્રાયઃ રહેવા પામી નથી. આથી ઘણી વાર પૂજ્ય મુનિ ભગવંતો અને પાઠશાળાના અધ્યાપક પણ જાણવા છતાંય ભૂલો અને અશુદ્ધિઓની ઉપેક્ષા કરતા હોય છે. તેથી કેટલાકને તો, રોજ સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓનાં સૂત્ર બોલવા છતાંય, પોતાનાં સૂત્રોમાં ઘણી ભૂલો છે અને ઉચ્ચારણ પણ ઘણાં અશુદ્ધ છે, એ વાતની વરસો સુધી ખબર જ પડતી નથી.

## ઉચ્ચારણની અશુદ્ધિઓનાં કારણ

વિચાર કરતાં ઉચ્ચારણની અશુદ્ધિઓનાં નીચે મુજબ અનેક કારણ જણાયાં છે :

૧. શાળાકીય શિક્ષણનું સ્તર પ્રતિદિન ઘણું નીચું ઊતરી રહ્યું છે, તેથી મોટા ભાગનાં બાળકો જોડાક્ષરોને સારી રીતે ઓળખી, વાંચી, બોલી કે લખી શકતાં નથી.

૨. મુદ્રણાલયોનાં બીબાં કે મરોડ પણ એવા હોય છે કે બાળકો **'ઘ - ધ - ઘ્ર - દ- દ'** આદિ અક્ષરોનો ભેદ પારખી શકતાં નથી.

૩. બે પ્રતિક્રમણ આદિ સૂત્રોનાં પુસ્તકોમાં બિનજરૂરી અવગ્રહ ચિહ્ન મૂકવામાં આવ્યાં હોય છે, જેને બાળકો તો ડગલાનો 'ડ' જ સમજી લેતાં હોય છે.

૪. અડધી ગાથાના અન્તે જે '।' આવી ઊભી લીટી કરાય છે, તે મુદ્રણદોષના કારણે ઘણી વાર અક્ષરની એકદમ નજીક આવી જતી હોય છે, જેને બાળકો **'કાનો'** સમજી લેતાં હોય છે.

૫. કેટલાંક પુસ્તકોમાં કાગળની વધુ પડતી કરકસર કરવા માટે છાપકામ ઘણું ગીચોગીચ કરવામાં આવ્યું હોય છે. અતિચાર જેવાં સૂત્રોમાં ઘણી વાર યોગ્ય રીતે ફકરા પણ પાડવામાં આવ્યા હોતા નથી. બાળકોને આવું ગીચ લખાણ જરાય માફક આવતું નથી. તેમને છૂટું અને મોટા અક્ષરવાળું લખાણ જ માફક આવે છે.

૬. આજકાલ છપાતાં મોટા ભાગનાં પુસ્તકોમાં છાપ(પ્રૂફ)સંશોધન કાળજીપૂર્વક કરવામાં આવતું નથી. **'દ્'** કે **'દ્ર'**ને બદલે 'દ', 'દ'ને બદલે **'દ્ર'** કે 'દ્', 'દ'ને બદલે 'દ્ર', 'ધ'ને બદલે **'ઘ'**, **'દ્ધ'**ને બદલે **'દ્ધ'**, અવગ્રહ ચિહ્નને બદલે 'ડ' - આમ એકને બદલે બીજા ભળતા જ અક્ષર છપાયેલા હોય છે, તેમ જ બીજી પણ મુદ્રણવિષયક ભૂલો પાર વગરની હોય છે.

૭. સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાનનો અભાવ તેમ જ અપૂરતા ભાષાકીય શિક્ષણના કારણે અને અમુક માણસો અમુક અક્ષરોનું સાચું ઉચ્ચારણ કરી શકતા નથી, આવાં કારણસર પણ ઉચ્ચારણો અશુદ્ધ બને છે.

૮. મોટા ભાગના શિક્ષકો સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાન વગરના હોય છે, તેથી તેમનાં પોતાનાં ઉચ્ચારણો જ અશુદ્ધ હોય છે. તેઓ બાળકોને અશુદ્ધ પાઠ આપે છે અને અશુદ્ધ પાઠ લે છે. આથી અશુદ્ધ ઉચ્ચારણોની પરંપરા ચાલતી રહે છે.

૯. બાળકો સૂત્રો ગોખતાં હોય ત્યારે તેઓ ખોટું ન ગોખે તેનું ધ્યાન રાખવું જોઈએ, તે કાં તો રાખી શકાતું નથી કે રાખવામાં આવતું નથી. આમ ખોટું ગોખવાથી પણ ઉચ્ચારણો અશુદ્ધ બને છે.

આમ અનેક કારણસર ભણનારનાં મુખમાં શરૂઆતથી જ ઉચ્ચારણની ખામી રહી જવા પામે છે, જે જીવનપર્યંત રહે છે અને પરંપરામાં પણ વહેતી રહે છે.

જો બે પ્રતિક્રમણનાં અને પંચ પ્રતિક્રમણનાં સૂત્રોનાં પુસ્તક, તેમાં પદો, ગાથાઓ, ફકરા વગેરેની વ્યવસ્થિત ગોઠવણવાળાં, સૂત્રપાઠોના ભેદરહિત એટલે કે સર્વત્ર એકસરખા સૂત્રપાઠવાળાં, **'ઘ - ધ - દ્ય - દ - દ'** આદિ અક્ષરોના ભેદ સહેલાઈથી જાણી શકાય એવા સારા મુદ્રણવાળાં, સુસ્પષ્ટ અક્ષરોવાળાં, સારી બાંધણી(બાઇન્ડિંગ)વાળાં ને ઊડીને આંખે વળગે તેવાં આકર્ષક પ્રગટ થતાં રહે તેમ જ પાઠશાળાના અધ્યાપકો પણ શુદ્ધ ઉચ્ચારણનું જ્ઞાન ધરાવનારા બને તો ઉચ્ચારણદોષનું નિવારણ શક્ય બને ખરું.

જ્ઞાનપંચમી-મૌન એકાદશી-સંવત્સરી જેવાં મોટાં પર્વોના દિવસોમાં પ્રતિક્રમણ ઘણું શાંતિથી અને સારી રીતે થવું જોઈએ, પરંતુ પ્રાયઃ એ મોટાં પર્વોના દિવસોમાં જ

પ્રતિક્રમણની સભામાં ગરબડ, ઘોંઘાટ ને ટીખળ થતાં જોવાય છે, તેનાં કારણ અનેક છે. તેમાંનું એક કારણ સૂત્રો બોલનારની ખામી પણ હોઈ શકે છે. સૂત્રો બોલવાનો આદેશ લેનારા ભાવિકો સૂત્રો બધાને સંભળાય તેવા મોટા અવાજે ને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક મધુરપણે બોલતા હોય તો કોઈ પણ જાતની ગરબડ કર્યા વિના આખી સભા શાંતિથી તે સાંભળે અને બોલનાર-સાંભળનાર સૌનાં હૃદયોમાં સારો ભાવ પણ જાગે.

આવશ્યક ક્રિયાઓ જો સૂત્ર ને અર્થના શુદ્ધ આલંબનપૂર્વક કરાય તો તેનાથી અપૂર્વ કર્મનિર્જરા થાય. સૂત્રોના અર્થને નહિ જાણનાર પણ જો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલે તો તે પણ નિઃશંકપણે અપૂર્વ કર્મનિર્જરાના હેતુભૂત થાય.

આ પુસ્તકની અંદર ઉચ્ચારણશુદ્ધિ અંગે શક્ય તેટલું માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પુસ્તકનો લાભ ઉઠાવનાર વર્ગ ઘણો થોડો જ રહેવાનો. ૧૫-૧૬ વર્ષની વયના કુમારો ને નવયુવાનો તો હવે પાઠશાળામાં લગભગ જોવા મળતા જ નથી. પાઠશાળામાં ભણવા આવતાં બાળકો ઘણાં નાનાં હોય છે. તેમને તો આ પુસ્તક સીધેસીધું ઉપયોગી થવાનો સંભવ જ નથી, કારણ કે આ પુસ્તકમાં લખેલી ઉચ્ચારણશુદ્ધિ અંગેની વાતો તેઓ સમજી શકે તેમ નથી. એટલે મોટે ભાગે તો પાઠશાળાના અધ્યાપકો જ આનો લાભ ઉઠાવી શકે તેમ છે, પણ બધા જ અધ્યાપક આનો લાભ ઉઠાવે એય બનવાજોગ નથી. આ પુસ્તકનો લાભ ઉઠાવનાર અધ્યાપક પણ ઘણા થોડા જ રહેવાના.

ઘણા થોડા પુણ્યાત્માઓને પણ આ પુસ્તક પોતાની ભૂલો અને ઉચ્ચારણદોષ દૂર કરવામાં ને શુદ્ધ ઉચ્ચારણ કરવામાં સહાયક બનશે, તોપણ મારો આ પ્રયત્ન નિઃશંક ફળદાયી બનેલો ગણાશે.

આ પુસ્તકનો મુખ્ય વિષય ઉચ્ચારણશુદ્ધિ અંગેનો છે. ગૌણપણે પાઠશાળાને લગતા અન્ય વિષય પણ તેની અંદર આવરી લેવામાં આવ્યા છે.

આ પુસ્તકનું લખાણ તૈયાર કરવામાં મને પૂ.આ.ભ.શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું સુંદર માર્ગદર્શન મળ્યું છે. તેઓશ્રી અત્યન્ત પ્રવૃત્તિશીલ હોવા છતાં આ પુસ્તક સંબંધી છાપ(પ્રૂફ)સંશોધન આદિ સર્વે કાર્યોમાં સંપૂર્ણ સહકાર આપતા રહ્યા છે.

અંતે વિનમ્રભાવે જણાવવાનું કે આ વિષયમાં આ પ્રાથમિક કહી શકાય એવો પ્રયાસ હોવાથી તેમાં અનેક ત્રુટિઓ હોવાનો સંભવ છે. સહૃદયી અધ્યાપકો તે જણાવશે તો તેનું નિવારણ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. મિત્રભાવે બતાવેલી ભૂલો તો મીઠી જ લાગે ! ભૂલો જાણવામાં આવે તો જ તેનું નિવારણ થઈ શકે.

વળી વિદ્વાન કૃપાળુ મુનિગણને સાંજલિ પ્રાર્થના છે કે તેઓ આ પુસ્તકમાં રહી જવા પામેલી ક્ષતિઓ અવશ્ય જણાવે. સજ્જનોને આવી અભ્યર્થનાની જરૂર ખરી ?

## દ્વિતીય આવૃત્તિ પ્રસંગે

લખાણમાં ક્યાંક ક્યાંક જરૂરી સુધારા-વધારા કર્યા છે અને કેટલુંક નવું લખાણ પણ ઉમેર્યું છે. પુસ્તકની સાઈઝ મોટી કરવામાં આવી છે. કાગળ ઊંચી જાતના વાપરવામાં આવ્યા છે. વિશેષમાં શ્રેષ્ઠ ચિત્રકાર શ્રી સંઘવાણીએ પોતાની અદ્‌ભુત કલા ઠાલવીને નવેસરથી ૪ રંગમાં બનાવેલાં ૨૪ ચિત્ર, આબાલવૃદ્ધ સૌનાં ચિત્તને હરી લેનારાં બન્યાં છે.

## તૃતીય આવૃત્તિ પ્રસંગે

આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિનાં સુંદર ચિત્રો **'ચિત્રવાર્તા'** નામની અલગ પુસ્તિકારૂપે અને ૭મું પ્રકરણ પણ **'દર્શન-પૂજન-વંદનાદિ-વિધિવિચાર'** નામની અલગ પુસ્તિકારૂપે પ્રગટ કરાયેલ હોવાથી એ બંનેને આ તૃતીય આવૃત્તિમાંથી રદ કર્યા છે, આથી પાનાંમાં ઘટાડો થવા સાથે મૂલ્યમાં પણ ઘણો મોટો ઘટાડો થયો છે. મૂલ્ય ઘટવાથી પુસ્તકનો પ્રચાર વધવા સાથે એના પઠન-પાઠનમાં પણ વધારો થશે એવી શ્રદ્ધા છે.

વિ.સં. ૨૦૬૧, ફાગણ સુદ ૧૫
દાનસૂરિજ્ઞાનમંદિર, કાળુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી
રવિચંદ્રસૂરીશ્વરશિષ્યાણુ
**હિતવિજય**

### સ્વ.પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવરને સાદર સમર્પણ

પરમોપકારી પૂજ્યવર !

માગવાથી તો સૌ આપે. વગર માગ્યે તો કોઈક જ આપે. આપશ્રીએ કૃપા વરસાવીને વગર માગ્યે, સામેથી બોલાવીને આપશ્રીની ઉચ્ચારણશુદ્ધિકળા મને આપી. આપશ્રીની કળાનું એ અણમોલ રત્ન સદ્‌ભાગ્યે મારા વડે સચવાયું. આપશ્રીનું એ જ અણમોલ રત્ન આજે આ પુસ્તકરૂપી પેટીમાં મૂકીને એ રત્નપેટીને સંઘ સમક્ષ ખુલ્લી મૂકતાં પહેલાં આપશ્રીના જ કરકમલમાં સાદર સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

**આપશ્રીનું જ હતું ! આપશ્રીને જ અર્પણ કરું છું ! આપશ્રીના પુણ્યપ્રભાવે સૌને મળો !**

**હિતવિજય**

# પ્રાસ્તાવિક
# અતિ આવકાર્ય પ્રયાસ

### શ્રી જૈનદર્શનની શ્રેષ્ઠતા

જૈનદર્શન પોતાની મૂળભૂત વિશેષતાઓથી સઘળાંય આસ્તિક દર્શનોમાં આગવું સ્થાન ધરાવે છે. એ જેટલું વિશાળ છે, એટલું જ ગહન અને એટલું જ અણિશુદ્ધ પણ છે.

શ્રી તીર્થંકરદેવોએ ભાખેલા અને શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા આગમ આ જૈનદર્શનનો પાયો છે. વિશ્વમાં અજોડ કહી શકાય એવું તત્ત્વજ્ઞાન એમાં સમાયેલું છે. વિદ્યાનો કોઈ એવો પ્રકાર નથી કે જેનું નિરૂપણ આ આગમગ્રંથોમાં થયું ન હોય. નિપુણ બુદ્ધિએ સ્થિરતાપૂર્વક એનું અવગાહન કરનાર આત્મા પળેપળે જે વર્ધમાન આત્મિક આનંદનો અનુભવ કરે છે તે ખરેખર, અનિર્વચનીય છે. આ આનંદની સરખામણી જગતના બીજા કોઈ આનંદની સાથે થઈ શકતી નથી. એથી જ આ લોકોત્તર જિનશાસનમાં થઈ ગયેલા વિદ્વાન મહાપુરુષો આ શાસનની ખૂબીઓ જાણી તેના ઉપર સાચે જ આફરીન થઈ ગયા છે. આ શાસનની અપૂર્વતાનો વિચાર કરતાં તેઓનાં મુખમાંથી એકાએક એવા શબ્દ સરી પડે છે કે **"न वीतरागात् परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थितिः"** અર્થ : શ્રી વીતરાગ પરમાત્માથી ચડિયાતા બીજા કોઈ દેવ નથી અને અનેકાન્તવાદ સિવાય બીજો કોઈ નયમાર્ગ નથી.

આવું અણમોલ શાસન પ્રાપ્ત કરનાર આત્મા ખરેખર, મહાપુણ્યશાળી છે. ચક્રવર્તીની સાહ્યબી કરતાં પણ જ્ઞાનીઓએ આ શાસનને વધુ મૂલ્યવંતું જણાવ્યું છે.

આવા અણમોલ શાસનને પામ્યા પછી એની પ્રાપ્તિને સાર્થક કરવા શું શું કરવું જોઈએ એ વિચારવું ખૂબ જ જરૂરી છે. પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજના શબ્દોમાં કહીએ તો, અનાદિ કાળથી આત્માને વળગેલાં કર્મોનો ક્લેશ દૂર થાય એવો પ્રયત્ન કરવો એ જ જિનશાસનથી વાસિત એવા માનવ-ભવની પ્રાપ્તિનો પરમાર્થ છે.

અનાદિકાલીન એ કર્મક્લેશને દૂર કરવા માટે જરૂરી છે આશ્રવના ત્યાગ અને સંવરના સેવનરૂપ વિરતિમાર્ગની આરાધના અને એ વિરતિમાર્ગની સુવિશુદ્ધ આરાધના માટે જરૂરી છે શ્રદ્ધાપૂર્વકનું સાચું જ્ઞાન, શ્રદ્ધાપૂર્વકનું સાચું જ્ઞાન એટલે જ સમ્યગ્ જ્ઞાન. સમ્યગ્ જ્ઞાનના અભ્યાસ માટે જરૂરી છે જ્ઞાનની પરબ સમી પાઠશાળા આદિ સંસ્થાઓ.

## આત્મોન્નતિનું પરમ સાધન : સમ્યગ્ જ્ઞાન

**'ज्ञानक्रियाभ्यां मोक्षः'** એ સુપ્રસિદ્ધ વાક્યમાં મોક્ષનાં સાધનભૂત ગણાતાં જ્ઞાન અને ક્રિયામાંથી જ્ઞાનને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે તે સહેતુક જ છે. જ્ઞાન વગરની એકલી જડરૂપ બનેલી ક્રિયા કર્મનિર્જરા સાધી શકતી નથી. એટલે ક્રિયાને સામર્થ્યવાળી બનાવવા માટે જ્ઞાનની અત્યન્ત આવશ્યકતા છે.

**'पढमं नाणं तओ दया'** એ પ્રસિદ્ધ સિદ્ધાન્તવાક્ય પણ જ્ઞાનની મુખ્યતા સિદ્ધ કરવા માટે પૂરતું છે.

## વિધિપૂર્વક જ્ઞાનાભ્યાસની જરૂર

ગણધર ભગવંતો આદિ દ્વારા રચવામાં આવેલાં આપણાં આવશ્યક સૂત્ર મન્ત્રસ્વરૂપ અને મહાપ્રભાવસંપન્ન છે. એ સૂત્ર આદરપૂર્વક, વિધિપૂર્વક અને ઉચ્ચારણની શુદ્ધિપૂર્વક જ ગ્રહણ કરવાં જોઈએ. સૂત્રમાંના અક્ષર યોગ્ય રીતે બોલાય તો તે યથાર્થ ફળદાયી બને છે.

**'श-ष-स'** આ ત્રણેય અક્ષરો ઉચ્ચારણ અને આકૃતિની દૃષ્ટિએ પણ એકબીજાથી સદંતર ભિન્ન છે. એથી એકના સ્થાને બીજો વપરાઈ જાય છે ત્યારે શબ્દાર્થમાં ઘણો મોટો તફાવત પડી જાય છે. અરે ! શબ્દના માથે એક નાનકડું મીંડું પણ જ્યારે આવે છે અને જાય છે ત્યારે અર્થની ઊલટપાલટ કરી નાખે છે; જેમ કે, **'अधियउ'** એટલે 'ભણે' અને **'अंधियउं'** એટલે 'આંધળો થાય'.

આ કારણથી પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતી વખતે સૂત્રોનું ઉચ્ચારણ ખૂબ કાળજી-પૂર્વક કરવું જોઈએ, પણ સૂત્રપાઠ લેવા-આપવામાં અને ગોખવામાં ચીવટના અભાવે ચૈત્યવંદન-ગુરુવંદન-સામાયિક-પ્રતિક્રમણ વગેરે ક્રિયાનાં સૂત્રોમાં ઉચ્ચારણશુદ્ધિ બહુ ઓછી જળવાય છે. ઓછી જળવાય છે એટલું જ નહિ, પણ 'એ તો બધું ચાલે, એમાં શું થઈ ગયું ?', 'એવી ઝીણી-ઝીણી ભૂલો તે જોવાતી હશે !' એવું માની-મનાવીને એના પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે.

## જિનશાસનનું આવશ્યક અંગ : પાઠશાળા

શ્રી જિનશાસનનાં સર્વ અંગોના વિકાસના મૂળમાં પાઠશાળા એક ઘણું ઉપયોગી અંગ છે. એમાં કરાવવામાં આવતો અભ્યાસ તેમ જ આપવામાં આવતા ધર્મક્રિયા અને આચારના સુસંસ્કાર માનવજીવનરૂપી ઉત્તમ મહેલને માટે સુદૃઢ પાયાનું કામ કરે છે.

પરંતુ સખેદ કહેવું પડે છે કે વર્તમાનમાં પલટાયેલી શિક્ષણ-પદ્ધતિએ તેમ જ જીવન-પદ્ધતિએ પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની આપણી ઉત્તમ પ્રાચીન પ્રણાલિકાને ઘણું મોટું નુકસાન પહોંચાડ્યું છે. સાથેસાથે ધર્મક્રિયાઓ અને આચારોને પણ એટલું જ નુકસાન પહોંચાડ્યું છે.

શાળા-કૉલેજોના અભ્યાસમાં જ મોટા ભાગનો સમય વિતાવતાં બાળકો પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવા માટેનો સમય ફાળવી શકતાં નથી. ધાર્મિક અભ્યાસના અભાવે તેઓ જૈનદર્શનના આત્મહિતકર અમૂલ્ય તત્ત્વજ્ઞાનથી વંચિત રહે છે. એના કારણે વળી પરંપરાગત ચાલ્યા આવતા ધાર્મિક ક્રિયાઓના અને ધાર્મિક આચારોના મહામૂલ્યવાન વારસાને પણ ગુમાવી બેસે છે. એથી જીવન-મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્‌ગતિ સાધી શકતાં નથી. અનાચારની ઊંડી ખીણમાં ધકેલાઈ જાય છે. આર્ત્તરૌદ્રધ્યાનમાં પડી જાય છે. અસમાધિમાં જીવે છે, અસમાધિમાં મરે છે, દુર્ગતિમાં પડે છે ને દુઃખના દાવાનળમાં હોમાઈ જાય છે. આવું ન બને તે માટે પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની વાતને પાયાનો પ્રશ્ન માનીને એ દિશામાં સંગીન પ્રયાસ કરવો એ શ્રમણસંઘના મોવડીઓનું પરમ કર્તવ્ય બની રહે છે. નિષ્ઠાપૂર્વક કરાયેલો પ્રયાસ સફળ બન્યા વગર રહેતો જ નથી.

જૈનધર્મના તાત્ત્વિક અભ્યાસ અને આચારોથી વંચિત રહેનારાં આજનાં બાળકોના હાથમાં આવતી કાલે જ્યારે સંઘનું સુકાન આવશે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાશે એ કલ્પવું મુશ્કેલ છે. આવી પરિસ્થિતિ સર્જાય એ પહેલાં જ સાવધ બનીને ધાર્મિક અભ્યાસના વિષયમાં જોરદાર પ્રયત્ન કરવા જરૂરી છે.

## અતિ આવશ્યક પ્રયાસ

પાઠશાળામાં અભ્યાસ કરતાં બાલક-બાલિકાઓ શુદ્ધિપૂર્વક સૂત્રોનો અભ્યાસ કરે અને એમાં આગળ વધે એ માટે અપૂર્વ ધગશ ધરાવનાર **મુનિશ્રી હિતવિજયજીએ** કરેલો આ પ્રયાસ અતિ આવશ્યક અને અનુમોદનીય છે. આપણે ત્યાં ઘણા સમયથી ઉચ્ચારણશુદ્ધિ-વિષયક પુસ્તકની ઊણપ હતી, તે આજે આ પુસ્તકના પ્રકાશન દ્વારા દૂર થાય છે.

અધ્યાપકો અને અભ્યાસકો આ પુસ્તકની સહાયથી સૂત્રોનાં ઉચ્ચારણની શુદ્ધિ કેળવી, જ્ઞાનની આરાધના કરી આત્મશ્રેય સાધે એ જ અભ્યર્થના.

વિ.સં. ૨૦૦૪, અ.વ.૧
નૂતન ઉપાશ્રય, ભાવનગર

પૂ.આ.શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
**વિજય હેમચન્દ્રસૂરિ**

# શિક્ષકે પણ શીખીને શીખવવું પડે એવું પ્રકાશન

આજથી થોડાં વરસ પહેલાં આપણી પાઠશાળાઓનાં શિરે બાળકોને માત્ર ધાર્મિકસૂત્રો કંઠસ્થ કરાવવાની એક જ મુખ્ય જવાબદારી હતી, કેમ કે ત્યારે નિશાળોમાં અપાતું વ્યાવહારિક શિક્ષણ આજના જેટલું કથળેલું નહોતું. એ કાળમાં બાળકોને નિશાળોમાંથી ભાષાકીય શુદ્ધ લેખન-ઉચ્ચારણ-વિષયક સારું એવું શિક્ષણ મળી રહેતું. હ્રસ્વ-દીર્ઘ સ્વરો, વ્યંજનો અને જોડાક્ષરો અંગેની જાણકારી પણ એ કાળમાં ઘણી સારી રીતે અપાતી. એથી પાઠશાળામાં ભણવા આવતાં આપણાં બાળકો સહેલાઈથી જોડાક્ષરવાળા શબ્દોના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક ધાર્મિક સૂત્રો કંઠસ્થ કરી લેતાં. પરંતુ ધીમે ધીમે શિક્ષણનું સ્તર એટલું બધું નીચે ઊતરી ગયું કે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ પણ **'ઘ-ધ'** જેવા અક્ષરોના ભેદ પારખી શકે નહિ અને જોડાક્ષરોને પણ સારી રીતે લખી-વાંચી શકે નહિ. જોડાક્ષરવાળા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ તેમને માટે ઘણું મુશ્કેલ બન્યું. પરિણામે મોટા ભાગનાં બાળકોનાં ધાર્મિક સૂત્ર ઘણાં અશુદ્ધ ઉચ્ચારણવાળાં બન્યાં. તેથી ધાર્મિક સૂત્રોનો પાઠ આપતાં પહેલાં તેમને કેટલાક અક્ષરો અને જોડાક્ષરો પાઠશાળામાં જ સારી રીતે સમજાવવા પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. એ કારણથી પાઠશાળાના શિક્ષકો પોતે પણ અક્ષર-જોડાક્ષરોને સારી રીતે ઓળખી શકે તેમ જ બાળકોને પણ ઓળખાવી શકે, જોડાક્ષરવાળા શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની કળા શીખી લઈને બાળકોને પણ એ કળા શીખવી શકે એવા એક પુસ્તકની જરૂરિયાત ઊભી થઈ.

આ વાતને લક્ષમાં લઈ **મુનિશ્રી હિતવિજયજી**એ ઘણી મહેનતે સુંદર રીતે તૈયાર કરેલું **'ચાલો પાઠશાળા જઈએ'** નામનું પ્રકાશન ખૂબ જ મહત્ત્વનું બની રહે છે, કેમ કે એમાં મહત્ત્વના અક્ષર અને જોડાક્ષરોની સરળ શૈલીમાં સમજ આપવા સાથે શુદ્ધ ઉચ્ચારણની સુંદર કળા પણ બતાવવામાં આવી છે. શુદ્ધ ઉચ્ચારણના વિષયમાં **મુનિશ્રી હિતવિજયજી**ની વિદ્વત્તા છે. થોડા સમય પૂર્વે જ એમના સંયોજન-લેખન તળે પ્રગટ થયેલા **'જોડાક્ષરવિચાર'**ને અજૈન વિદ્વાનો દ્વારા પણ જે અંતરનો આવકાર મળ્યો છે, એ પણ મુનિશ્રીની વિદ્વત્તા અને વિખ્યાતિની ઝાંખી કરાવનારો છે.

જ્ઞાન મળવા સાથે બાળકોમાં વિનય-વિવેક આવે અને સુસંસ્કારોનું સિંચન પણ થાય એ માટે આ પુસ્તકમાં વિનય-વિવેક આદિ ગુણો પ્રાપ્ત કરાવનારી અને સુસંસ્કારોનું ઘડતર કરનારી રસઝરતી અનેક કથાઓ પણ આપવામાં આવી છે.

વ્યાવહારિક શિક્ષણની વાત જવા દઈએ, આજના આપણા પાઠશાળાના શિક્ષણની દશા પણ કાંઈ ઓછી શોચનીય નથી ! એની શોચનીયતાના થોડા પ્રકારો વિચારી લઈએ :

બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી વાલીઓની પોતાની જ છે. આમ છતાં આજે તો એ વાત જ સાવ ભુલાઈ ગઈ છે. એથી એ જવાબદારી સંઘે ઉઠાવી લીધી હોવા છતાં એમાં ધાર્મિક સહયોગ આપવાની વાત તો એક બાજુ રાખીએ, પરન્તુ પોતાનાં સંતાનોને પાઠશાળામાં નિયમિત ભણવા મોકલવા પૂરતો સહયોગ આપવાની વાત પણ મોટા ભાગના વાલીઓ વીસરી ગયા છે.

પાઠશાળાનું સંચાલન કરવા અંગેનો સંઘસમક્ષ રહેલો આર્થિક પ્રશ્ન પણ નાનોસૂનો નથી! અણઉકેલાયેલા આ પ્રશ્નને કારણે સારી રીતે ભણીગણીને તૈયાર થયેલા તેમ જ બાળકોનું સર્વાંગીણ ઘડતર કરી શકે અને જેમને લીધે બાળકો હોંશે હોંશે પાઠશાળામાં ભણવા દોડી આવે એવા ઉત્તમ શિક્ષકોને પાઠશાળામાં પ્રવેશ અપાવી શકાતો નથી. શાળાકીય શિક્ષણનો બોજ અને ટી.વી. આદિની મોજથી મુક્ત થઈને જે થોડાંઘણાં બાળક પાઠશાળામાં પ્રવેશે છે, તેમને શુદ્ધ ધર્મશિક્ષણ આપી શકે એવા શિક્ષકોની સંખ્યા પણ સમાજમાં કેટલી ? આવી શોચનીય સ્થિતિને બતાવનારા બીજા પણ અનેક પ્રકાર છે.

આ બધી પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને **મુનિશ્રી હિતવિજયજીએ** **'ચાલો પાઠશાળા જઈએ'**નું શાબ્દિક ઘડતર કર્યું છે. એથી આ પ્રકાશન શિક્ષકની સાથેસાથે શિક્ષણની અને શિક્ષણની સાથે સાથે નિઃશંકપણે શિક્ષકની ગરજ સારનારું બની રહેશે. બાળકો માટેનું હોવા છતાં આ એક એવું પ્રકાશન છે કે જેના દ્વારા પ્રથમ તો શિક્ષકે જ શિક્ષણ લેવાનું છે અને પછી જ એ શિક્ષણને બાળકોમાં વિસ્તારવાનું છે.

એથી જ શિક્ષકોએ પણ શીખીને શીખવવું પડે, એવા પાયાના એક પ્રકાશન તરીકે **'ચાલો પાઠશાળા જઈએ'**ને અવશ્ય બિરદાવી શકાય.

આ પુસ્તક પાઠશાળામાં જ નહિ, ઘરઘરમાં ઉપયોગી છે. એના વાચન, અધ્યયન, મનન દ્વારા ઘરઘરમાં અને ઘટઘટમાં **'ચાલો પાઠશાળા જઈએ'**નો નાદ ગુંજી ઊઠે એ જ શુભાભિલાષા.

**– આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ**

# પુરોવચન

સંસરણશીલ અસિદ્ધ આત્માને એક દેહ છોડ્યા પછી અવશ્યમેવ દેહાન્તરસંબંધ રહે છે, જ્યારે દેહમુક્તિ પછી સિદ્ધાત્માને દેહાન્તરસ્થિતિ રહેતી જ નથી.

આત્મા વિનાના કેવળ દેહને સ્મશાન ભણી લઈ જવો પડે છે, જ્યારે દેહ વિનાનો કેવળ આત્મા-સિદ્ધાત્મા સ્વયં ઊર્ધ્વગતિ સમાપન્ન સિદ્ધશિલા પ્રતિષ્ઠિત બની જાય છે.

જો ભાષા દેહ છે, તો ભાવ આત્મા છે. આત્માનું કોઈ રૂપ નથી, તેમ ભાવનું પણ કોઈ રૂપ નથી. દેહ દ્વારા જેમ આત્માની અભિવ્યક્તિ થાય છે, તેમ ભાષા દ્વારા ભાવની અભિવ્યક્તિ થાય છે. દેહમાંથી આત્મા નીકળી ગયા પછી દેહની કિંમત કેટલી ? તદ્વત્ ભાવ સાથે તાલ ન મિલાવતી ભાષાની પણ કિંમત કેટલી ?

યદ્યપિ પરમાર્થથી વિચારીએ તો જડ-ચેતન બંને તત્ત્વ સર્વથા ભિન્ન જ છે, જેમ ભાષા અને ભાવ. આમ છતાં વ્યવહારથી વિચારીએ તો સંસારસ્થ દેહસમ્બદ્ધ આત્મા તો જડ-ચેતનના સુભગ સમન્વયાત્મક છે. એકબીજાથી જુદાજુદા રહેતા બારાખડીના અક્ષર વ્યવસ્થિત ગોઠવણીથી ભાષારૂપ બની ભાવુકોને દેહવિમુક્ત આત્માના વિવેકનું ભાતું પૂરું પાડે છે.

સિદ્ધ ભગવંતો ભાષાથી પર છે, એટલે ભાષા જ્યાં ન પહોંચી શકે ત્યાં પહોંચી ગયા છે. અસિદ્ધ આત્માઓને અર્થાત્ આપણને ભાષા વિના ચાલવાનું જ નથી.

સ્વાભાવિક સામર્થ્ય અને સંકેતના બળથી ભાષા એ અર્થબોધનું પરમ આવશ્યક કારણ છે. ભાષામાં ઉચ્ચારણશુદ્ધિ પરમ આવશ્યક છે. ઉચ્ચારણમાં થતા ફેરફારોથી મોટો અનર્થ સંભવી શકે છે. અતઃ ઈષ્ટાર્થની સિદ્ધિમાં સાવધાનતયા ભાષાકીય શુદ્ધિ અત્યંત ઉપાદેય છે. આ દિશામાં પ્રસ્તુત પુસ્તક ઘણુંઘણું માર્ગદર્શન આપી જાય છે.

લેખક-સંપાદક પૂ. મુનિવરશ્રીનો શ્રેયોમૂલક આ પ્રયાસ સર્વથા સ્તુત્ય એવં અનુમોદનીય છે.

વિ.સં. ૨૦૪૯
અક્ષયતૃતીયા,
જામનગર

પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય
પ્રાધ્યાપક : શાં.ખે. જૈન સં. પાઠશાળા

# અનુક્રમણિકા


**પ્રકરણ – ૧**

**સંસ્કારવર્ધક કથાઓ** પૃષ્ઠ ૧ થી ૨૦

૧. મીંડું પણ મહાભારત સર્જે છે ! ૧
૨. વસુરાજાની કથા ૬
૩. સૂત્રપાઠ વધારીને ન બોલાય. ૭
૪. વાંદરા-વાંદરીની કથા ૮
૫. સૂત્રપાઠ ઘટાડીને ન બોલાય. ૧૦
૬. વિદ્યાધરની કથા ૧૦
૭. વિદ્યા વિનયથી મેળવો. ૧૩
૮. શ્રેણિક મહારાજાની કથા ૧૩
૯. વિદ્યા વિનયથી ફળે છે : વિનયી શિષ્યની કથા ૧૬

**પ્રકરણ – ૨**

**આપણી પાઠશાળા** પૃષ્ઠ ૨૧ થી ૩૧

૧. બાળકો-વિદ્યાર્થીઓની ફરજ ૨૧
૨. બાળકોનાં માબાપની ફરજ ૨૬
૩. વિદ્યાગુરુઓ(શિક્ષકો)ની ફરજ ૨૮
૪. કાર્યવાહકોની ફરજ ૨૯

**પ્રકરણ – ૩**

**સમ્યગ્ જ્ઞાન** પૃષ્ઠ ૩૨ થી ૪૦

૧. સમ્યગ્ જ્ઞાનનો મહિમા ૩૨
૨. જ્ઞાન ભણવા માટેના આઠ આચાર ૩૪
૩. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધન ૩૫
૪. સૂત્રશુદ્ધિ અને ઉચ્ચારણશુદ્ધિ ૩૬
૫. જ્ઞાનની આશાતના ૩૭
૬. જ્ઞાનની આશાતનાનું ફળ ૪૦

**પ્રકરણ – ૪**

**વિનય અને વિવેક** પૃષ્ઠ ૪૧ થી ૬૮

૧. વિનય કોને કહેવાય ? ૪૧
૨. વિનય કેવી રીતે થાય ? ૪૧
૩. ધર્મનું મૂળ વિનય ૪૧
૪. વિનયગુણને બતાવનારા આચાર ૪૨
૫. વિવેક કોને કહેવાય ? ૪૩

૬. પૂ. ગુરુભગવંતોનાં નામ માનવાચક શબ્દો સહિત સંપૂર્ણ બોલો. ૪૬
૭. દેરાસર સંબંધી વિવેક ૪૮
૮. દેવ-દેવી સંબંધી વિવેક ૪૯
૯. ગુરુમહારાજ સંબંધી વિવેક ૫૦
૧૦. સુપાત્રદાન ૫૦
૧૧. ગુરુચરણસ્પર્શ ૫૩
૧૨. ઉપાશ્રય સંબંધી વિવેક ૫૭
૧૩. પાઠશાળા સંબંધી વિવેક ૫૭
૧૪. પુરુષો માટે ખાસ ૫૮
૧૫. કેટલીક જાણવા જેવી બાબતો ૫૯
૧૬. ગાળ (અપશબ્દ) બોલાય નહિ. ૬૦
૧૭. ગાળાગાળી કરનાર યુવકોનું દૃષ્ટાંત ૬૦
૧૮. ગાળ સહન કરનારા સંતની કથા ૬૦
૧૯. આટલું તો અવશ્ય કરવું જોઈએ. ૬૧
૨૦. ધર્મકરણી પ્રથમ ફરજિયાત, પછી મરજિયાત ૬૪
૨૧. 'आणाए धम्मो' ધર્મ જિનાજ્ઞા પાલનમાં છે. ૬૫
૨૨. શ્રી જિનશાસનની પ્રણાલી : પૂજ્યોને 'પ્રણામ' ૬૬
૨૩. સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે. ૬૮

**પ્રકરણ – ૫**
**ઉચ્ચારવિચાર** પૃષ્ઠ ૬૯ થી ૧૧૮
૧. સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો) ૬૯
૨. અવગ્રહ ૭૭
૩. ઉચ્ચારણશુદ્ધિ ૭૮
૪. ઉચ્ચારણ પદ્ધતિ ૮૦
૫. શુદ્ધ ઉચ્ચાર કોને કહેવાય ? ૮૨
૬. આશ્ચર્યકારી લખાણ : શેઠના નોકરનું દૃષ્ટાંત ૮૬
૭. અશુદ્ધ લખવા-બોલવાથી અનર્થ થાય છે. ૮૭
૮. શેઠના મુનીમની કથા ૮૭
૯. ઉચ્ચારણશુદ્ધિનું માર્ગદર્શન ૯૩
૧૦. પઢમં હવઈ મંગલં ૧૦૦
૧૧. મિચ્છા મિ દુક્કડં ૧૦૧
૧૨. ધાર્મિક અભ્યાસ કેવી રીતે કરાવવો ? ગોખણપટ્ટી નિરર્થક છે ? ૧૦૧
૧૩. ગાથા ગોખવાની રીત ૧૦૨
૧૪. પ્રચલિત - અપેક્ષિત ૧૦૩
૧૫. પંચપ્રતિક્રમણસૂત્ર : અશુદ્ધિ-શુદ્ધિ ૧૦૪

પ્રકરણ – ૬

સરળ તત્ત્વજ્ઞાન પૃષ્ઠ ૧૧૯ થી ૧૪૧

૧. આપણા દેવ (ભગવાન) ૧૧૯
૨. આપણા ગુરુમહારાજ ૧૨૩
૩. આપણો ધર્મ ૧૨૪
૪. ત્રેસઠ શલાકા-પુરુષ ૧૩૫
૫. પ્રશ્નોત્તરી ૧૩૬

પ્રકરણ – ૭

કેટલુંક વિશેષ પૃષ્ઠ ૧૪૨ થી ૧૭૬

૧. શ્રી જિનશાસન અદાલત ૧૪૨
૨. ત્રિપદી અને સપ્તપદી ૧૫૧
૩. જિનશાસનના શણગાર : સંપ્રતિ મહારાજા ૧૫૨
૪. જિનશાસનના અણગાર : શ્રી આર્યરક્ષિતસૂરિજી ૧૫૪
૫. ભાષાદોષ અને સભાક્ષોભ ૧૫૬
૬. બે પંડિતોના સભાક્ષોભનું દૃષ્ટાંત ૧૫૭
૭. સૂત્રગ્રહણ-ઉચ્ચારણપદ્ધતિ ૧૫૮
૮. સમકિત અને મિથ્યાત્વ ૧૬૧
૯. રસ્તામાં પડેલા પારકા પૈસા લઈને દેરાસરના ભંડારમાં નખાય નહિ. ૧૬૩
૧૦. કઠિયારાની કથા ૧૬૩
૧૧. કળિયુગમાં જે સહન કરશે તે જ સુખી થશે. ૧૬૯
૧૨. ક્ષમાનાં ફળ મીઠાં : યુધિષ્ઠિરની કથા ૧૭૦
૧૩. ફટાકડા ફોડશો નહિ. ૧૭૨
૧૪. ફટાકડા ફોડવાથી લાગતું પાપ ૧૭૩
૧૫. ફટાકડા ફોડવાથી થતાં નુકસાન ૧૭૩
૧૬. નાટક, સિનેમા, જોવાથી થતાં નુકસાન ૧૭૪
૧૭. હિંસા-અહિંસા વગેરેનાં કડવાં-મીઠાં ફળ ૧૭૫

## શુદ્ધ ઉચ્ચાર કોને કહેવાય ?

**શબ્દની અંદર જેટલા અક્ષર હોય એટલા જ અક્ષર બોલાય, એક પણ અક્ષર વધે-ઘટે નહિ, જે અક્ષર હોય તે જ અક્ષર બોલાય, પણ એકને બદલે બીજો બોલાય નહિ, અડધો અક્ષર હોય તે અડધો જ બોલાય અને આખો અક્ષર હોય તે આખો જ બોલાય, હ્રસ્વ હોય તે હ્રસ્વ બોલાય અને દીર્ઘ હોય તે દીર્ઘ બોલાય એને સામાન્યથી શુદ્ધ ઉચ્ચાર કહેવાય.**

## બાળકને સુસંસ્કાર આપવાની સુયોગ્ય રીત

'જો, સામે દેખાય છે તે આપણા ભગવાન છે. હું એમને (જેજે કરું છું) પગે લાગું છું.'

એમ કહી માબાપ પોતાનું બાળક દેખે તેવી રીતે બે હાથ જોડી, મસ્તક નમાવી ભગવાનને પગે લાગે.

'જો, સામે દેખાય છે તે આપણા ગુરુમહારાજ છે. હું એમને (જેજે કરું છું) પગે લાગું છું.

એમ કહી માબાપ પોતાનું બાળક દેખે તેવી રીતે બે હાથ જોડી, મસ્તક નમાવી ગુરુમહારાજને પગે લાગે.

અનુકરણ કરવાના સ્વભાવવાળું બાળક તે જોશે અને તરત જ માબાપ કરે તેમ કરવા લાગી જશે. 'તું (જેજે કર) પગે લાગ' એમ એને કહેવાની જરૂર જ નહિ પડે.

માબાપે જાતે આચરણ કરીને આપેલા સંસ્કાર બાળકના હૃદયમાં ગાઢ રીતે પડશે અને પથ્થર ઉપર પડેલી રેખાની જેમ ચિરંજીવ બની રહેશે.

બાળકમાં સંસ્કારનું સિંચન કરવાની આ જ સાચી અને સારી રીત છે. પણ માબાપ પોતે ગુરુદેવને હાથ જોડે નહિ અને પોતાના બાળકને હાથ જોડવાનું કહે, એમ જાતે આચરણ કરીને બતાવ્યા વિના માત્ર જીભ ચલાવીને જ સંસ્કાર આપવાનો પ્રયત્ન કરવો તે સંસ્કાર આપવાની સાચી અને સારી રીત નથી.

એવી રીતે અપાયેલા સંસ્કાર લાંબો સમય ટકી શકતા નથી. ધૂળમાં પડેલી રેખાની જેમ ટૂંક સમયમાં જ નાશ પામી જાય છે.

### યાદ રાખો.

'મારાં માબાપ મને જેજે કરવાનું કહે છે, પણ પોતે કેમ જેજે કરતાં નથી ?' નાનું બાળક પણ આવી સમજશક્તિ અથવા વિચારશક્તિ ધરાવે છે તે ભૂલવા જેવું નથી.

### જીવન-ઘડતર

૧. જીવનકલાની ચાવી આ છે : હૈયે ભલે જ્વાળામુખી ભભૂકે, હોઠે તો સદાય હાસ્ય જ ફરકે.

૨. આપણા પર આવતી આપત્તિ એ અન્ય પર આપણે ઉતારેલી આપત્તિની પ્રતિકૃતિ છે.

૩. સુંવાળપ પ્રગટાવતું સુખ એ દુઃખ છે : સહનશક્તિને ઘડતું દુઃખ એ સુખ છે.

૪. પરિશ્રમ એ પારસમણિ છે, જે ધરતીની ધૂળનું ધાન્યમાં રૂપાંતર કરે છે.

૫. સંસારના સંખ્યાબંધ સંઘર્ષોની જન્મદાત્રી છે માલિકીની ભૂખ.

## ધર્મનું પુસ્તક ઘરમાં રાખવાથી જ્ઞાનની આશાતના થાય ખરી ?

કેટલાક શ્રાવકોની અને વિશેષ પ્રકારે શ્રાવિકાઓની એવી માન્યતા હોય છે કે ધર્મનું પુસ્તક ઘરમાં રાખીએ તો પુસ્તકની અર્થાત્ જ્ઞાનની આશાતના થાય. પરંતુ તેમની આ માન્યતા અજ્ઞાનના ઘરની હોવાથી અહિતકર છે—અકલ્યાણકારી છે.

જિનાજ્ઞા મુજબ લખાયેલું ધર્મનું પુસ્તક ઘરમાં રાખવાથી જ્ઞાનની આશાતના થાય એમ માનીને ધર્મના પુસ્તકને ઘરમાં રાખવાની ના પાડવી કે અનિચ્છા દર્શાવવી એ જ ધર્મના પુસ્તકનો મોટામાં મોટો અનાદર છે અને ધર્મના પુસ્તકનો અર્થાત્ જ્ઞાનનો અનાદર કરવો એ પણ ધર્મના પુસ્તકની અર્થાત્ સમ્યગ્ જ્ઞાનની મોટી આશાતના છે.

કપડામાં જૂ પડવાનો ભય હોય ત્યારે જૂ ન પડે એની કાળજી રખાય, પણ જૂ પડવાના ભયથી કપડાંનો ત્યાગ ન થાય. જૂ પડવાના ભયથી કપડાંનો ત્યાગ કરનાર પાગલ ગણાય. જૂ પડવાના ભયથી સમૂળગો કપડાંનો જ ત્યાગ કરી દેનાર પાગલના શા હાલ થાય એ વિચારવા યોગ્ય છે.

એવી જ રીતે ધર્મના પુસ્તકની અર્થાત્ જ્ઞાનની આશાતનાનો ભય હૃદયમાં રખાય, આશાતના ન થાય એ માટેની પૂરતી કાળજી રખાય. આમ છતાં પ્રમાદથી થૂંક લાગવું, પગ લાગવો, પુસ્તક હાથમાંથી પડી જવું વગેરે દ્વારા આશાતના થઈ જાય ત્યારે ગીતાર્થ ગુરુભગવંતો પાસે વિધિપૂર્વક આલોચના પ્રાયશ્ચિત્ત કરીને લાગેલા દોષોનું નિવારણ કરાય, પણ આશાતનાના ભયથી ધર્મના પુસ્તકનો અર્થાત્ સમૂળગો જ્ઞાનનો જ ત્યાગ ન કરાય.

જે આશાતનાનો ભય આશાતના ન થાય એની કાળજી રખાવનારો છે, તે આશાતનાનો ભય હિતકર છે—આત્માનું કલ્યાણ કરનારો છે.

જે આશાતનાનો ભય આશાતના ન થાય એની કાળજી રખાવવાને બદલે સમૂળગો ધર્મના પુસ્તકનો અર્થાત્ સમ્યગ્ જ્ઞાનનો ત્યાગ કરાવનારો છે એ અહિતકર છે—આત્માનું અકલ્યાણ કરનારો છે.

આશાતનાના ભયથી આશાતનાનો ત્યાગ કરવાને બદલે અર્થાત્ આશાતના ન થઈ જાય એની કાળજી રાખવાને બદલે, જેઓ સમૂળગો ધર્મનાં પુસ્તકોનો જ ત્યાગ કરે છે તેમનું અજ્ઞાન અને મિથ્યાત્વ ટળે નહિ, ઉપરાંત તેઓ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રથી વંચિત રહે અને એમનું ભવભ્રમણ ટળે નહિ એમ બનવાજોગ છે.

જેઓ શાસ્ત્રાનુસારે લખાયેલાં ધર્મનાં પુસ્તકોનો આદર કરીને એને પોતાના ઘરમાં રાખે છે, આશાતના ન થાય એની કાળજી રાખે છે, તેમ જ વિનય-બહુમાનપૂર્વક તેનું વાચન-મનન-અધ્યયન કરે છે, તેમના જીવનમાંથી અજ્ઞાનનું અંધારું દૂર થાય છે અને આંખના પાટા સમાન મિથ્યાત્વ પણ ટળે છે, અવિવેક દૂર થાય છે અને વિવેકરૂપી ચક્ષુ ખૂલે છે, તેમ જ સમ્યગ્ જ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી તેમનું જીવન ઝળહળી ઊઠે છે. તેથી તેઓ સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર પણ પામી શકે છે અને પરંપરાએ મોક્ષ પણ પામે છે.

**માટે ધર્મનું પુસ્તક ઘરમાં રાખવાથી જ્ઞાનની આશાતના થાય એવી અજ્ઞાનના ઘરની અહિતકર-અકલ્યાણકારી માન્યતાનો કલ્યાણના અર્થી આત્માઓએ વહેલામાં વહેલી તકે ત્યાગ કરી દેવો જોઈએ અને ધર્મનાં પુસ્તકોને આદરપૂર્વક ઘરમાં રાખવાં જોઈએ.**

# ૧ સંસ્કારવર્ધક કથાઓ

## મીંડું પણ મહાભારત સર્જે છે !

બાળકો ! તમારું જીવન તો કોરી પાટી જેવું છે. આ કોરી પાટી ઉપર ધાર્મિક અભ્યાસનો એકડો ઘૂંટવો, એ જેટલી મહત્ત્વની વાત છે; એથી પણ વધારે મહત્ત્વની વાત તો એ છે કે એ એકડો શુદ્ધ ઘૂંટાવો જોઈએ. એકડો ઘૂંટતી વખતે અશુદ્ધિ થઈ જતી હોય એ હજી નભાવી લેવાય, પણ એ અશુદ્ધિ એકડો ઘૂંટતાં આવડી જાય ત્યાં સુધીમાં તો સુધરી જવી જ જોઈએ.

તમે કહેશો કે શુદ્ધિ-અશુદ્ધિ ઉપર આટલો બધો ભાર આપવાની શી જરૂર છે ? આ બે વાત વચ્ચે ફેર, કાંઈ બહુ મોટો હોતો નથી. એકાદ મીંડું કે એકાદ માત્રા જ શુદ્ધને અશુદ્ધ અથવા અશુદ્ધને શુદ્ધ બનાવી દેતી હોય છે ! તો પછી એને આટલું બધું મહત્ત્વ આપવાની શી જરૂર ?

તમને આવો પ્રશ્ન ઊઠે, એનો જવાબ મારે તમને આપવો જોઈએ. પણ એનો જવાબ હું આપું એના કરતાં અહીં આગળ રજૂ થતી કેટલીક સુંદર કથાઓ જ તમને ખૂબ સારી રીતે આપી દેશે. માત્ર એક જ મીંડું મૂકવું ભૂલી જઈએ, તો કુંતી (પાંડવોની માતા), કુતી (કૂતરી) બની જાય છે અને ભૂલથી કુતી ઉપર મીંડું મૂકી દઈએ તો કૂતરી પાંડવોની માતા કુંતી બની જાય છે. આવું રમૂજી મહાભારત માત્ર એક મીંડું જ સર્જી શકે છે. આ એક નાનકડા મીંડાએ રાજપુત્ર કુણાલને આંધળો બનાવી દેવામાં કેવો ભાગ ભજવ્યો એની ઐતિહાસિક વાત તમારી આગળ રજૂ કરીને, સાધારણ ગણાતું એક મીંડું કે એક માત્રા પણ કેવું અસાધારણ બળ ધરાવે છે, એ વાતનો મારે તમને ખ્યાલ આપવો છે. શબ્દમાં એક અક્ષર વધારવાથી કેવો અનર્થ થાય છે, એ વિષયમાં કુણાલનું દૃષ્ટાંત છે. ચાલો, ત્યારે એ રાજપુત્ર કુણાલની વાતથી જ આપણે આપણા આ પાઠના શ્રીગણેશ માંડીએ !

# ૨જ જેવડી ભૂલ ! ગજ જેવડી સજા !

મહાબુદ્ધિશાળી ચાણક્યનું નામ તો તમે બધાએ સાંભળ્યું જ હશે ! તેઓ જૈનમંત્રી હતા. તેમણે નંદવંશનો નાશ કરીને, મૌર્યવંશનાં મંડાણ કર્યાં હતાં. એ મૌર્યવંશના પહેલા રાજવી તરીકે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કરવામાં અને એના રાજ્યને આગળ વધારવામાં મંત્રીશ્વર ચાણક્યનો ફાળો બહુ જ મોટો હતો.

પાટલિપુત્ર એ મૌર્યવંશની રાજધાનીનું શહેર હતું. ચન્દ્રગુપ્ત પછી બિંદુસાર નામે રાજા થઈ ગયો. ત્યાર પછી અશોકશ્રી નામે રાજા થયો. આપણો કથાનાયક રાજપુત્ર કુણાલ એ આ અશોકશ્રી રાજાનો પાટવીકુંવર હતો. રાજા અશોકશ્રી પછી રાજગાદીનો વારસદાર આ કુણાલ જ હતો. પણ એ નાનો હતો ત્યારે જ એની માતા મરણ પામી ચૂકી હતી. તેથી તેની સાવકી મા (અપરમાતા) તરફથી કુણાલના જીવન માટે મોટો ભય હતો.

અશોકશ્રી રાજાની રાણીઓની આંખમાં આ કુણાલ કાંટાની જેમ ખૂંચતો હતો. કારણ કે રાજગાદીનો હક્કદાર એ હતો. તેથી બીજી રાણીઓ કુણાલનો કાંટો કાઢી નાખવાના પેંતરા રચતી હતી, કાવતરાં કરતી હતી. એટલે એના જીવનનું રક્ષણ કરવા માટે એના પિતા અશોકશ્રી રાજાએ કુણાલને ઉજ્જૈન નામની નગરીમાં મોકલી આપ્યો. ત્યાં એના માટે એની સલામતીની અને એના ભણવા-ગણવાની બધી વ્યવસ્થા સંભાળે એવા થોડા અધિકારીઓ રાજાએ નીમ્યા. આમ કરવા પાછળ રાજાનો આશય એવો હતો કે નમાયો કુણાલ સુરક્ષિત રહી શકે, ભણી-ગણીને બરાબર તૈયાર થઈ શકે અને એના કાને માતાના મરણની વાત પણ અથડાય નહિ.

અધિકારીઓની દેખરેખ નીચે ઉજ્જૈનમાં વસતો કુણાલ લગભગ આઠ વરસનો થવા આવ્યો ત્યારે એના પિતા અશોકશ્રીને વિચાર આવ્યો કે હવે કુણાલને ભણાવવો જોઈએ, કારણ કે એ રાજગાદીનો વારસદાર છે. એથી રાજાએ એ વખતે વપરાતી પ્રાકૃત ભાષામાં એ અધિકારીઓ ઉપર એક પત્ર પાઠવ્યો. તેમાં લખ્યું કે **'कुमारो अधीयउ'** (કુમાર ભણે). આ પ્રમાણે પત્ર લખીને બાજુ પર મૂક્યો અને પોતે બીજા કોઈ કામમાં પરોવાઈ ગયો. એવામાં કમનસીબે કુણાલ ઉપર ખૂબ જ ખાર રાખતી તિષ્યગુપ્તા નામની સાવકી મા ત્યાં આવી ચડી. એના હાથમાં અશોકશ્રી રાજાએ લખેલો પત્ર આવી ગયો. એ વાંચતાંની સાથે જ રાણીના મનમાં વિચારની એવી વીજળી ઝબૂકી ઊઠી કે,

"રાજગાદીનો હક્કદાર હોવાથી આ કુણાલ જ મારા પુત્રને રાજગાદી મળવામાં અંતરાયરૂપ છે. આ અંતરાય દૂર થાય તો જ મારા પુત્રને રાજગાદી મળે. અત્યારે મને આ તક સાંપડી છે, ત્યારે મારે એવું કાંઈક કરી દેવું જોઈએ કે જેથી આ કુણાલ રાજ્ય ચલાવવા માટે યોગ્ય જ ન રહે !" આ વિચારની સાથે જ એના મનમાં એમ થઈ ગયું કે આ કુણાલ આંધળો બની જાય તો કેવું સારું !!! તિષ્યગુપ્તાએ એ પત્રમાં માત્ર એક જ મીંડું ઉમેરીને પોતાનું કાર્ય સાધી લીધું.

એ મીંડું ચડ્યું **'अधीयउ'** શબ્દને માથે ! અને તેણે અર્થનો અનર્થ કરી નાખ્યો ! મીંડું માથે ચડતાં **'अधीयउ'**નું **'अंधीयउ'** બન્યું. **'कुमारो अधीयउ'**નો અર્થ હતો : **'કુમાર ભણે !'**, જ્યારે **'कुमारो अंधीयउ'**નો અર્થ થયો : **'કુમાર આંધળો થાય !'**

અશોકશ્રી રાજા હવે એ પત્રમાં કાંઈ ફેરફાર ન કરે તેની તકેદારી રાખતી તિષ્યગુપ્તા રાણી ત્યાં જ બેસી રહી. પોતે લખેલો પત્ર બીડતાં પહેલાં ફરીથી એકવાર વાંચી જવો જોઈએ, પણ પોતે ઘણાં કામમાં વ્યગ્ર હોવાથી તે પત્ર ફરીથી વાંચ્યા વિના જ રાજાએ બીડી દીધો અને સીલ કરી ઉપર રાજ્યની મહોર છાપ મારી ઉજ્જૈન રવાના પણ કરી દીધો. રાજાનો કાગળ અનુચરે ઉજ્જૈન જઈને અધિકારીઓના હાથમાં આપ્યો. તેમાં લખેલી હકીકત વાંચી અધિકારીઓ ખેદ પામ્યા.

રાજપુત્ર કુણાલ બાળક હોવા છતાં વિનય-વિવેકમાં એક્કો હતો. પિતાજીનો પત્ર આવ્યાની વાત સાંભળીને એમાંનો સંદેશો જાણવાની એને તાલાવેલી લાગી. એટલે એણે આભાર અને અહોભાવની વાણીમાં અધિકારીઓને કહ્યું : "આજનો મારો દિવસ ધન્ય છે ! આજે મારાં અહોભાગ્ય કે પિતાજીનો મારા ઉપર પત્ર આવ્યો ! બોલો, મારા પિતાજીનો મારા માટે શો સંદેશો છે ? હું મારા પિતાજીની આજ્ઞા જાણું નહિ ત્યાં સુધી જંપીને બેસી શકું નહિ."

અધિકારીઓનાં હૃદય ગમગીન હતાં અને મુખ ઉદાસ હતાં. તેઓ વિચારી રહ્યા હતા કે પિતા જેવા પિતાએ પોતાના અતિ વહાલા અને નિર્દોષ પુત્રને માટે આવી દુઃખદાયક આજ્ઞા શા માટે ફરમાવી હશે ? કેમ કે રાજગાદીનો વારસદાર એવો પોતાનો પુત્ર આંધળો બને એવું તો કોઈ પિતા ઇચ્છે જ નહિ. ન કહેવાય અને ન સહેવાય એવી આ વાત છે. કાગળની હકીકત કહેવા અસમર્થ એવા તેમની આંખમાં આંસુ આવ્યાં.




અધિકારીઓએ આજ્ઞાનો નિર્ણય કરવા માટે કાળક્ષેપ કરવાનું કહેવા છતાં, દુર્દૈવના વશથી, તત્કાળ તપાવેલા ધગધગતા લોઢાના સળિયા કુમારે પોતાની રતન જેવી બે આંખોમાં ચાંપી દીધા અને છતી આંખે અંધાપો વહોરી લીધો.

કુણાલે પોતે જ તે કાગળ વાંચ્યો. વાંચીને વિચાર્યું કે, "મેં પિતાજીની કોઈક આજ્ઞાનો ભંગ કર્યો હશે. નહિ તો મારું હિત ઇચ્છનારા મારા પિતા મારા માટે આવી આજ્ઞા કેમ કરે ? પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેને દુષ્ટ પુત્ર જાણવો. પિતાની આજ્ઞા પાળવા ખાતર હું મારી જાતે જ અંધાપો વહોરી લેવા તૈયાર છું."

અધિકારીઓએ આજ્ઞાનો નિર્ણય કરવા માટે કાળક્ષેપ કરવાનું કહેવા છતાં, દુર્દૈવના વશથી, તત્કાળ તપાવેલા ધગધગતા લોઢાના સળિયા કુમારે પોતાની રતન જેવી બે આંખોમાં ચાંપી દીધા અને છતી આંખે અંધાપો વહોરી લીધો.

કુણાલની બાળહઠ અને રાજહઠ સામે અધિકારીઓ લાચાર બની રહ્યા.

બાળકો ! જોયું ને, એક નાનકડા મીંડાએ રાજકુમારના જીવન સાથે કેવો ખતરનાક ખેલ ખેલી નાખ્યો ?

કુણાલની આ કથા, શબ્દમાં એક મીંડાનો વધારો પણ અર્થનો કેવો અનર્થ કરી નાખે છે, એટલું જ બતાવવા માટે કહેવામાં આવી છે.

અહીં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું કે આંખો બાળીને અંધાપો વહોરી લેવા જેવા ખરાબ પરિણામવાળા કાર્યમાં, ગુરુની આજ્ઞાના આરાધકે પણ ગુરુની આજ્ઞા અયોગ્ય જણાતી હોય તો કાળક્ષેપ કરવો જોઈએ એમ શાસ્ત્રમાં કહ્યું છે અને કાળક્ષેપ કરવો એ પણ ત્રણ વખત આજ્ઞા થાય ત્યાં સુધી જ કલ્યાણકારી છે.

વાંચ્યા વિના જ કાગળ લખી મોકલવો એ પિતાનો દોષ છે. અથવા અચાનક આવી પડેલા કાર્યમાં વ્યગ્ર થનાર પિતાનો પણ શો દોષ છે ? આ દોષ દુષ્ટ મતિવાળી અપરમાતાનો છે. અથવા અપરમાતાનો પણ શો દોષ છે ? ખરેખર તો કુણાલે પોતે પૂર્વે કરેલા પાપકર્મનો જ આ દોષ છે. કેમ કે પિતાએ તો પ્રાણથી પણ અધિક પ્યારા પુત્રને વિદ્યા પ્રાપ્ત કરાવવાનો જ ઉદ્યમ કર્યો હતો, પણ તેને બદલે પરિણામમાં આજીવન અંધાપો આવી પડ્યો. પૂર્વજન્મનાં કરેલાં શુભાશુભ કર્મનાં પરિણામ અટકાવી શકાતાં નથી.

શબ્દમાં અક્ષરનો ફેરફાર કરવાથી જેમ અનર્થ થાય છે, તેમ શબ્દના અર્થમાં ફેરફાર કરવાથી પણ અનર્થ થાય છે. અર્થનો ફેરફાર કરવાના વિષયમાં વસુરાજાનું દૃષ્ટાંત છે.

❋

# વસુરાજાની કથા

પોતાના શિષ્યોને ભણાવતા પર્વતે એક વખત '**अजैर्यष्टव्यम्**' આ શ્રુતિની વ્યાખ્યામાં '**अज**'નો અર્થ '**બકરો**' કરીને, બકરાઓ વડે યજ્ઞ કરવો એવો અર્થ કર્યો. તે સાંભળીને તેને મળવા આવેલા ને તેની પાસે જ બેઠેલા નારદે કહ્યું કે, '**अज**' શબ્દનો તું આવો ખોટો અર્થ ન કર, કેમ કે વાવ્યા છતાં ઊગે નહિ તેને '**अज**' કહેવાય છે. '**अज**' એટલે ત્રણ વર્ષ ઉપરાંતની જૂની ડાંગર. આપણા ગુરુએ પણ એમ જ કહ્યું છે. માટે હે પર્વત ! તું ધર્મોપદેષ્ટા ગુરુને અને ધર્મપ્રતિપાદક શ્રુતિને અન્યથા (વિપરીત અર્થયુક્ત) ન કર.

આમ નારદે ઘણું સમજાવવા છતાં દુર્ભાગ્યને વશ પડેલા પર્વતે પોતાનો કદાગ્રહ મૂક્યો નહિ. છેવટે તેમણે વાદ કરવાનું નક્કી કર્યું. જે હારે તેણે પોતાની જીભ કાપી નાખવી એવી આકરી શરત કરી અને તેમાં સત્યવાદી વસુરાજાને સાક્ષી કર્યો.

શરતની વાત સાંભળી પર્વતની માતાએ પુત્રને એકાંતમાં લઈ જઈને કહ્યું કે, "મેં પણ તારા પિતાને '**अज**' એટલે ત્રણ વર્ષ જૂની ડાંગર એવો અર્થ કહેતા સાંભળ્યા છે. માટે ફોગટ આવી મહા-અનર્થકારી શરત તું શા માટે કરે છે ?" જવાબમાં પર્વતે કહ્યું કે, "મેં જે કર્યું છે, તે કર્યું જ છે. હે માતા ! હવે જેમ ઘટે તેમ ઉપાય કરો."

તે સાંભળી પુત્રમોહથી મોહિત થયેલી માતા વસુરાજા પાસે ગઈ અને તેને એકાંતમાં એવું કહ્યું કે જેથી તેણે પોતે સત્યવાદી તરીકેની પ્રતિષ્ઠા પામેલો હોવા છતાંય ગુરુપત્ની પ્રત્યેના દાક્ષિણ્યથી '**अज**' શબ્દનો '**બકરો**' એવો ખોટો અર્થ કરવાનું કબૂલ કર્યું.

પછી પર્વત અને નારદ સવારે સભામાં જઈને '**अज**' શબ્દના અર્થનો વિવાદ કરવા લાગ્યા અને તેના નિરાકરણ માટે વસુરાજાને કહ્યું. તે વખતે મોટા પાપનો પણ અનાદર કરીને રાજાએ ખોટી સાક્ષી પૂરી '**अज**' શબ્દનો '**બકરો**' અર્થ કર્યો.

તે જ વખતે તેના અસત્ય વચનથી કોપાયમાન થયેલી દેવીએ તેને લાત મારીને સિંહાસન ઉપરથી પાડી નાખ્યો. દેવીની લાતના પ્રહારથી અને પડવાથી તરત જ મૃત્યુ પામીને પોતાના પાપનાં ફળ ભોગવવા વસુરાજા

નરકે ગયો. હજી પણ જેનો કોપ શાંત થયો નથી એવી દેવીએ તેની ગાદીએ બેઠેલા તેના આઠ પુત્રોને પણ અનુક્રમે હણ્યા. તેના બે પુત્રો નાસી ગયા. લોકોએ અસત્યવાદી પર્વતનો તિરસ્કાર કરી, તેને નગરમાંથી હડકાયા કૂતરાની જેમ કાઢી મૂક્યો.

ખોટો અર્થ કરવાથી આવો અનર્થ થાય છે. માટે આપણે ખૂબ સાવધ રહીને સૂત્રનો સાચો જ અર્થ કરવો જોઈએ.

## સૂત્રપાઠ અક્ષર વધારીને ન બોલાય

બાળજીવનની પાટી પર ધાર્મિક અભ્યાસનો એકડો શુદ્ધ રીતે ઘૂંટવાનું કેટલું બધું જરૂરી છે અને મીંડા-માત્રાનીય ભૂલ કેવો અને કેટલો મોટો અનર્થ ઊભો કરી જાય છે, એ તમે રાજકુમાર કુણાલના એક જીવનપ્રસંગ પરથી બરાબર સમજી ગયા. હવે બીજા પાઠ તરીકે તમારે એ વાત સમજવાની છે કે જ્યાં જે પાઠ જેટલો બોલવાનો હોય તેટલો જ બોલવો જોઈએ. એ પાઠના અક્ષરો બે વાર ન બોલાય. **'अधिकस्य अधिकं फलम्'** વધારેનું ફળ વધુ, એમ માનીને કાઉસ્સગ્ગમાં નવકાર કે લોગસ્સ વધારે ન ગણાય ! આ એક ઘણી મહત્ત્વની વાત છે.

પાપડનો આસ્વાદ માણવો હોય તો તેને યોગ્ય રીતે શેકવો જોઈએ. તેને થોડી જ વાર અગ્નિ પર રખાય તો તે કાચો રહે અને વધારે વાર રખાય તો બળી જાય. રોગ કાઢવો હોય તો દવાની માત્રા યોગ્ય પ્રમાણમાં જ લેવાય. દવા ઓછી લેવાથી રોગ જાય નહિ અને વધારે લેવાથી રોગ વધી જાય ! શરીરને તંદુરસ્ત રાખવું હોય તો ખોરાક પ્રમાણસર જ લેવો જોઈએ. ઓછો ખોરાક લેવાથી શરીર દુર્બળ થઈ જાય અને વધારે લેવાથી રોગ થાય. એમ ધાર્મિક ક્રિયાઓમાં તથા પઠન-પાઠનમાં સૂત્રોના અક્ષરો ઓછા કે વધારે બોલાય નહિ. સૂત્રમાં હોય તેના કરતાં વધારે અક્ષર બોલવાથી કેવો અનર્થ થાય છે એ સમજવા માટે એક લૌકિક કથા જાણવા જેવી છે. આ કથા લૌકિક છે. કદાચ તે કાલ્પનિક પણ હોઈ શકે, પરંતુ આપણે જે સમજવું છે એ સમજવામાં આ કથા ઘણી જ ઉપયોગી થઈ પડે એવી હોવાથી જાણવા જેવી છે :

❈

# વાંદરા-વાંદરીની કથા

એક હતું સરોવર. એનું પાણી ચમત્કારી હોવાથી એ સ્થાન **'કામિક તીર્થ'** તરીકે પ્રસિદ્ધ હતું. એ સરોવરની પાળે વંજુલ નામનું એક ઝાડ હતું. આ ઝાડ ઉપર ચડીને સરોવરમાં જો પશુ-પંખી પડતું મૂકતાં, તો તે તેમાં પડતાંની સાથે જ માણસ બની જતાં અને માનવ સ્ત્રીપુરુષ પડે તો દેવદેવી બની જતાં. એ ઝાડ અને સરોવરમાં આવી વિશેષતા હતી. સાથેસાથે એનો બીજો પણ એવો એક અવળો પ્રભાવ હતો કે માણસમાંથી દેવ બનેલો તેનાથી પણ કાંઈક અધિક પામવાના લોભથી લપેટાઈને બીજી વાર સરોવરમાં પડતું મૂકતો, તો એ ફરી માણસ બની જતો અને પશુ-પંખીમાંથી માણસ બનેલો દેવ બનવા માટે જો બીજી વાર સરોવરમાં પડવાનો લોભ કરતો, તો એ માણસ ફરી પાછો પશુ-પંખીની જ કાયા પામી જતો. ત્રીજી વાર પડતું મૂકનાર માટે એનો કોઈ પ્રભાવ ન હતો.

આવા ચમત્કારી આ સરોવરના કિનારે એકવાર એક માનવ પતિપત્ની આવ્યાં અને દેવ-દેવી બનવાની ઇચ્છાથી એમણે ઝાડ ઉપર ચડી સરોવરમાં ઝંપલાવ્યું. વળતી જ પળે તેઓ દેવ-દેવી બનીને બહાર આવ્યાં. એમની દેદીપ્યમાન દૈવી કાયામાંથી ચોતરફ પ્રકાશ વેરાવા લાગ્યો !

બાજુમાં ઝાડ ઉપર બેઠેલાં વાંદરા-વાંદરીએ આ દૃશ્ય જોયું. એથી એમનાં મનમાં પણ સરોવરમાં પડતું મૂકી નવો અવતાર પામવાનો લોભ જાગ્યો. વળતી જ પળે ઠેકડો મારી તેઓ વંજુલના ઝાડ પર પહોંચી ગયાં અને બીજો એક કૂદકો મારીને સરોવરમાં પડ્યાં. એથી વીજળીની ઝડપે એ વાંદરો-વાંદરી મનોહર માનવ-દેહ પામી ઉપર તરી આવ્યાં. વાંદરાને નરનો ને વાંદરીને નારીનો દેહ મળ્યો. બંનેના આનંદનો પાર ન રહ્યો.

કહેવત છે કે લાભથી લોભ વધે ! પશુના ખોળિયામાંથી માનવના ખોળિયાનો લાભ થતાં જ એ વાનર પુરુષનો લોભ વધ્યો. એને હવે માનવમાંથી દેવ બનવાની ઇચ્છા થઈ. એથી એણે પોતાની પત્નીને કહ્યું : "ચાલ, આપણે ફરી એકવાર સરોવરમાં ઝંપલાવીએ અને માણસમાંથી દેવ બનીએ !" પતિની વાત સાંભળીને પત્નીએ કહ્યું : "લોભ પાપનો બાપ છે. લોભને થોભ ન હોય. લોભથી માણસનો સર્વનાશ થાય છે. માટે આપણે પશુમાંથી માણસ બન્યાં એ જ ઘણું છે. હવે વધુ લોભ કરવો રહેવા દો. વધુ લોભમાં લપેટાશો તો આ માનવ ખોળિયું મળ્યું છે એનેય ખોઈ બેસશો."

આ સલાહ સાચી અને આદરવા જેવી હતી, પરંતુ શાણી પત્નીની આ હિત-શિખામણને પણ લોભાંધ પતિએ કાને ન ધરી. લોભમાં ને લોભમાં જ એણે તો ઝાડ ઉપરથી ફરી સરોવરમાં ઝંપલાવી દીધું ! પત્ની દેખતી જ રહી અને એનો પતિ પાછો વાનર બનીને કૂદાકૂદ કરવા લાગ્યો. વાંદરાને પસ્તાવાનો પાર ન રહ્યો. પણ 'અબ પછતાયે હોત ક્યા, જબ ચીડિયા ચુન ગઈ ખેત ?'

વાંદરી સ્ત્રીનું ભાગ્ય જોર કરતું હતું. એ માનવખોળિયું ખોઈ બેઠેલા પોતાના પતિની અવદશા પર આંસુ સારી રહી હતી, એટલામાં જ એક રાજા ત્યાં આવી ચડ્યો. એ આ સ્ત્રીનાં રૂપ પર ઓવારી ગયો. એણે દયાર્દ્ર હૃદયથી એનાં આંસુ લૂછ્યાં, સ્નેહથી એને સાથ આપ્યો. એને ઘોડા ઉપર બેસાડી પોતાના મહેલમાં લઈ ગયો અને પ્રેમથી પોતાની પટરાણી બનાવી દીધી.

થોડા દિવસ પછી એ જંગલમાં એક મદારી આવ્યો. એને પેલો લોભી વાંદરો ખૂબ જ ગમી ગયો. મદારીને તો વાંદરાઓ પકડતાંય આવડે ને ખેલાવતાંય આવડે. મદારીએ એ વાંદરાને પકડી લીધો અને એને જાતજાતના ખેલ પણ શીખવી દીધા. મદારીના માંકડા તરીકે એ જાતજાતના ખેલ ખેલીને લોકોને ખુશ કરવા લાગ્યો. ભાગ્યજોગે આ મદારી એક દિવસ, વાંદરી સ્ત્રીને જેણે પોતાની પટરાણી બનાવી છે, એ જ રાજાની સભામાં જઈ પહોંચ્યો. રાજા સાથે સભામાં બેઠેલી એ પટરાણીની નજર વાનર પર પડી અને એને પોતાના પતિ તરીકે એ ઓળખી ગઈ. વાનરની પણ એ જ દશા હતી. એણે પણ રાણી બનેલી પોતાની વાંદરી સ્ત્રીને ઓળખી લીધી અને એનું મન એને ભેટવા તલપાપડ બની રહ્યું હતું. એથી એ વારંવાર રાણી તરફ ધસવા લાગ્યો. એ જોઈ રાણીએ એને શિખામણ આપતાં કહ્યું કે, "વાનર ! હવે મને મળવાની ખોટી આશામાં દોડાદોડ શાને કરે છે ? હવે એ તારો પ્રયત્ન સફળ થવાનો નથી. તને નડી છે તારી પોતાની જ ભૂલ ! તને નડ્યો છે તારો પોતાનો જ લોભ ! જો તેં લોભાંધ બનીને ફરીથી સરોવરમાં પડવાની ભૂલ ન કરી હોત તો તારી આવી દુર્દશા થઈ જ ન હોત ! તારી ભૂલનું ફળ જ તારે ભોગવવાનું છે. હવે જે મુજબનો દેશકાળ છે એ મુજબ જ વર્તી લે, એમાં જ ડહાપણ છે."

બાળકો ! આ વાંદરાના દૃષ્ટાંતથી તમે સારી રીતે સમજી શક્યા હશો કે વધારે લાભ મેળવવાની ઇચ્છાથી વાંદરો કેવા અનર્થનો ભોગ બન્યો અને

કીમતી મનુષ્યપણું પામવા છતાં એ માનવદેહ ખોઈ નાખવાને કારણે એને કેટલું મોટું નુકસાન ખમવું પડ્યું. બસ ! તો એવી જ રીતે સૂત્રપાઠમાં અક્ષર - કાનો - માત્રા - મીંડું આદિ વધારે બોલવામાં આવે તો ઘણો મોટો અનર્થ થઈ જાય છે. માટે જરા પણ વધઘટ ન થાય એની કાળજી રાખીને ધાર્મિક સૂત્રોનું પઠન-પાઠન કરવું જોઈએ. **'अधिकस्य अधिकं फलम्'** આ સૂત્રનો ઉપયોગ અહીં ન થઈ શકે.

## સૂત્ર-પાઠ ઘટાડીને ન બોલાય

બાળકો ! હવે આપણે થોડા વધુ આગળ વધીએ. પઠન-પાઠનમાં સૂત્રોનું ઉચ્ચારણ કરતી વખતે અક્ષર, કાનો, માત્રા, મીંડું વધારે બોલવાથી કેટલું બધું નુકસાન થાય છે એ તમે રાજપુત્ર કુણાલ અને વાનર-વાનરીના દૃષ્ટાંતથી બરાબર સમજી ગયા. તેવી જ રીતે તમારે હવે એ વાત પણ સમજવી જરૂરી છે કે પઠન-પાઠનમાં કે સૂત્ર-પાઠમાં અક્ષર, કાનો, માત્રા, અને મીંડું ઓછાં પણ ન જ બોલવાં જોઈએ. તેને વધારીને બોલવામાંય દોષ છે અને ઘટાડીને બોલવામાંય દોષ છે. તે જે પ્રમાણે હોય તે પ્રમાણે શુદ્ધ બોલવાથી જ એનું સાચું ફળ પામી શકાય છે. આ વાતને સમજવા માટે એક વિદ્યાધરની કથા જાણવા જેવી છે :

## વિદ્યાધરની કથા

રાજગૃહી નગરીમાં એકવાર ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. શ્રેણિક મહારાજા પોતાના સર્વ પરિવાર અને ચતુરંગી સેના સાથે ધર્મદેશના સાંભળવા આવ્યા. ધર્મદેશના સાંભળીને તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક દૃશ્ય તેમની નજરે પડ્યું.

કોઈ એક વિદ્યાધર કોઈ મન્ત્રપાઠ ભણીને આકાશમાં ઊડતો હતો અને પાછો નીચે પછડાતો હતો. પાંખ વિનાના પંખી જેવી એની દુર્દશા જોઈને શ્રેણિક રાજાને જેટલો આઘાત લાગ્યો એટલું જ આશ્ચર્ય થયું. તેથી તરત જ તે બનાવનું કારણ જાણવા તેઓ પ્રભુ પાસે પાછા આવ્યા અને પ્રભુને પૂછ્યું કે, "ભગવન્ ! મંત્ર જપવા છતાં પાંખ વિનાના પંખીની જેમ આ વિદ્યાધર આકાશમાં ઊડીઊડીને જમીન પર કેમ પછડાય છે ?"

ભગવાને કહ્યું : "એમાં મન્ત્રનો દોષ નથી. દોષ એ વિદ્યાધરનો પોતાનો છે. મન્ત્રપાઠનો એક અક્ષર એ ભૂલી ગયો છે. એક અક્ષરથી

અધૂરો મન્ત્ર જપવાથી એને આવું દુઃખ ભોગવવું પડે છે. મન્ત્રમાં માત્ર એક જ અક્ષર એ ઓછો જપે છે, પણ એનાં કડવાં ફળ તરીકે એને આમ વારંવાર જમીન પર પછડાવું પડે છે."

શ્રેણિકરાજાના પુત્ર અને પ્રધાન અભયકુમાર ખૂબ બુદ્ધિશાળી હતા. એમની પાસે પદાનુસારિણી લબ્ધિ હતી. એ લબ્ધિના પ્રતાપે મન્ત્ર વગેરેના કોઈ પણ એક પદને જોવા કે સાંભળવા માત્રથી બાકીનાં પદો એમને આવડી જતાં. એથી ત્યાં રહેલા અભયકુમારે કહ્યું : "પિતાજી ! ચાલો, આપણે એ વિદ્યાધરની પાસે જઈએ. હું એને એનો ભુલાઈ ગયેલો મન્ત્રાક્ષર યાદ કરાવી આપું, જેથી એ આકાશમાં ઊડીને પોતાના ઇષ્ટસ્થાને પહોંચી શકે."

સૌ વિદ્યાધર પાસે આવ્યા. બુદ્ધિનિધાન અભયકુમારે વિદ્યાધરને કહ્યું : "તમે મન્ત્રનો અક્ષર ભૂલી ગયા છો, તેથી આ વિદ્યા એનું કાર્ય કરી શકતી નથી અને તમારે ઊડીઊડીને નીચે પછડાવું પડે છે. જો તમે મને તમારી પાસે રહેલી આ આકાશગામિની વિદ્યા આપો, તો હું તમને તમારો ભુલાઈ ગયેલો મન્ત્રાક્ષર યાદ કરાવી આપું."

વિદ્યાધરને તો ગમે તે ભોગે આકાશમાં ઊડવાની સિદ્ધિ મેળવવી જ હતી, એટલે એણે અભયકુમારની શરત માન્ય રાખીને આકાશગામિની વિદ્યાનો મન્ત્રપાઠ તેમને આપ્યો. અભયકુમારે પદાનુસારિણી લબ્ધિના પ્રભાવે એ મન્ત્રનો ભુલાઈ ગયેલો અક્ષર શોધી કાઢ્યો અને વિદ્યાધરને તેની વિદ્યા સંપૂર્ણ કરી આપી !

સંપૂર્ણ મન્ત્રજાપ દ્વારા વિદ્યાધર હવે આકાશમાં પારેવાની જેમ સડસડાટ ઊડવા માંડ્યો અને એના આનંદનો પાર ન રહ્યો ! સાથે અભયકુમારના આનંદનો પણ પાર ન હતો, કારણ કે એમને તો પરોપકાર થવા સાથે આકાશમાં ઊડવાની સિદ્ધિ મળી ગઈ હતી !

બાળકો ! વિદ્યાધરના આ પ્રસંગ પરથી તમે સમજી જ ગયા હશો કે એકાદ અક્ષરનુંય કેટલું મહત્ત્વ છે ! યન્ત્રવાદના આ જમાનામાં તો આ વાત જલદી સમજાઈ જાય એવી છે. રાક્ષસ જેવી કાયા ધરાવતાં વિરાટ યન્ત્રોમાંથી એકાદ સ્ક્રૂ કે એકાદ ચક્કર નીકળી જાય, તો આખું ને આખું યન્ત્ર જ ખોટવાઈ જાય છે. તમારા ઘરમાં રહેલી ઘડિયાળની જ વાત લો ને ! એમાં કેટલા બધા નાનામોટા ભાગ ગોઠવાયેલા હોય છે ? એમાંથી નાનામાં નાનો એક જ ભાગ નીકળી જાય તો ઘડિયાળ ચાલે ખરું ?

ન જ ચાલે ! એ પચીસ પૈસાના ચક્કરને બેસાડવા તમારે ચાળીસ-પચાસ રૂપિયાનો ખર્ચ કરવો પડે, પછી જ ઘડિયાળ કામ આપતું થાય. ધાર્મિક સૂત્રોનું પણ એવું જ છે. એનાં પઠન-પાઠનમાં એક અક્ષર પણ ઓછો ચાલે નહિ.

આ બધી વાતોને આપણે હજી વધુ દાખલા-દલીલો દ્વારા સમજીએ. માની લો કે તમે બીમાર છો. માબાપને તમારા ઉપર ઘણો પ્રેમ છે. તમને સાજાતાજા કરવા માટે દવા પિવડાવવી પડે તેમ છે અને તે ઘણી કડવી છે. તેનો પૂરેપૂરો ડોઝ આપતાં તેમનો જીવ ચાલતો નથી. તેથી જો તેઓ તમને પા કે અડધો જ ડોઝ આપે તો તમે સાજા થાવ ખરા ? ક્યારેય નહિ, કારણ કે દવાનો ડોઝ વૈદ્યની સૂચના અનુસાર પૂરતા પ્રમાણમાં અપાય તો જ રોગ જાય. એવી રીતે કોઈ માબાપ પોતાના વહાલા પુત્રને જલદી સાજો કરવાની ઇચ્છાથી તેને બેવડો/ત્રેવડો ડોઝ આપી દે તો એથી કાંઈ તેમનો પુત્ર જલદી સાજો થઈ જાય ખરો ? ના. સાજો તો ન જ થાય, પણ ઉપરથી વધારે માંદો થાય.

હવે તો તમે સમજી ગયા ને કે દવાનો ડોઝ ઓછો લેવાથી પણ નુકસાન થાય અને વધારે લેવાથી પણ નુકસાન થાય. યોગ્ય પ્રમાણમાં એ લેવાય તો જ લાભ થાય. તેવી જ રીતે ધાર્મિક સૂત્રોનાં પઠનપાઠનમાં અક્ષરો ઓછા બોલવાથી પણ દોષ લાગે અને વધારે બોલવાથી પણ દોષ લાગે. એમાં અક્ષર-કાનો-માત્રા-હ્રસ્વ-દીર્ઘ જે પ્રમાણે હોય તે પ્રમાણે જ બોલવાથી લાભ થાય, દોષ ટળે ને ફળ મળે.

આપણે ઓછું ખાઈએ તો નબળાઈ આવી જાય અને વધુ ખાઈએ તો અજીરણ થઈ જાય. શરીરને ટકાવવું હોય ને તંદુરસ્ત રાખવું હોય તો માપસર જ ખાવું જોઈએ. દવા અને ખોરાકની જેમ સૂત્રોનું પઠનપાઠન પણ યોગ્ય રીતે શુદ્ધ ઉચ્ચારપૂર્વક થાય તો જ લાભ થાય.

શાસ્ત્રમાં કહ્યું છે કે સૂત્રમાં માત્રા-મીંડાનો પણ ફેરફાર થવાથી સૂત્ર વિકૃત બની જાય છે. એથી અર્થમાં ગોટાળો થઈ જાય છે. અર્થ ખોટો થવાથી તેના અર્થના આધારે થતા ક્રિયારૂપ ચારિત્રમાં પણ ફેરફાર થઈ જાય છે. તેથી મોક્ષ નજીક આવવાને બદલે દૂર થઈ જાય છે. જ્ઞાનનું ફળ વિરતિ એટલે સંયમ છે અને આ સંયમ દ્વારા જ મોક્ષનાં તાળાં ઊઘડે છે. એથી આપણી મોક્ષની મુસાફરીની ગાઈડ બનવાની યોગ્યતા જ્ઞાનમાં આવી જાય છે. આવી જ્ઞાનગાઈડ જો અશુદ્ધ હોય તો આપણે સંસારમાં

રખડવું-રઝળવું પડે. એથી મોક્ષની મુસાફરી કરવા ઇચ્છનારે સૌપ્રથમ જ્ઞાનનો પાયો પાકો કરી લેવો જોઈએ.

## વિદ્યા વિનયથી મેળવો

આપણે જોઈ આવ્યા કે મોક્ષની મુસાફરી મુખ્યત્વે વિદ્યાની ગાઈડના આધારે જ કરી શકાય છે. આ સંબંધમાં હવે એક અગત્યનો પ્રશ્ન ઊઠે છે કે આવી વિદ્યા મળે કેવી રીતે ? ત્યાર પછી એનાથી પણ વધુ અગત્યનો બીજો પ્રશ્ન એ ઊઠે છે કે એ મળેલી વિદ્યા ફળે કેવી રીતે ?

આનો જવાબ પેલા સંસ્કૃત સુભાષિતમાંથી ખૂબ સારી રીતે મળે છે : **'विद्या विनयेन शोभते'** આ સુભાષિત એવો અર્થ બતાવે છે કે વિનય હોય તો જ વિદ્યા શોભે છે અને વિનયપૂર્વક મેળવેલી વિદ્યા જ ફળે છે. એટલે વિદ્યા મળે પણ વિનયથી અને ફળે પણ વિનયથી. માટે વિનય ખૂબ જરૂરી છે.

વિનયને વરેલો વૈભવ જોવા-જાણવા જેવો છે. વિનયની પ્રશંસા બધા ગુણોના મૂળ તરીકે કરવામાં આવે છે. આ પ્રશંસા ખૂબ જ વિચારપૂર્વકની છે. પાપ અને દુઃખથી છલોછલ ભરેલા આ સંસારમાંથી છૂટવું હોય તો મોક્ષ મેળવવો જરૂરી છે. મોક્ષ મેળવવા માટે સંયમ (દીક્ષા) સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. સંયમ એ જ લઈ શકે, જેનામાં સમ્યગ્ દર્શન નામનો ગુણ પ્રગટ થયો હોય. સમ્યગ્ દર્શન એટલે સાચી દૃષ્ટિ. સંસારને એના સાચા સ્વરૂપમાં જોઈ શકાય એવી નજરનું નામ જ સમ્યગ્ દર્શન છે. આ ગુણ જ્ઞાન વિના જાગૃત થઈ શકતો નથી અને આવું જ્ઞાન વિનય વિના મળતું નથી. આ કારણે જ વિનયને બધા ગુણોના મૂળ તરીકે આવકાર અપાય છે. વિનય ન હોય અને વિદ્યા મળી જાય તો એ વિદ્યા માણસને લાભને બદલે નુકસાનીના ખાડામાં ઊતારે, માટે વિદ્યાથી અરસપરસનું કલ્યાણ કરવા ઇચ્છનારે તો વિનયપૂર્વક જ ભણવું-ગણવું જોઈએ.

શ્રેણિક મહારાજાના જીવનનો એક પ્રસંગ આપણને વિનયનું મહત્ત્વ ખૂબ સારી રીતે સમજાવે તેવો છે.

## શ્રેણિક મહારાજાની કથા

શ્રેણિક મહારાજા મગધ દેશના માલિક હતા. એમની પ્રિય રાણીનું નામ ચેલ્લણા હતું. તે ચેલ્લણાને એકવાર એકદંડિયા (એક થાંભલા ઉપર બનાવેલા) મહેલમાં રહેવાની ઇચ્છા થઈ. એ ઇચ્છા એને એના પેટે જન્મનારા બાળકના પ્રભાવે થઈ હતી.

એની એ ઇચ્છા પૂરી કરવા અભયકુમારે દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઈને રાણીની ઇચ્છા મુજબનો એકદંડિયો મહેલ રાજગૃહીમાં બનાવી આપ્યો. એ મહેલના બગીચામાં બધી જ ઋતુઓનાં ફૂલો અને ફળો હંમેશાં દેવપ્રભાવથી ફળવાં-મળવાં માંડ્યાં.

રાજગૃહી નગરીમાં એક ચાંડાલ રહેતો હતો. એની પત્નીને ગર્ભના પ્રભાવથી એકવાર શિયાળાની ઋતુમાં કેરી ખાવાનો દોહદ (મનોરથ) થયો. એણે પતિને વાત કરી. પત્નીની ઇચ્છા પૂરી કરવી જરૂરી હતી, એટલે એ મૂંઝાયો કે અત્યારે વગર ઋતુએ કેરી લાવવી ક્યાંથી ? તપાસ કરતાં એને ખબર પડી કે એકદંડિયા મહેલના બગીચામાં કેરી હંમેશાં પાકે છે, એથી એના આનંદનો પાર ન રહ્યો. જોકે એ બગીચામાં રાજાની પરવાનગી વગર દાખલ થઈ શકાય તેમ ન હતું, પણ એની તો એને ચિંતા ન હતી. કારણ કે એની પાસે **'આકર્ષિણી'** વિદ્યા હતી. એ વિદ્યાના બળે તે ગમે તેટલા ઊંચા ઝાડ ઉપર રહેલા ફળને તોડીને લઈ શકતો.

ચાંડાલ રાત્રિના અંધકારમાં એ મહેલના બગીચાની દીવાલ બહાર જઈ પહોંચ્યો. વિદ્યાના બળે આંબાના ઝાડની ડાળ નમાવીને એણે કેરી મેળવી લીધી.

ચાંડાલ કેરી ઘરે લઈ ગયો અને પત્નીને ખવડાવી તેની ઇચ્છા પૂર્ણ કરી. આ પ્રમાણે બે/ત્રણ દિવસ સુધી ચાલ્યું. પણ એથી તો દેવનિર્મિત અને દેવાધિષ્ઠિત એ આમ્રવૃક્ષ સુકાવા માંડ્યું. એ આમ્રવૃક્ષ ઉપરથી ફળો ચોરાઈ રહ્યાં છે ને આમ્રવૃક્ષ પણ સુકાઈ રહ્યું છે એ વાત શ્રેણિક રાજાના કાને પહોંચી. એથી એમનું દિલ દુભાયું અને એમણે મંત્રીશ્વર અભયકુમારને બોલાવી કહ્યું કે, "કોઈ પણ ઉપાયે આ ચોરને પકડી પાડવો જોઈએ. એણે ફળો ચોર્યાં એ તો મામૂલી વાત છે, પણ એના કારણે દેવપ્રભાવ ઓસરી ગયો અને ઝાડ સુકાવા માંડ્યું એ નુકસાન ઘણું મોટું છે. બીજાં વૃક્ષોની પણ એ એવી હાલત ન કરે તે માટે એને પકડી પાડવો જરૂરી છે."

અભયકુમાર તો બુદ્ધિના ભંડાર હતા. ગમે તેવા ચોરને પકડવાનું કામ એમને માટે જરાય મુશ્કેલ ન હતું. તેઓ રાત્રે એકદંડિયા મહેલના બગીચાની નજીકમાં જઈને ઊભા રહ્યા અને ચોરને પકડવાની જાળ પાથરવા માટે આસપાસમાં રહેલા લોકોને ભેગા કરી એમણે એક મજાની વાર્તા કહેવા માંડી. એ વાર્તાના પ્રસંગ પરથી સભાજનોને એક એવો પ્રશ્ન કર્યો કે એના જવાબ પરથી જે ચોર હોય તે પકડાઈ ગયા વિના રહે નહિ. કેરીનો ચોર એ સભામાં જ હતો.

તે પ્રશ્નનો ઉત્તર આપવા ઊઠ્યો. ઉત્તર સાંભળી બુદ્ધિના ભંડાર અભયકુમારે તરત જ એને ચોર તરીકે ઓળખી લીધો. ચતુરાઈપૂર્વક કેરીની ચોરીની બધી વાત એની પાસેથી કઢાવી લીધી અને તેને પકડીને મહારાજા શ્રેણિક સમક્ષ રજૂ કર્યો. ક્રોધાવેશમાં આવી ગયેલા શ્રેણિક મહારાજાએ તરત જ એને ફાંસીની સજા ફટકારી દીધી.

નીતિના જાણકાર અભયકુમારને થયું કે આ ચોર પાસે તો **'આકર્ષિણી'** નામની વિદ્યા છે. આ વિદ્યાના બળે જ એણે ચોરી કરી છે. જેની પાસે વિદ્યા હોય તેને મારી નાખવાથી તો તેની વિદ્યાનો પણ નાશ થાય. આવા વિદ્યાસિદ્ધને કેમ મરાય ? એથી એમણે કુનેહપૂર્વક કહ્યું કે, "પિતાજી ! આ ચોરની પાસે **'આકર્ષિણી'** વિદ્યા છે. એને ફાંસીએ ચડાવતાં પહેલાં એ વિદ્યા આપ ગ્રહણ કરી લો !"

રાજાને એ વાત ગમી. એમણે સિંહાસન પર બેઠાંબેઠાં જ ચોરની પાસેથી વિદ્યા ગ્રહણ કરવાનો પ્રયાસ કર્યો. ચોરે ત્રણ/ચાર વાર વિદ્યાનો પાઠ આપ્યો, છતાં શ્રેણિક રાજાને તે આવડ્યો નહિ. ત્યારે અભયકુમારે કહ્યું, "પિતાજી ! વિદ્યા તો વિનયથી જ મળે ! માટે આપ નીચે બેસો અને આ ચોરને સિંહાસન ઉપર બેસાડો. પછી વિદ્યા સિદ્ધ થાય છે કે નહિ એ જુઓ !"

રાજા સિંહાસન ઉપરથી ઊતર્યો અને ચોરને સિંહાસન ઉપર બેસાડ્યો. રાજા શિષ્ય બન્યો. ચાંડાળ ચોર ગુરુ બન્યો અને વળતી જ પળે વિદ્યા સિદ્ધ થઈ ગઈ. વિદ્યા વિનયથી જ મળે એ વાતનો એ પળે રાજાને સાચો અનુભવ થયો. હવે અભયકુમારે ખરો દાવ નાખ્યો. એણે કહ્યું, "પિતાજી ! આ ચોર તો આપનો વિદ્યાગુરુ બન્યો. હવે એને ફાંસીએ ચડાવીને આપ શું ગુરુહત્યાનું ગોઝારું પાપ કરશો ? આપે તો હવે એને ઊંચામાં ઊંચી ગુરુદક્ષિણા આપવી જોઈએ અને એનો ગુનો માફ કરી એને મૃત્યુદંડની સજામાંથી મુક્ત કરી દેવો જોઈએ. એને અભયદાન આપવું એ જ ઊંચામાં ઊંચી ગુરુદક્ષિણા છે."

ને સાચે જ અભયકુમારનો યુક્તિપૂર્વકનો આ દાવ એળે ન ગયો. એના પાસા પોબાર પડ્યા. ચોરની સજા માફ થઈ ગઈ. મહારાજા શ્રેણિક તરફથી એને ગુરુદક્ષિણામાં અભયદાન મળી ગયું !

બાળકો ! વિદ્યા વિનયથી જ મળે છે. એનો હવે તો તમને આ કથા પરથી પૂરેપૂરો ખ્યાલ આવી ગયો ને ? શ્રેણિક રાજાએ જ્યારે અભિમાન ત્યજ્યું,

ત્યારે જ એમને જ્ઞાન મળ્યું, માટે વિદ્યાપ્રાપ્તિના પ્રથમ પગથિયે પદારોપણ કરવા વિનય કેળવવો ખૂબ જ જરૂરી છે.

વિદ્યા જેમ વિનયથી જ મળે છે, તેમ તે ફળે છે પણ વિનયથી જ ! સિદ્ધપુત્રની એક મજાની કથા તમે વાંચશો તો તમને આ વાત સમજાઈ જશે.

## વિદ્યા વિનયથી ફળે છે : વિનયી શિષ્યની કથા

એક સિદ્ધપુત્રની પાસે બે વિદ્યાર્થીઓ ભણતા હતા. એક વિનયી હતો ને બીજો અવિનયી હતો. વિનયી વિદ્યાર્થી ડગલે ને પગલે ગુરુનો વિનય કરતો. વાતવાતમાં એ ગુરુની પ્રશંસા કરતો. કોઈ વાતમાં એને શંકા પડે તો તરત જ ગુરુને નમસ્કાર કરી નમ્રતાથી પૂછીને એ સમાધાન મેળવતો. નાનું બાળક જેમ વાતવાતમાં માતાની સામે જુએ એમ આ વિનયી શિષ્ય પણ વાતવાતમાં ગુરુને યાદ કરતો. એથી એને વિદ્યા મળવા સાથે ફળી પણ હતી.

બીજો શિષ્ય અવિનયી હતો, તે પોતાને બહુ બુદ્ધિમાન ગણતો હતો. ગુરુને નમવામાંય એ પોતાની નાનપ સમજતો. કોઈ વાતમાં એને શંકા પડે ત્યારે પણ ગુરુને પૂછવા જતો નહિ. એ માનતો કે માણસે માણસને નમવાની જરૂર નથી. ગુરુની પરાધીનતા એને ખૂંચતી હતી. એ અવિનયી હોવા ઉપરાંત ઉદ્ધત પણ હતો. તેથી ગુરુની સામે બોલતાં પણ એ શરમાતો નહિ. પણ ગુરુ તો ઉદારદિલ હતા. એથી તેઓ બંને શિષ્યોને પક્ષપાત વિના સમાનભાવે વિદ્યા આપતા, પણ વિનયના પ્રભાવે વિનયીને વિદ્યા તરત જ મળતી ને ફળતી. અવિનયીને તો મહામહેનતેય એ વિદ્યા મગજમાં ઊતરતી નહોતી, પછી ફળવાની તો વાત જ શી !

એકવાર આ બંને શિષ્યોને ગુરુના કાર્ય પ્રસંગે બીજે ગામ જવાનું થયું. માર્ગમાં ધૂળમાં પડેલાં મોટાં પગલાં જોઈને અવિનયી શિષ્યે કહ્યું : "આ પગલાં હાથીનાં જ જણાય છે. આવાં મોટાં પગલાં હાથી સિવાય બીજા કોઈનાંય ન હોય." વિનયી શિષ્યે તે પગલાંનું બારીકાઈથી નિરીક્ષણ કરીને થોડીવાર પછી કહ્યું : "આ પગલાં હાથીનાં નહિ, પણ હાથણીનાં છે. વળી એ હાથણી ડાબી આંખે કાણી પણ છે. લાલ રંગની સાડી પહેરેલી કોઈ સૌભાગ્યવતી રાજરાણી એના પર બેસીને પસાર થઈ છે. એ રાણી ગર્ભવતી છે. એના પેટમાં રહેલું બાળક પુત્રી નહિ, પણ પુત્ર છે અને એનો જન્મ પણ આજકાલમાં જ થનાર છે."

અવિનયીને થયું : "આ તો મોટો ગપ્પીદાસ છે ! ભારે મોટા ગપગોળા ગબડાવે છે ! એકલાં પગલાં જોઈને કાંઈ આટલી બધી વાતો થોડી જાણી શકાય ? માટે આના જેવો ગપ્પીદાસ કોઈ નહિ હોય !" એથી એણે કહ્યું : "ભાઈ ! તને ગપગોળા ગબડાવતાં ઠીક જ આવડે છે. ગુરુ પાસે ભણીને તેં ગપ્પાં મારવાની આવડત બહુ સારી મેળવી હોય તેમ જણાય છે. એથી જ સર્વજ્ઞપુત્રની જેમ તું માત્ર પગલાંના આધારે આટલું મોટું ભવિષ્ય ભાખવા બેઠો છે !"

વિનયી શિષ્યે કહ્યું : "ભાઈ ! તને મારી વાતમાં વિશ્વાસ નથી એટલે હું તારી સાથે નિરર્થક વિવાદમાં ઊતરવા માગતો નથી. મેં જે કાંઈ કહ્યું છે તે તને અત્યારે પ્રત્યક્ષ નથી, માટે તું એને ગપગોળા માને છે, પણ આ પગલાં તાજાં જ જણાય છે, એથી રાજરાણીનો પડાવ આટલામાં જ હશે. આગળ જતાં તને બધું પ્રત્યક્ષ થઈ જશે એથી બધી વાતની ખાતરી થઈ જશે, માટે તું થોડી ધીરજ ધર !"

બંને વિદ્યાર્થીઓ આગળ ચાલ્યા. તેઓ ગામના ગોંદરે પહોંચ્યા, તો ત્યાં તળાવના કિનારે મોટો પડાવ જોયો. ત્યાં જઈ તપાસ કરી તો વિનયી શિષ્યની બધી જ વાતો અક્ષરેઅક્ષર સાચી જણાઈ. હવે અવિનયી શિષ્યના મનમાં ઘમસાણ મચ્યું. એને ગુરુ ઉપર ગુસ્સો ચડ્યો. એને થયું : "ગુરુ પક્ષપાતી છે. આ ગુરુને વહાલો હોવાથી મને અંધારામાં રાખીને ગુરુએ આને જ વધારે વિદ્યાઓ આપી છે. નહિ તો માત્ર પગલાં જોઈને જ તે આટલું બધું કેમ જાણી શકે ?"

આ એક જ પ્રસંગથી વિનયી શિષ્યના મનમાં ગુરુ ઉપર બહુમાનનો ભાવ વૃદ્ધિ પામ્યો, તો અવિનયી શિષ્યના મનમાં દ્વેષ વૃદ્ધિ પામ્યો. અમૃત પણ કુપાત્રમાં પડીને વિષમય બની જાય છે એવો ઘાટ ઘડાયો !

માર્ગમાં લાગેલી ધૂળથી મલિન બનેલા શરીરને સ્વચ્છ કરવા બંનેએ તળાવમાં જઈને સ્નાન કર્યું. પછી ચાલવાથી લાગેલો થાક દૂર કરવા બંને થોડીવાર તળાવની પાળે બેઠા. એવામાં એક ડોશી ત્યાં પાણી ભરવા આવી. એનો લાડકવાયો દીકરો ઘણાં વરસોથી પરદેશ ગયો હતો. એના કોઈ સમાચાર ન હતા. દીકરાની ચિંતા ડોશીના દિલને કોરી ખાતી હતી. વેશ ઉપરથી બ્રાહ્મણ પંડિત જણાતા આ બંને વિદ્યાર્થીઓને જોઈને ડોશીએ તેમને પૂછ્યું : "લાગો છો તો પંડિત ! તો કહો કે

મારો દીકરો મને ક્યારે મળશે ? તે વરસોથી પરદેશ ગયો છે ને આજ સુધી તેના કોઈ વાવડ નથી.''

ડોશી આ પ્રશ્ન પૂછી રહી હતી, તે જ વખતે તેના માથા ઉપરથી માટલું પડી ગયું અને એ માટલું માટી ભેગું માટી થઈ ગયું. આ જોઈને અવિનયી શિષ્યે તરત જ ધડાકા સાથે કહી દીધું કે, ''ડોશીમા ! હવે દીકરાના નામનું નાહી નાખજો ! આ તમારું માટલું જ કહે છે કે તમારો દીકરો માટીમાં મળી ગયો છે !''

ડોશીને તો એકદમ આઘાત લાગ્યો ને તેની આંખમાં આંસુ ઊભરાવા લાગ્યાં. એ જોઈને વિનયી શિષ્યે ડોશીને સાંત્વન આપતાં કહ્યું : ''ડોશીમા, રડશો નહિ. દીકરો મળ્યાનો હરખ મનાવજો ! આનંદમંગળ કરજો ! આ તમારું માટલું જ મંગળ સમાચાર આપે છે કે તમારો લાડકવાયો તમને મળી ગયો છે ! તમે ઘેર જાવ ! ઘરના આંગણે જ તમારો દીકરો તમારી વાટ જોતો ઊભો હશે !''

ડોશી તો હરખભેર ઘર તરફ દોડી. શેરીએ પહોંચતાં જ એને સમાચાર મળ્યા કે દીકરો આવી ગયો છે. ઘરે જઈને એણે જોયું તો સાચે જ દીકરો ઘરના આંગણે પોતાની વાટ જોતો ઊભો હતો. દીકરાને જોઈ રહેલી ડોશીની આંખો આનંદનાં આંસુ વરસાવવા માંડી. માતાપુત્ર ભેટ્યાં, પરસ્પર ખબરઅંતર પૂછ્યા, ઘરમાં જઈ સુખદુઃખની વાતો કરવા લાગ્યાં. તળાવની પાળે પંડિતે કરેલી, પુત્રના આગમનની વિસ્મય પમાડનારી વાત ડોશીએ પુત્રને કરી અને પુત્રને સાથે લઈ પુત્રના આગમનનું આનંદમંગળકારી સત્ય ભવિષ્ય ભાખનાર એ પંડિતરત્નનું સન્માન કરવા ભેટસોગાદો સાથે લઈને ચાલી નીકળી. વિનયી શિષ્યના ચરણે એ ભેટસોગાદો ધરી ડોશીએ કહ્યું કે, ''પંડિતજી ! તમારી ભવિષ્યવાણી અક્ષરેઅક્ષર સાચી પડી છે. ખરેખર, મારો દીકરો આવી ગયો હતો અને ઘરના આંગણે મારી વાટ જોતો જ ઊભો હતો ! માટે હું આ નજીવી ભેટ લાવી છું તે કૃપા કરી સ્વીકારો !''

અવિનયી શિષ્ય તો આ દશ્ય ફાટી આંખે જોઈ જ રહ્યો. એ આજે બીજી વાર ખૂબ જ કરુણ રીતે કારમી હાર પામ્યો હતો. હવે ગુરુ ઉપરનો *એનો રોષ ખૂબ જ ભભૂકી ઊઠ્યો ! એણે મનોમન પાકો નિર્ણય કરી લીધો કે ગુરુએ પક્ષપાત કરીને મને પૂરી વિદ્યા આપી જ નથી !*

કામ પતાવીને બંને વિદ્યાર્થીઓ થોડા દિવસો બાદ ગુરુ પાસે આવ્યા. વિનયી શિષ્યે ગુરુને પ્રણામ કર્યા. અવિનયી શિષ્ય તો અક્કડ બનીને જ ઊભો રહ્યો. ગુરુએ એના અવિનયી વર્તન માટે ઠપકો આપ્યો ત્યારે તેણે તો સામેથી ગુરુનો જ ઊધડો લેવા માંડ્યો : "તમે તો મારું ગળું કાપી નાખ્યું ! ભણાવવામાં તમે જે પક્ષપાત કર્યો છે એ પાપ આજે પીપળે ચડીને પોકારી ઊઠ્યું છે, પ્રગટ થઈ ગયું છે અને એ સારું જ થયું છે, નહિ તો હું હજીય અંધારામાં જ રહેત."

ગુરુએ અવિનયી શિષ્યને શાંત પાડીને બધી વિગત જાણી લીધી. પછી વિનયી શિષ્યને કહ્યું કે તેં આવું ભવિષ્ય કઈ બુદ્ધિથી ભાખ્યું એનો ખુલાસો કરી દે, જેથી આની શંકા દૂર થઈ જાય ! ગુરુની આજ્ઞા માથે ચડાવીને વિનયી શિષ્યે કહ્યું :

"ગુરુદેવ! હાથીનાં અને હાથણીનાં પગલાં દેખાવે તો સરખાં જ હોય છે, પણ એક જગ્યાએ પડેલી મૂત્રધારાના આધારે મેં નક્કી કર્યું કે આ રીતની મૂત્રધારા હાથણીની જ હોય ! માર્ગમાં જમણી બાજુ રહેલાં વૃક્ષોનાં પાંદડાં જ ખવાયેલાં જોયાં. એથી મેં નક્કી કર્યું કે હાથણી ડાબી આંખે કાણી છે ! કેટલીક નિશાનીઓ પરથી માર્ગમાં હાથણી એક જગ્યાએ ઊભી રહેલી જણાઈ. ત્યાં માર્ગની એક બાજુએ પડેલી મૂત્રધારા જોવાથી ખબર પડી કે હાથણી ઉપરથી નીચે ઊતરીને કોઈ સ્ત્રીએ અહીં પેશાબ કરેલો છે અને ઊભા થવા માટે જમીન ઉપર ટેકવેલા હાથના પંજાની નિશાની જોવાથી ખબર પડી કે તે ગર્ભવતી પણ છે. એ સ્ત્રીનાં જમણાં પગલાં ભૂમિ પર ભારથી પડેલાં જોઈ નક્કી કર્યું કે એના ગર્ભમાં પુત્ર રહેલો છે. વળી માર્ગમાં તદ્દન નજીકમાં રહેલા એક કાંટાના છોડમાં લાલ રંગના વસ્ત્રનો લીરો ભરાયેલો જોવાથી નક્કી કર્યું કે એ સ્ત્રીએ લાલ રંગની સાડી પહેરેલી હોવી જોઈએ અને તેથી તે સૌભાગ્યવતી છે. હાથી જેવા મોટા વાહન પર પ્રવાસ કરનાર કોઈ સામાન્ય વ્યક્તિ તો ન જ હોય, તેથી જાણ્યું કે તે રાજરાણી છે. આ પછી ડોશીમાના પુત્ર અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતાં, એમનાં માથેથી માટલું પડીને ફૂટી ગયું, એથી મેં નક્કી કર્યું કે જેમ આ માટલું માટીમાંથી જન્મીને અત્યારે પાછું માટી સાથે મળી ગયું અને તળાવમાંથી છૂટું પડીને માટલામાં ભરાયેલું પાણી, જેમ પાછું એ તળાવના પાણી સાથે જ મળી ગયું તેમ આ માજીને પણ તેના વિખૂટા પડેલા પુત્રનો મેળાપ આજે જ થવો જોઈએ.

વિનયી શિષ્યમાં વિનયના પ્રભાવે આ રીતે ફળેલી વિદ્યા જોઈને ગુરુએ સંતોષ અનુભવ્યો અને અવિનયી શિષ્યને શિખામણ આપતાં કહ્યું કે, વિદ્યા તો મેં તમને બંનેને એકીસાથે સમાન ભાવે જ આપી છે. પરંતુ આનામાં વિનય છે, એથી એને વિદ્યા ફળી છે; જ્યારે તારામાં વિનય નથી એથી તને વિદ્યા ફળી નથી. વિદ્યા મળવી અઘરી નથી, ફળવી અઘરી છે.

બાળકો ! વિનયી-અવિનયી આ બે શિષ્યોના જીવન પરથી તમે એ વાત સારી રીતે સમજી જ ગયા હશો કે વિનયી શિષ્યમાં વિનયના કારણે વિદ્યા કેટલી મોટી માત્રામાં ફળી ! અને અવિનયી શિષ્યમાં અવિનયના કારણે તે વિદ્યા કેવી નિષ્ફળ નીવડી ! વિનયનો પ્રભાવ જબરો છે ! માટે તમારામાં વિનયનો પાયો મજબૂત બની જવો જોઈએ. તમારામાં વિનય હશે ને તમે થોડું ભણશો તોય એ ભણતર તમારા જીવનને ઉજાળશે, તમારા ઘરમાં દીવો પેટાવશે અને તમારા કુળને કીર્તિ અપાવશે ! માટે '**विद्या विनयेन शोभते**' આ સૂત્રને તમારા કાળજામાં કોતરી કાઢજો અને '**सा विद्या या विमुक्तये**'નું સૂત્ર પણ ગોખી નાખજો. આ સૂત્રનો અર્થ એવો થાય છે કે જે વિદ્યા સંસાર, મોહ, માયા, અજ્ઞાન આદિ દુર્ગુણોથી મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા છે. તમે વિદ્યાર્થી છો, તો આવી વિદ્યા મેળવો અને એ માટે વિનયી અને વિવેકી બનો એ જ શુભેચ્છા !

તમે બધા તો જૈન શાસનના આવતી કાલના રખેવાળ છો. તમારામાં વિનયથી મેળવેલી વિદ્યા ન હોય એ કેમ ચાલે ? માટે આજથી જ તમે આટલું નક્કી કરો કે હું વિદ્યા વિનયથી મેળવીશ. વિદ્યા મેળવતી વખતે હું શુદ્ધિ-અશુદ્ધિનો પૂરતો ખ્યાલ રાખીશ અને મેળવેલા જ્ઞાનને જીવનમાં ઉતારવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશ.

## સાભાર નોંધ

આ પ્રથમ પ્રકરણની કથાઓ સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે, પોતાની આગવી સુંદર શૈલીથી મઠારી આપી છે.

# ૨ આપણી પાઠશાળા

મોટરને ચાર પૈડાં હોય છે. તે ચારેય પૈડાં પોતપોતાની કામગીરી બરાબર બજાવે તો જ મોટર સલામત રીતે પોતાનો માર્ગ કાપી ઇષ્ટ સ્થાને પહોંચી શકે. પણ જો ચારેય પૈડાં અથવા ચારમાંનું કોઈ એક પૈડું પણ પોતાની કામગીરી સારી રીતે બજાવે નહિ, તો મોટર ચાલે નહિ. કદાચ થોડું ચાલે તોપણ અકસ્માત સર્જી દે અને ઇષ્ટ સ્થાને પહોંચી શકે નહિ. મોટરનાં ચારેય પૈડાંનું મહત્ત્વ એકસરખું હોવાથી તે ચારેય પૈડાં પોતપોતાની કામગીરી બરાબર બજાવે-વ્યવસ્થિત રીતે ચાલે તો જ તેના દ્વારા ઇષ્ટ સિદ્ધિ થાય. તેવી જ રીતે આપણી પાઠશાળાનાં પણ ચાર અંગ છે :

**૧. બાળકો - વિદ્યાર્થીઓ** **૨. બાળકોનાં માબાપ**

**૩. વિદ્યાગુરુઓ(શિક્ષકો)** **૪. પાઠશાળાના કાર્યવાહકો**

પાઠશાળાની ગતિમાં આ ચારેય અંગોનો સરખો ફાળો છે.

પાઠશાળાના સંચાલનમાં આ ચારેય અંગોનું સરખું મહત્ત્વ છે.

પાઠશાળાનાં આ ચારેય અંગો જો પોતપોતાની ફરજ બરાબર બજાવતાં રહે તો જ પાઠશાળા હંમેશાં વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે અને તેમાં સુંદર અભ્યાસ થયા કરે. ચારમાંનું એકાદ અંગ પણ જો પોતાની ફરજ ચૂકે તો પાઠશાળાની ગતિમાં અને વિકાસમાં ખામી આવ્યા વિના રહે નહિ, માટે ઉપર્યુક્ત ચારેય અંગોએ પોતપોતાની ફરજ બરાબર અદા કરવી જોઈએ. તે ચારેય અંગોની ફરજ આ પ્રમાણે છે :

## ૧. બાળકો - વિદ્યાર્થીઓની ફરજ

બાળકોએ વિચારવું જોઈએ કે આપણને માનવ-ભવ મળ્યો, કલ્યાણકારી જિનશાસન મળ્યું, સાચા દેવ, ગુરુ અને ધર્મ મળ્યા, તે બધું આત્મકલ્યાણ કરી લેવા માટે જ છે. આપણે આપણા આત્માનું કલ્યાણ કરવું હોય તો ધર્મનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઈએ.

વિદ્યા મેળવવા માટેની સુંદરમાં સુંદર તક તે બાલવય છે. બાલવયમાં યાદશક્તિ સામાન્ય રીતે તીવ્ર હોય છે, નિર્દોષતા પ્રધાન હોય છે, અનુકરણવૃત્તિ અસાધારણ હોય છે, અન્ય કોઈ જવાબદારી, ચિંતા, બોજ ને ઉપાધિ વિનાનું જીવન હોવાથી વિદ્યાભ્યાસ સારામાં સારો થઈ શકે છે. જેમ આ બધાં સારાં પાસાં છે, તેમ બીજાં નબળાં પાસાં પણ છે. બાળકો મોટા ભાગે અનુકરણપ્રિય સ્વભાવનાં હોવાથી સારાનું જેમ અનુકરણ કરી શકે છે, તેમ નરસાનું પણ જલદીથી અનુસરણ સહજપણે કરે છે. બાલવય એ અણસમજનો પ્રધાનકાળ હોવાથી અણસમજના કારણે, સંગદોષના કારણે કે શિક્ષણ-સંસ્કારના અભાવના કારણે બાળકો ભણવા કરતાં રમવામાં વધારે રસ લે છે. તેથી તેઓ ભણવામાં પૂરતું ધ્યાન આપતા નથી. આમ ભણવા માટેની બાલવય ભણ્યા વિના જ પસાર થઈ જાય છે. પછી મોટી ઉંમરે જીવન ઉપાધિમય બની જવાના કારણે મન ઉપર બોજો વધવાથી ને યાદશક્તિ મંદ પડી જવાથી ભણી શકાતું નથી.

બાલવયમાં નહિ ભણનારને જીવનભર પસ્તાવું પડે છે અને તેમાં પણ છેલ્લી જિંદગીમાં વિશેષ પસ્તાવું પડે છે. કારણ કે છેલ્લી જિંદગીમાં માણસ ઇચ્છે કે ન ઇચ્છે તોપણ શરીર અને ઇન્દ્રિયો શિથિલ થઈ જવાના કારણે, સંસારના વેપાર-રોજગાર આદિ કાર્યોથી તેને ફરજિયાત નિવૃત્ત થવું પડે છે.

આમ સંસારનાં કાર્યોથી નિવૃત્ત થયા પછી જો માણસ નવરો બેસી રહે અને બીજી કોઈ પ્રવૃત્તિ કરે નહિ તો તેનો સમય સુખપૂર્વક પસાર થઈ શકતો નથી. તેથી તેનું જીવન અકારું અને દુઃખદાયક બની જાય છે. પોતાનું જીવન અકારું અને દુઃખદાયક ન બને તે માટે તેણે સંસારનાં પાપકાર્યોથી નિવૃત્ત થયા પછી તરત જ વિશેષ પ્રકારે આત્મહિતકર એવી બીજી પ્રવૃત્તિમાં જોડાઈ જવું જોઈએ. કારણ કે અહીંથી મરીને બીજે ક્યાંક જવાનું છે અને ત્યાં ધર્મ-અધર્મ કે પુણ્ય-પાપ સિવાય બીજું કાંઈ જ આપણી સાથે આવવાનું નથી.

ધર્મનું આચરણ સામાન્ય રીતે ધર્મક્રિયાઓ કરવા દ્વારા જ થઈ શકે છે અને એ ધર્મક્રિયાઓ ધર્મના જ્ઞાનની સહાયથી જ થઈ શકે છે. બાલવયમાં જેમણે કાળજીપૂર્વક ધર્મનું જ્ઞાન મેળવ્યું છે અને મેળવ્યા પછી તેને સ્વાધ્યાય અને ધર્મક્રિયાઓ કરીને સારી રીતે સાચવી રાખ્યું છે, તેઓ જ છેલ્લી જિંદગીમાં પોતાની જાતે ધર્મક્રિયાઓ કરી શકે છે, પણ જેઓ ભણ્યા જ નથી,

તેઓ પોતાની જાતે કોઈ ધર્મક્રિયા કરી શકતા નથી. તે માટે તેમને બીજા અનેકોની લાચારી કરવી પડે છે અને તેના કારણે કેટલીકવાર પર્વના દિવસે પણ તેમને મહત્ત્વની ધર્મક્રિયાઓથી વંચિત રહેવું પડે છે.

આમ આત્મહિતકર ધર્મક્રિયાઓથી વંચિત રહેવાના કારણે તેમનો સમય સમાધિપૂર્વક પસાર થઈ શકતો નથી. પછી કોઈ પણ રીતે સમય પસાર કરવા માટે તેઓ જ્યાં ત્યાં રખડતા ફરે છે, ખરાબ માણસોની સોબતમાં, ગામગપાટામાં નિંદાકૂથલીમાં ને નિરર્થક ચર્ચાઓમાં પડી જાય છે. તેથી તેમનું જીવન નિંદનીય ને અપમાનજનક બની જાય છે. તેમના પોતાના ઘરમાં પણ તેમના પ્રત્યે કોઈનેય સદ્ભાવ રહેતો નથી. સગા દીકરાઓ પણ તેમનું અપમાન કરવા લાગે છે. તેમનું જીવન, ખરેખર, ઓશિયાળું અને દયામણું બની જાય છે. તેથી તેઓ પોતાના હૃદયમાં ઘણા દુ:ખી થાય છે. આર્ત્તધ્યાનમાં પડી જાય છે. તેથી તેમને સમાધિમરણની પ્રાપ્તિ થવી અને તેમના આત્માની સદ્ગતિ થવી પણ મુશ્કેલ બની જાય છે. આવા માણસો મોટે ભાગે દુર્ધ્યાનમાં પડી અસમાધિમાં મરે છે અને દુર્ગતિના મહેમાન બને છે.

જેમણે બાલવયમાં કાળજીપૂર્વક સારી રીતે ધર્મનું જ્ઞાન મેળવ્યું છે, ધર્મક્રિયાઓ કરવા દ્વારા અને સ્વાધ્યાય કરવા દ્વારા તેને ટકાવી રાખ્યું છે, તેઓ પાછલી જિંદગીના નિવૃત્ત જીવનમાં આખો દિવસ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, વ્યાખ્યાનશ્રવણ, પૂજા, ધર્મનાં પુસ્તકોનું વાચન આદિ વિવિધ ધર્મકાર્યો કરવા દ્વારા પોતાનો સમય સમાધિપૂર્વક સુખશાંતિથી પસાર કરી શકે છે. તેથી તેઓ નિંદાકૂથલી, વિકથા આદિ અનેક પાપકાર્યોથી બચી જાય છે. તેમનું જીવન પ્રશંસનીય, ધન્ય ને સૌને માટે આદરપાત્ર બને છે. સમાધિમરણ અને સદ્ગતિ તેમને માટે સુલભ બની જાય છે.

ખરેખર, આપણે ઘણા ભાગ્યશાળી છીએ, કારણ કે આપણા જિનશાસનમાં પ્રભુદર્શન, પૂજન, ગુરુવંદન, જિનવાણીશ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ અનેક આત્મહિતકર ધર્મક્રિયાઓની સુંદરમાં સુંદર ગોઠવણ કરવામાં આવેલી છે. બીજા કોઈ પણ ધર્મમાં આપણા ધર્મ જેવી સુંદર ધર્મક્રિયાઓ બતાવેલી નથી. તેથી અન્યધર્મીઓને પોતાની પાછલી જિંદગી સુખપૂર્વક પસાર કરવાનું ઘણું મુશ્કેલ બની જાય છે.

અમેરિકા વગેરે દેશોમાં તો ઘણા વૃદ્ધ માણસો, જીવન અકારું બની જવાના કારણે આપઘાત કરીને જીવનનો અંત આણી દે છે, કારણ કે તે બધા દેશો ભલે ભૌતિક સાધનોથી ભરપૂર છે, પણ આધ્યાત્મિક સાધનોથી રહિત છે.

દેવમંદિર આદિ ધર્મસ્થાનો, આપણા જેવી સુંદર ધર્મક્રિયાઓ તેમ જ પગપાળા ગામેગામ ફરનારા ત્યાગી ધર્મગુરુઓના અભાવે તેઓ પોતાનું છેવટનું નિવૃત્ત જીવન સમાધિ અને સુખશાંતિપૂર્વક વિતાવી શકતા નથી. તેમને માટે પોતાનો સમય પસાર કરવાનું કામ અતિ મુશ્કેલ બની જાય છે.

તેમની પાસે રેડિયો, ટેલિવિઝન, નાટક, સિનેમા, બાગબગીચા આદિ ભૌતિક સાધનો ભરપૂર છે, પણ તે બધાં તેમને માટે નકામાં બની જાય છે, કારણ કે મોટી ઉંમરે શરીર શિથિલ બની જાય છે અને આંખ, કાન વગેરે ઈન્દ્રિયો નિર્બળ બની જાય છે, પોતાનું કામ કરતી અટકી જાય છે.

તેથી વૃદ્ધ માણસ ઈચ્છે કે હું મારો સમય સંગીત, રેડિયો, ગીતગાન આદિ સાંભળીને પસાર કરું તો તે બની શકતું નથી, કારણ કે કાન તો બહેરા બની ગયા હોય છે.

વૃદ્ધ માણસ ઈચ્છે કે હું નાટક, સિનેમા, ટી.વી. વગેરે જોઈને કે છાપાં વગેરે વાંચીને મારો સમય પસાર કરું તો તે પણ બની શકતું નથી, કારણ કે આંખે તો અંધાપો આવી ગયો હોય છે.

વૃદ્ધ માણસ ઈચ્છે કે હું બાગબગીચા અને જોવાલાયક સ્થળોમાં હરીફરીને મારો સમય પસાર કરું તો તે પણ બની શકતું નથી, કારણ કે અંગોપાંગ સહિત આખું શરીર શિથિલ-નિર્બળ બની જવાના કારણે પગ તો ચાલતા જ નથી.

વળી આપણા ભારત દેશમાં જેવી સુંદર કૌટુમ્બિક ભાવના છે અને જેવી સુંદર કૌટુમ્બિક વ્યવસ્થા છે, તેવી સુંદર કૌટુમ્બિક ભાવના અને વ્યવસ્થા અમેરિકા વગેરે અન્ય દેશોમાં નથી. તેથી ત્યાં છોકરાઓ પોતાનાં ઘરડાં માતપિતાની સેવાભક્તિ ઘણું કરીને કરતા નથી અને તેમની સાથે પણ રહેતા નથી. રોગથી વ્યાપ્ત ગંદાગોબરા શરીરવાળાં ઘરડાં માબાપ તેમને ગમતાં પણ નથી. તેથી તેઓ તો એવું ઈચ્છતા હોય છે કે **'ઝટ જાય ખોખું તો ઘર થાય ચોખું.'** આમ તેઓ ઉપકારી અને પૂજનીય એવાં ઘરડાં માબાપનું પણ મરણ ઈચ્છતા હોય એમ બનવાજોગ છે.

પરદેશી વૃદ્ધોની આવી દયામણી સ્થિતિ થવાના કારણે તેમનું જીવન ખૂબ જ અકારું અને ભારે દુઃખદાયક બની જાય છે. પછી તેઓ જીવનથી એટલાં બધાં કંટાળી જાય છે કે કોઈકોઈ તો અંતે આત્મહત્યા કરીને પણ જીવનનો અંત આણી દે છે.

આમ આત્મહિતકર ધર્મનું જ્ઞાન, ધર્મસ્થાનો, ધર્મગુરુઓ અને ધર્મક્રિયાઓના અભાવે તેમની આવી કરુણ હાલત થાય છે. તેથી તેમનો આત્મા સદ્ગતિ પણ સાધી શકતો નથી.

જીવનમાં સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાઓનું કેટલું બધું મહત્ત્વ છે, તે વાત બાળકોને સારી રીતે સમજાય એટલા માટે આટલી લંબાણ ચર્ચા કરી, એના સારરૂપે કહેવાનું એટલું જ છે કે –

બાળકોએ ધાર્મિક જ્ઞાન મેળવવામાં આળસ કરવી હિતકર નથી. બાલવય વિદ્યાભ્યાસ માટેની જ વય હોવાથી બાલવયમાં ખૂબ જ રસપૂર્વક, કાળજીપૂર્વક અને વિનયપૂર્વક બને તેટલો વધુ વિદ્યાભ્યાસ કરી લેવો જોઈએ. ઓછામાં ઓછાં પાંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને છ કર્મગ્રન્થ સુધીનો અભ્યાસ અર્થ સહિત અવશ્ય કરવો જોઈએ.

ભણેલું ભૂલી જવાય નહિ તે માટે રોજ પાંચ-દસ મિનિટ તો સ્વાધ્યાય કરવાની ટેવ રાખવી જોઈએ. પાછળનાં સૂત્રો ક્રમસર બે/ચાર, બે/ચાર રોજ બોલી જવાં જોઈએ. તેમ જ ધાર્મિક સૂત્રો આપણે જે ધર્મક્રિયાઓ કરવા માટે ભણ્યા છીએ તે ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાઓ પણ રોજરોજ અને પર્વ દિવસે કરતાં રહેવું જોઈએ.

આ બધું આપણે આપણા આત્માના કલ્યાણને માટે જ કરવાનું છે, એ વાત ભૂલવી નહિ. ધર્મનું જ્ઞાન સારી રીતે મેળવશું તો તેનાથી આપણા આત્માનું જ કલ્યાણ થવાનું છે.

## શિક્ષણ કોને કહેવાય ?

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ મોટાં પાપ છે. આપણા આત્માએ અનાદિકાળથી અનંત જન્મોમાં આ મહાપાપોનું વારંવાર સેવન કરેલું છે. તેથી આપણા આત્મામાં આ પાંચેય મહાપાપોના અતિ ગાઢ સંસ્કાર પડેલા છે. નિમિત્ત પામી-પામીને એ પાપસંસ્કારો પ્રગટ થયા કરે છે.

આપણા આત્મામાં પડેલા આ પાપસંસ્કારોનો ઉત્તરોત્તર ઘટાડો કરે અને સુસંસ્કારોનું બીજારોપણ કરે એવા શિક્ષણને જ સાચું શિક્ષણ કહેવાય.

પણ જે શિક્ષણ એ પાપસંસ્કારોનો નાશ કરવાને બદલે એનું પોષણ કરનારું છે, તેવા શિક્ષણને શિક્ષણ કહેવાય નહિ. કહેવું હોય તો એને કુશિક્ષણ કે પાપશિક્ષણ કહેવાય.

# ૨. બાળકોનાં માબાપની ફરજ

જે માબાપ જિનશાસનને પામેલાં છે, જે માબાપ જિનેશ્વરદેવની આજ્ઞાને મસ્તકે ચડાવનારાં છે, તેમ જ તેમના માર્ગે ચાલનારા અને તેમના જ માર્ગનો ઉપદેશ આપનારા સદ્‌ગુરુઓની પવિત્ર આજ્ઞાને માથે ચડાવનારાં છે અને જિનેશ્વરદેવોએ બતાવેલા ધર્મને જ પોતાના હૈયામાં સ્થાપન કરનારાં છે, તેઓ જ સાચા અર્થમાં માબાપ છે.

જિનશાસનને પામેલાં, જૈનપણાની કિંમતને સમજેલાં અને જૈનપણાની ખુમારીવાળાં પુણ્યવંત માબાપોએ વિચારવું જોઈએ કે અમારા ઘરમાં જન્મેલો કોઈ પણ જીવ દુર્ગતિમાં નહિ, પણ સદ્‌ગતિમાં જ જવો જોઈએ. અનાદિઅનંત કાળથી ચારગતિરૂપ સંસારમાં ભટકીને દુઃખી થઈ રહેલા કોઈ જીવને પૂર્વે સારાં માબાપ મળ્યાં હશે. તેમણે તે જીવમાં ધર્મના ઉત્તમ સંસ્કારો રેડીને તેને સદ્‌ગતિ પમાડી હશે. તેવો કોઈ જીવ અત્યારે અમારા ઘરમાં જન્મ્યો છે, ત્યારે અમારી પણ એ પવિત્ર ફરજ બની રહે છે કે પૂર્વજન્મના તેના સંસ્કાર અમારા પ્રમાદથી નાશ ન પામે, પણ ટકી રહે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા રહે તેમ જ તેને ભવાંતરમાં જિનશાસન મળે, અમારા કરતાં પણ સારાં માબાપ મળે ને તે જિનશાસનની સુંદરમાં સુંદર આરાધના કરીને વહેલામાં વહેલી તકે આ દુઃખમય સંસારથી છૂટી જઈને મુક્તિનાં શાશ્વત સુખને પામી જાય.

પોતાના બાળકને ધર્મના સંસ્કાર આપવા માટે ધર્મનું જ્ઞાન અત્યંત જરૂરી અને અધિક મહત્ત્વનું છે. નાના બાળકને બોલતાં શીખવવા માટે કાકા, મામા, દાદા વગેરે સાંસારિક શબ્દ બોલાવાય છે, પણ જૈનપણાની ખુમારીવાળાં માબાપ તો પોતાના બાળકને વીર, વીતરાગ, અરિહંત, ભગવાન, દેવ, ગુરુ, ધર્મ, નવકાર આદિ ધાર્મિક શબ્દો દ્વારા જ બોલતાં શીખવે અને ત્યાંથી જ ધર્મનું જ્ઞાન આપવાનાં શુભ મંડાણ કરે.

બાળક જ્યારે જન્મે છે, ત્યારે તેના કાનમાં બીજા શબ્દ પડતાં પહેલાં ધર્મના જ શબ્દ પડી જાય તે માટે તેને સૌપ્રથમ નવકારમન્ત્ર જ સંભળાવવામાં આવે છે. એટલે કે સૌપ્રથમ ધર્મને જ આગળ કરવામાં આવે છે. તેવી જ રીતે ઘરસંસારનાં સર્વ કાર્યોમાં પણ વિવેકી જીવોએ ધર્મને જ અગ્રસ્થાન આપવું જોઈએ. એટલે બાળકને શીખવતી વખતે પણ તેની જીભથી

પ્રથમ નવકારમન્ત્રનું 'નમો' બોલાવવું જોઈએ, જેથી તેના મુખમાંથી પ્રથમ શબ્દ ધર્મનો જ નીકળે અને તેનું મુખ પવિત્ર બને.

જૈન માબાપ આ પ્રમાણે પોતાના બાળકને ધર્મનું જ્ઞાન આપવાનાં શુભ મંડાણ કરે. તેને નવકારમન્ત્ર શીખવે અને તે રોજ વારંવાર તેની પાસે બોલાવ્યા કરે. એ જ રીતે આગળનાં બીજાં સૂત્ર પણ શીખવે અને રોજ રાત્રે તેની પાસે બોલાવે. પછી યોગ્ય વયને પામે ત્યારે તેને પાઠશાળામાં મોકલે અને પોતે ઘરમાં ભણાવવાનું પણ ચાલુ રાખે. પોતાનો છોકરો નિયમિત પાઠશાળાએ જાય છે કે નહિ ? ત્યાં જઈને અભ્યાસ કરે છે કે નહિ ? વિદ્યાગુરુઓનો વિનય બરાબર સાચવે છે કે નહિ ? તોફાન કરવું, વિદ્યાગુરુઓની સામે બોલવું વગેરે ખરાબ વર્તન તો કરતો નથી ને ? વગેરે બાબતોની માબાપોએ હંમેશાં સાવધાનીપૂર્વક તપાસ કરતાં રહેવું જોઈએ અને એમાં જો કોઈ ખામી જોવામાં આવે તો હિતબુદ્ધિથી યોગ્ય રીતે તેને શિક્ષા પણ કરતાં રહેવું જોઈએ.

પોતાના છોકરાને વિદ્યાગુરુ હિતબુદ્ધિથી નજીવો ઠપકો આપે તોપણ કેટલાંક મોહઘેલાં માબાપ તે સહન કરી શકતાં નથી અને ઠપકો આપનારની ખબર લઈ નાખવાની અધમ વૃત્તિ ધરાવે છે, તે ઘણું જ અનુચિત અને અહિતકર છે. પોતાના અને પોતાના છોકરાના હિતને ખાતર તેમણે પોતાની આવી ભૂલ સુધારી લેવી જોઈએ.

બાળકને પાઠશાળાએ મોકલતી વખતે માબાપ કે વડીલો તરફથી રોજેરોજ સૂચના અપાવી જોઈએ કે તમારે પાઠશાળામાં જઈને વિદ્યાગુરુનો વિનય સાચવીને અભ્યાસ કરવાનો છે, તોફાન-મસ્તી કે બીજું કોઈ અયોગ્ય વર્તન જરાય કરવાનું નથી, જો કરશો તો શિક્ષા થશે. તેવી જ રીતે પાઠશાળાએથી ઘરમાં આવ્યા પછી પણ માબાપે તેને પૂછીને ખાતરી કરી લેવી જોઈએ કે તેણે સૂચનાઓનો અમલ કર્યો છે કે નહિ ? અને જો તેમાં તેની કસૂર જણાય તો તેનું અહિત ન થાય તે માટે તેને જરૂર યોગ્ય શિક્ષા કરવી જોઈએ. ઉપરાંત પાઠશાળામાં જઈને પણ પોતાના બાળકનો અભ્યાસ અને વર્તન આદિની તપાસ કરવી જોઈએ.

ઘરઆંગણે જ્યારે શુભ પ્રસંગ હોય ત્યારે વિવેકી માબાપ પાઠશાળામાં અભ્યાસ કરાવતા વિદ્યાગુરુઓને ભૂલે નહિ. પોતાના બાળકની સાથે ભણતા પાઠશાળાના બાળકોને પણ ભૂલે નહિ. પાઠશાળામાં અવારનવાર પ્રભાવના આદિ કરવા દ્વારા તેમને અભ્યાસમાં પ્રોત્સાહિત રાખે.

આજનાં માબાપ પોતાનાં સંતાનોને વ્યાવહારિક શિક્ષણ આપવા પાછળ જેટલો આર્થિક ભોગ આપી રહ્યાં છે, તેનો દસમો ભાગ પણ આત્મહિતકર સમ્યગ્ જ્ઞાનનું દાન કરતી પાઠશાળા ચલાવવામાં આપે તોપણ આપણી પાઠશાળાઓ ખૂબ જ સુંદર રીતે ચાલતી રહે.

વિવેકી, હિતેચ્છુ અને જૈનપણાની ખુમારીવાળાં માબાપોએ પોતાની આ તમામ ફરજો સારી રીતે બજાવતાં રહેવું જોઈએ.

## ૩. વિદ્યાગુરુઓની ફરજ

જેમણે ધર્મનું જ્ઞાન મેળવ્યું છે, એવા વિદ્યાગુરુઓ અવશ્ય હેય-ઉપાદેયના વિવેકવાળા હોય. શાસ્ત્રનિષિદ્ધ રાત્રિભોજન, કંદમૂળ, વાસી, અભક્ષ્ય આદિનો ત્યાગ કરનારા હોય. શાસ્ત્રનિર્દિષ્ટ દર્શન, પૂજન, ચૈત્યવંદન, ગુરુવંદન, વ્રત, પચ્ચક્ખાણ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાઓમાં શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ ઉદ્યમ કરનારા હોય.

વિદ્યાગુરુઓએ માત્ર જ્ઞાન જ આપવાનું છે એવું નથી. જ્ઞાનની સાથે તેમણે બાળકોનાં સુકોમળ હૃદયમાં દર્શનનું એટલે શ્રદ્ધાનું પણ સિંચન કરવાનું છે અને ચારિત્ર એટલે કે ધર્મક્રિયાઓના સંસ્કાર પણ તેમનામાં રેડવાના છે.

આમ સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્રનું શિક્ષણ આપનારા વિદ્યાગુરુઓનું જીવન સાદું, સાત્ત્વિક, સંતોષી અને સદાચારી હોવું જોઈએ.

આવા ઉત્તમ વિદ્યાગુરુઓએ પોતાની પાસે ભણવા આવનારાં બાળકો પ્રત્યે નિઃસ્વાર્થપણે ખૂબ જ વાત્સલ્યભાવ કેળવવો જોઈએ અને બાલમાનસ સમજીને તેમની સાથે કામ લેવું જોઈએ. ધર્મશાસ્ત્રોમાં કહેલી સુંદર કથાઓ અવારનવાર કહીને, નહિ ભણવાથી થતું નુકસાન સમજાવી ભણવામાં તેમનો રસ ને કાળજી વધે તેમ જ ધર્મના સંસ્કારો જળવાઈ રહે તેવો પ્રયાસ કરતાં રહેવું જોઈએ. બાળકોને તેમની ભૂલ વાત્સલ્યપૂર્વક મધુર વચનોથી સમજાવવી જોઈએ.

વિદ્યાગુરુઓએ પોતે સારી રીતે ઉચ્ચારણશુદ્ધિ કરી લેવી જોઈએ તેમ જ વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક સૂત્રપાઠ આપવા-લેવાની કાળજી રાખવી જોઈએ. બાળકો ગોખતાં હોય ત્યારે પણ ખોટું ન ગોખે તેનું ધ્યાન રાખવું જોઈએ. દરેક વિદ્યાર્થીને રોજ પોતાના ઘરે પુનરાવર્તન કરવાની વારંવાર પ્રેરણા કરવી જોઈએ.

નજીકમાં ઉપાશ્રય હોય અને ત્યાં ગુરુભગવંત બિરાજમાન હોય તો નિત્ય ગુરુવંદનના સંસ્કાર પાડવા માટે બાળકોને સમૂહમાં ગુરુવંદન કરવા લઈ જવા જોઈએ.

પાઠશાળામાં બાળકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહે, પણ ઘટતી ન જાય તેવો પ્રયત્ન નિરંતર કરતાં રહેવું જોઈએ. બાળકોને સમ્યગ્ જ્ઞાન આપનાર વિદ્યાગુરુઓ નિઃસ્વાર્થભાવે અથવા નછૂટકે લેવું પડે તેટલું લઈને શ્રદ્ધાપૂર્વક સમ્યગ્ જ્ઞાન ભણાવે તો તેઓ પોતાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા સાથે, બીજા અનેકોના અજ્ઞાનના અંધકાર દૂર કરી, કેવળજ્ઞાન પામી, પોતાની સાથે અનેક આત્માઓને પણ મુક્તિપદના ભોક્તા બનાવી શકે.

## ૪. કાર્યવાહકોની ફરજ

પાઠશાળાના કાર્યવાહકોનું જીવન પણ હેય-ઉપાદેયના વિવેકવાળું, ધર્મપરાયણ, સાદું, સંતોષી અને સદાચારી હોવું જોઈએ.

તેમનું કાર્ય મુખ્યત્વે પ્રથમનાં ત્રણેય અંગોને તેમની ફરજનું ભાન કરાવતાં રહેવાનું છે, તેમને પોતપોતાની ફરજમાં સાબદાં રાખવાનું છે. તે માટે તેમણે બાળકો, તેમનાં માબાપ અને પાઠશાળાના શિક્ષકો આ ત્રણેય અંગો ઉપર પોતાની નજર રાખ્યા કરવી જોઈએ. આમાંથી કોઈ પણ પોતાની ફરજ ચૂકતાં જોવામાં આવે ત્યારે વિવેકપૂર્વક પ્રેમભાવથી તેમને પોતાની ફરજનું ભાન કરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ભણનારને અને ભણાવનારને હંમેશાં પ્રોત્સાહન મળતું રહે તેવી સુંદર યોજનાઓ કરવી જોઈએ. કાર્યવાહકોએ સાથે અથવા વારાફરતી પાઠશાળાની મુલાકાત લેતા રહેવું જોઈએ, જેથી બાળકોમાં જાગૃતિ રહે અને તેમને અભ્યાસમાં પ્રોત્સાહન પણ મળતું રહે.

પાઠશાળાની મુલાકાત લેનાર કાર્યવાહકે અભ્યાસ કરાવવા અંગેની શિક્ષકોની ચીવટની તેમ જ બાળકોના અભ્યાસની અને વર્તનની તપાસ કરવી જોઈએ. શિક્ષકો જો ચીવટપૂર્વક અભ્યાસ કરાવતા હોય તો તેમની કદર કરવી જોઈએ. બાળકોને ઊભા કરી તેમની પાસે તેમણે કરેલા અભ્યાસમાંથી કેટલાંક સૂત્રો બોલાવીને તેમના અભ્યાસની ચકાસણી કરવી જોઈએ તેમ જ સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન આદિ ધર્મક્રિયાઓની પણ ચકાસણી કરવી જોઈએ. એવી રીતે ચકાસણી કરતાં જે બાળકો અટક્યા વિના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક, જે જે પૂછવામાં આવે તે બધું બોલી જતા હોય, અને તેમનું વર્તન વિનયી હોય

તો પ્રસન્ન થઈને પોતાના ખીસામાંથી પાંચ/દસ રૂપિયા કાઢીને તેમને ઈનામ તરીકે આપી દેવા જોઈએ, જેથી તેમને ઘણું પ્રોત્સાહન મળી શકે. આમ કરવાથી ભણવામાં આળસ કરનારા બીજા બાળકોને પણ ભણવાનું મન થાય છે. ભણનાર-ભણાવનારને જ્ઞાનની વૃદ્ધિ માટે જે કોઈ સગવડની જરૂર હોય તે વાજબી રીતે પૂરી પાડવી જોઈએ અને અગવડ હોય તે દૂર કરવી જોઈએ.

ખાસ વાત તો એ છે કે જેમને આજીવિકા માટેની કોઈ ચિંતા નથી, એવા મોટી ઉંમરના શ્રાવકોએ અને શ્રાવિકાઓએ જ નિઃસ્વાર્થપણે પોતપોતાના ગામનાં બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવાનું કાર્ય પોતાની ફરજ સમજીને સંભાળી લેવું જોઈએ અને તેમાં પુરુષો છોકરાઓને જ ભણાવે અને સ્ત્રીઓ છોકરીઓને જ ભણાવે એવી સ્વ-પર ઉભયને માટે કલ્યાણકારી મર્યાદાનું પાલન કરવાની વર્તમાનકાળમાં તો ખૂબ ખૂબ જરૂર છે, એમ કેટલાક અનુભવોને અંતે જણાયું છે.

શક્ય હોય ત્યાં સુધી પાઠશાળાનો સમય કાળવેળા સિવાયનો અને સવારનો રાખવો જોઈએ.

પાઠશાળાનો સમય જ્યાં રાત્રિનો હોય ત્યાં ખાદ્ય પદાર્થોની પ્રભાવના કરવી ઉચિત નથી. નાનાં બાળકો ખાવાની લાલચ રોકી શકે નહિ, માટે ખાદ્ય પદાર્થોની પ્રભાવના દિવસે જ કરવી ઉચિત છે.

## દવા અને હવા

જડવાદના પ્રચારના જોરથી મિથ્યાજ્ઞાનનો પ્રચાર દિનપ્રતિદિન વધી રહ્યો છે. તેના કારણે બાળકો અને તેમનાં માબાપ તરફથી સમ્યગ્ જ્ઞાન પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. પાઠશાળામાં બાળકોની સંખ્યા દિનપ્રતિદિન ઘટી રહી છે. તેથી ઘણાં ગામોમાં પાઠશાળાની હાલત ક્ષયના રોગથી પીડાતા માણસના દેહ જેવી દુર્બળ બની ગઈ છે.

આમ છતાં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે ગમે તેવો રોગી માણસ પણ શક્ય હોય ત્યાં સુધી શુદ્ધ દવા અને શુદ્ધ હવાની મદદથી પોતાના દુર્બળ દેહને તંદુરસ્ત અને પુષ્ટ કરવાનો જ પ્રયત્ન કરે છે, પણ વિવેકી માણસ તેનો નાશ કરવાનો પ્રયત્ન કરતો નથી.

તેવી જ રીતે વિવેકી અને ધર્મપ્રેમી પુણ્યાત્માઓએ પણ જાતજાતની આકર્ષક યોજનાઓ રજૂ કરવા દ્વારા બાળકોનું અને માબાપનું, સમ્યગ્ જ્ઞાન પ્રત્યે આકર્ષણ વધારીને પાઠશાળાની હાલત સુધારવાનો જ પ્રયત્ન કરવો જોઈએ, પણ એને બંધ કરવાનો વિચાર નહિ જ કરવો જોઈએ.

# વારસો ધનનો કે ધર્મનો ?

તમે તમારાં સંતાનોને ધનનો વારસો આપી જવાની કેટલી બધી કાળજી રાખો છો ? તે માટે તમે કેટલાં કષ્ટ વેઠો છો ? પણ એવી જ કાળજી તેમને ધર્મનો વારસો આપી જવાની ખરી ? ધન તો આ લોકમાં જ કદાચ ઉપકારી બની શકશે, ધર્મ તો નિશ્ચિતપણે ભવોભવ ઉપકાર કરનારો છે. માટે ધન કરતાંય ધર્મનો વારસો કીમતી છે.

તમે વિવેકપૂર્વક શાંત ચિત્તે જરા આટલો વિચાર કરી જુઓ કે 'ધનથી ધર્મ આવશે કે ધર્મથી ધન આવશે ?' ધન આવશે પણ ધર્મથી, સચવાશે અને ભોગવાશે પણ ધર્મથી જ ! માટે ધર્મના વારસા વિનાનો કેવળ ધનનો વારસો નિરર્થક અને જોખમી છે.

ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવી જશે તો તેઓ તેનો સદુપયોગ કરશે કે દુરુપયોગ કરશે ? તેનાથી તમારું કુળ ઉજ્જવળ બને તેવાં ધર્મકાર્યો કરશે કે તમારું કુળ કલંકિત થાય તેવાં પાપકર્મો કરશે ? ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવી જશે તો તેઓ સાતેય વ્યસનોમાં અને પાપકાર્યોમાં ચકચૂર બની જશે. માબાપની સેવા, વડીલજનોનો વિનય, કૌટુમ્બિક ફરજો વગેરે સાંસારિક દૃષ્ટિએ ઉપકારક એવી પ્રવૃત્તિઓ પણ ચૂકી જશે, સર્વ ધનનો નાશ કરી નાખશે અને પાપનાં પોટલાં બાંધી દુર્ગતિમાં પહોંચી જશે. આ લોકમાંય દુઃખી થશે અને પરલોકમાંય દુઃખી થશે.

ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવતાં તેના દ્વારા તેઓ આત્મહિત અને પરોપકાર કરી આ લોક-પરલોકમાં સુખ પામે તે સંભવિત જણાતું નથી.

તમે તમારાં સંતાનોને આ લોકમાં ને પરલોકમાં દુઃખી કરવા ઇચ્છો છો કે સુખી કરવા ઇચ્છો છો ? જો તમે તેમને ઉભયલોકમાં સુખી કરવા જ ઇચ્છતા હો તો મુખ્યત્વે ધર્મનો જ વારસો આપવાની કાળજી રાખો. સાથે સમ્યગ્ જ્ઞાન પણ અપાવો. ધર્મના સંસ્કારો અને સમ્યગ્ જ્ઞાન જ તેમને સદાચારમાં સ્થિર રાખી શકે. જ્યાં સદાચાર છે, ત્યાં જ લક્ષ્મીનો વાસ ચિરકાલીન છે. ધર્મના સંસ્કારોથી અને સમ્યગ્ જ્ઞાનથી વાસિત થયેલા ચિત્તવાળાં સંતાનો સુખમાં લીન નહિ બને અને દુઃખમાં દીન નહિ બને. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ તેઓ પોતાના ચિત્તને સ્વસ્થ રાખી શકશે. સાચું સુખ ચિત્તની સ્વસ્થતામાં જ રહેલું છે.

# ૩ સમ્યગ્ જ્ઞાન

## સમ્યગ્ જ્ઞાનનો મહિમા

**जइ वि हु दिवसेण पयं, धरेइ पक्खेण वा सिलोगद्धं ।**

**उज्जोअं मा मुञ्चसु, जइ इच्छसि सिक्खिउं नाणं ॥**

**અર્થ :** શાસ્ત્રકારી કહે છે કે જો તમે જ્ઞાન મેળવવા ઇચ્છતા હો તો, આખો દિવસ ગોખવાની મહેનત કરવા છતાં ભલે આખી ગાથાનું એક જ પાદ મોઢે થતું હોય, લાગટ પંદર દિવસ સુધી ગોખવાની મહેનત કરવા છતાં અડધી જ ગાથા મોઢે થતી હોય તોપણ સમ્યગ્ જ્ઞાન ભણવાનો ઉદ્યમ કદાપિ છોડવો નહિ.

સમ્યગ્ જ્ઞાન કર્મનાં બંધનો કાપી મુક્તિ આપે. જ્યાં સુધી મુક્તિ ન આપે ત્યાં સુધી ભવોભવ ચિત્તની શાંતિ અને સમાધિ આપે.

સમ્યગ્ જ્ઞાન સદ્ગતિનું કારણ છે, સંસારસાગરમાં વહાણ સમાન છે અને અંધકારમાં સૂર્ય સમાન છે. હેય-ઉપાદેયનો વિવેક કરાવનાર છે. એકેન્દ્રિય આદિ જીવોને ઓળખાવી તેમની હિંસાથી આપણા આત્માને બચાવનાર છે. જળ જેમ શરીરની મલિનતાને દૂર કરે છે, તેમ સમ્યગ્ જ્ઞાન અંતઃકરણની મલિનતાને દૂર કરે છે.

**अज्ञानं खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।**

**अर्थं हितम् अहितं वा, न वेत्ति येनावृतो लोकः ॥**

**અર્થ :** ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ અજ્ઞાન વધુ દુઃખદાયક છે. કારણ કે અજ્ઞાનથી ઢંકાયેલા લોકો હિતકર કે અહિતકર કાર્યને જાણી શકતા નથી.

૧. હિંસક એવા ચિલાતીપુત્રને સદ્ગુરુના યોગે **'ઉપશમ-સંવર-વિવેક'** આ ત્રણ જ પદનું જ્ઞાન થયું તોપણ તેના દ્વારા તે પોતાની બગડેલી બાજી સુધારી શક્યો અને નરકમાં પડવાને બદલે પાંચમા દેવલોકે પહોંચી ગયો.

૨. 'દેવો આંખના પલકારા વિનાના હોય છે, નહિ કરમાયેલી પુષ્પની માળાવાળા હોય છે, જમીનથી ચાર આંગળ ઊંચા રહેનારા હોય છે અને મનથી જ કાર્ય સાધી લેનારા હોય છે.' વીર પ્રભુના મુખેથી માત્ર આટલું જ જ્ઞાન અનિચ્છાએ આકસ્મિક રીતે મળી ગયું તો તેની મદદથી રોહિણીયો ચોર, બુદ્ધિના ભંડાર સમા અભયકુમારની માયાજાળમાંથી છટકીને મૃત્યુદંડની સજામાંથી બચી જવા સમર્થ બન્યો. વળી તે જ્ઞાનના પ્રતાપે જ બોધ પામ્યો અને એણે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

૩. '**बुज्झ बुज्झ चंडकोसिया**' એવાં વીરપ્રભુનાં વાત્સલ્યભર્યાં વચનો સાંભળી જાતિસ્મરણજ્ઞાન થવાથી, જ્ઞાનના પ્રભાવે જ ચંડકૌશિક સર્પના આત્માની ખાનાખરાબી થતી અટકી ગઈ, ભવની પરંપરા પણ બગડતી અટકી ગઈ અને નરકગતિનો મહેમાન બનવા તત્પર બનેલો તેનો આત્મા માર્ગ બદલીને દેવગતિનો મહેમાન બન્યો, આઠમા દેવલોકે ગયો, અનેક સાગરોપમનાં ભયાનક દુઃખને બદલે અનેક સાગરોપમનાં દિવ્ય સુખ પામ્યો.

સમ્યગ્ જ્ઞાનનો મહિમા આવો આશ્ચર્યકારી ને અપરંપાર છે.

આળસ છોડી આપણે પણ આત્મકલ્યાણને માટે રોજરોજ નવું નવું સમ્યગ્ જ્ઞાન મેળવવાનો ઉદ્યમ કરવો જોઈએ.

## સુશિક્ષણ અને કુશિક્ષણ

શિક્ષણ તો તેનું જ નામ છે કે જે આપણને સાચી રીતે અને સારી રીતે જીવતાં શીખવે ! એટલે કે આપણું પોતાનું અને આપણા દ્વારા જગતના સર્વ જીવોનું ભલું જ થાય, પણ ભૂંડું તો કોઈનુંય ન થાય એવી સુંદર રીતે જે આપણને જીવન જીવતાં શીખવે તેનું જ નામ શિક્ષણ છે. આવા શિક્ષણને જ સાચા અર્થમાં શિક્ષણ કહેવાય.

*સારા બનવા માટે જ આપણે ભણવાનું છે, પણ પેટ ભરવા માટે તો હરગિજ* ભણવાનું નથી. જેઓને ભણતર દ્વારા સારા બનવાની ઇચ્છા નથી, ભણતર દ્વારા પોતાનાં સંતાનોનેય સારાં બનાવવાની ઇચ્છા નથી, પણ જેઓ કેવળ પેટ ભરવા માટે જ ભણે છે અને ભણાવે છે તે ભણનારા અને ભણાવનારાઓ તો *શિક્ષણ જેવી પવિત્ર* અને *હિતકર* વસ્તુનું ઘોર અપમાન કરનારા જ છે.

વિદ્યાર્થીને હિંસાદિ ઘોર પાપો કરાવીને જ પેટ ભરતાં શીખવનારું કુશિક્ષણ આશીર્વાદરૂપ નથી, પણ અભિશાપરૂપ છે.

# જ્ઞાન ભણવા માટેના આઠ આચાર

**લેખક : સ્વ. પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર**

જ્ઞાનના આઠ આચાર છે. તે આઠેય આચારોના પાલનપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું જોઈએ. જ્ઞાનના આચારોનું પાલન કર્યા વિના જ્ઞાન ભણવામાં આવે તો એ ફળદાયી બની શકતું નથી. જ્ઞાન ભણવાથી માત્ર શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાનાચારના પાલનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

## આઠ જ્ઞાનાચાર

૧. **યોગ્ય કાળ :** યોગ્ય કાળે જ જ્ઞાન ભણવું જોઈએ, અકાળે ભણાય નહિ.

૨. **વિનય :** ગુરુ સંબંધી સર્વ આશાતનાઓનું વર્જન કરીને અને તેમને વંદનાદિ કરીને વિનયપૂર્વક જ્ઞાન ભણવું જોઈએ.

૩. **બહુમાન :** ભણાવનાર ગુરુ પ્રત્યે અને એ વિષયના પ્રણેતા પ્રત્યે હૃદયમાં પૂર્ણ બહુમાનભાવ ધારણ કરીને જ્ઞાન ભણવું જોઈએ.

૪. **ઉપધાન :** ગૃહસ્થોએ જે જે સૂત્ર ભણવાં હોય, તે તે સૂત્ર અંગે શાસ્ત્રવિહિત વિધિ મુજબ ઉપધાન તપનું વહન કરવું જોઈએ. ઉપધાન વહન કર્યા પછી જ તે તે સૂત્ર ભણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે ઉપધાન અવશ્ય કરવાં જોઈએ.

શાસ્ત્ર ભણવા માટે સાધુ ભગવંતોએ યોગોદ્વહન કરવાનાં હોય છે. યોગોદ્વહન કર્યા પછી જ તેમને તે તે શાસ્ત્ર ભણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. અનધિકૃત ચેષ્ટાને દુનિયાદારીના વ્યવહારમાં પણ ગુનો ગણવામાં આવે છે. એવી જ રીતે જૈન શાસનમાં પણ અધિકાર વગર સૂત્રો કે આગમ ભણવાં-ભણાવવાં એ ગુનો ગણાય છે. અર્થાત્ એમાં જિનેશ્વરદેવની આજ્ઞાનો ભંગ થવાથી તેમની મોટી આશાતના થાય છે. માટે ઉપધાન-આચારના પાલનપૂર્વક જ્ઞાન ભણવું જોઈએ.

૫. **અનિહ્નવ :** જે ગુરુ પાસેથી જે વિષયનું જ્ઞાન મેળવ્યું હોય એ ગુરુનો અપલાપ કદી પણ કરાય નહિ. અર્થાત્ ભણાવનાર ગુરુ પ્રત્યે હૃદયમાં બહુમાનભાવ રાખી એમના પ્રત્યે હંમેશાં કૃતજ્ઞભાવ દર્શાવવો જોઈએ.

૬. **વ્યંજન :** જે સૂત્ર ભણાય-વંચાય તેના વ્યંજનાક્ષરોનું શુદ્ધ ઉચ્ચારણ કરવું જોઈએ. અર્થાત્ સૂત્રો બોલતી વખતે ઉચ્ચારણશુદ્ધિ જાળવવી જોઈએ.

૭. **અર્થ :** સૂત્ર ભણ્યા પછી એનો અર્થ પણ શીખવો જોઈએ. અર્થ શાસ્ત્રને અનુસરતો હોવો જોઈએ. મનઘડંત અર્થ કરવાથી શાસ્ત્રની અવહેલના થાય છે.

૮. **તદુભય :** જ્ઞાનનો આ આઠમો આચાર ખૂબ જ મહત્ત્વનો છે. પરંતુ મોટા ભાગે આજે તેની ઉપેક્ષા થતી જોવામાં આવે છે.

તદુભયનો અર્થ છે : તદ્ (તે) અર્થાત્ સૂત્ર અને અર્થ-ઉભય(બંને)ની એકતા

પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતી વખતે સૂત્રોના શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારણની સાથે સાથે એના અર્થનું પણ ચિંતન હોવું જોઈએ. સૂત્રની ગાથા બોલતી વખતે હૃદયમાં એના અર્થનું પણ પ્રતિબિંબ પડી જવું જોઈએ.

આ આઠેય આચારોના પાલનપૂર્વક ભણવામાં આવેલું થોડું પણ શ્રુતજ્ઞાન મહાફળદાયી બને છે.

## જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધન

જિનાગમો તથા ધાર્મિક સૂત્રો એ જ્ઞાન છે. **'ક-ખ-ગ-ઘ'** વગેરે અક્ષરો પણ જ્ઞાન છે. આ અક્ષરો જેમાં લખેલા હોય એવાં ધાર્મિક કે અધાર્મિક તમામ પ્રકારનાં પુસ્તકો, સામયિકો, છાપાં, પત્રિકા વગેરે જ્ઞાન છે.

ધર્મોપદેશક ગુરુમહારાજ તથા જેમણે વિધિપૂર્વક સમ્યગ્ જ્ઞાન મેળવ્યું છે, તેવા પુણ્યાત્માઓ અને ભણાવનાર વિદ્યાગુરુ વગેરે જ્ઞાની છે.

કલમ, પેન્સિલ, બૉલપેન, ઇન્ડીપેન, શાહી, ફૂટપટ્ટી, કોરો કે લખેલો કાગળ તથા પુસ્તક વગેરે અક્ષર લખવાનાં સાધન છે. અક્ષરો પણ જ્ઞાન મેળવવાનું સાધન છે. આપણે સૌ જ્ઞાનથી જ વિવેકી બનીએ છીએ.

જો અક્ષરો ન હોત, અક્ષરો લખવાનાં કલમ, શાહી, કાગળ, પુસ્તક વગેરે સાધનો ન હોત અને ભણાવનારા વિદ્યાગુરુઓ પણ ન હોત તો, આપણા ક્ષયોપશમની મંદતાના કારણે આપણે કાંઈ પણ ભણી કે સમજી શક્યા ન હોત, તેથી સાવ અજ્ઞાન અને અવિવેકી જ રહ્યા હોત. માટે જ જ્ઞાન, જ્ઞાની ગુરુદેવો અને જ્ઞાનનાં સાધનો એ સર્વ આપણાં પરમ ઉપકારી છે.

મન-વચન-કાયાથી એમની ભક્તિ કરવી એ કૃતજ્ઞતા નામનો મોટો ગુણ છે અને આશાતના કરવી એ કૃતઘ્નતા નામનો મોટો દોષ છે. આપણે દોષ ટાળીએ અને ગુણ મેળવીએ.

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એમની આશાતનાનો સમજપૂર્વક ત્યાગ કરવાથી અને આદરપૂર્વક એમનું સેવન કરવાથી સમ્યગ્ જ્ઞાનની આરાધના થાય છે, તેથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થવા સાથે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

## સૂત્રશુદ્ધિ અને ઉચ્ચારણશુદ્ધિ

જ્ઞાન અને જ્ઞાનીની આશાતના ટાળીને શુદ્ધ રીતે અને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક ધાર્મિક સૂત્રો ભણવાથી અને ભણાવવાથી સમ્યગ્ જ્ઞાનની આરાધના થાય છે અને તેનાથી ભણનાર-ભણાવનાર બંનેને જ્ઞાનાવરણીય કર્મની નિર્જરાનો પરમ લાભ પ્રાપ્ત થાય છે. જ્યારે અશુદ્ધ ભણવા - ભણાવવાથી ભણનાર - ભણાવનાર બંનેને જ્ઞાનાવરણીય કર્મ (આત્માના જ્ઞાનગુણને રોકી દેનારું એક પ્રકારનું પાપકર્મ) બંધાય છે.

વિદ્યાગુરુઓનાં સૂત્રોનાં ઉચ્ચારણો વિશેષ પ્રકારે શુદ્ધ હોવાં જોઈએ. ઘણાં વરસોથી પાઠશાળામાં ભણાવનાર વિદ્યાગુરુઓએ એવો વિચાર તો નહિ જ કરવો જોઈએ કે 'અમે તો ઘણાં વરસોથી ભણાવીએ છીએ, તેથી અમારી ભૂલ કે અશુદ્ધિ ક્યાંય નથી, અમારું તો બધું શુદ્ધ જ છે.' આવો વિચાર કરવો ઠીક નથી. આપણે સૌ અપૂર્ણ છીએ, તેથી આપણી પણ ભૂલ અને અશુદ્ધિ હોવાનો સંભવ છે, માટે વિદ્યાગુરુઓએ પોતાની ભૂલો અને અશુદ્ધિઓ તપાસીને તેને વહેલી તકે દૂર કરવાનો સવિશેષ પ્રયત્ન કરવો જોઈએ, જેથી તેમને પોતાને અને તેમની પાસે ભણનારને પણ જ્ઞાનાવરણીય કર્મની નિર્જરાનો પરમ લાભ પ્રાપ્ત થાય.

વિદ્યાગુરુઓએ સૂત્રપાઠ આપતી અને લેતી વખતે તેમ જ બાળકો ગાથા ગોખતા હોય ત્યારે પણ સૂત્રશુદ્ધિની અને ઉચ્ચારણશુદ્ધિની કાળજી રાખવી જોઈએ.

વિદ્યાગુરુઓ શુદ્ધ પાઠ આપતા હોય ત્યારે તેટલી જ કાળજી રાખીને શુદ્ધ પાઠ ગ્રહણ કરવામાં ન આવે, બેદરકારી રાખી અશુદ્ધ પાઠ ગ્રહણ કરવામાં આવે તો અશુદ્ધ પાઠ ગ્રહણ કરનારને દોષ લાગે અને જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

જ્ઞાનની આશાતના ટાળવા માટે, પુસ્તકને શરીરથી અને વસ્ત્રોથી દૂર સાપડા ઉપર સ્થાપન કરીને અને તેના ઉપર મુખમાંથી થૂંક ઊડીને પડે નહિ, તે માટે મુખ આડે હાથ કે રૂમાલ રાખીને ભણવું જોઈએ.

સૂત્રમાં જેટલા અક્ષરો હોય તેટલા જ બોલવા જોઈએ. સૂત્રમાં હોય તેના કરતાં એક અક્ષર કે મીંડું વધી જાય કે ઘટી જાય તો દોષ લાગે અને જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

## જ્ઞાનની આશાતના

ધાર્મિક જ્ઞાન પ્રત્યે અરુચિ કે અણગમો રાખવાથી, કંટાળો લાવવાથી, પ્રમાદ કરવાથી, છતી શક્તિએ સમ્યગ્ જ્ઞાન મેળવવાનો ઉદ્યમ નહિ કરવાથી, ભણેલું યાદ રાખવાનો પ્રયત્ન નહિ કરવાથી, ભણીને ભૂલી જવાથી અને ભણતાને કે ભણનારને અંતરાય કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

પૂર્વે જે અશુદ્ધ ગોખેલું હોય, તેને છતી શક્તિએ સુધારી લેવાનો પ્રયત્ન નહિ કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

ભણાવનાર વિદ્યાગુરુનો અવિનય કરવો, તેમની સામે બોલવું, તેમને ખરાબ વચનો સંભળાવવાં, તેમની નિંદા કરવી, તેમની હાંસીમશ્કરી કરવી, તેમનું અપમાન કરવું, તેમને પથ્થર વગેરેથી મારવા વગેરે દુષ્ટ વર્તન કરવાથી તેમની એટલે જ્ઞાનની આશાતના થાય છે.

દુનિયાભરની કોઈ પણ લિપિમાં કે ભાષામાં **'ક-ખ-ગ-ઘ'** વગેરે અક્ષરો જેમાં લખેલા હોય એવાં ધાર્મિક કે અધાર્મિક શાળા-કૉલેજ વગેરેનાં તમામ પ્રકારનાં પુસ્તકો-સામયિકો-છાપાં-પત્રિકાઓ વગેરે તથા કલમ, શાહી, કાગળ વગેરે અક્ષર લખવાનાં સાધનો તેમ જ જ્ઞાન ભણવામાં ઉપયોગી સાપડો વગેરે સાધનો પાસે (શરીરને અડતાં) રાખીને ખાવું-પીવું, ઝાડો-પેશાબ કરવા, તેના ઉપર મળમૂત્ર, થૂંક, શ્લેષ્મ, પરસેવો વગેરે શરીરનો મેલ નાખવો, તેને ખોળામાં કે બગલમાં રાખવાં, ધોતિયામાં વીંટાળવાં, તેને જમીન ઉપર મૂકવાં, તેના પર પગ દઈને ચાલવું કે તેને લાત મારવી, તેને રસ્તા ઉપર, ઉકરડામાં કે ગટરમાં નાખવાં, તેને બાળવાં-ફાડવાં-તોડવાં-ફોડવાં  તેના પર મેલાં કે ધોયેલાં પહેરવાનાં વસ્ત્રો મૂકવાં, કાગળમાં ખાવું, તેનાથી હવા ખાવી વગેરે કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

ઘરના કે દુકાનના આંગણામાં **'ભલે પધાર્યા', 'સ્વાગતમ્', 'WELCOME'** વગેરે લખાણવાળાં સ્ટિકરો જમીન પર ચોડવાથી તથા અક્ષરોવાળાં પગલૂછણિયાં કે કંતાન ઉપર પગ ઘસવા, તેના પર પગ દઈને ચાલવું, થૂંકવું, શ્લેષ્માદિક શરીરનો મેલ નાખવો, ડામરની સડક ઉપર લખેલા અક્ષરો ઉપર પગ દઈને ચાલવું વગેરે કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

શરીર અપવિત્ર છે - પરસેવો આદિ અશુચિનું સ્થાન છે, માટે હથેળીમાં કે શરીરના અન્ય કોઈ ભાગ ઉપર અક્ષરો લખવાથી તેમ જ અક્ષરો લખેલા શરીરે મળમૂત્રનો ત્યાગ કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

અક્ષરવાળાં કપડાં પહેરવાથી તેમ જ અક્ષરવાળાં નેપકીન, ટુવાલ, ચાદર, ધાબળા વગેરે વસ્ત્રો આદિ વાપરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

મીઠાઈ, બિસ્કિટ, ચોકલેટ, પીપરમીટ, દવાની ગોળી વગેરે અક્ષરવાળી વસ્તુઓ ખાવાથી જ્ઞાનની આશાતના થાય છે.

પેન, બૉલપેન, પેન્સિલ, ફૂટપટ્ટી, ચલણી નોટો વગેરે મોઢામાં મૂકવાથી જ્ઞાનની આશાતના થાય છે.

થૂંક વડે અક્ષર ભૂંસવાથી, થૂંકવાળી આંગળી કરીને પુસ્તક વગેરેનાં પાનાં ફેરવવાથી તેમ જ ચલણી નોટો ગણવાથી તથા ટપાલ ખાતાની ટિકિટને ચોડવા માટે જીભ પર મૂકી થૂંકવાળી કરવાથી જ્ઞાનની આશાતના થાય છે.

નામ લખેલા (અક્ષરવાળા) કટાસણા કે આસન ઉપર બેસવું, ઊભા રહેવું, પગ મૂકવો વગેરેથી જ્ઞાનની આશાતના થાય છે.

જેમાં જ્ઞાન કે જ્ઞાનનાં સાધન હોય એવાં કબાટ, પેટી વગેરે પર સૂવા - બેસવાથી કે ઊભા રહેવાથી જ્ઞાનની આશાતના થાય છે.

પુસ્તક કે પુસ્તકોનાં કબાટ વગેરેની સામે પગ લાંબા કરીને બેસવાથી કે તેની સામે પગ કરીને સૂવાથી જ્ઞાનની આશાતના થાય છે.

આરસની તકતી, બોર્ડ, પાટિયાં, કબાટ, ટેબલ વગેરે વસ્તુઓ ઉપર કોતરેલા કે લખેલા અક્ષરો ઉપર સાફસૂફી માટે મેલા પાણીનો ઉપયોગ કરવાથી અને મેલું કે અપવિત્ર વસ્ત્ર, સાવરણી વગેરે ફેરવવાથી જ્ઞાનની આશાતના થાય છે.

ફટાકડા ફોડવાથી બીજાં પાપ લાગવા સાથે જ્ઞાનની આશાતના પણ થાય છે.

પગ ઉપર પગ ચડાવીને બેસવાપૂર્વક ભણવા-લખવા-વાંચવાથી જ્ઞાનની આશાતના થાય છે.

હાલતાં-ચાલતાં ભણવાથી જ્ઞાનની આશાતના થાય છે.

બીમારી કે અશક્તિનું કારણ નહિ હોવા છતાં, સૂતાં-સૂતાં વાંચવાથી જ્ઞાનની આશાતના થાય છે.

ઊંઘ ન આવતી હોય ત્યારે ઊંઘ લાવવા માટે કોઈ પણ જાતનું વાચન કરવાથી જ્ઞાનની આશાતના થાય છે. ઊંઘ ન આવે ત્યાં સુધી સમયનો સદુપયોગ કરવો હોય અને આશાતનાથી બચવું હોય તો સૂતાં-સૂતાં નહિ, પણ યોગ્ય રીતે બેસીને વાંચવું જોઈએ. સૂતાં-સૂતાં વાંચવાથી જ્ઞાન પ્રત્યેનાં વિનય-બહુમાન જળવાતાં નથી. ઝોકાં આવવાથી ચોપડી વગેરે હાથમાંથી પડી જાય, ફાટી જાય, શરીર તળે કચરાય વગેરે બને, તેથી જ્ઞાનની ઘણી આશાતના થાય છે. માટે યોગ્ય રીતે બેસીને જ વાંચવાના આગ્રહી બનવું જોઈએ.

ધાર્મિક કે અધાર્મિક કોઈ પણ જાતનાં પુસ્તકો, માસિક-પાક્ષિક-સાપ્તાહિક વગેરે સામયિકો તથા છાપાં અને લખેલા કે કોરા કાગળ વગેરે પસ્તીમાં વેચવાથી જ્ઞાનની આશાતના થાય છે. તે બધાનું નિર્જીવ, પવિત્ર અને છાંયાવાળી ભૂમિ ઉપર કોઈનો પગ અને મળમૂત્ર આદિ અશુચિ પદાર્થો પડવાની સંભાવના ન હોય એવા યોગ્ય સ્થાને યતનાપૂર્વક (જીવોની રક્ષા થાય તે રીતે) વિસર્જન કરવું જોઈએ, અથવા આશાતના ન થાય તેવો કોઈ ઉપાય જ્ઞાની ગુરુ મહારાજ પાસેથી જાણી લેવો જોઈએ.

વર્તમાનમાં સર્વ વસ્તુઓ ઉપર અક્ષરો લખવાનો પ્રચાર દિનપ્રતિદિન ખૂબ જ વધી રહ્યો હોવાથી, અહીં બતાવ્યા સિવાયની બીજી પણ અનેક રીતે જ્ઞાનની આશાતના થાય છે.

## બહેનો જ્ઞાનની આશાતનાથી બચવાનો પ્રયત્ન કરે

અંતરાય(એમ.સી.)વાળી બહેનોથી પુસ્તક, છાપાં, કાગળ, પેન, બૉલપેન વગેરે જ્ઞાનની કોઈ પણ ચીજને અડાય નહિ, ભણાય નહિ, અક્ષરો લખાય નહિ, છાપાં-પુસ્તક વગેરે કાંઈ પણ વંચાય નહિ. શક્ય હોય ત્યાં સુધી તેમણે બોલવાનું પણ ટાળવું જોઈએ. અડે, ભણે, લખે, વાંચે, બોલે તો જ્ઞાનની આશાતના થાય.

આજકાલ પ્રવાસ, પર્યટન, તીર્થયાત્રા વગેરેમાં કેટલીક શ્રાવિકા બહેનો પોતાનાં ધાવણાં બાળકોનાં મળ-મૂત્ર કાગળથી સાફ કરીને રસ્તા ઉપર ફેંકે છે અને જ્ઞાનની મોટી આશાતના કરી ભયંકર દુઃખદાયક જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. એટલું જ નહિ એ પાપ કર્યા પછી પોતાના હૃદયમાં દુઃખી થવાને બદલે નિષ્ઠુરતાપૂર્વક એ પાપનો બચાવ કરે છે. બચાવમાં એવી દલીલ કરે છે કે, ‘બાળોતિયાં ક્યાં ધોવાં ? ક્યાં સૂકવવાં ? સમય પણ ક્યાં હોય છે ?’ વગેરે. પણ જિનશાસનને પામેલી અને આત્મહિત ઇચ્છનારી શ્રાવિકાઓએ આવો આત્મઘાતક બચાવ કરવો હિતાવહ નથી. જ્ઞાનની આશાતના ન થાય એવો નિર્દોષ માર્ગ જ અપનાવવો જોઈએ અને એ શક્ય પણ છે.

## જ્ઞાનની આશાતનાનું ફળ

શાસ્ત્રમાં કહ્યું છે કે, “જે મૂઢ બુદ્ધિવાળાઓ મન, વચન, કાયાથી હંમેશાં જ્ઞાનની આશાતના કરે છે અને બીજા પાસે કરાવે છે તેમનાં સ્ત્રી, પુત્ર, મિત્રોનો પરભવમાં ક્ષય થાય છે, ધન-ધાન્યનો વિનાશ થાય છે તથા તેમને આધિ-વ્યાધિની ઉત્પત્તિ થાય છે.

જેઓ અનેક પ્રકારે જ્ઞાનની આશાતના કરે છે તેઓ ભવાંતરમાં આંધળા-પાંગળા, બહેરા-મૂંગા, તોતડા-બોબડા, મુખના રોગી, કોઢના રોગવાળા, મૂર્ખ અને પરાધીન થાય છે, તેમ જ તેમને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ પણ થતી નથી.

આપણે જન્મ-જન્માન્તરમાં વિદ્વાન, બુદ્ધિશાળી, ચતુર અને ચકોર બનવાપૂર્વક વિરતિરૂપ જ્ઞાનનું ફળ મેળવવું હોય તો હંમેશાં જ્ઞાનની આશાતનાથી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય

સામાયિક-પ્રતિક્રમણ કરતી વખતે પાથરીને બેસવાના ઊનના કટાસણા ઉપર કેટલીક અજ્ઞાન શ્રાવિકા બહેનો દોરાથી ભરત ભરીને ઘરના વડીલના નામના અક્ષરો લખે છે, પરંતુ એ કટાસણા ઉપર આપણે બેસવાનું અને ઊભા રહેવાનું હોય છે. કટાસણા ઉપર બેસતી વખતે અને ઊભા રહેતી વખતે તેના ઉપર લખેલા અક્ષરો આપણા પગ નીચે કે શરીરના કોઈ અન્ય ભાગ નીચે કચરાય છે. આપણા શરીર દ્વારા કે પગ દ્વારા અક્ષરો કચરાવાથી જ્ઞાનની આશાતના થાય છે. જ્ઞાનની આશાતના થવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનાવરણીય કર્મ બંધાવાથી જીવને જ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય થાય છે. જ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય થવાથી આપણા આત્માને અનેક ભવ સુધી મૂર્ખ દશામાં રહેવું પડે છે. મૂર્ખ દશામાં રહેવાથી આપણા આત્માનું કલ્યાણ થઈ શકતું નથી, માટે કટાસણા ઉપર અક્ષરો લખવા હિતાવહ નથી.

આપણું કટાસણું, શાલ કે ધાબળો ઓળખી શકાય તે માટે તેના ઉપર નિશાની તરીકે કોઈ પણ એક ડિઝાઇન દોરી શકાય છે, પણ નામ તો લખાય જ નહિ.

# ૪ વિનય અને વિવેક

## વિનય કોને કહેવાય ?

૧. સૌની સાથે નમ્રતાથી વર્તવું તેનું નામ વિનય.

૨. વિનય એટલે દેવગુરુ પ્રત્યે ભક્તિ અને નમ્રતા.

૩. (વિ=વિશેષણ, નયતિ=લઈ જાય) **'विनयति विनयः'** અર્થાત્ આપણે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય, તેની સમક્ષ વિશેષે કરીને આપણને લઈ જાય તેવા આચરણનું નામ વિનય છે; જેમ કે, પૈસો ધનિક પાસે છે, તે તેની પાસેથી મેળવવો છે. ધનિક પાસેથી પૈસો મેળવી આપનારું યોગ્ય આચરણ તેનું જ નામ વિનય છે. એવી જ રીતે જ્ઞાન ગુરુ પાસે છે. ગુરુ પાસેથી જ્ઞાન મેળવી આપનારું જે સુયોગ્ય આચરણ તેનું જ નામ વિનય છે.

## વિનય કેવી રીતે થાય ?

વિનય મનથી, વચનથી અને કાયાથી થાય.

ઉપકારી દેવ, ગુરુ, ધર્મ, માબાપ, વિદ્યાગુરુ અને વડીલજનો પ્રત્યે હૃદયમાં પૂજ્યભાવ રાખવો તેનું નામ મનથી કરાતો (માનસિક) વિનય છે.

ઉપકારી એવા તે બધાના દોષ કદાપિ બોલવા નહિ, પણ હંમેશાં ગુણગાન જ કરવાં તે વાણીથી અર્થાત્ વચનથી કરાતો (વાચિક) વિનય છે.

ઉપકારી એવા તે બધાનું કામ કરવું, તેમની સેવાભક્તિ કરવી તે કાયાથી કરાતો (કાયિક) વિનય છે.

## ધર્મનું મૂળ વિનય

વિનય ધર્મનું મૂળ છે. તે કારણથી જ **'ઉત્તરાધ્યયનસૂત્ર'**નાં ૩૬ અધ્યયનોમાં સૌપ્રથમ વિનય નામનું અધ્યયન કહ્યું છે.

વિનય વિના વિદ્યા મળતી નથી. વિદ્યા વિના મુક્તિ મળતી નથી અને મુક્તિ વિના શાશ્વત સુખ મળતાં નથી.

# વિનયગુણને બતાવનારા આચાર

૧. શ્રી જિનેશ્વરદેવોએ આપણા આત્માના કલ્યાણને માટે ફરમાવેલી સર્વ આજ્ઞાઓ શ્રદ્ધાપૂર્વક સંપૂર્ણપણે માનવી અને યથાશક્તિ પાળવી.

૨. ઉપકારી જ્ઞાની ગુરુભગવંતો જિનાજ્ઞા મુજબની જે આજ્ઞાઓ ફરમાવે તે આજ્ઞાઓને મસ્તકે ચડાવવી.

૩. જિનાજ્ઞાનું પાલન કરવા માટે રોજ ભગવાનનાં દર્શન કરવાં, ગુરુવંદન કરવું, રોજ સવારે ઓછામાં ઓછું નવકારશીનું અને સાંજે ચઉવિહારનું કે તિવિહારનું પચ્ચક્ખાણ કરવું, રોજ નવુંનવું ધર્મનું જ્ઞાન મેળવવું.

૪. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી અવિરુદ્ધ એવી જે કોઈ આજ્ઞા આપણા ઉપકારી માતાપિતા આપણને કરે તે આજ્ઞાને આદરપૂર્વક મસ્તકે ચડાવવી, રોજ સવારે તેમનાં ચરણોમાં મસ્તક મૂકીને તેમને પગે લાગવું, કદી પણ તેમની સામે બોલવું નહિ અને તેઓ જીવે ત્યાં સુધી તેમની ઉત્તમ પ્રકારે સેવા કરવી તેમ જ તેમને સમાધિ આપીને સદ્ગતિ પમાડવી.

૫. આપણા ઉપકારી ધર્મગુરુ, વિદ્યાગુરુ, માતાપિતા અને બીજા પણ વડીલજનો આપણા હિતને માટે આપણને ઠપકો આપે અને ગમે તેવાં કઠોર વચન કહે ત્યારે તેમની સામે બોલ્યા વિના આદરપૂર્વક ઠપકો સાંભળવો અને આપણી ભૂલ જોઈ એને સુધારવાનો પ્રયત્ન કરવો.

૬. કોઈની સાથે લડવું-ઝઘડવું નહિ, કોઈની નિંદાકૂથલી અને ઠઠ્ઠામશ્કરી કરવી નહિ, કોઈની સાથે તોછડું વર્તન કરવું નહિ અને કદી પણ ગાળ બોલવી નહિ.

૭. રસ્તે જતાં માર્ગમાં દેરાસર આવે ત્યારે સમય અને શક્તિ હોય તો અંદર જઈને દર્શન કરવાં. સમય અને શક્તિ ન હોય તો બે હાથ જોડી, મસ્તક નમાવી **'નમો જિણાણં'** કહી બહારથી દર્શન કર્યા પછી જ આગળ જવું.

૮. પૂ. સાધુ મહારાજ કે સાધ્વીજી મહારાજ માર્ગમાં સામા મળે ત્યારે (સાયકલ વગેરે વાહન પરથી નીચે ઊતરી, પગમાંથી બુટ/ચંપલ ઊતારી) બે હાથ જોડી, મસ્તક નમાવી **'મત્થએણ વંદામિ'** કહેવું.

૯. માતાપિતા, સાધર્મિકબંધુઓ, પાઠશાળાના શિક્ષક તથા ઉપકારી વડીલજનો—આ સર્વ પૂજ્યો માર્ગમાં સામા મળે ત્યારે તેમને બે હાથ જોડી, મસ્તક નમાવી **'પ્રણામ'** કરવા અને કહેવા.

આ બધા વિનયગુણને બતાવનારા આચાર છે. ધનના ઢગલાથી અને સત્તાના જોરથી પણ જે કામ થતાં નથી, તે કામ વિનયથી ક્ષણવારમાં થઈ જાય છે. વિનયગુણથી તો શત્રુ પણ મિત્ર બની જાય છે. તેથી જ કહેવત પડી છે કે **'વનો (વિનય) વેરીને વશ કરે.'** વિનય એ આખી દુનિયાને વશ કરે એવું વશીકરણ છે.

વિનય વગરનો માણસ ક્યાંય શોભા પામતો નથી અને તે કોઈનેય પ્રિય બનતો નથી.

ચતુરાઈ, હોશિયારી, રૂપ, યૌવન, ધન—એ બધું વિનયથી જ શોભે છે. વિનય વિના એ બધું જ નિરર્થક છે.

અભિમાની માણસ કોઈનોય વિનય કરી શકતો નથી, માટે આપણે નિરભિમાની બનવું જોઈએ.

જે ત્રણ જગતના નાથ છે અને ઇન્દ્રો પણ જેમની સેવા કરે છે, તેવા આપણા ભગવાન પણ જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી પોતાનાં માતાપિતાનો શ્રેષ્ઠ વિનય કરે છે. તેમને સહેજ પણ દુઃખ થાય એવું કોઈ પણ વર્તન ક્યારેય કરે નહિ. પોતે દુઃખી થઈને પણ માતાપિતાને સુખી કરે. આપણે પણ આપણા ભગવાન જેવા વિનયી બનવું જોઈએ.

જે બાળકો વિનયી બનીને આ બધા ઉત્તમ આચારોનું પાલન કરે છે, તે બાળકો જ ધર્મ કરવા માટે અને સમ્યગ્ જ્ઞાન મેળવવા માટે લાયક બની શકે છે. આવા વિનયવંતને અલ્પ પ્રયત્નથી જ ઘણું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

જ્ઞાન ભણનારને જ્ઞાન ભણવાના બદલામાં મળનારું તાત્ત્વિક અને સર્વોત્તમ ફળ વિરતિ છે. પાપકર્મોના ત્યાગનાં પચ્ચક્ખાણ કરવાં તેનું નામ વિરતિ છે. જ્ઞાનનું (વિદ્યાનું) આ સાચું અને સર્વોત્તમ ફળ પામવા માટે આપણે અવશ્ય વિનયી બનવું જોઈએ.

## વિવેક કોને કહેવાય ?

વિનય સાથે આપણામાં વિવેક પણ હોવો જોઈએ.

વિવેક એટલે સદ્બુદ્ધિ. સદ્બુદ્ધિ એટલે સત્ય-અસત્ય આદિની પરીક્ષા અથવા કર્ત્તવ્ય-અકર્ત્તવ્ય આદિની સમજ. વિવેક એટલે બીજો સૂર્ય અને ત્રીજી આંખ.

સદ્બુદ્ધિ વડે દેવ, ગુરુ, ધર્મ આદિ જે તત્ત્વ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે તેને જાણવાં. હિતકર-અહિતકર, સાચું-ખોટું, સારું-ખરાબ, કાર્ય-અકાર્ય, ભક્ષ્ય-અભક્ષ્ય આદિનો ભેદ પાડવો. ભેદ પાડીને સાચાનો સ્વીકાર કરવો ને

ખોટાનો ત્યાગ કરવો, હિતકરનો સ્વીકાર કરવો અને અહિતકરનો ત્યાગ કરવો, કાર્યનો સ્વીકાર કરવો ને અકાર્યનો ત્યાગ કરવો, ભક્ષ્યનું ભોજન કરવું ને અભક્ષ્યનો ત્યાગ કરવો વગેરે – એનું જ નામ વિવેક છે.

પુણ્યોદયે આપણે જૈનકુળ જેવા ઉત્તમકુળમાં જન્મ્યા છીએ અને આપણને જન્મતાંની સાથે જ સુદેવ, સુગુરુ, સુધર્મ મળ્યા છે, તો આપણાથી કેવા વિચાર કરાય, કેવા વિચાર ન કરાય; શું બોલાય, શું ન બોલાય; કેવાં કામ કરાય, કેવાં કામ ન કરાય એનો સદ્બુદ્ધિ વડે વિચાર કરવો, વિચાર કરીને વિચારવા યોગ્ય જ વિચારવું, નહિ વિચારવા યોગ્ય ન વિચારવું, બોલવા યોગ્ય જ બોલવું, નહિ બોલવા યોગ્ય ન બોલવું, કરવા યોગ્ય જ કરવું, નહિ કરવા યોગ્ય ન કરવું એનું નામ વિવેક છે.

સદ્બુદ્ધિ વડે આ પ્રમાણે વિચાર કરીને મન-વચન-કાયાની સર્વ પ્રવૃત્તિ આપણે વિવેકપૂર્વક જ કરવી જોઈએ.

પ્રશ્ન પણ વિવેકપૂર્વક વિચાર કરીને જ પૂછવા જોઈએ. વિવેકપૂર્વક વિચાર કરીને પ્રશ્નો પૂછવાથી સામા માણસનું ચિત્ત પ્રસન્ન થાય છે ને તેને દુઃખ લાગતું નથી. જ્યારે વગર વિચાર્યે અવિવેકપૂર્વક પ્રશ્નો પૂછવાથી સામા માણસનું ચિત્ત ખેદ પામી જાય છે, એના હૃદયને અત્યંત પીડા થાય છે.

**'અંધાને અંધો કહ્યે, કડવાં લાગે વેણ;**

**હળવે રહીને પૂછીએ, શાથી ખોયાં નેણ ?'**

**ભાવાર્થ :** કાંઈ પણ વિચાર કર્યા વિના જ આંધળા માણસને પણ આપણે પૂછી નાખીએ કે, **'તમે આંધળા છો ?'** તો અવિવેકભર્યાં આપણાં વેણ, તે આંધળો જ હોવા છતાંય તેને કડવાં ઝેર જેવાં લાગે છે, તેના હૃદયને અત્યંત પીડા ઉપજાવનારાં બને છે. પણ જો આપણે સદ્બુદ્ધિ વડે વિચાર કરીને ધીમે રહીને તેને પૂછીએ કે ભાઈ, **'રતન જેવી તમારી બે આંખ તમે કેવી રીતે ગુમાવી દીધી ?'** તો વિવેકભર્યાં આપણાં આ વેણ તેને અમૃત જેવાં મીઠાં લાગે છે અને તેના હૃદયને અત્યન્ત સુખ આપનારાં બને છે.

આપણે માબાપ, ભાઈબહેન વગેરે કુટુંબપરિવારવાળા હોવા છતાં સર્વત્ર સદાકાળ આપણો કુટુંબકબીલો આપણી સાથે જ હોતો નથી. ઘણીવાર ઘણી જગ્યાએ આપણે એકલા પણ હોઈએ છીએ. આપણને એકલા જોઈને કોઈ અજાણ્યો, અવિવેકી માણસ આપણને પૂછે કે, **'તમારે માબાપ નથી ?'**

**ભાઈબહેન નથી ?, કુટુંબકબીલો નથી ?, તમે એકલા જ છો ?'** તો તેના આ પ્રશ્નો આપણા હૃદયને દુઃખ ઉપજાવનારા બને કે નહિ ? આવા પ્રશ્ન સાંભળી આપણું હૃદય દુઃખી થયા વગર રહે નહિ. જે અવિવેકભર્યા પ્રશ્ન આપણા હૃદયને પીડા ઉપજાવનારા બનતા હોય, તેવા અવિવેકભર્યા પ્રશ્ન આપણાથી બીજાને કેમ પૂછી શકાય ?

કોઈ અજાણ્યા બાળકને એકલો જોઈને, **'તારાં માબાપ મરી ગયાં છે ? તારે ભાઈબહેન નથી ?, તારું સગુંવહાલું કોઈ નથી ?'** તેના કોમળ હૃદયને અત્યન્ત દુઃખ આપનારા આવા અવિવેકભર્યા પ્રશ્ન પુછાય નહિ. તેને વહાલપૂર્વક એમ પૂછવું જોઈએ કે ભાઈ, **'તારાં માબાપ, ભાઈબહેન, સગાંવહાલાં બધાં સાજાં-નરવાં છે ને ?', 'ક્યાં રહે છે ને શું કરે છે ?'** આમ વિવેકપૂર્વક વિચાર કરીને પુછાયેલા આપણા પ્રશ્ન તેના સુકોમળ હૃદયને અત્યન્ત સુખ આપનારા બને છે.

તેવી જ રીતે કોઈ આચારસંપન્ન સાધુ મહારાજ કોઈવાર ક્યાંક એકલા જોવામાં આવે ત્યારે વિચાર કર્યા વગર વિવેકરહિતપણે **'તમે એકલા જ છો ?', 'એકલા જ ચોમાસું રહ્યા હતા ?', 'એકલા જ જશો ?'** વગેરે પ્રશ્ન પુછાય નહિ. એકલા રહેવું એ સાધુ મહારાજનો આચાર નથી. આચાર વિરુદ્ધના પ્રશ્ન આચારસંપન્ન સાધુ ભગવંતોને પુછાય નહિ. સદ્બુદ્ધિ વડે વિચાર કર્યા વગરના અવિવેકભર્યા ને આચારવિરુદ્ધના આપણા પ્રશ્ન આચારસંપન્ન ગુરુમહારાજના હૃદયને ખેદ ઉપજાવનારા બને છે, તેથી તેમની આશાતના થાય છે.

ગુરુમહારાજ એકલા જોવામાં આવે ત્યારે પણ સદ્બુદ્ધિ વડે વિચાર કરીને એમ જ પૂછવું જોઈએ કે, **'આપ કેટલા ઠાણા પધાર્યા છો ?', 'આપ કેટલા ઠાણા અહીં બિરાજમાન છો ?', 'આપ કેટલા ઠાણા છો ?'** આમ વિવેકપૂર્વક પ્રશ્નો પૂછવાથી ગુરુમહારાજનું ચિત્ત પ્રસન્ન થાય છે અને આપણા ઉપર તેમની કૃપા વરસે છે.

શબ્દ પણ વિવેકપૂર્વક આપણા ઉત્તમ કુળને છાજે તેવા ઊંચા જ બોલવા જોઈએ. પરમોપકારી ગુરુભગવંતને **'મહારાજજી', 'સાહેબજી', 'ગુરુજી', 'મહારાજ સાહેબ'** કે **'ગુરુમહારાજ'** કહેવાય. પાછળ માનવાચક **'જી'** અથવા **'સાહેબ'** શબ્દ લગાડીને બોલાય, પણ એકલો **'મહારાજ'** શબ્દ બોલાય નહિ. ગુરુમહારાજ માટે પાછળ માનાર્થક **'જી'** કે **'સાહેબ'** શબ્દ જોડ્યા વગરનો એકલો **'મહારાજ'** શબ્દ તોછડો ગણાય છે.

આપણને જ્ઞાન આપનારા ઉપકારી ગુરુ મહારાજ માટે, સામાન્ય માણસો માટે વપરાતો **'આવ્યા'** શબ્દ પણ વપરાય નહિ.

**'ગુરુજી પધાર્યા', 'મહારાજ સાહેબ પધાર્યા', 'મહારાજજી પધાર્યા', 'ગુરુમહારાજ પધાર્યા'**, મોટા માણસો માટે વપરાતા આવા માનભર્યા ઊંચા શબ્દ જ વાપરવા જોઈએ. આ સંસારમાં ઊંચામાં ઊંચું સ્થાન ગુરુમહારાજનું છે. ઊંચાંમાં ઊંચા સ્થાને રહેલા ગુરુમહારાજ માટે આપણે **'પધાર્યા'** શબ્દ નહિ વાપરીએ, તો બીજા કોને માટે વાપરીશું ?

ગુરુમહારાજ માટે **'આવ્યા'** વગેરે સામાન્ય શબ્દો બોલવાથી આપણું અસંસ્કારીપણું પ્રગટ થાય છે અને આપણી જ શોભા ઘટે છે, જ્યારે **'પધાર્યા'** વગેરે ઊંચા શબ્દો બોલવાથી આપણું સંસ્કારીપણું પ્રગટ થાય છે અને આપણી જ શોભા વધે છે. આપણું બોલવું-ચાલવું વગેરે બધું આપણી શોભા વધારે એવું જ હોવું જોઈએ.

## પૂજ્ય ગુરુભગવંતોનાં નામ માનવાચક શબ્દો સહિત સંપૂર્ણ બોલો

**'મણિલાલભાઈ', 'મોતીચંદભાઈ', 'મથુરદાસભાઈ'**, એવાં ગૃહસ્થોનાં નામમાં **'લાલ', 'ચંદ', 'દાસ'**, એ નામના અંશ છે અને **'ભાઈ'** એ માનવાચક શબ્દ છે.

ગૃહસ્થોનાં નામ **'મણિલાલભાઈ', 'મોતીચંદભાઈ', 'મથુરદાસભાઈ'** આમ પાછળના **'લાલ', 'ચંદ', 'દાસ'** એવાં અંશો સહિત અને માનવાચક **'ભાઈ'** શબ્દ જોડીને જ બોલાય છે. એથી પરસ્પર સ્નેહ અને સદ્‌ભાવ વધે છે, સંબંધો ગાઢ થાય છે અને વિનયગુણની પ્રાપ્તિરૂપ મહાન લાભ થાય છે. પણ એ જ નામો **'લાલ', 'ચંદ', 'દાસ'** વગેરે અંશો કાઢી નાખીને અને માનવાચક **'ભાઈ'** શબ્દ જોડ્યા વિના **'મણિ', 'મોતી', 'મથુર'** એવી રીતે બોલાય તો એ વર્તન અસભ્ય, તોછડું અને અપમાનજનક ગણાય છે.

ગૃહસ્થો એકબીજાનાં નામ તોછડાં અને અપમાનજનક રીતે બોલે તો પરસ્પર તેમનો સ્નેહ અને સદ્‌ભાવ ઘટે છે, સંબંધો તૂટે છે, વિનયગુણ નાશ પામે છે, અવિનયદોષ પુષ્ટ થાય છે અને સંસ્કારિતા લાજે છે. એવા તોછડા માણસો સભ્ય સમાજમાં શોભા પામતા નથી, તેમની કોઈ કિંમત રહેતી નથી.

ગૃહસ્થોએ પરસ્પરનું માન જાળવવા, નમ્રતા લાવવા, વિનયગુણને વધારવા, સંબંધો ગાઢ બનાવવા અને સભ્ય સમાજમાં પ્રતિષ્ઠા પામવા માટે બધાં ગૃહસ્થોનાં નામ **'લાલ'**, **'ચંદ'**, **'દાસ'** વગેરે અંશો સહિત અને માનવાચક **'ભાઈ'** શબ્દ જોડીને જ બોલવાં જોઈએ.

પૂ. ગુરુભગવંતોનાં નામોમાં **'વિજયજી'**, **'સાગરજી'** વગેરે નામના અંશ છે અને **'મહારાજ સાહેબ'** એ માનવાચક શબ્દો છે. એથી ગુરુભગવંતોનાં નામ **'વિજયજી'**, **'સાગરજી'** એ માનવાચક અંશો સહિત ને માનવાચક **'મહારાજ સાહેબ'** શબ્દો જોડીને **'મહોદયવિજયજી મહારાજ સાહેબ'**, **'મહાયશસાગરજી મહારાજ સાહેબ'** એવી રીતે બોલવાં જોઈએ.

આચાર્ય ભગવંતોનાં નામ પણ માત્ર **'સૂરિ'** શબ્દ જોડીને નહિ, પણ **'સૂરીશ્વરજી મહારાજ'** વગેરે સંપૂર્ણ માનવાચક શબ્દો જોડીને જ બોલવાં જોઈએ. એથી એમના પ્રત્યેનો આપણો વિનય જળવાય છે, સદ્‌ભાવ વૃદ્ધિ પામે છે અને એમની કૃપા પ્રાપ્ત થાય છે.

પૂ. ગુરુભગવંતોનાં નામોમાંથી પાછળના **'વિજયજી'**, **'સાગરજી'** વગેરે અંશો કાઢી નાખીને અને માનવાચક **'મહારાજ સાહેબ'** એવા શબ્દો જોડ્યા વિના બોલવાં એ તોછડું, અપમાનજનક ને અસભ્ય વર્તન ગણાય છે.

પૂ. સાધ્વીજી મહારાજનાં નામ, પાછળ માનવાચક **'શ્રીજી'** જોડીને જ બોલવાં જોઈએ.

પૂ. ગુરુભગવંતોનાં નામ તોછડાં અને અપમાનજનક રીતે બોલવાથી તેમનો અવિનય અને આશાતના થાય છે, દુઃખદાયક કર્મબંધ થાય છે, આપણી સંસ્કારિતાને લાંછન લાગે છે, આપણે તોછડા ગણાઈએ છીએ અને સભ્ય સમાજમાં આપણી કોઈ કિંમત રહેતી નથી.

અવિનય, આશાતના અને કર્મબંધથી બચવા માટે તથા પોતાનાં ઉત્તમ કુળ અને સંસ્કારિતાને શોભાવવા માટે, સૌએ પૂ. ગુરુભગવંતોનાં નામ સંપૂર્ણ અને માનવાચક શબ્દો સહિત જ બોલવાનો આગ્રહ રાખવો જોઈએ.

### ગુરુજનનો વિનય

ગુરુજન બહારથી આવે ત્યારે ઊભા થવું, સામે જવું, એમને બેસવા આસન આપવું વગેરે વિનય કરવો. ગુરુજન પાસે ઉદ્ધતાઈનો ત્યાગ કરી એમનાથી નીચા આસને બેસવું-બેઠક નીચી રાખવી. તેમની સામે પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ.

# દેરાસર સંબંધી વિવેક

૧. દેરાસરમાં **'નિસીહિ'** કહ્યા વિના તેમ જ એઠાં મોઢે, અપવિત્ર શરીરે, અપવિત્ર વસ્ત્રો અને ઉદ્‌ભટવેશ પહેરીને કે સ્ત્રીએ પુરુષનો વેશ પહેરીને મર્યાદારહિતપણે અસભ્યતાપૂર્વક દાખલ થવું ઉચિત નથી.

૨. દેરાસરમાં દેશકથા, રાજકથા, ભક્તકથા ને સ્ત્રીકથા આ ચાર વિકથા તેમ જ સંસાર સંબંધી કોઈ પણ જાતની વાતચીત કરાય નહિ.

દેરાસરના કોઈ પણ ભાગમાં કોઈની સાથે બોલાચાલી કે લડાઈ-ઝઘડો કરાય નહિ.

૩. દેરાસરમાં કે અન્યત્ર પ્રભુજી સમક્ષ સ્ત્રી-પુરુષ સંબંધી ઉચિત મર્યાદાનું પાલન અવશ્ય કરવું જોઈએ.

૪. પ્રભુજી સમક્ષ સ્ત્રી-પુરુષોએ સાથે બેસાય નહિ.

૫. દેરાસરમાં દાખલ થયા પછી પતિ-પત્ની તેમ જ અન્ય સ્ત્રી-પુરુષના શરીરનો પરસ્પર સ્પર્શ ન થાય તેની કાળજી સૌએ વિશેષ પ્રકારે રાખવી જોઈએ.

૬. દેરાસરમાં લગ્ન સંબંધી કે સંસાર સંબંધી કોઈ પણ કાર્ય કરાય નહિ.

૭. દેરાસરમાં લગ્નની પત્રિકા મુકાય નહિ, તેમ જ વેપારી પેઢીની જાહેરાતવાળાં પંચાંગ-પચ્ચક્ખાણ છપાવેલાં પૂંઠાં વગેરે મુકાય નહિ. દેરાસર પ્રભુભક્તિ માટેનું સ્થાન છે, આપણા વેપાર-ધંધાની જાહેરાત મૂકવા માટેનું સ્થાન નથી. ટ્રાવેલ્સવાળા દેરાસરની આશાતનાથી બચે એ ખૂબ જરૂરી છે.

૮. દેરાસરના મકાનના કોઈ પણ ભાગમાં, બહારની દીવાલ ઉપર કે થાંભલે વેપારધંધાની જાહેરાત લખાવાય નહિ, જાહેરાતનાં સ્ટિકરો ચોડાય નહિ, જાહેરાતનાં બોર્ડ-પૂંઠાં વગેરે મુકાય નહિ.

૯. દેરાસરના ઓટલા, પગથિયા કે બાંકડા ઉપર સ્ત્રી-પુરુષોએ સાથે બેસાય નહિ અને ત્યાં બેસીને વિકથા કે સંસાર સંબંધી વાતો કરાય નહિ.

૧૦. સ્ત્રીઓએ ગુરુમહારાજથી અને પુરુષોએ સાધ્વીજી મહારાજથી શાસ્ત્રીય મર્યાદા મુજબ શક્ય તેટલા દૂર રહેવું જોઈએ, દૂરથી જ પસાર થવું જોઈએ. સ્ત્રીઓએ જેમ ગુરુમહારાજને અને પુરુષોએ જેમ સાધ્વીજી મહારાજને અડાય નહિ, તેમ તેમની નજીકમાં પણ ઊભા રહેવાય નહિ અને નજીકથી પસાર પણ થવાય નહિ.

૧૧. દેરાસરની અંદર કે બહાર થાંભલા, દીવાલ કે દરવાજા પાસે ઊભા રહીને ફોટા પડાવાય નહિ.

**૧૨.** દેરાસરના ચોગાનમાં કે દેરાસરની ઉપરના કોઈ પણ ભાગમાં કોઈ પણ જાતની રમત રમાય નહિ, પતંગ ચગાવાય નહિ, સંસારનું કોઈ પણ કાર્ય કરાય નહિ.

૧૩. પ્રભુપ્રતિમા, ગુરુમૂર્તિ, તેમ જ દેવ-દેવીઓની મૂર્તિ અને તેમના ફોટા સમક્ષ પગ ઉપર પગ ચડાવીને બેસાય નહિ.

૧૪. દેરાસરમાં આપણા શરીરનો કોઈ પણ જાતનો મેલ પડવા દેવાય નહિ, વાછૂટ પણ કરાય નહિ.

૧૫. દેરાસરમાં અને પ્રભુજી સમક્ષ કોઈ પણ વસ્તુની પ્રભાવના કરાય નહિ. કોઈ આપે તોપણ લેવાય નહિ. પ્રભાવના પ્રભુજીની દૃષ્ટિ ન પડે તે રીતે દેરાસરની બહાર જ કરાય.

**૧૬. અંગપૂજાના પ્રયોજન સિવાય વધુ સમય ગભારામાં રહેવાય નહિ.**

**૧૭. પ્રભુભક્તિના પ્રયોજન સિવાય દેરાસરમાં વધુ સમય રહેવાય નહિ.**

**૧૮. દેરાસરમાં દેવદ્રવ્ય સિવાયનો બીજો કોઈ ભંડાર રખાય નહિ.**

**૧૯. દેરાસરમાં ફોટા રાખવા યોગ્ય નથી.**

૨૦. વૃદ્ધાવસ્થા, અપંગપણું આદિને કારણે લાકડીના ટેકા સિવાય ચાલી શકાતું ન હોય તે અપવાદ સિવાય, દેરાસરમાં પ્રભુજી સમક્ષ લાકડી, છત્રી આદિ લઈને જવાય નહિ.

## દેવ-દેવી સંબંધી વિવેક

૧. શાસનનાં અધિષ્ઠાયક દેવ-દેવીને અંગૂઠા વડે માત્ર કપાળમાં તિલક કરાય.

૨. દેવ-દેવીને ખમાસમણ દેવાય નહિ, માત્ર બે હાથ જોડી, મસ્તક નમાવીને **'પ્રણામ'** કરાય.

૩. દેવ-દેવીની સમક્ષ સાથિયો કરાય નહિ.

૪. દેવ-દેવીને આરતી મંગલદીવો ઉતારવાનો વિધિ નથી.

(લબ્ધિપ્રશ્ન, આવૃત્તિ પ્રથમ, પા. ૧૧૧)

૫. દેવ-દેવીની સંસારપોષક કે મોક્ષબાધક કોઈ પણ જાતની બાધા-માનતા કરાય નહિ.

૬. દેવ-દેવીને ધરેલું પાછું લઈને ખાવાની પ્રવૃત્તિ યોગ્ય નથી.

# ગુરુમહારાજ સંબંધી વિવેક

## સુપાત્રદાન

રોજ ઉપાશ્રયે જઈ ઉપકારી ગુરુમહારાજને ભાતપાણીનો લાભ આપવા માટે ભક્તિભાવપૂર્વક નિમંત્રણ કરવું જોઈએ.

ભાતપાણીનો લાભ આપવા માટે ગુરુમહારાજ ઘરના આંગણે પધારે ત્યારે ૫/૭ ડગલાં સામે જઈ, બે હાથ જોડી **'મત્થએણ વંદામિ'** કહી, **'પધારો'** એમ આદરસહિત ગુરુમહારાજ સારી રીતે સાંભળી શકે એવા મોટા અવાજે બોલવું જોઈએ અને વિદાય લે ત્યારે ૭/૮ ડગલાં સુધી મૂકવા પાછળ જઈ **'પધારજો'** એમ અવશ્ય કહેવું જોઈએ.

**'પધારો'** અને **'પધારજો'** એવાં આદરવચનો બોલવાથી, આપણા હૃદયમાં રહેલા ભક્તિભાવનું ગુરુમહારાજ સમક્ષ પ્રગટીકરણ થાય છે.

આત્મકલ્યાણના અર્થીએ **'ગુરુમહારાજને ખપ હશે કે નહિ હોય'** એવી આશંકા મનમાં રાખીને 'લઉં' ?, 'લઉં' ? એમ પૂછી-પૂછીને, એ રીતે એમની પાસે યાચના (માગણી) કરાવી-કરાવીને નહિ, પણ **'એમને ખપ છે જ'** એમ ચોક્કસપણે માનીને જ **'લો', 'લો', 'લાભ આપો', 'કૃપા કરીને અમારું સ્વીકારો'** એમ કહીને એમની પાસે માગણી કરાવ્યા વગર, આગ્રહ કરી-કરીને ભક્તિભાવપૂર્વક સુપાત્રદાન આપવું જોઈએ. 'લઉં', 'લઉં' એમ પૂછવાથી, 'હા લો' એમ ગુરુમહારાજને કહેવું પડે તે આપણે એમની પાસે માગણી કરાવી કહેવાય. માગણી કરાવી-કરાવીને દાન આપવાથી સુપાત્રદાનનું ફળ ઘટે.

ગુરુમહારાજ વહોરતા હોય ત્યારે ત્યાં રહેલા પુણ્યાત્માઓએ, **'ગુરુમહારાજ તો સંકોચ રાખીને વહોરે, આપણે આગ્રહ કરી-કરીને વહોરાવવું જોઈએ'** એવું જ બોલવું જોઈએ, કારણ કે ગૃહસ્થે ગુરુમહારાજને આગ્રહ કરીને વહોરાવવું જોઈએ એવી શાસ્ત્રાજ્ઞા છે. પરંતુ વહોરાવનાર સંકોચ રાખીને વહોરાવે અને ગુરુમહારાજને પણ વહોરવામાં સંકોચ થાય એવું કાંઈ પણ બોલવું યોગ્ય નથી. વહોરાવનારના હૃદયમાં ભક્તિભાવ વધે એવું જ બોલવું જોઈએ.

**સુપાત્રદાન ઘરની અંદરના ઉચિત સ્થાને ભક્તિપૂર્વક અપાય.**

**પગરખાં પહેરીને સુપાત્રદાન આપવું ઉચિત નથી.**

૧. ગુરુમહારાજનું નામ લખતી વખતે તેમના નામની આગળ '**પૂજ્ય**' શબ્દ અવશ્ય લખવો જોઈએ. તેમનું નામ માનવાચક શબ્દો જોડ્યા વિના લખાય નહિ.

૨. ગુરુમહારાજ ઊભા હોય ત્યારે આપણે ઊભા થવું જોઈએ. ગુરુમહારાજ આપણી સામે ઊભા રહીને વાત કરતા હોય ત્યારે આપણે તેમની સામે બેઠાં બેઠાં વાત કરાય નહિ. બેસી રહીને વાત કરવાથી તેમનો અવિનય થાય.

૩. ગુરુમહારાજની સામે ખવાય-પિવાય નહિ, તેમની પાસે એંઠાં મોઢે, કાંઈ પણ ખાતાં ખાતાં, મોઢામાં પાનનો ડૂચો કે તમાકુ રાખીને જવાય નહિ.

૪. ગાદી-ગાદલા ઉપર કે ઊંચા આસને બેસીને ગુરુમહારાજનો ઉપદેશ સંભળાય નહિ. ગુરુમહારાજથી નીચા આસને કે જમીન ઉપર બેસવું જોઈએ.

૫. ગુરુમહારાજની સામે ગાદી-ગાદલા ઉપર સુવાય કે બેસાય નહિ.

૬. ગુરુમહારાજની સામે પગ લાંબા કરીને સુવાય કે બેસાય નહિ. પોતાના ઘરમાં કે અન્યત્ર ભગવાન અને ગુરુમહારાજની મૂર્તિ કે ફોટા સામે પણ પગ લાંબા કરીને સુવાય કે બેસાય નહિ.

૭. દેવ-ગુરુ, તેમની પ્રતિમા અને તેમના ફોટાને પૂંઠ કરીને બેસાય કે ઊભા રહેવાય નહિ.

૮. રાત્રે ગુરુવંદન કરાય નહિ. અવગ્રહ સાચવવાપૂર્વક ઊભા રહી, બે હાથ જોડી, મસ્તક નમાવી '**ત્રિકાલવંદના**' કહેવાય.

૯. ગુરુમહારાજની કોઈ પણ વસ્તુ તેમને પૂછ્યા વગર લેવાય નહિ.

૧૦. ગુરુમહારાજને આપણી કોઈ પણ વસ્તુ સાચવવા માટે અપાય નહિ.

૧૧. ગૃહસ્થનું કામ કરવાનો ગુરુમહારાજનો આચાર નથી. માટે આપણું કોઈ કામ ગુરુમહારાજને બતાવાય નહિ.

૧૨. ગુરુમહારાજનાં મહાવ્રતોને બાધા પહોંચે તેવા પ્રશ્નો તેમને પુછાય નહિ. સંસારનાં કાર્યો સંબંધી મુહૂર્ત્ત-જ્યોતિષ તથા વૈદ્ય અને દવા અંગે તેમને કદી પણ પુછાય નહિ.

૧૩. ગુરુમહારાજ સમક્ષ સ્ત્રીપુરુષ સંબંધી ઉચિત મર્યાદાનું પાલન અવશ્ય કરવું જોઈએ.

૧૪. ગુરુમહારાજ સમક્ષ પતિ-પત્નીએ અથવા સ્ત્રીપુરુષોએ જોડાજોડ બેસાય નહિ, ઉચિત અંતર રાખીને જ બેસવું જોઈએ.

૧૫. ગુરુમહારાજ સમક્ષ સ્ત્રીઓએ ઉઘાડા માથે જવાય નહિ, માથું ઉઘાડું રાખીને ઉપદેશ કે વ્યાખ્યાન સંભળાય નહિ, વાસક્ષેપ નખાવતી વખતે માથું ખોલાય નહિ. સાડીથી માથું ઢાંકેલું રાખીને જ વાસક્ષેપ નખાવાય. તેમ જ સાધ્વીજી મહારાજ સમક્ષ પણ ઉઘાડા માથે જવાય નહિ.

૧૬. વ્યાખ્યાન સાંભળવા ગુરુમહારાજ સામે સભ્યતાપૂર્વક બેસવું જોઈએ. બે પગ ઊભા રાખી તેની ફરતા બે હાથ વીંટાળીને બેસાય નહિ, એક પગ ઊભો રાખી જમીન ઉપર હાથ ટેકવીને પણ બેસાય નહિ, પગ લાંબા કરીને બેસાય નહિ. ગુરુમહારાજથી ૩ાા હાથ દૂર બેસવું જોઈએ. ગુરુમહારાજની દૃષ્ટિ આપણા ઉપર પડે અને આવનારને વિઘ્ન ન થાય તેમ યોગ્ય રીતે બેસવું જોઈએ.

૧૭. દેરાસરમાં કે અન્યત્ર એક જ વ્યક્તિ પસાર થઈ શકે તેવા કોઈ સાંકડા દ્વાર પાસે કે સાંકડા રસ્તા પાસે ગુરુમહારાજ અને આપણે સામસામા ભેગા થઈએ ત્યારે આપણે એક બાજુ ખસીને ઊભા રહી જવું જોઈએ અને પ્રથમ ગુરુમહારાજને જ પેસવા-નીકળવા માટેનો કે પસાર થવા માટેનો માર્ગ કરી આપવો જોઈએ. ગુરુમહારાજ દ્વારમાં પ્રવેશ કરે કે તેમાંથી નીકળે અથવા સાંકડા માર્ગમાંથી પસાર થઈ જાય, ત્યાર પછી જ આપણે પેસવું-નીકળવું કે પસાર થવું જોઈએ. પણ ગુરુમહારાજને ઊભા રાખીને આપણાથી તેમના પહેલાં પેસાય-નીકળાય કે પસાર થવાય નહિ.

તડકા-છાંયાવાળા, ભીના-સૂકા અને સારા-ખરાબ માર્ગની બાબતમાં પણ આવી જ રીતે વિવેકપૂર્વક વર્તવું જોઈએ.

ગુરુમહારાજની જેમ આ વાત પાઠશાળા-નિશાળના શિક્ષક અને માબાપ વગેરે વડીલો માટે પણ સમજવી.

૧૮. ગુરુમહારાજના શરીરની શુશ્રૂષા(સેવા)નો લાભ લેવાની ભાવનાવાળાએ તે માટે પ્રથમ ગુરુ-આજ્ઞા લેવી જોઈએ. આજ્ઞા મળ્યા પછી જ અવગ્રહમાં દાખલ થવાય અને શુશ્રૂષાનો લાભ લઈ શકાય. ગુરુમહારાજની આજ્ઞા લીધા વગર અવગ્રહમાં દાખલ થવાય નહિ અને તેમના શરીરને અડાય નહિ.

**બોધ બે પ્રકારનો**

**૧. સામાન્યબોધ કે જેને દર્શન કહેવાય છે.**

**૨. વિશેષબોધ કે જેને જ્ઞાન કહેવાય છે.**

સામાન્ય બોધને અટકાવનાર કર્મ દર્શનાવરણીય અને વિશેષ બોધને અટકાવનાર કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ છે. બંને બોધને અપાવનાર દર્શનાવરણ અને જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ છે.

# ગુરુચરણસ્પર્શ

હમણાં હમણાં વિશેષ પ્રકારે ગૃહસ્થોમાં દેખાદેખીથી ગુરુમહારાજના ચરણનો સ્પર્શ કરવાની પ્રવૃત્તિ ચાલી પડી છે. વિવેક ચૂકીને જે રીતે આ પ્રવૃત્તિ ચાલી પડી છે એ તો અવશ્યમેવ સુધારો માગે એવી છે.

ગુરુચરણસ્પર્શ શાસ્ત્રવિહિત હોય તો તેનો અપલાપ કરવાની બુદ્ધિ નથી. અવિવેક દૂર થાય અને સાધુ ભગવંતોના આચારોનું પાલન થાય એ જ શુભ આશય છે. અવિવેકનું નિવારણ થાય અને આચારપાલન થાય આ બે વાતમાં જ્ઞાની પુરુષોનો વિરોધ કદાપિ હોઈ શકે નહિ.

૧. પુરુષો માટે ગુરુનો અવગ્રહ (આશાતના ટાળવા માટેનું ઉચિત અંતર) ચારેય દિશામાં ૩ા હાથ(૭ વેંત)નો છે. ગુરુવંદન-ભાષ્યમાં જણાવ્યા મુજબ **ગુરુમહારાજની આજ્ઞા લીધા વગર અવગ્રહમાં દાખલ થવાય નહિ.**

**આજ્ઞા લીધા વગર વંદન, વેયાવચ્ચ કે શુશ્રૂષા (શરીરસેવા) કરાય નહિ.** આમ છતાં આજ્ઞા વગર અવગ્રહમાં દાખલ થવું અને આજ્ઞા લીધા વગર જ ચરણસ્પર્શ કરીને શુશ્રૂષા કરવા લાગી જવું વગેરે દોષરૂપ બને છે.

અવગ્રહમાં પ્રવેશ કરવા માટે જ્યારે ગુરુની આજ્ઞા મેળવવી જરૂરી હોય ત્યારે તેમના ચરણનો સ્પર્શ કરવા માટે પણ આજ્ઞા મેળવવી જરૂરી ગણાય.

વંદન, વેયાવચ્ચ કે શુશ્રૂષા (શરીરસેવા) ગુરુની આજ્ઞા લઈને અથવા ઇચ્છા જાણીને કરાય તે યોગ્ય છે.

ગુરુની આજ્ઞાનો અભાવ અને અનિચ્છા હોય ત્યારે શિષ્ટજનો તેમને પ્રતિકૂળ હોય તેવું વર્તન કરે નહિ.

૨. **જિનશાસનમાં આજ્ઞાપ્રાધાન્ય : 'आणाए धम्मो'** (ધર્મ આજ્ઞામાં છે) એ જિનશાસનનું પ્રધાનસૂત્ર છે. તેથી શ્રમણે (સાધુએ) કે શ્રાવકે આજ્ઞાને નજર સમક્ષ રાખીને, પોતાના પરિણામ અને વ્યવહાર બગડે નહિ તેનો ખ્યાલ રાખીને પ્રત્યેક વ્યવહાર જેમ ગુરુની આજ્ઞાપૂર્વક જ કરવાનો હોય છે, તેમ ગુરુચરણનો સ્પર્શ પણ તેમની આજ્ઞા લઈને અથવા ઇચ્છા સમજીને જ કરવો ઉચિત ગણાય. અન્યથા ભક્તિભાવથી કરાયેલો ચરણસ્પર્શ પણ દોષરૂપ બને.

શિષ્ટસમાજના વ્યવહાર મુજબ પણ ગુરુના ચરણનો સ્પર્શ ગુરુની આજ્ઞા લીધા વગર કરવો તે ઉચિત જણાતું નથી.

૩. ગુરુમહારાજ ઊભા થઈને ચાલવા માટે પગ ઉઠાવીને ડગલું માંડી રહ્યા હોય એવા વખતે ગુરુમહારાજને ખ્યાલ ન આવે તેમ ચરણસ્પર્શ કરાય છે. એથી ગુરુમહારાજની સ્થિતિ પડી જવા જેવી બની જાય છે.

૪. ગુરુમહારાજ માર્ગમાં ચાલી રહ્યા હોય, ગોચરી-પાણી વહોરવા માટે જઈ રહ્યા હોય ત્યારે ગુરુમહારાજને ખ્યાલ ન આવે તેમ આજુબાજુમાંથી અચાનક આવીને તેમના ચરણનો સ્પર્શ કરાય છે, ત્યારે એકાએક ગતિરોધ થવાથી પણ ગુરુમહારાજની સ્થિતિ પડી જવા જેવી બની જાય છે.

૫. ગુરુમહારાજ સવારમાં ગરમ પાણીનો ઘડો ત્રાંસમાં ઠાલવી રહ્યા હોય તે વખતે ગુરુમહારાજને ખ્યાલ ન આવે તેમ અચાનક જ તેમના ચરણનો સ્પર્શ કરાય ત્યારે, પગ ઉપર જીવજંતુ ચડ્યાની આશંકાથી ગુરુમહારાજ સંભ્રમિત થઈ જાય, હાથમાંથી ઘડો પડીને ફૂટી જાય અને ગરમ પાણીથી પોતે દાઝી જવાના તેમ જ અન્ય જીવોની વિરાધના થવાના પ્રસંગ પણ બને.

આવા દુઃખદાયક પ્રસંગ ભલે ક્યારેક જ બને, તોપણ તેને ઉપેક્ષા કરવા યોગ્ય માની શકાય નહિ.

૬. ગુરુમહારાજ નિદ્રાધીન હોય ત્યારે પણ આદતને વશ બનીને તેમના ચરણનો સ્પર્શ કરાય છે, તેથી ગુરુમહારાજની નિદ્રાનો ભંગ થાય છે. નિદ્રાભંગ થવાથી ગુરુની આશાતના થાય છે અને અડનારને અશાતાવેદનીય કર્મ બંધાવાનો સંભવ રહે છે.

૭. ગૃહસ્થો નામું લખતા હોય કે નોટો ગણતા હોય ત્યારે તેમના શરીરને વારંવાર કોઈ અડ્યા કરે તો બેધ્યાન થવાથી તેમનાં તે કામ બગડે છે તે અનુભવસિદ્ધ હોવાથી સ્પષ્ટ સમજાય તેવી વાત છે.

તેવી જ રીતે ગુરુમહારાજ કાઉસ્સગ્ગમાં હોય, ધ્યાનમાં હોય કે ચિત્તની એકાગ્રતાપૂર્વક સ્વાધ્યાય કરી રહ્યા હોય ત્યારે પણ ચરણનો સ્પર્શ કરાય છે, તેથી કાઉસ્સગ્ગનો, ધ્યાનનો અને ચિત્તની એકાગ્રતાનો ભંગ થાય છે અને આરાધનામાં અંતરાય થાય છે તે પણ સ્પષ્ટ સમજાય તેવી વાત છે. એથી એવા વખતે અડવું દોષરૂપ બને છે.

૮. જ્યાં રોજ ૫૦/૧૦૦ શ્રાવક વંદન કરવા આવતા હોય એવી વસતીમાં રહેલા સાધુભગવંત સ્વાધ્યાય, જાપ, ચિંતન, મનન, અધ્યયન આદિ કરતા હોય, વાચના આપતા હોય, પડિલેહણ કરતા હોય ત્યારે આ બધું ચિત્તની એકાગ્રતાપૂર્વક કરી શકતા નથી. વારંવારના ચરણસ્પર્શથી તેમની

એકાગ્રતા રહી શકતી નથી. બેધ્યાન બનવાથી ગુરુના જ્ઞાન-ધ્યાન-અધ્યયન આદિની હાનિ (તેમાં અંતરાય) થવાનો સંભવ રહે છે. જ્ઞાન-ધ્યાન આદિમાં અંતરાય થવાથી અંતરાય કરનારને જ્ઞાનાવરણીય કર્મ બંધાવાનો સંભવ રહે છે.

૧૦. **'મારે શુશ્રૂષા** (શરીરસેવા) **કરાવવી નહિ'** એવો અભિગ્રહ કોઈ સાધુભગવંતે કર્યો હોય ત્યારે ગુરુની આજ્ઞા વગર ચરણસ્પર્શ કરીને ચરણશુશ્રૂષા કરવા લાગી જનારા ગૃહસ્થ ગુરુમહારાજના અભિગ્રહનો ભંગ કરાવે છે. તેથી ગુરુને અને શુશ્રૂષા કરનારને દોષ લાગે છે.

૧૧. આજ્ઞા લીધા વિના પુરુષોને ગુરુમહારાજના ચરણનો સ્પર્શ કરતા જોઈને કેટલીકવાર અજ્ઞાન બાળાઓ પણ ગુરુમહારાજનું ધ્યાન અન્યત્ર હોય તેવા વખતે અચાનક જ તેમના ચરણનો સ્પર્શ કરી લેવાના પ્રસંગ પણ ક્યારેક બની જાય.

૧૨. ગુરુમહારાજ માત્રાનો પ્યાલો લઈ માત્રું પરઠવવા કે ડોલ લઈ કાંપનું પાણી પરઠવવા જઈ રહ્યા હોય ત્યારે પણ તેમના ચરણનો સ્પર્શ કરાય છે, જે ઉચિત નથી.

૧૩. ગુરુમહારાજને શિયાળામાં ઠંડી આદિના કારણે ચરણસ્પર્શ પ્રતિકૂળ હોય, શરીરને અશાતા ઉપજાવનાર બને તેમ હોય અથવા કાર્યમાં વિઘ્નરૂપ બને તેમ હોય તેવા વખતે ગુરુમહારાજ તરફથી ઘણો નિષેધ કરાવા છતાં તેની અવગણના કરીને પણ હઠાગ્રહથી ગુરુમહારાજના ચરણનો સ્પર્શ કરાય છે.

વારંવાર બનતા આવા પ્રસંગ, ક્યારેક કોઈકને કષાયની ઉદીરણા થવાથી અશુભ કર્મબંધનું નિમિત્ત પણ બની શકે છે.

૧૪. ગૃહસ્થોને એક વાર ચરણસ્પર્શની આદત પડી ગયા પછી પોતે ચોમાસાના દિવસોમાં વરસાદથી પલળીને આવ્યા હોય, શરીર અને વસ્ત્રો ભીનાં હોય, સ્નાન કરીને આવ્યા પછી માથાના વાળ ભીના હોય, હાથે બાંધેલી રક્ષાપોટલી ભીની હોય, કોઈ પ્રસંગે ગળામાં ફૂલની માળા પહેરેલી હોય, ખીસામાં કે હાથમાંની થેલીમાં સચિત્ત વસ્તુ હોય, કાંડે પાવરવાળી ઘડિયાળ બાંધેલી હોય, સાંભળવા માટે કાને પાવરવાળું મશીન રાખેલું હોય ત્યારે પણ ગુરુમહારાજ તરફથી ઘણો નિષેધ કરાવા છતાંય તેમના ચરણનો સ્પર્શ કરાય છે. આથી ગુરુમહારાજને સચિત્તનો સંઘટ્ટો થાય છે. તેથી તેઓ દોષમાં પડે છે અને ગુરુમહારાજને સચિત્તનો સંઘટ્ટો કરાવવાથી ગૃહસ્થ પણ દોષમાં પડે છે.

૧૫. પોતાને ચરણસ્પર્શ આદિની પ્રતિકૂળતાને કારણે થતી અશાતા, કાર્યમાં વિઘ્ન, આરાધનામાં અંતરાય આદિ કારણોસર કોઈ સાધુભગવંત તરફથી, (આજ્ઞા લીધા વગર જ ગુરુમહારાજના ચરણનો સ્પર્શ કરવા ટેવાઈ ગયેલા ગૃહસ્થોને) જ્યારે પોતાના શરીરનો સ્પર્શ કરવાનો નિષેધ કરવામાં આવે છે, ત્યારે સ્વેચ્છાએ ગુરુચરણસ્પર્શના અતિ આગ્રહી બની ગયેલા ગૃહસ્થો તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે, 'અમારો ભાવ સારો છે, અર્થાત્ અમે આપના ચરણનો સ્પર્શ સારા ભાવથી કરીએ છીએ.'

પરંતુ તેઓ પોતાની કલ્પના મુજબના ભાવને જ સારો ભાવ ગણતા હોય છે. વાસ્તવિક સારો ભાવ કોને કહેવાય એનું એમને પ્રાયઃ જ્ઞાન હોતું નથી. આમ છતાં આપણે માની લઈએ કે એમનો ભાવ વાસ્તવિક રીતે સારો છે, તોપણ સારા ભાવની એમની દલીલને વાજબી ઠરાવી શકાય તેમ નથી. કારણ કે એકલો સારો ભાવ તો કોઈનેય ઈષ્ટ નથી, સારા ભાવની સાથે કરાતું કાર્ય પણ સારું જ હોવું જોઈએ. અર્થાત્ ભાવ અને ક્રિયા બંને સારાં હોવાં જોઈએ, તો જ એ માન્ય બની શકે. એકલો સારો ભાવ તો સારા ભાવની દલીલ કરનારને પોતાને પણ માન્ય હોતો નથી અને જગતને પણ માન્ય હોતો નથી.

સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થનો પાડોશી, સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થના છ માસના બાળકને હેતથી રમાડવા માટે આવે છે. બાળકને રમાડવાના સારા ભાવથી જ તે, બાળકને બે હાથે પકડીને આકાશમાં ઉછાળી-ઉછાળીને ઝીલે છે. તેમાં એક વાર બાળક ઝિલાતું નથી. જમીન ઉપર પટકાઈને સખત ઈજા પામે છે. ત્યારે સારા ભાવની દલીલ કરનાર ગૃહસ્થ, પાડોશીને પૂછે છે કે, તમે અમારા બાળકને કેમ આવી સખત ઈજા પહોંચાડી ? જવાબમાં પાડોશી કહે છે કે, 'મારો ભાવ સારો હતો, તમારા બાળકને હૈયાના હેતથી રમાડવાનો જ ભાવ હતો.' તો તેના આવા એકલા સારા ભાવને માબાપ સહિત આખું જગત માન્ય રાખવા તૈયાર થશે નહિ. બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ વિવેકપૂર્વકની સારી જ હોવી જોઈતી હતી એમ જરૂર માનશે. બાળકને રમાડવાના સારા ભાવની સાથે રમાડવાની ક્રિયા સારી નહોતી, માટે પાડોશીને સજાને પાત્ર કે ઠપકાને પાત્ર અવશ્ય ગણશે.

અહીં આપણે જોયું કે બાળકને રમાડવાનો એકલો સારો ભાવ માન્ય બની શકતો નથી-વાજબી ઠરતો નથી. બાળકને રમાડવાના સારા ભાવની

સાથે તેને રમાડવાની ક્રિયા પણ બિલકુલ જોખમ વગરની નિર્દોષ જ હોવી જોઈએ. ભાવ સારો હોય અને ક્રિયા ખોટી કે ખરાબ હોય તે ચાલે નહિ. સારા ભાવ સાથે કરાતી ક્રિયા પણ અવશ્યમેવ સારી હોવી જોઈએ.

આમ સારા ભાવની સાથે કરાતી ક્રિયા પણ વિવેકબુદ્ધિ સહિતની સારી જ હોવી જોઈએ. એકલો સારો ભાવ ક્યાંય કામ લાગે નહિ.

તેમ ગુરુમહારાજના ચરણસ્પર્શની બાબતમાં પણ ગૃહસ્થોનો એકલો સારો ભાવ માન્ય બની શકે નહિ.

**અજ્ઞાનના ઘરના કલ્પનાજન્ય ભાવને સારો ભાવ કહેવાય નહિ.**

**ભગવાનની આજ્ઞા મુજબના ભાવને જ સારો ભાવ કહેવાય.**

સારા ભાવની સાથે ચરણસ્પર્શરૂપ ક્રિયા પણ વિવેકપૂર્વકની અર્થાત્ ગુરુમહારાજની આજ્ઞાપૂર્વકની હોવી જરૂરી છે. ગુરુમહારાજની આજ્ઞા લીધા વગર કે ઇચ્છા જાણ્યા વગર તેમના શરીરને અડવાની ક્રિયા સારી ગણાતી નથી.

ગુરુમહારાજના શરીરને અડવાની આજ્ઞા પણ તેમની વેયાવચ્ચ આદિના ખાસ પ્રયોજન વિના માગવી યોગ્ય જણાતી નથી.

## ઉપાશ્રય સંબંધી વિવેક

૧. ઉપાશ્રયમાં **'નિસીહિ'** કહીને જ પ્રવેશ કરાય.

૨. ઉપાશ્રયમાં દેશકથા, રાજકથા, ભક્તકથા અને સ્ત્રીકથા આ ચાર વિકથા તેમ જ વેપારધંધા, વિવાહલગ્ન વગેરે સંસારનાં કાર્યો સંબંધી કોઈ પણ જાતની વાતચીત કરાય નહિ. આવું લખાણ જેમાં હોય તેવાં પુસ્તક વગેરે કાંઈ પણ વંચાય નહિ.

૩. ઉપાશ્રયના ચોગાનમાં તેમ જ ધાબા-અગાસી કે છાપરા ઉપર જઈને પતંગ ચગાવાય નહિ, કોઈ પણ જાતની રમતગમત કરાય નહિ, વડી-પાપડ સૂકવાય નહિ, સંસાર સંબંધી કોઈ પણ કાર્ય કરાય નહિ.

૪. સ્ત્રીએ પુરુષનો વેશ પહેરીને ઉપાશ્રયમાં જવાય નહિ.

૫. સ્ત્રીઓએ સાડીથી માથું ઢાંકીને ઉપાશ્રયમાં પ્રવેશ કરવો જોઈએ.

## પાઠશાળા સંબંધી વિવેક

૧. ખાંતાં-ખાતાં, એંઠા મોઢે, અપવિત્ર શરીરે, અપવિત્ર વસ્ત્રો અને ઉદ્‌ભટ વેશ પહેરીને, સ્ત્રીએ પુરુષનો વેશ પહેરીને મર્યાદારહિતપણે, અસભ્યતાપૂર્વક પાઠશાળામાં ભણવા જવાય નહિ.

૨. હાથ-પગ-મોઢું ધોઈ, વાળ ઓળી, સારાં શુદ્ધ, સ્વચ્છ અને પૂરતાં વસ્ત્રો પહેરીને જ પાઠશાળામાં ભણવા જવાય.

૩. પાઠશાળાએ ભણવા માટે સમયસર જવું જોઈએ. શિક્ષક આવે ત્યારે બધા બાળકોએ સાથે ઊભા થઈને તેમને પ્રણામ કરવા જોઈએ. તેમ જ ઘેર જતી વખતે પણ તેમને પ્રણામ કરવા જોઈએ.

૪. નિશાળમાં પરીક્ષાના દિવસોમાં પણ પાઠશાળાએ ભણવા જવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૫. ભણવાના સમયે ભણવામાં ધ્યાન રાખીને ભણવું જ જોઈએ. આડુંઅવળું જોવાય નહિ અને વાતો પણ કરાય નહિ.

૬. પાઠશાળામાં ભણવા જઈએ ત્યારે ત્યાં કાંઈ પણ ખવાય-પિવાય નહિ.

૭. પાઠશાળામાં તોફાન અને લડાઈ-ઝઘડા કરાય નહિ, ગાળ બોલાય નહિ.

૮. પાઠશાળાના શિક્ષકની સામે બોલાય નહિ, તેમનું અપમાન કરાય નહિ, તેમનો અવિનય થાય તેવું કાંઈ પણ કરાય નહિ.

૯. પાઠશાળાના બાળકોએ એકબીજાને તેમનાં નામની પાછળ માનવાચક **'ભાઈ'**, શબ્દ જોડીને અને **'તમે'** કહીને બોલાવવા જોઈએ. એથી પરસ્પર પ્રેમભાવ અને આપણી શોભા વધે છે.

## પુરુષો માટે ખાસ

૧. પુરુષોએ સાધ્વીજી મહારાજને ખમાસમણ દેવાય નહિ અને અબ્ભુટ્ઠિઓ ખામીને વંદન પણ કરાય નહિ. બે હાથ જોડીને માત્ર **'મત્થએણ વંદામિ'** કહેવાય.

૨. પુરુષોએ સાધ્વીજી મહારાજ પાસે કે અન્ય કોઈ સ્ત્રી પાસે કોઈ પણ પચ્ચક્ખાણ લેવાય નહિ. (જુઓ પાનું ૧૭૪)

૩. પુરુષોએ સાધ્વીજી મહારાજ કે અન્ય કોઈ સ્ત્રી પાસે ગાથા લેવાય નહિ અને ગોખેલી ગાથા તેમને સંભળાવાય પણ નહિ.

૪. પુરુષોએ સાધ્વીજી મહારાજ કે અન્ય કોઈ સ્ત્રી પાસે **'કરેમિ ભંતે'** ઉચ્ચારાય નહિ.

૫. પુરુષોએ સાધ્વીજી મહારાજ કે અન્ય કોઈ સ્ત્રી પાસે આદેશ મગાય નહિ.

૬. પુરુષોએ સાધ્વીજી મહારાજના વ્યાખ્યાનમાં જવાય નહિ.

૭. પુરુષોએ સાધ્વીજી મહારાજનું પૂજન કરાય નહિ અને તેમની પાસે વાસક્ષેપ પણ નખાવાય નહિ.

૮. પુરુષોએ સાધ્વીજી મહારાજ પાસે મંગળિક સંભળાય નહિ.

**જ્ઞાનીઓએ સ્વ-પરના હિતને માટે બતાવેલી આ મર્યાદાનું પાલન વર્તમાન વિષમકાળમાં તો વિશેષ પ્રકારે કરવા યોગ્ય છે.**

# કેટલીક જાણવા જેવી બાબતો

૧. જૈનકુળ જેવા ઉત્તમ કુળમાં જન્મેલાં બાળકો, **'મને ધર્મ કરવાનો સમય નથી'** એમ કદી પણ બોલે નહિ.

૨. ભગવાન, ધર્મગુરુ, વિદ્યાગુરુ, કલાગુરુ, રાજા, મન્ત્રી વગેરે મોટા માણસો, માબાપ, મોટાભાઈ, વડીલ, હિતેચ્છુ, ઉપકારી વગેરેની સામે તથા દેરાસર, ઉપાશ્રય વગેરે ધર્મસ્થાનોમાં પગ ઉપર પગ ચડાવીને બેસાય નહિ.

૩. આપણા ઘરનાં ફાટેલાં-તૂટેલાં અને નકામાં પુસ્તકો, જૂનાં પંચાંગો તેમ જ ફોટા અને બીજી પણ નકામી વસ્તુઓ કોઈ જુએ-જાણે નહિ તેમ ચોરી-છૂપીથી અથવા કોઈના દેખતાં પણ દેરાસર કે ઉપાશ્રયમાં મૂકી જવાથી દોષ લાગે છે.

૪. સરકસ, પ્રાણીબાગ, માછલીઘર, મદારીના ખેલ, ખેલકૂદ, ટી.વી. વગેરે જોવાથી પાપ લાગે છે.

૫. વિના કારણ થૂંક્યા કરવાની અસભ્ય ને ગંદીગોબરી ટેવ સારી નથી, તેથી આપણને હિંસાજન્ય દોષ લાગે છે.

૬. બરફ, આઇસક્રીમ, કુલફી વગેરે અભક્ષ્ય છે, તે ખવાય નહિ.

૭. સ્ત્રીઓએ વાળ ઓળ્યા પછી નીકળેલાં વાળનાં ગૂંચળાં કપડામાં બાધ્યા વિના રસ્તામાં નખાય નહિ. તેવી જ રીતે પતંગના અને સીવવા-સાંધવાના દોરાનાં ગૂંચળાં પણ કપડામાં બાંધ્યા વિના રસ્તામાં નખાય નહિ. વાળ અને દોરા ચકલાં, કબૂતર વગેરે પક્ષીઓના પગમાં ભરાઈ જાય છે. તેથી તેઓ ઊડી શકતાં નથી, ભૂખ્યાં-તરસ્યાં રહે છે અને મરણને શરણ થાય છે. કાપેલા નખ પણ કપડામાં બાંધ્યા વિના રસ્તામાં નખાય નહિ. નખને ચોખાનો દાણો સમજી ચકલાં ખાય તો મરી જાય છે.

૮. પવિત્ર ન્હવણજળ(નમણ)માં આપણા શરીરના પરસેવા વગેરેથી મલિન અને દુર્ગંધવાળી બનેલી, હાથે બાંધેલી રક્ષાપોટલી નખાય નહિ.

આપણે હંમેશાં વિનયી અને વિવેકી બનવું જોઈએ. વિનયી અને વિવેકી બનવાથી જ ધર્મકાર્યોનું યથાર્થ ફળ પામી શકાય છે, પાપથી બચી શકાય છે, પુણ્યકાર્યો કરી શકાય છે, સુખશાન્તિમય, નિર્દોષ ને નિષ્પાપ જીવન જીવી શકાય છે, સમાધિપૂર્વક મરી શકાય છે, સદ્‌ગતિ સાધી શકાય છે અને શિવસુખ પામી શકાય છે.

## ગાળ (અપશબ્દ) બોલાય નહિ.

ગાળ દેવાથી વેરઝેર, મારામારી ને ખૂનખરાબી થાય. જીભ મળે નહિ અને ભવાંતરમાં દુઃખી થવું પડે એવાં પાપ બંધાય. કોઈ ગાળ દે તે સાંભળી ગુસ્સે થવું નહિ ને સામી ગાળ દેવી નહિ.

## ગાળાગાળી કરનારા યુવકોનું દૃષ્ટાંત

એક શહેરની સડક ઉપર અત્યંત ઝડપથી ચલાવાતાં, બે યુવકોનાં સ્કૂટર સામસામાં ભટકાયાં. કોઈએ પોતાનો દોષ જોયો નહિ. બંને સામાનો દોષ કાઢી સામસામી ગાળાગાળી કરવા લાગ્યા. આવેશમાં આવી મારામારી કરી લોહીલુહાણ થયા. પોલીસે બંનેને પકડ્યા. કેસ કર્યો. ન્યાયાધીશે બંનેને જેલની ને દંડની સજા કરી.

ગાળાગાળી ને મારામારી કરી વેરઝેર બાંધી બંને દુઃખીદુઃખી થઈ ગયા. આ લોકમાં દુઃખી થયા ને પરલોકમાં પણ દુઃખી થશે.

## ગાળ સહન કરનારા સંતની કથા

દૂર દેશથી પદયાત્રા કરીને આવેલા એક સંતે એક ગામના પાદરે આવેલા મહાદેવજીના મંદિર પાસે નિવાસ કર્યો. તેઓ મહાદેવજીની પૂજા ને ભજનકીર્તન કરતા. સંત ખરેખર ભગવાનના ભક્ત હતા. તેમના તરફથી ગામના લોકોને કોઈ પણ જાતનો ઉપદ્રવ હતો નહિ, પણ ગામના લોકો ઘણા દુષ્ટ હતા. તેઓ આ સંતને ઢોંગી સમજીને, મંદિર પાસેથી પસાર થતી વખતે રોજરોજ તેમની ઉપર ગાળોનો વરસાદ વરસાવતા હતા. પણ સંત તો શાંત, સહિષ્ણુ ને સમજદાર હતા. તેથી તેઓ ગામના લોકોની ગાળો શાંતિથી સાંભળી લેતા, તેમના ઉપર ગુસ્સો કરતા નહિ, હૃદયમાં તેમની ઉપર વેરભાવ રાખતા નહિ ને તેમને સામી ગાળ પણ દેતા નહિ. આથી તેમને રોજરોજ વિના કારણ ગાળો દેનારા ગામલોકો છેવટે થાક્યા, હાર્યા, શાંત થયા ને સંત પાસે આવ્યા. તેમને પ્રણામ કરીને પૂછ્યું કે, "અમે તમને રોજરોજ ગાળો દઈએ છીએ, તોપણ તમે કેમ ગુસ્સો કરતા નથી ? કેમ અમને સામી ગાળ દેતા નથી ?"

સંતે હસીને કહ્યું : "સાંભળો ! તમે મને સો રૂપિયા આપવા ઇચ્છો તે હું લઉં નહિ તો તે કોની પાસે રહે ?" ગામલોકો કહે : "અમારી પાસે જ રહે."

સંતે ફરીને કહ્યું : "તમે મને ગાળ દો તે હું લઉં નહિ તો કોની પાસે રહે ?" ગામલોકો જવાબ આપી શક્યા નહિ. સમજી ગયા કે ગાળ દેવાથી આપણું જ મુખ અપવિત્ર બને છે. આપણે આપેલી ગાળ આપણી પાસે જ રહે છે, આપણને જ લાગે છે. સમજીને શરમિંદા બન્યા. પોતાની ભૂલનો પસ્તાવો કરવા લાગ્યા. સંતના ચરણમાં પડીને વારંવાર ક્ષમા માગવા લાગ્યા.

હવે તેઓ તે સંતના પરમ ભક્ત બન્યા, તન-મન-ધનથી તેમની સેવા કરવા લાગ્યા ને જીવનમાં કદી પણ ગાળ નહિ બોલવાની પ્રતિજ્ઞા કરી આ ભવ પરભવમાં સુખી થયા.

✻

## બાળકો ! મહાન પુણ્યોદયે તમને જૈન કુળમાં જન્મ મળ્યો છે, તો તમારે આટલું તો અવશ્ય કરવું જોઈએ.

૧. રોજ રાત્રે વહેલાં સૂઈ જવું જોઈએ અને સવારે વહેલાં ઊઠવું જોઈએ. પલંગ-પથારીનો ત્યાગ કરી પવિત્ર ભૂમિ ઉપર યોગ્ય સ્થાને યોગ્ય રીતે બેસી બે હાથ જોડી નવકારમન્ત્રનું અને ઉપકારી દેવ-ગુરુનું સ્મરણ કરવું જોઈએ. તથા ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ તો અવશ્ય કરવું કે ધારવું જોઈએ.

૨. વિનય-વિવેક સહિત માબાપનાં ચરણોમાં મસ્તક મૂકીને તેમને પગે લાગવું જોઈએ.

૩. દાતણ કર્યા પહેલાં હાથ, પગ, મોઢું ધોઈ, વાળ ઓળી, શુદ્ધ, સુંદર તેમ જ પરિપૂર્ણ એવો યોગ્ય વેશ પહેરીને જયણાપૂર્વક દેરાસર જઈ વિધિસહિત ભગવાનનાં દર્શન કરવાં જોઈએ.

૪. પછી જયણાપૂર્વક ઉપાશ્રયે જઈ વિધિસહિત ગુરુવંદન કરી નવકારશી આદિનું યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું જોઈએ.

૫. સાંજે પણ ભગવાનનાં દર્શન કરવા દેરાસર જવું જોઈએ. ધૂપ-દીપ કરવા જોઈએ અને આરતી ઉતારવી જોઈએ.

૬. સાંજે પણ ગુરુવંદન કરી ચઉવિહાર કે તિવિહારનું પચ્ચક્ખાણ કરવું જોઈએ.

૭. રાત્રિભોજનનો તથા કંદમૂળ, અભક્ષ્ય અને વાસી ભોજનનો ત્યાગ કરવો જોઈએ.

૮. પાણીના માટલામાં એંઠો ગ્લાસ બોળાય નહિ. જમતી વખતે એંઠું મુકાય નહિ. થાળી ધોઈને પાણી પી જવું જોઈએ અને થાળીને પણ સૂકવી નાખવી જોઈએ.

૯. રોજ સમયસર પાઠશાળાએ જવું જોઈએ, શિક્ષકનો વિનય સાચવવો જોઈએ અને ધાર્મિક સૂત્રોનો અભ્યાસ કરવો જોઈએ.

૧૦. શીખેલાં ધાર્મિક સૂત્રોનો થોડો થોડો સ્વાધ્યાય રોજ કરતાં રહેવું જોઈએ.

૧૧. ઉપકારી માબાપની સેવા કરવી જોઈએ. જિનાજ્ઞાથી અવિરુદ્ધ, સ્વપરહિતકારી એવી તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. તેમની સામે કદી પણ બોલવું નહિ.

૧૨. ગાળ બોલવી નહિ, કોઈની પણ ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિ, બીજાને દુઃખ થાય તેવું અસભ્ય કે અપમાનજનક વચન બોલવું નહિ અને કોઈની સાથે લડાઈ-ઝઘડા કરવા નહિ.

૧૩. **કોઈ પણ જીવ આપણો શત્રુ નથી, સર્વ જીવ આપણા મિત્ર છે,** માટે નાનામાં નાના જીવની પણ રક્ષા કરવાનો પ્રયત્ન કરવો. જાણી જોઈને કોઈ જીવને કદી પણ મારવો નહિ. હંમેશાં નીચે જોઈને ચાલવું. **માત્ર મનુષ્યની નહિ, સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે.**

૧૪. જૂઠું બોલવાથી ભવાંતરમાં જીભ મળે નહિ. માટે જૂઠું બોલવું નહિ. ખોટી સાક્ષી આપવી નહિ ને બીજા ઉપર ખોટું આળ ચડાવવું નહિ.

૧૫. ચોરી કરવી નહિ. કોઈએ આપ્યા વગરની પારકી ચીજ લેવી નહિ. રસ્તામાં પડેલી પારકી કોઈ પણ ચીજ લેવી નહિ. રસ્તામાં પડેલા પારકા પૈસા આપણાથી લેવાય જ નહિ. દેરાસરના ભંડારમાં નાખવા કે કોઈ ગરીબને આપવા માટે પણ લેવાય નહિ. રસ્તામાં પડેલી પૈસા વગેરે પારકી ચીજ લેવાથી આફત આવે છે, ચોરીના સંસ્કાર પડે છે, બુદ્ધિ બગડે છે અને પાપ લાગે છે. (જુઓ પાનું ૨૧૯)

૧૬. ખરાબ સોબત કરવી નહિ. હંમેશાં સંસ્કારી જૈન બાળકોની સારી સોબતમાં જ રહેવું.

૧૭. બીજાને વાગે—ઈજા થાય, બીજાની ચીજવસ્તુનું નુકસાન થાય અને જીવોની હિંસા થાય તેવી કોઈ પણ રમત આપણાથી રમાય નહિ અને જોવાય પણ નહિ.

૧૮. જેમાં કોઈ પણ વસ્તુની હાર-જીત હોય તેવી કોઈ પણ રમત આપણાથી રમાય નહિ. તેવી રમતો રમવાથી આપણને બાલવયમાં જ જુગાર રમવાના ખરાબ સંસ્કાર પડે છે.

૧૯. ટી.વી. અને સિનેમા જોવાય નહિ. તે જોવાથી આપણને બાલવયમાં જ હિંસા, જૂઠ, ચોરી, મારામારી વગેરે અનેક જાતનાં પાપના સંસ્કાર પડે છે.

૨૦. આપણને કોઈ પણ જાતનું વ્યસન ન પડી જાય તેની ખૂબ કાળજી રાખવી જોઈએ. વ્યસની માણસોથી હંમેશાં દૂર રહેવું જોઈએ.

૨૧. આંધળા, બાડા, મૂંગા, બહેરા, લૂલા, લંગડા, અપંગ, કુરૂપ અને મગજ ખસી જવાથી ગાંડા બની ગયેલા માણસોને જોઈને આપણને પાપનાં ફળ યાદ આવવાં જોઈએ. એમને કેટલું દુઃખ સહન કરવું પડતું હશે ! કેટલી તકલીફ પડતી હશે ! એવા વિચારથી આપણું હૃદય દયાર્દ્ર બની જવું જોઈએ. આપણી શક્તિ મુજબ એમને સહાય કરવાની ભાવના આપણને થવી જોઈએ. પણ એમની હાંસી-મશ્કરી કરીને કે પથ્થર વગેરે મારીને એમને દુઃખી કરવાનો તો વિચાર પણ આપણને નહિ જ આવવો જોઈએ.

૨૨. જાણતાં-અજાણતાં સેવાયેલાં સર્વ પાપોની જ્ઞાની ગુરુમહારાજ પાસે આલોચના કરી પ્રાયશ્ચિત્ત લઈને વાળી આપવું જોઈએ.

**श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रन्थकोटिभिः । परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥**

**અર્થ :** જે કરોડો ગ્રંથો વડે શાસ્ત્રમાં કહ્યું છે, તેનો સાર હું તમને અડધા શ્લોકમાં જ કહું છું કે, **'પરોપકાર કરવો તે પુણ્ય છે અને પરપીડન કરવું તે પાપ છે.'**

દુઃખી મનુષ્યો, ગરીબો, દર્દીઓ વગેરેનું દુઃખ મીઠાં વચનથી જેટલું દૂર કરી શકાય છે, તેટલું અન્ય કશાથી દૂર કરી શકાતું નથી.

કાગા-કોયલ એક રંગ, બેઠે એક જ બાગ; બોલીસે પહેચાનીએ, એ કોયલ એ કાગ.

કાગા કીસકા ધન હરે, કોયલ કીસકો દેત; મીઠાં વચન સુણાયકે, જગ અપના કર લેત.

# ધર્મકરણી

## પ્રથમ ફરજિયાત, પછી મરજિયાત

માતાપિતાએ કે બીજા વડીલોએ બાલવયમાં જેમને ફરજિયાત ધર્મક્રિયાઓ કરાવી નથી તેઓ મોટી ઉંમરે પ્રાયઃ ધર્મક્રિયાઓ કરતા નથી અને કરે છે તો તેમાં રસ ન લેતાં વેઠ સમજે છે. આ બધાં તેમને પ્રથમ ફરજિયાત ધર્મકરણી ન કરાવ્યાનાં જ માઠાં પરિણામ છે. ધાર્મિક કરણીમાં રસ ઉત્પન્ન કરવો તે માતાપિતાનું જ કામ છે અને તે તેમણે કરવું જોઈએ.

અણસમજુ બાળક શરૂઆતમાં પોતાની ઇચ્છાથી નિશાળે જતું નથી, આપણે તેને ફરજિયાત મોકલવું પડે છે. શરૂમાં ફરજિયાત મોકલ્યા પછી એને એ વાત ગમી જાય છે. ત્યાં ભણે છે અને ભણવાના લાભ સમજે છે. ત્યાર પછી એને કહેવું પડતું નથી. તે પોતાની મરજીથી જ હોંશે હોંશે નિશાળે જવા લાગે છે.

એવી જ રીતે જિનદર્શન, ગુરુવંદન, શાસ્ત્રશ્રવણ, જિનપૂજા, ધર્મશાસ્ત્રાભ્યાસ અને યથાશક્તિ પ્રત્યાખ્યાન વગેરે પણ બાલવયથી ક્રમેક્રમે ફરજિયાત શરૂ કરાવીને વધારતાં જવું જોઈએ, પણ પહેલાં તો એ બધું ફરજિયાત જ કરાવવું જોઈએ.

આપણે આપણી વ્યાધિગ્રસ્ત સ્થિતિમાં વૈદના કહેવા પ્રમાણે ફરજિયાત વર્તીએ છીએ. કડવી દવા પણ ફરજિયાત પી જઈએ છીએ. વૈદ કહે છે તે જ ખાઈએ છીએ અને તે ના પાડે છે તે પદાર્થ તજી દઈએ છીએ. આપણે આમ કરીએ છીએ તો જ વ્યાધિ વહેલો વિરામ પામે છે.

એવી જ રીતે આપણો આત્મા પણ અજ્ઞાન અને અશ્રદ્ધાના વ્યાધિથી ગ્રસ્ત થયેલો છે, તેથી તેના આરોગ્યને માટે સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રો જે પ્રમાણે વર્તવાનું કહે, જે તજવાનું કહે અને જે કરવાનું કહે તે પ્રથમ તો આપણે તેમના કથનને માન આપીને જ કરવું જોઈએ. પછી જ્યારે આપણને આપણા હિતની ખરેખરી સમજણ પડશે ત્યારે આપણે સ્વેચ્છાએ જ શુભ વર્તન રાખતાં થઈશું, સ્વેચ્છાએ જ અભક્ષ્યભક્ષણ આદિ તજી દઈશું, જિનદર્શન-પૂજા, ગુરુવંદન આદિ ધર્મક્રિયાઓ પણ સ્વેચ્છાએ જ કરીશું અને નિરંતર આત્મહિત તરફ દૃષ્ટિ રાખી, રોમેરોમ વ્યાપેલી પૌદ્‌ગલિકભાવની અસરને દૂર કરીશું.

('શ્રી જૈનધર્મપ્રકાશ'માંથી ટૂંકાવીને સાભાર)

## आणाए धम्मो

## ધર્મ જિનાજ્ઞા પાલનમાં છે.

**'आणाए धम्मो'** આ શ્રી જિનશાસનનું પ્રધાનસૂત્ર છે. ધર્મ જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં છે. જિનાજ્ઞા પાલન દ્વારા જ આત્મહિત સધાય છે. આજ્ઞાભંગ કરવાથી આપણા આત્માનું અહિત થાય છે. વાસ્તવિક લાભ જિનાજ્ઞા પાલન દ્વારા જ પામી શકાય છે. આજ્ઞાભંગ દ્વારા ક્વચિત્ દેખાતો લાભ ભ્રામક હોય છે.

સટ્ટો-જુગાર નહિ રમવાની પિતાની હિતકર આજ્ઞાનો ભંગ કરીને પુત્ર એના દ્વારા કદાચ લાખો રૂપિયા કમાય તોપણ એ લાભ વાસ્તવિક હોતો નથી, ભ્રામક હોય છે, સર્વથા વિનાશકારી હોય છે. પિતાની આજ્ઞાનો ભંગ કરીને સટ્ટા-જુગારના રવાડે ચડેલો પુત્ર અંતે તો સર્વસ્વ ગુમાવીને રસ્તાનો રખડતો ભિખારી બની જાય છે.

એક ધનવાને એક ચોકીદાર રાખ્યો. એને આખી રાત બરાબર જાગતા રહેવાની આજ્ઞા કરીને પોતાના ધનભંડારની રક્ષા કરવાનું કાર્ય સોંપ્યું.

એક રાત્રે એ ચોકીદારે શેઠની બાબતમાં જ એક સ્વપ્ન જોયું. પોતે જોયેલા એ સ્વપ્નની વાત તેણે શેઠને કરી. સ્વપ્ન સાચું જ હતું. એક નિમિત્તશાસ્ત્રના જાણકારની સલાહ લઈને સ્વપ્ન પોતાને ફળે તે માટે શેઠે કરવા યોગ્ય બધું કર્યું. સ્વપ્ન ફળ્યું અને શેઠને ઘણો મોટો ધનલાભ થયો.

સ્વપ્ન જોનારો ચોકીદાર શેઠને ધનલાભ કરાવી આપનારો હોવાથી ઇનામને પાત્ર હતો, તેથી વિવેકી શેઠે તેને યોગ્ય ઇનામ આપીને તેનું બહુમાન તો કર્યું, પણ પોતે દીર્ઘ દૃષ્ટિવાળો હોવાથી એને નોકરીમાંથી કાઢી મૂક્યો.

સ્વપ્ન રાત્રે સૂઈ જવાથી જ આવે. શેઠની આજ્ઞા આખી રાત જાગતા રહેવાની જ હતી. આજ્ઞાભંગ કરીને ચોકીદાર રાત્રે સૂઈ ગયો હતો. આજ્ઞાભંગ કરીને સ્વપ્ન જોવા દ્વારા ચોકીદારે મેળવી આપેલો લાભ ભ્રામક હતો, કારણ કે એ લાભ છેવટે તો શેઠનું સર્વ ધન લૂંટાવી દેનારો બનવા સંભવ હતો.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની સર્વ આજ્ઞાઓ એકાંત હિતકર છે. જિનાજ્ઞાની વિરાધના કરીને ક્વચિત્ મેળવાયેલો ભ્રામક લાભ દૃષ્ટાંતપાત્ર બની શકે નહિ. આજ્ઞાની આરાધના દ્વારા મેળવાયેલો વાસ્તવિક લાભ જ દૃષ્ટાંતપાત્ર બની શકે.

આપણે જિનેશ્વરદેવની આજ્ઞાના આરાધક બનીને આત્મહિત સાધીએ અને વાસ્તવિક લાભને પામીએ.

## શ્રી જિનશાસનની પ્રણાલી : પૂજ્યોને 'પ્રણામ'

૧. પૂ. ગુરુમહારાજ, સાધર્મિકબંધુઓ, વિદ્યાગુરુ, માતાપિતા તથા અન્ય વડીલો પૂજ્ય છે. પૂજ્યો હંમેશાં **'પ્રણામ'**ને યોગ્ય છે. પૂજ્યોને **'પ્રણામ'** એ શ્રી જિનશાસનની સ્વપર કલ્યાણકારી પ્રણાલિકા છે. આપણે એ પ્રણાલિકાની સુરક્ષા કરવી જોઈએ. પરંતુ હમણાં હમણાં અજાણપણામાં, સંસર્ગદોષથી કે દેખાદેખીથી પૂ. ગુરુમહારાજ તથા પૂ. સાધ્વીજી મહારાજને **'મત્થએણ વંદામિ'** કહેવાને બદલે **'સાહેબજી શાતામાં ?'** કે **'જય જિનેન્દ્ર'** કહેવાનું અને સાધર્મિકબંધુઓ આદિ સર્વ પૂજ્યોને **'પ્રણામ'** કહેવા-કરવાને બદલે **'જય જિનેન્દ્ર'** કહેવાનું વધી રહ્યું હોય એમ જણાય છે.

૨. જૈન-જૈનેતર સર્વ ગૃહસ્થોએ પૂ. ગુરુમહારાજ તથા પૂ. સાધ્વીજી મહારાજને બે હાથ જોડી, મસ્તક નમાવી **'મત્થએણ વંદામિ'** કહેવાય. ત્યાર પછી શાતા પુછાય. **'મત્થએણ વંદામિ'** કહેનારને ગુરુમહારાજના **'ધર્મલાભ'** એવા શ્રેષ્ઠ આશીર્વાદ મળે છે. તે આશીર્વાદ માત્ર શાતા પૂછનારને મળી શકતા નથી. પત્ર આદિમાં પણ તેમને **'વંદન'** લખાય. આ શાસ્ત્રીય પ્રણાલિકાનું પાલન કરવા યોગ્ય છે.

૩. જૈનેતર ગૃહસ્થો ગુરુમહારાજને **'મત્થએણ વંદામિ'** કહેતાં શીખી લે. તે ન આવડે ત્યાં સુધી તેઓ **'નમસ્કાર'** કે **'નમસ્તે'** કહે-કરે તે ઉચિત છે.

૪. **'ધર્મલાભ'** એવો આશીર્વાદ ગુરુમહારાજ ગૃહસ્થોને આપે, પણ ગૃહસ્થો ગુરુમહારાજને **'ધર્મલાભ'** કહી-કહેવરાવી કે લખી શકે નહિ. ગૃહસ્થો ગુરુમહારાજને સંદેશો મોકલે ત્યારે **'ધર્મલાભ'** નહિ, પણ **'વંદના'** કહેવરાવે. સાધ્વીજીમહારાજ પણ સાધુમહારાજને **'વંદના'** કહેવરાવે - લખે. સાધુમહારાજ, સાધ્વીજીમહારાજને **'વંદના'** નહિ, પણ **'અનુવંદના'** જ કહેવરાવે અને લખે.

૫. **સાધર્મિકોને પ્રણામ** : ગુરુવંદન ભાષ્યની ચોથી ગાથામાં જણાવ્યા મુજબ સાધર્મિકો, સાધર્મિકોને (શ્રાવક-શ્રાવિકા પરસ્પર) બે હાથ જોડી, મસ્તક નમાવી **'ફેટાવંદન'** (માર્ગમાં કરાતું વંદન) કરે અને એ નમન ક્રિયાને અનુરૂપ **'પ્રણામ'** કહે.

૬. વિદ્યાગુરુ, માતાપિતા અને અન્ય વડીલોને પગે લાગતી વખતે, બહારગામ તથા શાળા-પાઠશાળાએ જતી વખતે અને અન્ય સમયે પણ **'જય જિનેન્દ્ર'** કહેતાં પહેલાં **'પ્રણામ'** કહેવા અને કરવા જોઈએ. પાઠશાળામાં શિક્ષક આવે ત્યારે બાળકો ઊભા થઈને **'જય જિનેન્દ્ર'** બોલતાં હોય તો તેની પહેલાં **'પ્રણામ'** બોલે અને કરે તે જરૂરી છે.

૭. પ્રતિક્રમણમાં ઠાવતાં પહેલાં શ્રાવકો **'ઇચ્છકારી સમસ્ત શ્રાવકોને વંદુ'** એમ જ બોલે છે. આ બાબત પણ સાધર્મિકોને **'પ્રણામ'**નું જ મહત્ત્વ બતાવનારી છે.

૮. પૂજ્ય પુરુષો હંમેશાં વિનય કરવા યોગ્ય છે. બે હાથ જોડી મસ્તક નમાવી પૂજ્યોને **'પ્રણામ'** કરવાથી તેમનો વિનય થાય છે. **'જય જિનેન્દ્ર'** શબ્દો ધર્મગૌરવસૂચક છે – જરૂર સારા છે. છતાં એ પૂજ્યો પ્રત્યે વિનયને સૂચવનારા **'પ્રણામ'**ના વાચક તો નથી જ. એનાથી પૂજ્ય પુરુષો પ્રત્યેનો વિનયભાવ વ્યક્ત થઈ શકતો નથી. ત્યાં **'પ્રણામ'** શબ્દનો પ્રયોગ આવશ્યક છે. આમ છતાં વર્તમાનમાં કેટલાકે અજાણપણાથી **'જય જિનેન્દ્ર'**ને જ **'પ્રણામ'**નું સ્થાન પકડાવી દીધું છે. સ્ટિકરો વગેરે દ્વારા **'પ્રણામ'**ના સ્થાને **'જય જિનેન્દ્ર'**નો પ્રચાર શરૂ કરી દેવાયો છે.

૯. ભુલાઈ રહેલા અને શાસ્ત્રાનુસારી એવા **'પ્રણામ'**ની પુનઃ સ્થાપના થાય તે માટે પૂ. સાધુ-સાધ્વીજી મહારાજને બે હાથ જોડી, મસ્તક નમાવી **'મત્થએણ વંદામિ'** અને પૂ. સાધર્મિક બંધુઓને **'પ્રણામ'** કહેવા દ્વારા તેમનો મૌખિક વિનય કરાય અને પત્ર-પત્રિકા આદિમાં અનુક્રમે **'વંદના'** અને **'પ્રણામ'** લખવા દ્વારા લિખિત વિનય કરાય એ નમ્ર નિવેદન છે.

પૂ. સાધર્મિક બંધુઓને **'પ્રણામ'** કહી-કરીને, વાતચીત કરતાં પહેલાં **'જય જિનેન્દ્ર'** કહેવાય.

૧૦. જૈન ગૃહસ્થોએ અજૈનો પ્રત્યે ઔચિત્ય જાળવવાનું હોય છે. તેથી જૈનેતર ગૃહસ્થો, જૈન ગૃહસ્થોને **'જય જિનેન્દ્ર'**, **'જય શ્રીકૃષ્ણ'** વગેરે કહે કે **'નમસ્કાર'** કહે ત્યારે તેના પ્રત્યુત્તરરૂપે, શિષ્ટાચાર સ્વરૂપે જૈન ગૃહસ્થો, જૈનેતર ગૃહસ્થોને **'જય જિનેન્દ્ર'** કહે તે ઉચિત જણાય છે.

**'મહાવીર જયંતી' એમ લખાય પણ નહિ અને બોલાય પણ નહિ.**

ચૈત્ર સુદ ૧૩ના દિવસને **'મહાવીર જન્મકલ્યાણકદિન'** કહેવાય.

પર્યુષણના પાંચમા દિવસને **'મહાવીરજન્મવાચનદિન'** કહેવાય.

આ બંને દિવસને **'મહાવીર જયંતી'** કહેવાય જ નહિ.

સામાન્ય માણસ માટે વપરાતો **'જયંતી'** શબ્દ તીર્થંકર પરમાત્મા જેવા લોકોત્તર મહાપુરુષ માટે વપરાય જ નહિ.

**'મહાવીર જયંતી'** એમ લખવાથી અને બોલવાથી શ્રી મહાવીર પ્રભુની આશાતના થાય છે. આપણે આશાતનાથી બચવું જોઈએ.

## માત્ર મનુષ્યની નહિ,
## સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે !

માનવને તો બુદ્ધિ, વાચા અને સ્વતંત્ર હાથ મળેલાં છે, તેથી તે બૌદ્ધિક, વાચિક અને કાયિક એમ ત્રણેય રીતે પોતાનું રક્ષણ કરવા સાથે અન્ય જીવોનું રક્ષણ કરવા પણ સમર્થ છે. આથી જ જેમને માનવ જેવી બુદ્ધિ, માનવ જેવી વાચા અને માનવ જેવાં અંગોપાંગ મળેલાં નથી, એવા પોતાનાથી નાના અને નબળા જીવોના જીવનની રક્ષા કરવી એ માનવજાતનું કર્તવ્ય બની રહે છે. માટે માત્ર મનુષ્યોની નહિ, જીવમાત્રની અર્થાત્ સર્વ જીવોની દયા એ જ સાચી દયા છે.

## માનવ માટે ઉચિત શું ?

માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણેય રીતે શક્તિસંપન્ન તેમ જ જીવોમાં મોટા ગણાતા માનવો, પોતાનાથી નાના અને નબળા જીવોની દયા કરવાને બદલે **'માનવેતર પ્રાણીઓની નહિ, અમારી (માનવોની) દયા એ જ સાચી દયા છે, માટે અમારી જ દયા કરો'** એમ સ્વમુખે કહીને પોતે જ પોતાની જાતને **'દયાપાત્ર'** બનાવે-મનાવે એ કેટલું ઉચિત અને કેટલું શોભાસ્પદ છે ? ? ?

## માનવજાત સ્વાર્થી ન હોય !

આપણે માનવદયાની જ વાત શા માટે કરીએ છીએ ? આપણે માનવ છીએ માટે જ ને ? આપણે માત્ર માનવદયાની વાત કરીએ એમાં તો આપણે માનવ હોવાથી આપણું સ્વાર્થીપણું રહેલું છે. માનવજાત સ્વાર્થી ન હોય !

## પરમાર્થપણું એ જ આપણી સર્વોત્તમ સંસ્કૃતિ !

આપણે જાતે દુઃખી થઈને બીજાને સુખી કરીએ અને પ્રાણના ભોગેય બીજાને જિવાડીએ એમાં જ પરમાર્થપણું છે—એ જ આપણી સર્વોત્તમ સંસ્કૃતિ છે !

## આપણે જે અન્યને આપીએ તે જ આપણને મળે !

બીજા જીવોને સુખ આપવાથી આપણને સુખ, દુઃખ આપવાથી આપણને દુઃખ, જીવન આપવાથી આપણને જીવન અને મોત આપવાથી આપણને મોત જ મળે છે !

## દયા કદી ન છોડીએ !

દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી ! દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ

**ભાવાર્થ :** ધર્મનું મૂળ દયા છે અને પાપનું મૂળ અભિમાન છે.
**તુલસી ! જ્યાં સુધી આપણા દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી દયા છોડવી નહિ !**

# ૫ ઉચ્ચારવિચાર

## સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો)

ધાર્મિક સૂત્રોમાંના ઘણા જોડાક્ષરોવાળા શબ્દોના કઠિન ઉચ્ચારો સહેલાઈથી કરી શકાય તે માટે જોડાક્ષરોનું જ્ઞાન હોવું જરૂરી છે.

અહીં મહત્ત્વના જોડાક્ષરોને સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બે કે બેથી વધુ વ્યંજનો જોડાઈને બનેલા વર્ણોના સમૂહને જ જોડાક્ષર કહેવાય છે; દા.ત., ત્ય, ક્ક, સ્ત્ર, ન્ત્ય, ત્સ્ન્ય વગેરે.

શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે જોડાક્ષરોને સાચી રીતે ઓળખવા જરૂરી છે.

સંયુક્ત વ્યંજનો સીધી આડી લીટીમાં અને ઉપર-નીચે એમ બે રીતે જોડાય છે.

**'ક્ક, ખ્ય, મ્મ, જ્વ, ષ્ટ, ન્ત્ય'** આ સંયુક્ત વ્યંજનોમાં વર્ણો સીધી આડી લીટીમાં જોડાયેલા છે.

**'દ્મ, ટ્ટ, ડ્ડ'** આ ઉપર-નીચે જોડાતા વર્ણોવાળા સંયુક્ત વ્યંજનોમાં વર્ણો ઉપરથી નીચેના ક્રમે જોડાય છે, તેથી એમાં સૌપ્રથમ ઉપરના વર્ણનું ઉચ્ચારણ થાય, પછી નીચેના વર્ણનું ઉચ્ચારણ થાય; જેમ કે, **દ્મ** (પદ્‌મ), **ટ્ટ** (ટટ્‌ટુ)

વર્ણોના ઉપર-નીચેના જોડાણવાળા સંયુક્ત વ્યંજનોમાં ઉપરનો વર્ણ આખો દેખાતો હોવા છતાં એને અડધો સમજી એનું ઉચ્ચારણ અડધા વર્ણ પ્રમાણે કરવું જોઈએ; જેમકે, **અટ્ટ** (અટ્‌ટ), ઉડ્ડયન (ઉડ્‌ડયન)

❀

## 'દ' (द)યુક્ત સંયુક્ત વ્યંજનો

દેવનાગરી લિપિના નીચે દંડવાળા આવા **'द'**ની સાથે પછીના વર્ણોને જોડવાનું કામ સગવડભર્યું હોવાથી 'દ'યુક્ત સંયુક્ત વ્યંજનો(જોડાક્ષરો)માં 'દ'ને પૂર્વ વ્યંજન તરીકે લખતી-છાપતી વખતે એનું શિરોરેખા વગરનું **'द'** આવું દેવનાગરી સ્વરૂપ સ્વીકારાયું છે.

એવી જ રીતે **'द् + ઋ'** આ એક અક્ષર લખવામાં પણ દેવનાગરીનો **'द'** સ્વીકારાયો છે. **'द'**ના નીચેના દંડને કાઢી નાખીને ત્યાં **'ઋ'** સ્વરનું **'ૃ'** આવું ચિહ્ન જોડવામાં આવે છે; જેમકે, **'द् + ઋ = द् + ૃ = दृ'**

(૧) દ્ગ (દ્ + ગ) ઉદ્ગમ, ઉદ્ગાર, પુદ્ગલ

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. આમાં 'દ'નો નીચેનો અર્ધદંડ **'ગ'**ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી **'ગ'** આખો બને છે.

(૨) દ્ઘ (દ્ + ઘ) ઉદ્ઘાટન, ઉપોદ્ઘાત, ઉદ્ઘોષ

આ જોડાક્ષરમાં **'દ'**ના નીચેના દંડની સાથે ઘરનો આખો **'ઘ'** જોડાયેલો છે. **'ઘ'**નો ઉપરનો છેડો અંદરની બાજુએ વળાંકવાળો હોવાથી એ **'દ'**ના ગોળાર્ધ સાથે જોડાઈ જાય છે.

(૩) દ્ધ (દ્ + ધ) બુદ્ધ, યુદ્ધ, શુદ્ધ

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. **'દ'**નો નચેનો અર્ધદંડ **'ધ'**ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી **'ધ'** આખો બને છે.

**'ધ'**નો ઉપરનો છેડો વળાંક વગરનો હોવાથી ખુલ્લો રહે છે. એ 'દ્'ના ગોળાર્દ્ધ સાથે જોડાતો નથી.

'દ્ + ઘ' ( = દ્ઘ) અને 'દ્ + ધ' ( = દ્ધ)ના જોડાણનો આ તફાવત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

(૪) દ્દ (દ્ + દ) મુદ્દલ, મુદ્દો, રદ્દી

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. ઉપરના **'દ'**ની નીચેની ઊભી રેખા કાઢી નાખીને આ જોડાણ કરાય છે. પ્રથમ ઉપરના અડધા 'દ્'નું ઉચ્ચારણ કર્યા પછી જ નીચેના આખા **'દ'**નું ઉચ્ચારણ થાય.

(૫) દ્મ (દ્ + મ) પદ્મ, સદ્મ, પદ્મિની, પદ્માવતી

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. 'દ્ 'ના નીચેના દંડની સાથે **'મ'**ના મુખવાળા ભાગને એકાકાર કરીને આ જોડાણ કરાય છે.

(૬) દ્ય (દ્ + ય) વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. **'દ'**નો નીચેનો દંડ અને **'ય'**ના મુખનો વળાંક કાઢી નાખીને આ જોડાણ કરાય છે.

આમાં દરવાજાના **'દ'** ની સાથે **'ય'** જોડાયેલો હોવાથી પ્રથમ અડધા **'દ્'**નું ઉચ્ચારણ કરવાનું છે અને પછી આખા **'ય'**નું ઉચ્ચારણ કરવાનું છે.

આ જોડાક્ષરમાં ધજાનો **'ધ'** છે જ નહિ, માટે **'ધ'**નું ઉચ્ચારણ પણ નથી.

(૭) **દ્ર** (દ્ + ર = દ્ + ^ = દ્ર) **દ્રવ્ય, ભદ્ર, રુદ્ર, ક્ષુદ્ર, મુદ્રા**

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. **'દ'**ની નીચે આખો અક્ષર રથનો **'ર'** આમ **'ત્ર'** આડો થઈને **'^'** આવા સ્વરૂપે જોડાયેલો છે.

(૮) **દ્વ** (દ્ + વ) **દ્વાર, દ્વેષ, વિદ્વાન**

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. આમાં દરવાજાના **'દ'**ની સાથે **'વ'** જોડાયેલો હોવાથી પ્રથમ અડધા **'દ્'**નું ઉચ્ચારણ કરવાનું છે અને પછી આખા **'વ'**નું ઉચ્ચારણ કરવાનું છે.

આમાં ધજાનો **'ધ'** છે જ નહિ, માટે **'ધ'**નું ઉચ્ચારણ પણ નથી, તેથી **'દ્વાર'** વગેરે **'દ'** વાળા ઉચ્ચારણ થાય, પણ **'ધ્વાર, ધ્વેષ, વિધ્વાન'** એવાં **'ધ'**વાળાં ઉચ્ચારણ ન થાય.

(૯) **ર્ક** (ર્ + ક = ꣳ + ક = ર્ક) **અર્ક, કર્ક, તર્ક**

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. રથના **'ર'**ની પાછળ બીજા વર્ણો જોડાય છે ત્યારે વર્ણો ઉપર-નીચે જોડીને લખાય છે. પૂર્વમાં રહેલો અડધો **'ર્'** (રેફ) પાછળ રહેલા વર્ણના માથે મુકાય છે. અહીં એનો આકાર બદલાઈને **'c'** આવો એટલે કે અંગ્રેજીના મૂળાક્ષર **'સી'** જેવો બની જાય છે અને એને **'રેફ'** કહે છે.

(૧૦) **શ્ચ** (શ્ + च = ॰ + च = श्च) **નિશ્ચય, પશ્ચાત્તાપ**

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. આમાં ઉપર **'ꣳ'** આમ આડો થઈને ઊંધા ચોગડા જેવો બનેલો અડધો (તાલવ્ય) **'શ'** (શ્) છે અને એની નીચે દેવનાગરીનો આખો **'च'** છે. **'શ્ + ચ'**ના જોડાણ માટે દેવનાગરીનો **'च'** સ્વીકારાયો છે.

(૧૧) **શ્ર** (શ્ + ર = ૹ + ્ર = શ્ર) **શ્રમ, શ્રેષ્ઠ, વિશ્રામ, પરિશ્રમ**

આ જોડાક્ષરમાં બે વર્ણ સીધી આડી લીટીમાં જોડાયેલા છે. આમાં ઊંધા ચોગડા જેવા બનેલા અડધા 'ૹ' (શ્)ની સાથે, ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા '**્ર**' આવા સ્વરૂપવાળો રથનો 'ર' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમકે, '**ૹ + ્ર = શ્ર**'

(૧૨) **સ્ર** (સ્ + ર = સ્ + ્ર = **સ્ર**) **સ્રજ, સ્રષ્ટા, સ્રોત, સહસ્ર**

આ જોડાક્ષરમાં સસલાના અડધા (દંત્ય) '**સ્**'ની સાથે ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા '**્ર**' આવા સ્વરૂપવાળો રથનો આખો '**ર**' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમકે, '**સ્ + ્ર = સ્ર**'

(૧૩) **સ્ત્ર** (સ્ + ત્ + ર = સ્ + ` + ્ર = **સ્ત્ર**) **શાસ્ત્ર, શસ્ત્ર, સ્ત્રી**

આ જોડાક્ષરમાં ત્રણ વર્ણ જોડાયેલા છે અને એમાં '**ત્ર**'ના બે પાંખિયાંની વચમાં સસલાનો (દંત્ય) અડધો '**સ્**' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમકે, '**સ્ + ત્ર + સ્ત્ર**'

## '**સ્ર**' અને '**સ્ત્ર**'

સ્ + ર = '**સ્ર**' અને સ્ + ત્ + ર = '**સ્ત્ર**'. '**સ્ર**' અને '**સ્ત્ર**'નો આ ભેદ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

'**સહસ્ર**' એટલે એક હજારની સંખ્યા. આ '**સહસ્ર**' શબ્દમાં 'સ્ + ર' આ બે સંયુક્ત વર્ણોવાળો '**સ્ર**' છે, પણ 'સ્ + ત્ + ર' આ ત્રણ સંયુક્ત વર્ણોવાળો '**સ્ત્ર**' નથી.

'**સહસ્ર**' શબ્દ છે, પણ '**સહસ્ત્ર**' શબ્દ જ નથી, તેથી '**સહસ્રફણા**' '**સહસ્રલિંગ**' એમ લખાય-બોલાય, પણ '**સહસ્ત્રફણા**', '**સહસ્ત્રલિંગ**' એમ લખાય-બોલાય નહિ. એમ લખવું-બોલવું ખોટું છે, માટે આપણે આ ભૂલ સુધારી લેવી જોઈએ.

(૧૪) **હ્મ** (હ્ + મ) **બ્રહ્મા, બ્રાહ્મી, બ્રાહ્મણ**

આ જોડાક્ષરમાં બે વર્ણ જોડાયેલા છે. '**હ**'ના મધ્યદંડ સાથે '**મ**'ના મુખવાળા ભાગને એકાકાર કરીને આ જોડાણ કરાય છે.

ઓછા શિક્ષણવાળા સામાન્યજનોને જોડાક્ષરની આદિમાં મહાપ્રાણ '**હ**' બોલવો કઠણ પડતો હોવાથી, તેઓ સરળતા ખાતર '**હ**'નું ઉચ્ચારણ પૂર્વે કરવાને બદલે પછી કરે છે; જેમકે, '**બ્રાહ્મણ**'ને બદલે '**બ્રામ્હણ**', '**ચિહ્ન**' ને બદલે '**ચિન્હ**' વગેરે. પરંતુ આ ઉચ્ચારણો અશુદ્ધ છે એ વાત ધ્યાનમાં રાખીને શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

(૧૫) **હ્ય** (હ્ + ય) **બાહ્ય, અસહ્ય, કહ્યું, રહ્યું**

આ જોડાક્ષરમાં બે વર્ણ જોડાયેલા છે. આમાં '**હ**'નો મધ્યદંડ કાઢી નાખીને ત્યાં '**ય**' જોડાય છે.

(૧૬) **હ્ર** (હ્ + ર = હ્ + ‸ = **હ્ર**) **હ્રસ્વ, હ્રાસ, હ્રદ (પાણીનો ધરો)**

આ જોડાક્ષરમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે, 'હ'ની નીચે આખો અક્ષર રથનો '**ર**' આમ '**~**' આડો થઈને '‸' આવા સ્વરૂપે જોડાયેલો છે. '**ર**'ના '‸' આ ચિહ્નનું જમણું પાંખિયું 'હ'ના નીચેના છેડા સાથે એકાકાર થયેલું છે.

આ જોડાક્ષર '**હ્ર**' કે '**હ્ર**' આવી રીતે પણ લખાય-છપાય છે.

(૧૭) **ત્ત** (ત્ + ત = – + ત = ત્ત) **સત્તા, અત્તર, ઉત્તર**

આ જોડાક્ષરમાં નીચેની બાજુનો આગળનો વળાંક દૂર થવાથી '–' આવી સીધી રેખા રૂપે થયેલા અડધા '**ત્**'ની સાથે આખો '**ત**' સીધી આડી લીટીમાં જોડાયેલો છે.

(૧૮) **ત્ર** (ત્ + ર = ` + / = ત્ર) **ત્રણ, ત્રાસ, ત્રુટિ, ત્રેપન**

આ જોડાક્ષરમાં બે વર્ણ સીધી આડી લીટીમાં જોડાયેલા છે. આમાં નીચેની બાજુના વળાંક વગરના અને ' ` ' આવી ત્રાંસી રેખારૂપ બનેલા અડધા

'ત'ની સાથે, ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા '׀' આવા સ્વરૂપવાળો રથનો આખો 'ર' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમકે, '৲ + ׀ = ત્ર'.

(૧૯) **ક્ષ** (ક્ + ષ) **ક્ષમા, ક્ષત્રિય, લક્ષ, પક્ષ, પક્ષી**

આ જોડાક્ષરમાં અડધા 'ક્' ની સાથે ફાડિયો (મૂર્ધન્ય) 'ષ' જોડાયેલો છે.

(૨૦) **જ્ઞ** (જ્ + ઞ) **જ્ઞાન, પ્રાજ્ઞ, અજ્ઞાન, વિજ્ઞાન**

આ જોડાક્ષરમાં અડધા 'જ્'ની સાથે 'ચ' વર્ગનો આખો 'ઞ' અનુનાસિક વ્યંજન જોડાયેલો છે. એનું એજ સ્વરૂપે સાચું ઉચ્ચારણ થઈ શકે છે, પરંતુ ગુજરાતીમાં 'જ્ઞ'નું ઉચ્ચારણ 'ગ્ન', હિંદીમાં 'ગ્ય' અને મરાઠીમાં 'દ્ન' રૂપે થાય છે. હાલનાં એનાં આ બધાં જ ઉચ્ચારણો ખોટાં છે એ નિર્વિવાદ છે.

**નોંધ** : આ વિષયમાં વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ લેખકના **'જોડાક્ષર વિચાર'** અને **'સંયુક્ત વ્યંજનો'** નામના બંને પુસ્તકો જોવા યોગ્ય છે.

## રેફ ('ર'કાર)


વર્ણના માથા ઉપર મુકાતા અંગ્રેજી મૂળાક્ષર **'C'(સી)** જેવા આકારના અડધા **'ર'**ને **'રેફ'** કહે છે. રેફ જે વર્ણ ઉપર હોય એની પહેલાં એનું ઉચ્ચારણ થાય છે; જેમ કે, **'મુહૂર્ત'** (મુહૂર્રત). **સંયુક્ત વ્યંજન (જોડાક્ષર) એક જ અક્ષર ગણાય છે.**

રેફ પછી જો અડધા (ખોડા-સ્વરરહિત) વર્ણ હોય તો રેફ છેલ્લા આખા (સ્વરયુક્ત) વર્ણની માથે ચડે છે, એટલે કે લખાણમાં રેફ એની પછી સ્વરસહિતનો જે આખો વર્ણ આવતો હોય એના મથાળે જ મુકાય છે, પણ વચમાં આવતા અડધા (ખોડા-દંડરહિત) વર્ણો ઉપર એ ક્યારેય મુકાતો નથી; જેમ કે, **'પાર્શ્વ, મર્ત્ય, અર્ઘ્ય, આર્ટ્સ, ધાર્ષ્ટ્ય, કાર્ત્સ્ન્ય'**

ઉચ્ચારણમાં તો **'ર્ શ્ વ'**, **'ર્ ત્ ય'**, **'ર્ ઘ્ ય'**, **'ર્ ટ્ સ'**, - એમ પહેલાં **'ર્'** ને **'ર્'** પછી નજીકનો અડધો વ્યંજન જ ઉચ્ચારાય છે, છેલ્લો આખો વ્યંજન નહિ **'ર્ ટ્ સ'** બોલાય પણ **'ટ્ ર્ સ'** નહિ.

## 'ઘ-ધ'ની ઓળખ

૧.




ઘરના 'ઘ'નું તીરથી બતાવેલું પાંખડું અંદરની બાજુએ સહેજ વળેલું રહે છે.

ઘરના 'ઘ'ની તીરથી બતાવેલી આ ઊભી લીટીને અર્થાત્ દંડને ઉપરના પાંખડાં સુધી ઊંચે લઈ જવાય છે.

ઘરના 'ઘ' અંગેની આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૨.



ધજાના 'ધ'ના તીરથી બતાવેલા આ પાંખડાંને અંદરની બાજુએ વળાંક આપવામાં આવતો નથી. એને ઊંચે જતું રખાય છે.

ધજાના 'ધ'ની આ ઊભી લીટીને અર્થાત્ દંડને તીર સુધી જ ઊંચે લઈ જવાય છે. એથી વધારે ઊંચે લઈ જવાતો નથી.

ઘરના 'ઘ'ની જેમ ધજાના 'ધ'ની પણ આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

'ઘ' અને 'ધ'ની ઉપર બતાવેલી આકૃતિનો અભ્યાસ કરવાથી **'ઘ-ધ'** બંને એકબીજાથી સદન્તર ભિન્ન છે, એ વાત સારી રીતે સમજાઈ જાય છે.

### અનુનાસિક

**'ઙ-ઞ-ણ-ન-મ'** આ પાંચને અનુનાસિક વ્યંજન કહે છે. **'સઙ્ઘ, પઞ્ચ, ઘણ્ટ, સન્ત, સમ્પ'**માં સંયુક્ત વ્યંજનમાં પહેલાં અનુક્રમે પાંચેય અનુનાસિક વ્યંજન છે. ગુજરાતીમાં લેખનની સરળતા માટે આ પાંચેય અનુનાસિકને બદલે એની પહેલાંના વ્યંજનની ઉપર અનુસ્વારનું બિંદુ (મીંડું) મૂકીને લખાય છે; જેમ કે, **'સંઘ, પંચ, ઘંટ, સંત, સંપ'**

### 'દ' અને 'દ્ર'નો ભેદ

'દ' અને 'દ્ર' બંને એકબીજાથી સદંતર ભિન્ન હોવાને કારણે બંનેનું ઉચ્ચારણ ભિન્ન હોવા છતાં મોટા ભાગના લોકો વાતચીતના વ્યવહારમાં **'દષ્ટિ - સૃષ્ટિ - વૃષ્ટિ - દશ્ય - દષ્ટાંત'** વગેરે શબ્દોના સ્થાને **'દ્રષ્ટિ - સ્રષ્ટિ - વ્રષ્ટિ - દ્રશ્ય - દ્રષ્ટાંત'** એવાં ખોટાં ઉચ્ચારણો કરવા

ટેવાયેલા હોવાથી, લખતી વખતે પણ તે શબ્દોને ખોટી રીતે જ લખે છે, પણ તેથી શબ્દોના અર્થમાં કેટલો મોટો ફેરફાર થઈ જાય છે, તે નીચેનાં ઉદાહરણોથી સમજી શકાશે.

| | |
|---|---|
| ૧. દૃષ્ટા = જોવાયેલી | દ્રષ્ટા = જોનાર |
| ૨. વૃત = વરાયેલ, પસંદ કરાયેલ | વ્રત = દીક્ષા, નિયમ |
| ૩. ગૃહ = ઘર | ગ્રહ = સૂર્ય વગેરે નવ ગ્રહ |
| ૪. તૃણ = ઘાસ | ત્રણ = '૩'ની સંખ્યા |
| ૫. ઋણ = દેવું | રણ = રેતાળ પ્રદેશ |
| ૬. હૃદ્ = હૃદય | હ્રદ = પાણીનો ધરો |

'ઋ' સ્વરના સ્થાને 'ર' વ્યંજનનું ઉચ્ચારણ કરવાથી શબ્દોના અર્થમાં આવો મોટો ફેરફાર થઈ જાય છે, માટે આપણે ઉચ્ચારણ-લેખનદોષ ટાળવો જોઈએ.

## સાચું અને ખોટું

આ વિભાગ પુસ્તકના વિષય સાથે પૂરો સુસંગત નહિ હોવા છતાં, જોડાક્ષરોનાં શુદ્ધ લેખન-ઉચ્ચારણની અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ ઉપયોગી હોવાથી અહીં આપ્યો છે.

| સાચું | ખોટું | સાચું | ખોટું |
|---|---|---|---|
| અશ્વમેધ | અશ્વમેઘ | મારું, તારું | મારૂં, તારૂં |
| ઉદ્યોગ | ઉધ્યોગ | અમારું, તમારું | અમારૂં, તમારૂં |
| કુણાલ | કૃણાલ | મેધા, મેધાવી | મેઘા, મેઘાવી |
| ગુરુ | ગુરૂ | વિદ્યા | વિધ્યા |
| ઘૃણા | ધૃણા | વિદ્યાર્થી | વિધ્યાર્થી |
| ચક્રવૃદ્ધિ વ્યાજ | ચક્રવર્તી વ્યાજ | વિદ્વાન | વિધ્વાન |
| જયેશ, શૈલેશ | જયેષ, શૈલેષ | વ્રજલાલ | વૃજલાલ |
| જરાસંધ | જરાસંઘ | વ્રત | વૃત |
| તથા | ત્થા | શૃંગાર | શ્રૃંગાર |
| દૃઢ, દૃષ્ટિ | દ્રઢ, દ્રષ્ટિ | સહસ્ર | સહસ્ત્ર |
| દૃશ્ય, દૃષ્ટાંત | દ્રશ્ય, દ્રષ્ટાંત | સંવત | સવંત |
| દ્વાર, દ્વારા | ધ્વાર, વ્દારા | સિંહા | સિન્હા |
| પિંકી | પિન્કી | હિંસા | હિન્સા |
| માતુશ્રી | માતૃશ્રી | હ્રસ્વ | હ્સ્વ |

## અવગ્રહ

**ડ, ડ** મિત્ર જેવા દેખાતા આ બંનેને ઓળખી લઈને ધ્યાનમાં રાખવા જરૂરી છે. ધ્યાનપૂર્વક જોવાથી જણાશે કે બંનેની આકૃતિમાં ફેર છે. આ બેમાં જે પહેલો છે તે 'ડગલા'નો 'ડ' છે. જ્યારે બીજો છે તે 'ડ' નથી, તેમ બીજો કોઈ અક્ષર પણ નથી, પરંતુ તે એક નિશાની છે અને તેને **'અવગ્રહ'** કહે છે.

અવગ્રહની જરૂર સંસ્કૃતમાં પડે છે. પ્રાકૃતમાં તેની આવશ્યકતા નથી. ખાસ કરીને '**ए-ओ**' પછી '**अ**' આવે ત્યારે તેની જરૂર પડે છે. પ્રાચીન લેખનપદ્ધતિમાં અત્યારની જેમ બે શબ્દો વચ્ચે અંતર રાખવામાં આવતું નહિ. તેથી સ્વરસંધિના નિયમ મુજબ '**ए-ओ**' પછી '**अ**'નો લોપ (દર્શનનો અભાવ) થતો હોવાથી, મૂળ ઉત્તરપદના આરંભમાં '**अ**' હતો કે નહિ, તે વિશે કોઈકોઈ વાર સંદિગ્ધતા રહેતી. એ સંદિગ્ધતાના નિવારણ માટે લુપ્ત '**अ**' દર્શાવવા માટે અવગ્રહનું ખાસ ચિહ્ન પ્રયોજાયું; દા.ત., '**युद्धेसमर्थः**' આ પદમાંથી '**युद्धे असमर्थः**' અને '**युद्धे समर्थः**' આ બંને સમજાય, પરંતુ જો '**युद्धेऽसमर्थः**' એમ અવગ્રહનું ચિહ્ન પ્રયોજીને લખ્યું હોય તો '**युद्धे असमर्थः**' એમ અસંદિગ્ધપણે સમજાય છે.

સંસ્કૃત ભાષામાં સંધિના નિયમ મુજબ કોઈ શબ્દમાં **'અ'** સ્વરનો લોપ (દર્શનનો અભાવ) થયો હોય ત્યારે તે શબ્દના ઉચ્ચારણમાં તે (**'અ'**) બોલવાનો હોતો નથી, તેથી તે શબ્દમાં **'અ'** લખાયેલો પણ હોતો નથી.

પરંતુ તે શબ્દનો સ્પષ્ટ અર્થ કરવા લોપાયેલા (નહિ દેખાતા) **'અ'**નું જ્ઞાન કરવું જરૂરી બનતું હોવાથી **"અહીં લખાયેલા શબ્દમાં આ સ્થાને 'અ' લોપાયેલો છે."** એવું સૂચવવા માટે 'ડ' આવું ચિહ્ન મૂકવામાં આવે છે, તેને **'અવગ્રહ'** કહે છે. આ અવગ્રહચિહ્નને ડગલાનો 'ડ' સમજીને તેનું 'ડ' એવું ઉચ્ચારણ કરવું નહિ. તેને નિશાની સમજીને તેનું કાંઈ પણ ઉચ્ચારણ કરવું નહિ.

નાનાં બાળકોને સૂત્રો ગોખવાનાં જ હોય છે, એના અર્થ કરવાના હોતા નથી. માટે એમાં અવગ્રહચિહ્નો મૂકવાની જરૂર જ હોતી નથી. નિરર્થક અવગ્રહચિહ્નો મૂકવાથી બાળકો તેને ડગલાનો 'ડ' સમજીને સૂત્રોનાં અશુદ્ધ ઉચ્ચારણો કરે છે ને ખોટું ગોખે છે. બાળકો અશુદ્ધ ઉચ્ચારણો ન કરે અને શુદ્ધ જ ગોખે તે માટે બે પ્રતિક્રમણનાં સૂત્રોનાં પુસ્તકો છપાવનાર, સૂત્રોમાં અવગ્રહચિહ્નો નહિ મૂકવાનો વિવેક રાખે તે જરૂરી છે.

સૂત્રોમાં અવગ્રહચિહ્નો છપાયેલાં હોય તો પાઠશાળાના શિક્ષકે બાળકોને ઉપર જણાવ્યા મુજબ તેની સમજ અવશ્ય આપવી જોઈએ.

# ઉચ્ચારણશુદ્ધિ

જોડાક્ષરમાં અક્ષરો જે ક્રમથી જોડાયા હોય તે જ ક્રમથી તેનું ઉચ્ચારણ થવું જોઈએ. તેના ક્રમમાં ફેરફાર થવા દેવાય નહિ. આગળ રહેલા અક્ષરનું ઉચ્ચારણ પાછળ ન થવું જોઈએ ને પાછળ રહેલા અક્ષરનું ઉચ્ચારણ આગળ ન થવું જોઈએ.

તેવી જ રીતે જોડાક્ષરમાં જે અક્ષર અડધો હોય તે આખો ન બોલાવો જોઈએ અને આખો હોય તે અડધો ન બોલાવો જોઈએ. જે અક્ષર અડધો હોય તે અડધો અને આખો હોય તે આખો જ બોલાવો જોઈએ.

જોડાક્ષરમાંના અક્ષરો તેના અનુક્રમ પ્રમાણે ન બોલાય કે કોઈ એક અક્ષર બોલાયા વગરનો રહી જાય, અથવા તો એકના સ્થાને બીજો જ અક્ષર બોલાઈ જાય, જે અક્ષર હોય તે નીકળી જાય અને ન હોય તે ઉમેરાઈ જાય તો અશુદ્ધ ઉચ્ચારણ થાય.

શબ્દમાં અને જોડાક્ષરમાં રહેલા એકએક અક્ષરને સાંભળનારા બરાબર સાંભળી શકે તેવી રીતે તેનું સુસ્પષ્ટ જ ઉચ્ચારણ થવું જોઈએ. જોડાક્ષરનું ઉચ્ચારણ કરતી વખતે તેમાંનો એક પણ અક્ષર બોલાયા વિનાનો ન રહેવો જોઈએ. તેમ જ તેમાં ન હોય એવો વધારાનો અક્ષર પણ ન જ બોલાવો જોઈએ.

જોડાક્ષરનું ઉચ્ચારણ સ્પષ્ટપણે અને સાંભળનારને કર્ણપ્રિય લાગે તેવી રીતે મધુર સ્વરે કરવું જોઈએ, પણ પોતાના મુખ આદિનો વિકાર કરીને, અર્થાત્ મુખની સુંદર આકૃતિને બગાડીને અને સ્વરનો વિકાર કરીને, એટલે સાંભળનારના કાનને કઠોર લાગે તેવી રીતે અવાજ બગાડીને તો ન જ કરવું જોઈએ.

**ચંદ્ર, મંદ, કંત, વસંત, ગુણવંત** વગેરે શબ્દો રાગમાં ગવાય છે ત્યારે તેમાં વધારાનો સાનુનાસિક ઉઁ સ્વર ઉમેરીને **ચઉઁદ્ર, મઉઁદ, કઉઁત, વસઉઁત, ગુણવઉઁત**– આવી રીતે પણ બોલાય છે. કેટલાક સંગીતકારો અને ગાયકોની આ વિશિષ્ટતા છે. સામવેદના ગાનમાં પણ આવી પદ્ધતિ હોય છે. શબ્દમાં સાનુનાસિક 'ઉઁ' જેવા વધારાના ઉમેરાતા અક્ષરોને **'સ્તોભ'** સંજ્ઞા આપવામાં આવી છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષાના શબ્દોના અન્તે રહેલા મીંડાનો બે હોઠ ભેગા કરીને **'મ્'** જ બોલાય છે; જેમ કે, **તં-તમ્, પ્રથમં-પ્રથમમ્, જિનેન્દ્રં-જિનેન્દ્રમ્, શાન્તિં-શાન્તિમ્, મંગલં-મંગલમ્; વંદિઉં-વંદિઉમ્, પડિક્કમિઉં-પડિક્કમિઉમ્, ખામેઉં-ખામેઉમ્** (ગુજરાતી ભાષાના શબ્દો માટે આ વાત સમજવી નહિ.)

શબ્દોની વચમાં રહેલા મીડાંનો માત્ર '**મ્**' જ બોલાતો નથી, પણ '**ઙ-ઞ-ણ-ન-મ**' આ પાંચ અનુનાસિક વ્યંજનોમાંથી (પછીના વ્યંજનના વર્ગનો) કોઈ પણ એક અનુનાસિક વ્યંજન બોલાય છે; જેમ કે, **પંકજ-પઙ્કજ, શંખ-શઙ્ખ, અંગ-અઙ્ગ, સંઘ-સઙ્ઘ; પંચ-પઞ્ચ, પુંજ-પુઞ્જ, શત્રુંજય-શત્રુઞ્જય; ઘંટ-ઘણ્ટ, કંઠ-કણ્ઠ, મંડપ-મણ્ડપ; સંત-સન્ત, કુંથુ-કુન્થુ, ચંદ્ર-ચન્દ્ર, બંધ-બન્ધ; સંપ-સમ્પ, સંભવ-સમ્ભવ, સંબંધી-સમ્બન્ધી; અંબરંતર-અમ્બરન્તર, અંતરંગ-અન્તરઙ્ગ** વગેરે.

**અપવાદ** : અંશ-અઉઁશ (અન્શ નહિ), અંસ-અઉઁસ (અન્સ નહિ), કંસ-કઉઁસ (કન્સ નહિ), દંશ-દઉઁશ (દન્શ નહિ), ધ્વંસ-ધ્વઉઁસ (ધ્વન્સ નહિ), પુમાંસ-પુમાઉઁસ (પુમાન્સ નહિ), પ્રશંસા-પ્રશઉઁસા (પ્રશન્સા નહિ), બંસરી - બઉઁસરી (બન્સરી નહિ), રંહસ - રઉઁહસ (રમ્હસ નહિ), વંશ-વઉઁશ (વન્શ નહિ), વાંસ-વાઉઁસ (વાન્સ નહિ), વિધ્વંસ-વિધ્વઉઁસ (વિધ્વન્સ નહિ), સંસાર-સઉઁસાર (સન્સાર નહિ), સંસ્તવન-સઉઁસ્તવન (સન્સ્તવન નહિ), સંસ્થિત-સઉઁસ્થિત (સન્સ્થિત નહિ), સિંહ-સિઉઁહ (સિમ્હ નહિ), સિંહાસન-સિઉઁહાસન (સિમ્હાસન નહિ), સૂર્યાંશુ-સૂર્યાઉઁશુ (સૂર્યાન્શુ નહિ), હંસ-હઉઁસ (હન્સ નહિ), હંસા-હઉઁસા (હન્સા નહિ), હિંસા-હિઉઁસા (હિન્સા નહિ), અહિંસા-અહિઉઁસા (અહિન્સા નહિ)

આ બધા શબ્દોમાં મીંડાંના સ્થાને '**ન્**' કે '**મ્**' બોલાતો નથી, પણ (સાનુનાસિક 'ઉઁ') અનુસ્વાર બોલાય છે.

ભક્તામર, કલ્યાણમન્દિર વગેરે ભણનારે શુદ્ધ ઉચ્ચારણને માટે આ અપવાદ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

### સોનામાં સુગંધ

તપશ્ચર્યામાં ક્ષમા ભળે, રૂપમાં શીલ ભળે, અધિકારમાં ન્યાયપ્રિયતા ભળે, વિદ્યામાં વિનય ભળે, દ્રવ્યમાં દાન ભળે, ગુણમાં સંતોષગુણ ભળે અને છીપમાં સ્વાતિ નક્ષત્રનું જળ ભળે તો એ સર્વ યોગ સોનામાં સુગંધ ભળવા સમાન છે.

**ક્ષમા એ અશક્તનું બળ છે અને સશક્તનું ભૂષણ છે.**

૧. પાત્ર વિના વિદ્યા અપાય તે મર્કટને મદિરાપાન કરાવવા સમાન છે.

૨. જીવન-જરૂરિયાતનો અતિરેક એટલે દુઃખને ભાવભર્યું નિમંત્રણ.

# ઉચ્ચારણપદ્ધતિ

જોડાક્ષરની સમ્યક્ (યોગ્ય) ઉચ્ચારણ-પદ્ધતિને જાણ્યા વિના તેનું ઉચ્ચારણ કરવાથી તેમાંના અડધા(ખોડા) અક્ષરો આખા અને આખા અક્ષરો અડધા બોલાઈ જવાનો તેમ જ તેમાં જે અક્ષરો હોય તે નીકળી જવાનો અને ન હોય તે આવી જવાનો સંભવ રહે છે. એવું ન બને તે માટે જોડાક્ષરના ઉચ્ચારણની સમ્યક્ પદ્ધતિને જાણી લેવી જરૂરી છે.

**સમ્યક્ ઉચ્ચારણ પદ્ધતિ** : શબ્દમાં બે/ચાર જોડાક્ષર હોય તેથી શબ્દ મોટો બની ગયો હોય ત્યારે તેના લાંબા ઉચ્ચારણમાં નીચે બતાવ્યા પ્રમાણે અર્થાત્ અડધા અક્ષરને અંતે અલ્પવિરામ આવે અને પ્રારંભ પૂર્ણ અક્ષરથી થાય તે રીતે આગળ વધવાથી જોડાક્ષરોનું પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરી શકાય છે; જેમ કે,

**કાર્યોન્મુખ – કાર્યોન્,મુખ** **સત્તત્ત્વ – સત્,તત્ત્વ**

**મર્મોદ્ઘાટન – મર્મોદ્,ઘાટન** **ચાતુર્વર્ણ્ય – ચાતુર્,વર્ણ્ય**

**મૂર્ધન્ય – મૂર્,ધન્ય** **હર્ષોલ્લાસ – હર્ષોલ્,લાસ**

**વિદ્વદ્વર્ય – વિદ્,વદ્,વર્ય** **ઉદ્યદ્દિવાકર – ઉદ્,યદ્,દિવાકર**

સમ્યક્ ઉચ્ચારણ અંગેની આ રીત (ચાવી) સર્વત્ર લાગુ પડશે એમ કહેવાનો આશય નથી. ક્યાંક બીજી રીતે પણ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે; જેમ કે,

**સંક્રાન્તિ – સઙ્,ક્રાન્તિ** **વિદ્યાવ્યાસંગ – વિદ્યા,વ્યાસંગ**

**રાષ્ટ્રધ્વજ – રાષ્ટ્ર,ધ્વજ** **સૂર્યસ્નાન – સૂર્ય,સ્નાન**

જ્યાં જેમ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે ત્યાં તેમ કરવું યોગ્ય છે.

જોડાક્ષરની સમ્યક્ ઉચ્ચારણપદ્ધતિને નહિ જાણનારા બાળકોને, નીચે બતાવ્યા પ્રમાણે જોડાક્ષરોવાળા શબ્દોની અંદર વચમાં-વચમાં અલ્પવિરામ કરાવીને બોલતાં શીખવવાથી, તેઓ ગમે તેવા કઠિન જોડાક્ષરોનું પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરતાં શીખી શકે છે. આ વાત અનુભવસિદ્ધ છે; દા.ત.,

| | | | |
|---|---|---|---|
| પાયચ્છિત્ત | – પા, યચ્, છિત્, ત | અન્નત્થ | – અન્, નત્, થ |
| પડિક્કમામિ | – પ, ડિક્, કમામિ | કાઉસ્સગ્ગં | – કા, ઉસ્, સગ્, ગં |
| આઇચ્ચેસુ | – આ, ઇચ્, ચેસુ | સવ્વન્નૂણં | – સવ્, વન્, નૂણં |
| ધમ્મસ્સ | – ધમ્, મસ્, સ | વઇક્કંતો | – વ, ઇક્, કંતો |
| અનિન્હવણે | – અ, નિન્, હવણે | સમ્મદિટ્ઠિ | – સમ્, મદ્, દિટ્ઠિ |
| પચ્ચક્ખામિ | – પચ્, ચક્, ખામિ | નમોર્હત | – નમોર્, હત્ |

લોગવિરુદ્ધચ્ચાઓ – લોગ, વિરુદ્, ધચ્, ચાઓ

તિણ્હં ગુણવ્વયાણં – તિણ્, હં, ગુણવ્, વયાણં

વિદ્યાગુરુઓએ શરૂઆતમાં નાના બાળકોને જોડાક્ષરવાળો શબ્દ આવી રીતે અલ્પવિરામથી છૂટો પાડીને બોલતાં શીખવવું અને તેવી જ રીતે ગોખતાં શીખવવું, તે શબ્દ ગોખાઈને રૂઢ થયા પછી અલ્પવિરામ વિના શુદ્ધ રીતે બોલી શકાશે.

❀

વાક્યમાં રહેલા શબ્દોના અક્ષર આગળ-પાછળ થઈ જાય કે કોઈ અક્ષરમાં કે એના ઉચ્ચારણમાં ફેરફાર થઈ જાય તોપણ અર્થમાં કેટલો મોટો ફેરફાર થઈ જાય છે તે નીચેનાં દૃષ્ટાંતોથી સમજી શકાશે.

| | |
|---|---|
| ૧. આગલ ગાડી છે. | આગ લગાડી છે. |
| ૨. દીવા નથી, અંધારું છે. | દીવાનથી અંધારું છે. |
| ૩. પ રીક્ષા માટેનું સ્થાન | પરીક્ષા માટેનું સ્થાન |
| ૪. બાલક રડે છે. | બાલ કરડે છે. |
| ૫. પતિ ગયા. (સ્વામી ગયા.) | પતી ગયા. (મરી ગયા.) |
| ૬. સારું થયું તમે રસ્તામાં મળી ગયા, નહિ તો મારે તમારા ઘેર મળવા આવવું પડત. | સારું થયું તમે રસ્તામાં મરી ગયા, નહિ તો મારે તમારા ઘેર મરવા આવવું પડત. |
| ૭. હવે તમારા પુત્રને શોધવાની જરૂર નથી, તે મળી ગયો છે. | હવે તમારા પુત્રને શોધવાની જરૂર નથી, તે મરી ગયો છે. |

('ળ'ને બદલે 'ર' બોલવાથી આવો અનર્થ થાય છે.)

# શુદ્ધ ઉચ્ચાર કોને કહેવાય ?

## ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેની મહત્ત્વની બાબતો

(૧) જે શબ્દની અંદર જેટલા અક્ષરો હોય તેટલા જ અક્ષરો બોલાય. એમાં એક અક્ષરની પણ વધ-ઘટ થવી જોઈએ નહિ.

**'ખાસીએણં'**ને બદલે **'ખાસસીએણં'** બોલાય નહિ. (અક્ષર વધે)

**'નમો અરિહંતાણં'** ને બદલે **'નમોરિહંતાણં'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

**'ખમાસમણો'** ને બદલે **'ખમાસણો'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

**'મત્થએણ'** ને બદલે **'મથેણ'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

(૨) શબ્દમાં જે અક્ષર અડધો (ખોડો) હોય તે અડધો જ બોલાય અને જે અક્ષર આખો હોય તે આખો જ બોલાય. અડધા અક્ષરને બદલે આખો અક્ષર અને આખા અક્ષરને બદલે અડધો અક્ષર બોલાય નહિ.

**'શાન્તિર્ ભવતુ'** ને બદલે **'શાન્તિરભવતુ'** બોલાય નહિ. અર્થાત્ આમાં અડધા **'ર્'** ને બદલે આખો **'ર'** (=છેલ્લે **'અ'** ઉમેરીને) બોલાય નહિ.

આખો **'ર'** બોલવાથી પાછળ **'ભવતુ'** ને બદલે **'અભવતુ'** થાય, તેથી **'શાંતિ થાવ'**ને બદલે **'શાંતિ ન થાવ'** એવો અર્થનો અનર્થ થાય.

**'જરમરણા'**ને બદલે **'જર્મર્ણા'** બોલાય નહિ, અર્થાત્ આમાં આખા **'ર'** ને બદલે અડધો **'ર્'** બોલાય નહિ.

(૩) શબ્દમાં જે અક્ષર હોય તે જ અક્ષર બોલાય, એકને બદલે બીજો અક્ષર બોલાય નહિ.

**'એગિંદિયા'** ને બદલે **'એકિંદિયા'** બોલાય નહિ, અર્થાત્ આમાં **'ગ'** ને બદલે **'ક'** બોલાય નહિ.

**'મેધા'** (બુદ્ધિ)ને બદલે **'મેઘા'** (વાદળ) બોલાય નહિ, અર્થાત્ આમાં ધજાના **'ધ'** ને બદલે ઘરનો **'ઘ'** બોલાય નહિ. **'ધ'** ને બદલે **'ઘ'** બોલવાથી અર્થ બદલાઈ જાય છે.

સૂત્રોમાં જ્યાં 'ગૃહ', **'દૃષ્ટિ'** વગેરે શબ્દો હોય ત્યાં **'ગૃહ'** (ઘર)ને બદલે **'ગ્રહ'** (સૂર્યાદિ ૯ ગ્રહ) અને **'દૃષ્ટિ'** ને બદલે **'દ્રષ્ટિ'** તેમજ 'વૃષ્ટિ' ને બદલે **'વ્રષ્ટિ'** બોલાય નહિ, અર્થાત્ આમાં **'ઋ'** સ્વરના સ્થાને **'ર'** વ્યંજન બોલાય નહિ. **'ઋ'** ને બદલે **'ર'** બોલવાથી અક્ષર બદલાઈ જવા ઉપરાંત અર્થ પણ બદલાઈ જાય છે. (જુઓ પાનું )

'ગ્રહ' ને બદલે 'ગૃહ' બોલાય નહિ, અર્થાત્ આમાં '**ર**' વ્યંજનને બદલે '**ઋ**' સ્વર બોલાય નહિ, કારણ કે અર્થ બદલાઈ જાય છે.

'**સહસ્ર**' શબ્દ છે, પણ '**સહસ્ત્ર**' એવો શબ્દ જ નથી, તેથી '**સહસ્ર**' ને બદલે '**સહસ્ત્ર**' બોલાય નહિ, અર્થાત્ બે અક્ષરવાળા '**સ્ર**' (સ્ + ર)ને બદલે ત્રણ અક્ષરવાળો '**સ્ત્ર**' (સ્ + ત્ + ર) બોલાય નહિ.

(૪) શબ્દમાંનો જે અક્ષર હ્રસ્વ હોય તે હ્રસ્વ બોલાય અને દીર્ઘ હોય તે દીર્ઘ બોલાય. હ્રસ્વને બદલે દીર્ઘ અને દીર્ઘને બદલે હ્રસ્વ બોલાય નહિ.

'**નિસીહિ**' શબ્દમાંનો પહેલો અક્ષર '**નિ**' અને છેલ્લો અક્ષર '**હિ**' હ્રસ્વ હોવાથી હ્રસ્વ બોલાય અને વચ્ચેનો '**સી**' અક્ષર દીર્ઘ હોવાથી દીર્ઘ (= સહેજ લંબાવીને) બોલાય.

હ્રસ્વ સ્વર અને દીર્ઘ સ્વર કેમ બોલાય તે જ્ઞાની ગુરુ પાસે શીખી લેવું જરૂરી છે.

(૫) જે સૂત્ર સંસ્કૃત કે અર્ધમાગધી-પ્રાકૃત જે ભાષામાં હોય તેમાંના બધા શબ્દો એજ ભાષામાં બોલાય.

સંસ્કૃત ભાષાના સૂત્રના બધા શબ્દો સંસ્કૃત ભાષામાં જ બોલાય અને પ્રાકૃત ભાષાના સૂત્રના બધા શબ્દો પ્રાકૃત ભાષામાં જ બોલાય.

સંસ્કૃત ભાષાના સૂત્રમાં '**કલ્યાણ**' શબ્દ હોય ત્યાં પ્રાકૃત ભાષાનો '**કલ્લાણ**' શબ્દ બોલાય નહિ અને પ્રાકૃત ભાષાના સૂત્રમાં '**કલ્લાણ**' શબ્દ હોય ત્યાં સંસ્કૃત ભાષાનો '**કલ્યાણ**' શબ્દ બોલાય નહિ.

એવી જ રીતે સંસ્કૃત ભાષાના સૂત્રમાં '**વર્ધમાન**' હોય ત્યાં '**વદ્ધમાણ**' અને પ્રાકૃત ભાષાના સૂત્રમાં '**વદ્ધમાણ**' હોય ત્યાં '**વર્ધમાન**' બોલાય નહિ.

સંસ્કૃત સૂત્રમાંની કોઈ ગાથા પ્રાકૃત ભાષામાં હોય તો એ આખી ગાથા પ્રાકૃત ભાષામાં જ બોલાય. સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનું મિશ્રણ(ભેળસેળ) કરીને બોલાય નહિ.

'**મોટી શાન્તિ**' સૂત્રનો પાઠ સંસ્કૃત ભાષામાં છે, પણ એમાંની એક ગાથા પ્રાકૃત ભાષામાં છે તે "**અહં તિત્થયરમાયા શિવાદેવી, તુમ્હ નયરનિવાસિની; અમ્હ શિવં તુમ્હ શિવં, અશિવોવસમં શિવં ભવતુ સ્વાહા ॥**" (જુઓ પાનું )

આવી રીતે '**સ**' ને બદલે '**શ**' બોલવાપૂર્વક સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનું મિશ્રણ કરીને બોલાય નહિ. આખી ગાથા પ્રાકૃત ભાષામાં જ બોલાય. '**જયવીયરાય**' સૂત્રનો પાઠ પ્રાકૃત ભાષામાં છે, પણ એમાંની

**'સર્વમઙ્ગલમાઙ્ગલ્યં'** આ છેલ્લી એક ગાથા સંસ્કૃત ભાષામાં છે એ સંપૂર્ણ સંસ્કૃત ભાષામાં જ બોલાય, એમાંનો કોઈ પણ શબ્દ પ્રાકૃત ભાષા પ્રમાણે બોલાય નહિ. (એમાં **'જૈનમ્'** નહિ, **'જૈનં'** લખાય.)

સૂત્રમાંની જે ગાથા સંસ્કૃત ભાષામાં હોય તે સંસ્કૃત ભાષામાં જ બોલાય અને જે ગાથા પ્રાકૃત ભાષામાં હોય તે પ્રાકૃત ભાષામાં જ બોલાય, પણ એમાંના કેટલાક શબ્દો સંસ્કૃતમાં અને કેટલાક શબ્દો પ્રાકૃતમાં એમ બે ભાષાની ભેળસેળ કરીને બોલાય નહિ.

વરકનક-શંખ-વિદ્રુમ-મરકતઘન-સન્નિભં વિગતમોહમ્ ।
સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વન્દે ॥ (સંસ્કૃત)

વરકણય-સંખ-વિદ્દુમ-મરગયઘણસન્નિહં વિગયમોહં ।
સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇયં વંદે ॥ (પ્રાકૃત)

આમ આ ગાથા સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષામાં છે. આ ગાથા
વરકનક-શંખ-વિદ્રુમ-મરકતઘન-સન્નિભં વિગતમોહમ્ । (સંસ્કૃત)
સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇયં વંદે ॥ (પ્રાકૃત)
આવી રીતે બે ભાષાની ભેળસેળ કરીને બોલાય નહિ.

નોંધ : કોઈ રચયિતા પોતાની રચનામાં સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનો પ્રયોગ કરે એમાં દોષ નથી, પણ ધાર્મિક સૂત્રોમાં **'કલ્લાણકંદં'**ને બદલે **'કલ્યાણકંદં'** બોલાય કે **'સપ્તતિશતં'**ને બદલે **'સત્તરિસયં'** બોલાય, અર્થાત્ પ્રાકૃત ભાષાના શબ્દોને બદલે સંસ્કૃત ભાષાના શબ્દો બોલાય કે સંસ્કૃત ભાષાના શબ્દોને બદલે પ્રાકૃત ભાષાના શબ્દો બોલાય તો સૂત્રોના અક્ષરોમાં ફેરફાર કર્યાનો દોષ લાગે જ. ધાર્મિક સૂત્રોમાં ભાષાની ભેળસેળ કરવી એ મોટો દોષ છે.

**'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?'**

આ પ્રાકૃત ભાષાનું વાક્ય છે, એ સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાની ભેળસેળ કરીને **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પ્રતિક્રમણે ઠાઉં ?'** આવી રીતે બોલાય નહિ. **'ઠાઉં'** શબ્દમાંના **'ઉ'** અક્ષર પરનો અનુસ્વાર જ્ઞાની ગુરુના મુખેથી શીખી લઈને સ્પષ્ટ બોલવો.

**"ઠાઉં ?, કરું ?, સંદિસાહું ?, પડિલેહું ?"** આ બધા આદેશ વચનોમાં અનુસ્વારનું જ ઉચ્ચારણ થાય. આમાં અનુસ્વાર પૂર્વેનો સ્વર નાસિક્ય બને છે,

તેથી અનુસ્વારનું નાસિક્ય ઉચ્ચારણ થાય. પ્રાકૃત-ગુજરાતી ભાષાના ઘણા શબ્દોમાં તેમજ શબ્દોના અંતે અનુસ્વારનો અનુનાસિક ઉચ્ચાર થાય છે. ઉપર-નીચેના બંને હોઠ ગોળાકાર થાય એવો ઉચ્ચાર આમાંના અનુસ્વારનો થાય.

"**ઠાઉમ્ ?, કરુમ્ ?, સંદિસાહુમ્ ?, પડિલેહુમ્ ?**" આમ આ બધા શબ્દો બે હોઠ ભેગા કરીને '**મ્**'ના ઉચ્ચારણપૂર્વક બોલાય નહિ.

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારણ શીખવાની ભાવનાવાળા પુણ્યાત્માઓએ સંસ્કૃત ભાષાના કેટલાક અક્ષરોના પ્રાકૃત ભાષામાં જે ફેરફાર થાય છે તે પણ જાણવા યોગ્ય છે. અહીં તો માત્ર મહત્ત્વના અક્ષરોના ફેરફાર બતાવાય છે. વિશેષ ગુરુગમથી જાણવું.

(૧) સંસ્કૃત '**ઋ**' સ્વરનો પ્રાકૃતમાં '**રિ**' થાય છે.
ઋદ્ધિ-રિધ્ધિ, ઋષિ-રિસિ, ઋષભ-રિસહ, ઋતુ-રિઉ, ઋક્ષ-રિચ્છ

(૨) સંસ્કૃત '**ઐ**'નો '**એ**' અને '**ઔ**'નો '**ઓ**' પ્રાકૃતમાં થાય છે.
શૈલ-સેલ, વૈર-વેર, સૈન્ય-સેન; ગૌરી-ગોરી, ચૌર-ચોર, મૌન-મોણ

(૩) સંસ્કૃત '**ન**'નો પ્રાકૃતમાં '**ણ**' પણ થાય છે.
જન-જણ, જિન-જિણ, વન-વણ, મુનિ-મુણિ, નમો-ણમો, મૌન-મોણ

(૪) સંસ્કૃત '**ય**'નો પ્રાકૃતમાં '**જ**' થાય છે.
યશ-જસ, યમ-જમ, સંયમ-સંજમ, યાત્રા-જત્તા, યતિ-જઇ

(૫) સંસ્કૃત '**શ-ષ**' નો પ્રાકૃતમાં '**સ**' થાય છે.
શંખ-સંખ, શત-સય; વિષ-વિસ, પૌષધ-પોસહ, સન્તોષ-સંતોસ

નોંધ : (૧) નવકારમાં '**નમો**' પદ છે અને '**ણમો**' પદ પણ છે. પ્રસિદ્ધ વ્યવહાર '**નમો**' બોલવાનો હોવાથી પ્રસિદ્ધ વ્યવહારને અનુસરવું.

(૨) હિંદી ભાષામાં '**ઋ**'નું ઉચ્ચારણ '**રિ**' બોલીને કરવામાં આવે છે એ આપણા '**રુ**'ના ઉચ્ચારણ કરતાં વધારે શુદ્ધ છે એમ માનવાની જરૂર નથી.

(૩) હિંદી ભાષામાં '**ઋ**'નું ઉચ્ચારણ '**રિ**' થાય છે, તેથી જ્યારે પશ્ચિમના વિદ્વાનો ભારતીય ભાષાઓ બાબતમાં પ્રથમ હિંદીભાષીઓ સાથે સંપર્કમાં આવ્યા ત્યારે એમણે '**સંસ્કૃત**' અને '**પ્રાકૃત**' શબ્દોની જોડણી અંગ્રેજીમાં 'Sanskrit' અને 'Prakrit' કરી, આથી ગુજરાતી લેખકોને પણ અંગ્રેજી લખાણમાં આવા શબ્દોની જોડણી રૂઢ 'ri' પ્રમાણે કરવી પડે છે.

લખવામાં નાનકડું અલ્પવિરામચિહ્ન જરાક આગળ-પાછળ મુકાઈ જાય તોપણ કેવો અનર્થ થાય છે તે નીચેના દૃષ્ટાંતથી સમજી શકાશે.

## આશ્ચર્યકારી લખાણ !

**શેઠના નોકરનું દૃષ્ટાંત** : એક શેઠના બંગલાની દીવાલ પાસે લોકો ગંદકી કરતા હતા. તેથી શેઠે નોકરને બોલાવી દીવાલ ઉપર નીચે મુજબ લખવા કહ્યું :

**'અહીં ગંદકી કરવી નહિ, કરનારને સજા થશે.'**

પણ તે અબુધ નોકરે તો જઈને લખ્યું કે,

**'અહીં ગંદકી કરવી, નહિ કરનારને સજા થશે.'**

શેઠના બંગલાના કોટની દીવાલ ઉપર આવું આશ્ચર્યકારી લખાણ વાંચીને લોકો ત્યાં પહેલાં કરતાં વધુ ગંદકી કરવા લાગ્યા.

અલ્પવિરામચિહ્નને જે શબ્દની પછી મૂકવાનું હતું, તે શબ્દની પૂર્વે મૂકી દેવામાં આવ્યું હતું. નોકરે ભૂલ કરી નહિ જેવી, પણ તેથી આગળ આવી ગયેલા અલ્પવિરામે તો આશ્ચર્યકારી અનર્થ સર્જી દીધો ! લખવાની નહિ જેવી ભૂલનું આ કેવું પરિણામ !

શબ્દોમાં ફેરફાર થયો માત્ર રાઈના દાણા જેવડા નાનકડા મીંડાનો કે હ્રસ્વ-દીર્ઘ સ્વરનો અથવા ટચૂકડા અલ્પવિરામનો, પણ અર્થમાં તો ફેરફાર થયો ડુંગર જેવડો મોટો !

આ બધાં દૃષ્ટાંતો બરાબર ધ્યાનમાં રાખીને સૂત્રનાં અક્ષરો, જોડાક્ષરો, રેફ, કાનો, માત્રા, મીંડું વગેરેમાં જરા પણ ફેરફાર ન થઈ જાય, તેની પૂરેપૂરી સાવધાની રાખીને જ સૂત્રોનો પાઠ આપવો, લેવો અને ગોખવો જોઈએ.

દુનિયાદારીના વ્યવહારમાં પત્ર લખવામાં કાનો-માત્રા-મીંડું વગેરેનો સહેજ પણ ફેરફાર થઈ જાય છે, તોપણ હર્ષના સ્થાને શોક છવાઈ જાય છે. આ વાત નીચેની કથા વાંચવાથી બરાબર સમજાઈ જશે.

## અશુદ્ધ લખવા - બોલવાથી અનર્થ થાય છે.

## શેઠના મુનીમની કથા

એક હતા શેઠ. તે હતા રૂના મોટા વેપારી. પરગામ રહેતા તેમના વેવાઈને પણ રૂનો જ મોટો વેપાર હતો. એક વાર શેઠને કોઈ કાર્યપ્રસંગે અજમેર જવાનું થયું ત્યારે તેમણે પોતાના વેવાઈ ઉપર, મુનીમને નીચે પ્રમાણે પત્ર લખવાની સૂચના આપી કે, **"શેઠ અજમેર ગયે હૈં. હમને રૂઈ લિયા હૈં. તુમ ભી રૂઈ લેના ઔર બડી વહી કો ભેજ દેના."** (શેઠ અજમેર ગયા છે. અમે રૂ ખરીદ્યું છે. તમે પણ રૂ ખરીદી લેજો અને મોટો ચોપડો મોકલી આપજો.)

પણ કાળજી વગરના કાંઈક ઉતાવળિયા સ્વભાવવાળા મુનીમજીએ તો લખ્યું કે, **"શેઠ આજ મર ગયે હૈં. હમને રોઈ લિયા હૈ. તુમ ભી રોઈ લેના ઔર બડી બહુ કો ભેજ દેના."** (શેઠ આજે મરી ગયા છે. અમે રોઈ લીધું છે. તમે પણ રોઈ લેજો અને મોટી વહુને મોકલી આપજો.) **'અજમેર'**ને બદલે **'આજ મર'**, **'રૂઈ'**ને બદલે **'રોઈ'** અને **'વહી'**ને બદલે **'વહુ'** લખી નાખ્યું !

પત્ર તો પહોંચી ગયો વેવાઈને ઘેર. સૌએ વાંચ્યો, વારંવાર વાંચ્યો અને બીજાઓની પાસે પણ વંચાવ્યો ને પછી તો પૂછવાનું જ શું ? તરત જ મોંકાણ મંડાઈ ગઈ. રોકકળ શરૂ થઈ ગઈ. સૌએ જીવતા-જાગતા શેઠના નામનું નાહી નાખ્યું ને સૂતક પણ કાઢ્યું.

વેવાઈની મોટી દીકરી આ પત્ર લખનારા શેઠના મોટા છોકરા સાથે પરણાવેલી હતી, તેથી તે સાસરિયામાં **'બડી બહુ'** (મોટી વહુ) તરીકે ઓળખાતી હતી. પત્રના લખાણ મુજબ તેનો ભાઈ તેને સાસરે મૂકવા આવ્યો, પણ ત્યાં તો શેઠને સાજાતાજા બેઠેલા જોયા. તેથી આ ભાઈબહેન તો ભારે વિસ્મય પામ્યાં ! ગભરાયાં ! ને આંખો ફાડીફાડીને શેઠને જોઈ જ રહ્યાં ! પછી તો બધી વાત થઈ, સાચી વાતનો ભંડો ફૂટ્યો ને મુનીમના ગરબડ-ગોટાળા બહાર આવ્યા.

મુનીમે ઉતાવળમાં કાનો-માત્રા-અક્ષર વગેરેનો ફેરફાર કરીને પત્ર લખ્યો, તેના કારણે જ આ બધી મોંકાણ મંડાઈ ગઈ હતી. પછી તો બધા પેટ પકડીને હસ્યા. શેઠ તો જાણે કે મરીને ફરી જ જન્મ્યા !

બાળકો ! અશુદ્ધ લખવા-બોલવાથી કેવો અનર્થ થાય છે એ વાત તમને આ દૃષ્ટાંતથી સારી રીતે સમજાઈ ગઈ ને ?

એવી જ રીતે ધાર્મિક સૂત્રો પણ આપણે જો અશુદ્ધ લખીએ-બોલીએ તો એથી પણ ઘણો મોટો અનર્થ થઈ જાય છે અને આપણને દોષ લાગે છે. માટે જરા પણ અશુદ્ધ પાઠ ગોખાઈ ન જાય તેની કાળજી રાખીને જ ભણવું જોઈએ અને તે માટે જરૂરી એવું જોડાક્ષર વગેરેનું જ્ઞાન પણ મેળવી લેવું જોઈએ. શ્વાસ ન ભરાય તેમ ધીમેથી સૂત્રો બોલવાની ટેવ પાડવી જોઈએ. સૂત્રો ભણી લીધા પછી તેના અર્થ પણ સમજી લેવા જોઈએ. સૂત્રો બોલતી વખતે તેના અર્થ વિચારવા જોઈએ. દિવસે બને ત્યાં સુધી સામાયિક લઈને તેમ જ જ્ઞાન અને જ્ઞાનીનો વિનય સાચવીને ભણવું જોઈએ. અકાળે ભણવું નહિ તેમ જ છોકરાઓ અને છોકરીઓએ સાથે બેસીને પણ ભણવું નહિ.

અશુદ્ધ ઉચ્ચારણ કરવાથી ધાર્મિક સૂત્રોના અક્ષરોમાં નજીવો ફેરફાર થઈ જાય તોપણ કેવા ખરાબ અને વિપરીત અર્થ થઈ જાય છે, તે નીચે આપેલાં દૃષ્ટાંતોથી સારી રીતે સમજી શકાશે.

✡

**નવકાર**

૧. **સવ્વપાવપ્પણાસણો** (શુદ્ધ પાઠ) **અર્થ :** સર્વ પાપોનો નાશ કરનાર
**સવપાવપ્પણાસણો** (અશુદ્ધ પાઠ) **અર્થ :** શબનાં (મડદાનાં) પાપનો નાશ કરનાર
(શુદ્ધ) **સવ્વ**-સર્વ, (અશુદ્ધ) **સવ**-શબ, મડદું

**અન્નત્થ**

૨. **અન્નત્થ ઊસસિએણં** (શુદ્ધ પાઠ)

**અર્થ :** ઉચ્છ્વાસનિઃશ્વાસ આદિ ક્રિયાઓના આગાર (અપવાદ) છોડીને મારો કાઉસ્સગ્ગ અભંગ અને અવિરાધિત હો. (**ભાવાર્થ :** ઉચ્છ્વાસનિઃશ્વાસ આદિ કારણો ઉપસ્થિત થવાથી જે કાયવ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ, કે વિરાધિત થાય નહિ.)

**અનત્થ ઊસસિએણં** (અશુદ્ધ પાઠ)

**અર્થ :** અનર્થ(સંકટ) ઉચ્છ્વાસનિઃશ્વાસ આદિ આગારો વડે મારો કાઉસ્સગ્ગ હો.

(શુદ્ધ) **અન્નત્થ**-અન્યત્ર, સિવાય કે

(અશુદ્ધ) **અનત્થ**-અનર્થ, સંકટ

## નમુત્થુ ણં

૩. **ધમ્મદયાણં** (શુદ્ધ પાઠ)

**અર્થ :** ધર્મને આપનારા અરિહંત ભગવંતોને (નમસ્કાર થાઓ.)

**ધમ્‌દયાણં** (અશુદ્ધ પાઠ) **અર્થ** : ધનને આપનારાને

(શુદ્ધ) **ધમ્મ**-ધર્મ, (અશુદ્ધ) **ધમ્‌**-ધન

૪. **સવ્વન્નૂણં** (શુદ્ધ પાઠ)

**અર્થ :** સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતોને (નમસ્કાર થાઓ.)

**સવ્વનૂણં** (અશુદ્ધ પાઠ) **અર્થ** : સર્વથી ન્યૂનને

(શુદ્ધ) **'સર્વજ્ઞેભ્યઃ'**નું પ્રાકૃતમાં **'સવ્વન્નૂણં'** થાય છે અને તેનો અર્થ **'સર્વજ્ઞોને'** એવો થાય છે.

(અશુદ્ધ) **'સર્વન્યૂનમ્‌'**નું પ્રાકૃતમાં **'સવ્વનૂણં'** થાય છે અને તેનો અર્થ **'સર્વથી ન્યૂન'** એટલે **'સર્વથી હીન કે ઊતરતી કક્ષાવાળાને'** એવો થાય છે.

**'સવ્વન્નૂણં'** પદ (ચતુર્થીના અર્થમાં) ષષ્ઠી વિભક્ત્યન્ત છે, જ્યારે **'સવ્વનૂણં'** પદ દ્વિતીયા વિભક્ત્યન્ત બની જાય છે.

❋

## જાવંત કે વિ સાહૂ

૫. **તિવિહેણ તિદંડ-વિરયાણં** (શુદ્ધ પાઠ)

**અર્થ :** ત્રણ પ્રકારે ત્રણ દંડથી વિરામ પામેલા સર્વ સાધુઓને હું નમ્યો છું.

**તિવિહેણ તિદંડ-વીરિયાણં** (અશુદ્ધ પાઠ)

**અર્થ :** ત્રણ પ્રકારે ત્રણ દંડમાં પરાક્રમવાળા સર્વ સાધુઓને હું નમ્યો છું. (મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડ છે અને તે પાપસ્વરૂપ છે.)

(શુદ્ધ) **'વિરતેભ્યઃ'**નું પ્રાકૃતમાં **'વિરયાણં'** બને છે. (વિ + રમ્‌) **વિરયાણં** = વિરામ પામેલાઓને

(અશુદ્ધ) **'વીર્ય'** શબ્દનું પ્રાકૃતમાં **'વીરિય'** થાય છે અને તેનું ષષ્ઠી બહુવચનમાં **'વીરિયાણં'** થાય છે. તિદંડવીરિયાણં = ત્રણ દંડમાં પરાક્રમવાળાઓને

આમ '**વિરયાણં**' શબ્દમાં રહેલા '**વિ**'ને બદલે '**વી**' અને '**ર**'ને બદલે '**રિ**' બોલવાથી 'પાપસ્વરૂપ ત્રણ દંડથી ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) વિરામ પામેલા સર્વ સાધુઓને' એવા સાચા અને સારા અર્થને બદલે, 'ત્રણ પ્રકારના દંડ કે જે પાપસ્વરૂપ હોવાથી અનર્થકારી છે, એવા ત્રણ દંડમાં ત્રણ પ્રકારે એટલે મન-વચન-કાયાથી પરાક્રમવાળા સર્વ સાધુઓને હું નમ્યો છું' એવો ખોટો ને ખરાબ અર્થ થઈ જાય છે.

### નમોઽર્હત્

૬. **નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ** (શુદ્ધ પાઠ)

**અર્થ :** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયેસર્વસાધુભ્યઃ** (અશુદ્ધ પાઠ)

**અર્થ :** આ સૂત્રમાં '**પાધ્યાય**'ને બદલે '**પાધ્યાયે**' બોલવાથી ત્યાં સપ્તમી વિભક્તિનો આભાસ થાય છે. સમાસ તૂટી જાય છે. તેથી તેનો સાચો, સંગત ને ઈષ્ટ અર્થ માર્યો જાય છે અને ખોટો, અસંગત ને અનિષ્ટ અર્થ ઉત્પન્ન થાય છે, એથી પંચ પરમેષ્ઠીને નમસ્કાર થતો નથી.

### જય વીયરાય

૭. **ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ** (શુદ્ધ પાઠ)

**અર્થ :** હે પ્રભુ ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગાનુસારિતા (માર્ગને અનુસરવાપણું) પ્રાપ્ત થાઓ !

**ભવનિવ્વેઓ મગ્ગા અણુસારિઆ** (અશુદ્ધ પાઠ)

**અર્થ :** હે પ્રભુ ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગથી અનુસરવાપણું પ્રાપ્ત થાઓ !

અહીં શબ્દમાં માત્ર એક '**અ**'નો વધારો થઈ જવાથી આવો અસંગત અર્થ થાય છે.

'**માર્ગાનુસારિતા**' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં '**મગ્ગાણુસારિઆ**' થાય છે.

અને '**માર્ગાત્ અનુસારિતા**' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં '**મગ્ગા અણુસારિઆ**' થાયછે.

(શુદ્ધ) **મગ્ગાણુસારિઆ** = માર્ગાનુસારીપણું

(અશુદ્ધ) **મગ્ગા અણુસારિઆ = 'માર્ગથી અનુસારીપણું'** આવો અસંગત અર્થ નીકળશે.

૮. **પ્રધાનં સર્વધર્માણામ્** (શુદ્ધ પાઠ)

**અર્થ :** સર્વ ધર્મોને વિશે પ્રધાન (એવું જિનશાસન જય પામે છે.)

**પ્રધાનં સર્વધર્માણમ્** (અશુદ્ધ પાઠ) **અર્થ :** સર્વ ધર્મવાળાને પ્રધાન.

**'સર્વધર્માણામ્'** એ **'સર્વધર્મ'** શબ્દનું ષષ્ઠી બહુવચન છે, જ્યારે

**'સર્વધર્માણમ્'** એ **'સર્વધર્મન્'** શબ્દનું દ્વિતીયા એકવચન છે.

✡

## સિદ્ધાણં બુદ્ધાણં

૯. **તં ધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ** (શુદ્ધ પાઠ)

**અર્થ :** તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

**તમધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ** (અશુદ્ધ પાઠ)

**અર્થ :** તે અધર્મચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

(શુદ્ધ) **તં ધમ્મચક્કવટ્ટીં** = તે ધર્મચક્રવર્તીને

(અશુદ્ધ) **તમધમ્મચક્કવટ્ટીં** = તે અધર્મચક્રવર્તીને

આમ મીંડાંને બદલે **'મ'** આખો બોલવાથી આવો દુષ્ટ ને વિપરીત અર્થ થઈ જાય છે.

❋

## અરિહંતચેઈયાણં

૧૦. **સદ્ધાએ** (શુદ્ધ પાઠ) **અર્થ :** શ્રદ્ધા વડે

**સિદ્ધાએ** (અશુદ્ધ પાઠ) **અર્થ :** સિદ્ધ થયેલી સ્ત્રી વડે

**'શ્રદ્ધયા'** (**'શ્રદ્ધા'** શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં **'સદ્ધાએ'** થાય છે.

**'સિદ્ધયા'** (**'સિદ્ધા'** શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં **'સિદ્ધાએ'** થાય છે.

## કલ્લાણકંદં

૧૧. **સુગુણિક્કઠાણં** (શુદ્ધ પાઠ) **અર્થ** : સારા ગુણોના એક સ્થાનભૂત
**સુગણિક્કઠાણં** (અશુદ્ધ પાઠ) **અર્થ** : સારા ગણના (સમુદાયના) એક સ્થાનભૂત
(શુદ્ધ) **ગુણ** = ગુણ, સારાં લક્ષણ, (અશુદ્ધ) **ગણ** = સમુદાય
'ગુણિ'ના સ્થાને 'ગણિ' બોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

૧૨. **અપાર-સંસાર** (શુદ્ધ પાઠ)
**અર્થ** : જેનો પાર ન પામી શકાય એવો સંસાર.
**અપ્પાર-સંસાર** (અશુદ્ધ પાઠ). **અર્થ** : અલ્પ આરાવાળો સંસાર.
(શુદ્ધ) **અપાર**=પાર ન પામી શકાય તેવો.
(અશુદ્ધ) **અપ્પાર**=અલ્પ આરાવાળો.
(**'અલ્પાર'** શબ્દ પરથી પ્રાકૃતમાં **'અપ્પાર'** શબ્દ બને છે.)
શબ્દમાં માત્ર અડધો **'પ્'** વધારીને બોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

❋

## લઘુ શાન્તિ

૧૩. **નમો નમઃ શાન્તયે તસ્મૈ** (શુદ્ધ પાઠ)
**અર્થ** : તે શાન્તિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.
**નમો નમોઽશાન્તયે તસ્મૈ** (અશુદ્ધ પાઠ)
**અર્થ** : તે શાન્તિ વગરનાને નમસ્કાર થાઓ.
**'વિસર્ગ'** ( ' : ')ના સ્થાને **'ઓ'** બોલવાથી આવો વિપરીત અર્થ થઈ જાય છે.

## મોટી શાન્તિ

૧૪. **યેષાં શાન્તિર્ગૃહે ગૃહે** (શુદ્ધ પાઠ)
**અર્થ** : જેમના ઘેરઘેર શ્રી શાન્તિનાથ પ્રભુ છે.
**યેષાં શાન્તિર્ગ્રહે ગ્રહે** (અશુદ્ધ પાઠ)
**અર્થ** : જેમના દરેક (સૂર્ય વગેરે) ગ્રહમાં શ્રી શાંતિનાથ પ્રભુ છે.
(**ગૃહ = ઘર**, **ગ્રહ = સૂર્ય** વગેરે નવ ગ્રહ)
**'ગૃ'** અક્ષરના સ્થાને **'ગ્ર'** જોડાક્ષર બોલવાથી આવો અનિષ્ટ અર્થ થઈ જાય છે.

❋

## ઉચ્ચારણશુદ્ધિનું માર્ગદર્શન

૧. **'મહવ્વય'** શબ્દનું ઉચ્ચારણ **'મહાવય'** કરાતું જોવામાં આવે છે. આમાં બીજો અક્ષર **'હ'** છે, પણ **'હા'** નથી. ત્યાર પછી **'વ'** અક્ષર નથી, પણ **'વ્વ'** જોડાક્ષર છે. આ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે પ્રથમ **'મ'** બોલીને સહેજ અટકવું અને પછી **'હવ્વય'** બોલવું, જેથી શુદ્ધ ઉચ્ચારણ શક્ય બનશે; જેમ કે, **મ-હવ્વય**

૨. સૂત્રોમાં જ્યાં જ્યાં **'વંદિઉં'** પદ આવે છે, ત્યાં ત્યાં સર્વત્ર છેલ્લો અક્ષર **'ઉ'** મીંડાવાળો જ છે એ વાત ધ્યાનમાં રાખવી. મીંડા વગરનો **'ઉ'** બોલતી વખતે બે હોઠ ભેગા નહિ થાય, જ્યારે મીંડાવાળો **'ઉં'** બોલતી વખતે બે હોઠ ભેગા થઈ જશે. માટે **'વંદિઉં'** પદ બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઈ જવા જોઈએ.

૩. **'મત્થએણ'** શબ્દમાં ત્રણ અક્ષર અને એક જોડાક્ષર મળીને ચાર અક્ષર છે, ત્રણ અક્ષરો નથી. **'મત્થએણ'** શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે પ્રથમ **'મત્થ'** બોલીને સહેજ અટકી **'એણ'** બોલવું, જેથી શુદ્ધ ઉચ્ચારણ શક્ય બનશે; જેમ કે, **'મત્થ-એણ'**

૪. **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઈરિયાવહિયં પડિક્કમામિ ?'**, **'ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિકદંડક ઉચ્ચરાવોજી'**, **'ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી'**, **'ઈચ્છકારી ભગવન્ પસાય કરી વાયણા પસાય કરશોજી'**. આ ચારેય વાક્યોમાં **'ભગવાન્'** શબ્દ નથી, પણ **'ભગવન્'** શબ્દ છે તે ધ્યાનમાં રાખવું.

૫. **'સ્વામી શાતા છે જી ?'**, **ઈરિયાવહિયં પડિક્કમામિ ?**, **અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં (દેવસિઅં) ખામેઉં ?** આ બધાં વાક્યો પ્રશ્નરૂપે છે, તેથી તે વાક્યો આપણે પ્રશ્ન કરતા હોઈએ તે રીતે જ બોલવાં જોઈએ.

૬. **'પણગદગ, મટ્ટીમક્કડા'** એવી રીતે બોલવું નહિ, પણ **'પણગ, દગમટ્ટી, મક્કડા'** એમ બોલવું જોઈએ. **'દગ'** અને **'મટ્ટી'** બંને સંબંધિત પદો હોવાથી **'દગમટ્ટી'** એ પ્રમાણે સાથે જ બોલવું જોઈએ.

એવી જ રીતે **'ઠાણાઓ ઠાણં સંકામિઆ'** આ ત્રણેય પદો પણ સાથે જ બોલવાં જોઈએ.

૭. **'તસ્સ'** બોલ્યા પછી સહેજ અટકીને **'મિચ્છા મિ દુક્કડં'** બોલવું. **'દુક્કડં'**માં **'ક'** નહિ, પણ **'ક્ક'** છે તે ધ્યાનમાં રાખવું.

૮. **'ભમલીએ'** શબ્દમાં **'મ'** એક જ છે, બે નથી, માટે **'ભમ્મલીએ'** બોલવું નહિ.

૯. **'સુહુમેહિં'** શબ્દમાંનો બીજો અક્ષર 'હુ' છે, પણ 'હ' નથી અને છેલ્લો અક્ષર મીંડાવાળો 'હિં' છે, પણ મીંડા વગરનો 'હિ' નથી. માટે **'સુહમેહિ'** એવું અશુદ્ધ બોલવું નહિ, પણ **'સુહુમેહિં'** એમ શુદ્ધ જ બોલવું.

એવી જ રીતે **'એવમાઈ એહિં આગારેહિં'** પદમાં પણ બંને 'હિ' મીંડાવાળા (હિં) છે તે ધ્યાનમાં રાખવું.

૧૦. **'લોગસ્સ'**માં **'ઉસભ, સંભવ, સીઅલ, વિમલ'** આ ચાર ભગવાનનાં નામના છેલ્લા અક્ષર ઉપર મીંડાં નથી, પણ તે સિવાયના બધા જ ભગવાનનાં નામના છેલ્લા અક્ષર ઉપર મીંડાં છે, તે ખાસ ધ્યાનમાં રાખવું અને તેમાં છેલ્લે બે હોઠ ભેગા કરીને મીંડાં બરાબર બોલવાં.

૧૧. **'સંભવમભિણંદણં ચ'**ને બદલે મોટે ભાગે **'સંભવમભિ અણંદણં ચ કે હણંદણં ચ'** આવી રીતે પદચ્છેદ કરીને પાઠ આપવા-લેવામાં આવતો હોવાથી આ પદનું ઉચ્ચારણ અશુદ્ધ બને છે. બાળકો શબ્દના આદિમાં રહેલા **'ણ'**નું શુદ્ધ ઉચ્ચારણ કરી શકતા નથી. આગળ **'અ'** કે 'હ' જોડીને **'અણ'** કે **'હણ'** બોલે છે. તેથી ઉચ્ચારણમાં અશુદ્ધિ આવે છે. આ અશુદ્ધિનું નિવારણ કરવા માટે આ પદનો **'સંભવ-મભિણંદણં ચ'** આવી રીતે પદચ્છેદ કરીને જ પાઠ આપવો-લેવો જોઈએ. **'ણંદણં ચ'**ની આગળ **'મભિ'** રાખી દેવાથી **'ણ'** અક્ષર પદની અંદર આવી જાય છે, તેથી તેનું શુદ્ધ ઉચ્ચારણ સરળ બની જાય છે.

૧૨. **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્!'**, **'કરેમિ ભંતે !'**, **'તસ્સ ભંતે !'** આ બધાં સંબોધનપદો છે. તે સંબોધનરૂપ હોવાથી **'ભગવન્'** અને **'ભંતે'** શબ્દમાંનો છેલ્લો સ્વર અર્થાત્ **'ભગવન્!'** શબ્દમાં **'વ'**નો **'અ'** અને **'ભંતે !'** શબ્દમાં **'તે'**નો **'એ'** લંબાવીને બોલવાં.

૧૩. **'કાઉસ્સગ્ગં'** કે **'કાઉસ્સગ્ગો'** શબ્દમાં બે **'સ્સ'** અને બે **'ગ્ગ'** છે તે ધ્યાનમાં રાખીને તે તેવી જ રીતે બોલવા અને બોલતી વખતે બે **'સ્સ'** અને બે **'ગ્ગ'** બરાબર બોલાય છે કે નહિ તે જોવું. **'કા - ઉસ્ - સગ્ - ગં'** આમ ચાર વિભાગપૂર્વક આ શબ્દ બોલવાથી તેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૧૪. **'પચ્ચક્ખામિ'** શબ્દમાં બે **'ચ્ચ'** છે, તેમ જ **'ક્'** અને **'ખ'** જોડાયેલા છે. આમાં વચ્ચે બે જોડાક્ષર છે અને આગળ-પાછળ એકએક અક્ષર છે. બે અક્ષર અને બે જોડાક્ષર મળી ચાર અક્ષરનો બનેલો આ શબ્દ છે. તેનું ઉચ્ચારણ કરતી વખતે આપણા મુખમાંથી બે **'ચ્ચ'** અને પછી અર્ધો **'ક્'** બરાબર બોલાય છે કે નહિ તે ધ્યાનપૂર્વક જોવું ને બધા અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરવું. **'પચ્-ચક્-ખામિ'** આમ ત્રણ વિભાગ કરીને બોલવાથી તેનું સુસ્પષ્ટ ઉચ્ચારણ સહેલાઈથી થઈ શકશે.

૧૫. **'સામાઈઅમ્મિ ઉ કએ'** આમાં **'ઉ'** પછી **'ક'** એક જ છે, બે નથી તે ધ્યાનમાં રાખીને તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું. **'ઉ'** બોલ્યા પછી સહેજ અટકીને **'કએ'** બોલવાથી તેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૧૬. **'એએણ કારણેણં'** આમાં બીજો **'ણ'** મીડાંવાળો **(ણં)** છે, પણ પહેલો **'ણ'** મીંડા વગરનો છે તે ધ્યાનમાં રાખીને તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું.

૧૭. **'તે સવિ હુ'**માં **'હું'** મીંડાળાળો નથી, પણ મીંડાં વગરનો છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

૧૮. **'જં કિંચિ'**માં **'જાઈં'**, **'તાઈં'**, **'સવ્વાઈં'** આ ત્રણેય પદોમાં **'ઈં'** ઉપર મીંડું છે, તે ધ્યાનમાં રાખીને ત્રણેય પદોમાં છેલ્લો **'ઈં'** બોલતી વખતે બે હોઠ ભેગા થઈ જાય તે રીતે તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું.

૧૯. **'નમુત્થુ ણં'**માં **'ધમ્મદયાણં'** આદિ પદો બોલતી વખતે તેમાંનું **'ધમ્મ'** પદ બે **'મ્મ'**ના ઉચ્ચારણપૂર્વક બોલવું. તેમ જ **'ધમ્મદેસિયાણં'** નથી, પણ **'ધમ્મદેસયાણં'** છે (**'સિ** નથી, **'સ'** છે) તે ધ્યાનમાં રાખવું. **'જે અ અઈઆ સિદ્ધા'** અને **'જે અ ભવિસ્સંતિ'** પદ બોલતી વખતે તેમાંનો **'અ'** બોલવો રહી ન જાય તેની કાળજી રાખવી.

૨૦. **'ણાગએ કાલે'** અને **'ણમો જિણમએ'** વગેરે પદો બોલતી વખતે આદિમાં રહેલા **'ણા-ણ'**ની પૂર્વે **'અ'** કે **'હ'** જોડાઈ ન જાય તેની કાળજી રાખવી. **'અણાગએ'** કે **'હણાગએ'** અને **'અણમો'** કે **'હણમો'** બોલવું નહિ, પણ **'ણાગએ'** અને **'ણમો'** જ બોલવું.

વારંવાર પ્રયત્ન કરવાથી આગળ **'અ'** કે **'હ'** જોડ્યા વિના **'ણ'**નું ઉચ્ચારણ થઈ શકે છે, તે માટે તેવો પ્રયત્ન કરવો.

૨૧. **'જાવંત કે વિ સાહૂ'**માં **'જાવંત'** અને **'વિરયાણં'** એવાં બે શુદ્ધ પદ બરાબર ધ્યાનમાં રાખવાં. તે બંને પદો **'જાવંતિ'** અને **'વીરિયાણં'** એવાં અશુદ્ધ ન બની જાય તેની કાળજી રાખવી.

૨૨. '**નમોર્હત્**'માં '**પાધ્યાયે**' નહિ, પણ '**પાધ્યાય**' એમ શુદ્ધ જ બોલવું.

૨૩. '**ઉવસગ્ગહરં**'માં '**મંગલકલ્લાણઆવાસં**' પદ બોલતી વખતે '**કલ્લાણ**' બોલવું, પણ '**કલ્યાણ**' બોલવું નહિ.

૨૪. '**જય વીયરાય**'માં '**ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ**'ને બદલે '**ભવનિવ્વેઓ મગ્ગા અણુસારિઆ**' એવું અશુદ્ધ બોલાતું સાંભળવામાં આવે છે. અશુદ્ધિના નિવારણ માટે '**મગ્ગાણુસારિઆ**' પદ સાથે જ બોલવું, પણ '**મગ્ગા ણુસારિઆ**' એમ છૂટું પાડીને બોલવું નહિ. '**ભવનિવ્વેઓ મગ્ગા ણુસારિઆ**' એવો ખોટો પદચ્છેદ કરીને પાઠ આપવા-લેવામાં આવતો હોવાથી આ પદનું ઉચ્ચારણ અશુદ્ધ બને છે. '**મગ્ગા**' પછી '**ણુસારિઆ**' જુદું પાડવાથી વચમાં રહેલો '**ણ**' અક્ષર આદિમાં આવી જાય છે. બાળકો પદના આદિમાં રહેલા '**ણ**'નું તેની પૂર્વે '**અ**' કે '**હ**' જોડ્યા વિના સ્પષ્ટ કે શુદ્ધ ઉચ્ચારણ કરી શકતા નથી. આથી '**મગ્ગાણુસારિઆ**'ને બદલે '**મગ્ગા અણુસારિઆ**' કે '**મગ્ગા હણુસારિઆ**' એવું અશુદ્ધ પદ બની જાય છે. તેવું ન બને તે માટેની કાળજી શિક્ષકોએ જ રાખવી જોઈએ. '**ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ**' એ પ્રમાણે '**મગ્ગા**' બોલીને અટક્યા વિના જ પાઠ આપવો ને લેવો જોઈએ.

છેલ્લી ગાથામાં '**સર્વમંગલમાંગલ્યં**' એમ શુદ્ધ જ બોલવું, પણ '**સર્વ માંગલ્ય - માંગલ્યં**' એમ અશુદ્ધ કરીને બોલવું નહિ. '**પ્રધાનં સર્વધર્માણમ્**' નહિ, પણ '**પ્રધાનં સર્વધર્માણામ્**' બોલવું. આમાં છેલ્લો અક્ષર '**ણમ્**' નથી, પણ '**ણામ્**' છે તે ધ્યાનમાં રાખવું.

૨૫. '**કલ્લાણકંદં**'માં પહેલી ગાથામાં '**કલ્યાણ**' નહિ, પણ '**કલ્લાણ**' જ બોલવું. '**જિણંદં**' નહિ, પણ '**જિણિંદં**' બોલવું. '**સુગણિક્કઠાણં**' નહિ, પણ '**સુગુણિક્કઠાણં**' બોલવું. '**ભત્તીય**' કે '**ભત્તી**' નહિ, પણ '**ભત્તીઈ વંદે**' બોલવું. '**વર્ધમાનં**' નહિ, પણ '**વદ્ધમાણં**' બોલવું.

ત્રીજી ગાથામાં '**પણાસિઆસે સકુવાઈદપ્પં**' નહિ, પણ '**પણાસિઆસેસ કુવાઈદપ્પં**' બોલવું. ચોથી ગાથામાં '**કુંદિંદુગોક્ખી રતુસારવન્ના**' નહિ, પણ '**કુંદિંદુ-ગોક્ખીર-તુસારવન્ના**' બોલવું.

૨૬. '**સંસારદાવા**'ની થોય એમ બોલાય છે તે બરાબર નથી. તેમાં '**દાવાનલ**' શબ્દ તૂટી જાય છે. માટે '**સંસારદાવાનલ**'ની થોય તેમ

બોલવા-લખવાનો પ્રચાર થવો જોઈએ. છેલ્લી ગાથામાં **'લિઢલો'** નહિ, પણ **'લીઢલો'** બોલવું.

૨૭. **'પુક્ખરવર-દીવડ્ઢે'**માં **'પુક્ખરવરદી-વડ્ઢે'** નહિ, પણ **'પુક્ખરવર-દીવડ્ઢે'** બોલવું. તેમ જ બીજી ગાથામાં **'તમતિમિરપડલવિદ્ધંસણસ્સ'** આ આખુંય પદ સાથે જ બોલવું, **'સણસ્સ'** જુદું પાડવું નહિ. **'ણમો જિણમએ'**માં **'ણમો'** જ બોલવું, પણ **'અણમો'** કે **'હણમો'** બોલવું નહિ.

૨૮. **'વેયાવચ્ચગરાણં'**માં **'સમ્મદિટ્ઠિ'** શબ્દમાં 'દ' (દ્ +દ) છે તે ધ્યાનમાં રાખીને **'સમ્મદિટ્ઠિ'** નહિ, પણ **'સમ્મદિટ્ઠિ'** બોલવું. **'સમ્-મદ્-દિટ્ઠિ'** આમ ત્રણ વિભાગપૂર્વક આ શબ્દ બોલવાથી તેનું સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૨૯. **'ભગવાનહં'**માં **'સર્વસાધુભ્યઃ'** કે **'સર્વસાધુભ્યમ્'** નહિ, પણ **'સર્વસાધુહં'** બોલવું.

૩૦. **'ઈચ્છામિ ઠામિ'**માં **'ઉસુત્તો ઉમગ્ગો'** નહિ, પણ **'ઉસ્સુત્તો ઉમ્મગ્ગો'** બોલવું. પહેલા પદમાં **'સુ'** નહિ, પણ **'સ્સુ'** છે અને બીજા પદમાં **'મ'** નહિ, પણ **'મ્મ'** છે તે ધ્યાનમાં રાખવું. **'ઉસ્-સુત્તો'**, **'ઉમ્-મગ્ગો'** આમ બબ્બે વિભાગપૂર્વક બોલવાથી સહેલાઈથી તે બંનેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

તેવી જ રીતે **'તિણ્ણં ચઉણ્ણં'** નહિ, પણ **'તિણ્હં ચઉણ્હં'** બોલવું. **'તિણ્-હં'**, **'ચઉણ્-હં'** આમ બબ્બે વિભાગપૂર્વક બોલવાથી તે બંનેનું શુદ્ધ ઉચ્ચારણ સહેલાઈથી થઈ શકશે.

૩૧. **'વાંદણાં'**માં **'વંદિઉ'** નહિ, પણ **'વંદિઉં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. **'નિસ્સિહિઆએ'** નહિ, પણ **'નિસી-હિઆએ'** બોલવું. તેવી જ રીતે આગળ **'નિસ્સિહિ'** નહિ, **'નિસીહિ'** બોલવું. આ બંનેમાં **'સ્સિ'** નથી, પણ **'સી'** છે તે ધ્યાનમાં રાખવું. **'કિલ્લામો'** નહિ, પણ **'કિલામો'** બોલવું. **'અપ્કિલંતાણં'** નહિ, પણ **'અપ્પકિલંતાણં'** બોલવું. આમાં **'પ્'** નથી, પણ **'પ્પ'** છે તે ધ્યાનમાં રાખવું. **'દિવસો વઈકંતો'** નહિ, પણ **'દિવસો વઈક્કંતો'** બોલવું. આમાં **'કં'** નથી, પણ **'ક્કં'** છે તે ધ્યાનમાં રાખવું.

**'જવણિજ્જં ચ ભે'** આ પદના અક્ષરોને બરાબર ધ્યાનથી જુઓ. આમાં **'વ્વ'** નથી, પણ **'વ'** છે, **'જં'** નથી, પણ **'જ્જં'** છે. તેમ જ **'ચ'** અને **'ભે'** જુદા છે, તે બેની વચમાં **'બ્'** નથી. માટે **'જવ્વણિ જં ચબ્ભે'** આવું અશુદ્ધ બોલવું નહિ, પણ **'જવણિજ્ જં ચ ભે'** આમ વિભાગ પાડીને શુદ્ધ જ બોલવું.

**'વઈકમ્મં'** નહિ, પણ **'વઈક્કમં'** બોલવું. બે **'મ્મ'** બોલવા નહિ, પણ બે **'ક્ક'** બોલવા. **'દુકડાએ'** નહિ, પણ **'દુક્કડાએ'** એમ બે **'ક્ક'** સહિત બોલવું. **'સવ્વધમ્માઈકમણાએ'** નહિ, પણ **'સવ્વધમ્માઈક્કમણાએ'** એમ બે **'ક્ક'** સહિત બોલવું.

૩૨. **'અબ્ભુટ્ઠિઓ'**માં **'અબ્ભુટ્ઠિઓમિ અભ્યંતર'** નહિ, પણ **'અબ્ભિંતર'** બોલવું. **'સુહમં વા'** નહિ, પણ **'સુહુમં વા'** બોલવું.

૩૩. **'નમોસ્તુ વર્ધમાનાય'**માં **'સ શુક્રમાસોદ્ભવવ્રષ્ટિસન્નિભો'** નહિ, પણ **'સ શુક્રમાસોદ્ભવવૃષ્ટિસન્નિભો'** બોલવું.

૩૪. **પ્રતિક્રમણમાં સંસ્કૃત ભાષાનું જ 'વરકનકશંખવિદ્રુમ' બોલાય, પણ શાન્તિસ્નાત્રમાં બોલાતું પ્રાકૃત ભાષાનું 'વરકણયસંખવિદ્દુમ' બોલાય નહિ.**

૩૫. **'લઘુ શાન્તિ'**માં **'પ્રધાનવાક્યોપયોગ'** બોલવું, પણ **'વાક્યોપ્રયોગ'** બોલવું નહિ. **'સમ્યગ્દષ્ટીનાં ધૃતિ'** બોલવું, પણ **'સમ્યગ્દ્રષ્ટીનાં ધ્રતિ'** બોલવું નહિ. **'નમો નમઃ શાન્તયે તસ્મૈ'** બોલવું, પણ **'નમો નમો શાન્તયે તસ્મૈ'** બોલવું નહિ.

૩૬. **'સ્નાતસ્યા'**ની થોયમાં **'અર્હદ્વક્ત્રપ્રસૂતં'** બોલવું, પણ **'અર્હદ્વક્ત્રં પ્રસૂતં'** બોલવું નહિ. **'મુનિગણવૃષભૈર્ધારિતં'** બોલવું, પણ **'વૃષભૈર્ધ્વારિતં'** બોલવું નહિ.

૩૭. **'મોટી શાન્તિ'**માં **'પુણ્યાહમ્' 'પુણ્યાહમ્'** બોલવું, પણ **'પુણ્યાહામ્' 'પુણ્યાહામ્'** બોલવું નહિ. **'બૃહસ્પતિ'** બોલવું, પણ **'બ્રહસ્પતિ'** બોલવું નહિ. **'યેષાં શાન્તિર્ગૃહે ગૃહે'** બોલવું, પણ **'યેષાં શાન્તિર્ગ્રહે ગ્રહે'** બોલવું નહિ. **'શાન્તિર્ભવતુ'** બોલવું, પણ **'શાન્તિર ભવતુ'** બોલવું નહિ. **'મેધા વિદ્યાસાધન'** બોલવું, પણ **'મેઘા વિદ્યાસાધન'** બોલવું નહિ.

આ મોટી શાન્તિ સંસ્કૃત ભાષામાં છે, પણ તેની એક ગાથા પ્રાકૃત ભાષામાં છે. પ્રાકૃત ભાષામાં **'શ-ષ'** હોતા નથી. તેનો દન્ત્ય **'સ'** થઈ જવાથી એક જ **'સ'** હોય છે. માટે –

**અહં તિત્થયરમાયા, શિવાદેવી તુમ્હ નયરનિવાસિની ।**

**અમ્હ શિવં તુમ્હ શિવં, અશિવોવશમં શિવં ભવતુ ॥**

આ ગાથા આમ તાલવ્ય (મીંડાંવાળા) **'શ'**પૂર્વક બોલવી નહિ, પણ નીચે પ્રમાણે દન્ત્ય ('સસલા'ના) **'સ'**પૂર્વક જ બોલવી.

**અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની ।**

**અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ ॥** (પ્રાકૃત ભાષા)

૩૮. **'ભરહેસર'**ની સજ્ઝાય ગાથા ૭મી

**'વિલિજ્જંતિ'**, **'વિ+લી'** ધાતુનું ૩ પુ.બ.વ.નું રૂપ છે. તે વિલીન થવું, નાશ પામવું એવો અર્થ સૂચવે છે.

વ્યાકરણશાસ્ત્ર અને છંદશાસ્ત્રને નજર સમક્ષ રાખીને વિચારતાં બુદ્ધિ **'વિલયં યાન્તિ'**કે **'વિલયં જન્તિ'**ના સ્થાને **'વિલિજ્જંતિ'** (સં.**विलीयन्ते**) પાઠનો પક્ષપાત કરનારી બને છે.

૩૯. **'સકલાર્હત્'** ગાથા ૩૦મી

**'ભાવતોऽહં નમામિ'** પાઠની વ્યાકરણ દ્વારા નીચે પ્રમાણે સિદ્ધિ થઈ શકે છે.

**'જિનવરભવનાનાં'** આ ષષ્ઠી વિભક્ત્યન્ત પદને **'નમામિ'** ક્રિયાપદનું કર્મ માની તેમાં કર્મત્વની અવિવક્ષા કરીને **'શેષે'** (૨-૨-૮૧) (ષષ્ઠી) એ વ્યાકરણના સૂત્ર દ્વારા કર્મમાં દ્વિતીયાને બદલે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી શકાય; જેમ કે, **'માષાણામશ્નીયાત્'** (અડદ ખાવા જોઈએ.)

આ નિયમ પ્રમાણે **'જિનવરભવનાનાં નમામિ'** બને અને તેનો અર્થ **'હું જિનેશ્વરદેવોનાં ચૈત્યોને નમસ્કાર કરું છું'** એવો થાય.

**'ભાવતોऽહં નમામિ'**ના સ્થાને **'ભાવતોऽર્ચાં નમામિ'** એવો પાઠ કેટલીક પ્રતોમાં જોવા મળે છે. વળી **'હીરસૌભાગ્ય'** કાવ્યના કર્તાએ કાવ્યમાં **'અર્ચા'** શબ્દને પ્રતિમા અર્થમાં યોજ્યો છે અને પોતાના આ અર્થની પુષ્ટિને માટે ટીકામાં **'ભાવતોऽર્ચાં નમામિ'** પાઠનું ઉદાહરણ આપ્યું છે. તેનો અર્થ **'હું જિનપ્રતિમાને ભાવથી નમસ્કાર કરું છું'** એવો થાય છે. વિશેષ વિદ્વાનોએ વિચારવું.

૪૦. પ્રતિક્રમણનાં મોટા ભાગનાં સૂત્ર પ્રાકૃત ભાષામાં છે. બહુ થોડાં સૂત્ર સંસ્કૃત ભાષામાં છે. જે સૂત્ર પ્રાકૃત ભાષામાં છે તે પ્રાકૃત ભાષા પ્રમાણે જ બોલવાં જોઈએ અને જે સંસ્કૃત ભાષામાં છે તે સંસ્કૃત ભાષા પ્રમાણે જ બોલવાં જોઈએ. પણ સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાઓનું મિશ્રણ કરીને બોલાય નહિ; દા.ત.,

૧. **વરકણયશંખવિદ્રુમ-મરગયઘણસન્નિહં વિગયમોહં ।**
**સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વંદે ॥**

આમ અડધું પદ પ્રાકૃતમાં ને અડધું પદ સંસ્કૃતમાં એવી રીતે ગાથા બોલાય નહિ. આખી ગાથા બેમાંથી કોઈ પણ એક જ ભાષામાં બોલાય. **પ્રતિક્રમણમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણ સૂત્રની ચોપડીમાં આપ્યા મુજબ સંસ્કૃત ભાષામાં જ બોલાય.**

૨. દેવસિઅ **પ્રતિક્કમણે** ઠાઉં ? (**'પડિક્કમણે'** બોલવું જોઈએ.)

૩. ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, **સર્વસાધુભ્યઃ** (**'સર્વસાધુહં'** બોલવું જોઈએ.)

૪. અબ્ભુટ્ઠિઓમિ **અભ્યન્તર** દેવસિઅં ખામેઉં ? (**'અબ્ભિંતર'** બોલવું જોઈએ.)

૫. **શ્રુતદેવતાએ** કરેમિ કાઉસ્સગ્ગં (**'સુઅદેવયાએ'** બોલવું જોઈએ.)

૬. **ક્ષેત્રદેવતાએ** કરેમિ કાઉસ્સગ્ગં. (**'ખિત્તદેવયાએ'** બોલવું જોઈએ.)

આ બધાં દૃષ્ટાંતોમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓનું મિશ્રણ કરી નાખવામાં આવ્યું છે. આવી રીતે બે ભાષાઓનું મિશ્રણ કરીને બોલવાથી દોષ લાગે છે. **'શ્રુતદેવતાએ'** અને **'ક્ષેત્રદેવતાએ'** આ બંને પ્રયોગો પણ અશુદ્ધ છે.

❋

## પઢમં હવઇ મંગલં

નવકારમન્ત્રના આ છેલ્લા પદમાં, કેટલાંક પુસ્તકો વગેરેમાં હમણાં હમણાં **'મંગલં'**ને બદલે **'મંગલમ્'** છપાયેલું જોવામાં આવે છે. પ્રાકૃત વ્યાકરણના નિયમાનુસાર પદાન્તે **'મ્'**નો અનુસ્વાર થાય છે. તેથી **'મંગલં'** લખાય, પણ **'મંગલમ્'** લખાય નહિ.

નવકારમન્ત્ર એ શાશ્વતસૂત્ર છે, માટે તેમાંનાં વ્યંજનોમાં ફેરફાર થઈ શકે નહિ. **'મંગલં'**માં 'લ'ને બદલે 'ળ' લખાય નહિ. તેમાંના સ્વરોમાં પણ હ્રસ્વ-દીર્ઘનો ફેરફાર થઈ શકે નહિ. **'હવઇ'**માં **'ઇ'** હ્રસ્વ જ લખાય, દીર્ઘ લખાય નહિ.

તેમાંનાં વ્યંજન ઘટાડાય નહિ. **'હવઇ'**ના સ્થાને **'હોઇ'** મુકાય નહિ. એમ કરવાથી અક્ષરો **'૬૮'**ને બદલે **'૬૭'** થાય.

**'ૐ નમો અરિહંતાણં'** આવી રીતે અન્ય પદોમાં પણ 'ૐ' જોડીને બોલવાથી અક્ષર સંખ્યા વધે છે.'

નવકારમન્ત્રના સ્વર-વ્યંજનોમાં ફેરફાર કરવાથી કે તેમાં વધારો-ઘટાડો કરવાથી શાશ્વત સૂત્રની આશાતના થાય છે.

### કલ્યાણની કેડી

૧. ધર્મ માટે મુસીબતોની, પરદુઃખ નિવારણ માટે પૈસાની ને રોગી માટે જાતની પરવા ન કરવી.

૨. પાપ થાય એવું કમાવું, માંદા પડીએ એવું ખાવું ને દેવું થાય એવું ખર્ચવું નહિ.

## મિચ્છા મિ દુક્કડં

વેરઝેર શમાવવા માટેનું આ સૂત્ર જો સાચી રીતે લખવામાં આવે તો એના અર્થનો બોધ સૌને સ્પષ્ટ રીતે થાય.

હ્રસ્વ-દીર્ઘ સ્વરોની અને વ્યંજનની ભૂલ વિના અને ત્રણ વિભાગપૂર્વક સાચી રીતે **'મિચ્છા મિ દુક્કડં'** આમ જ લખાય.

**'મિચ્છા'**ની સાથે **'મિ'**ને જોડી દેવાય નહિ. બંને **'મિ'** આમ હ્રસ્વ **'ઈ'**વાળા જ લખાય. **'દુક્કડં'**માં પ્રાકૃત વ્યાકરણના નિયમાનુસાર 'ડં' લખાય પણ 'ડમ્' લખાય નહિ.

**'મિથ્યા મે દુષ્કૃતમ્'** (સંસ્કૃત ભાષામાં)
**'મિચ્છા મિ દુક્કડં'** (પ્રાકૃત ભાષામાં)
**'મિથ્યા (થાવ) મારું પાપ'** (ગુજરાતીમાં શબ્દાર્થ)

સુસ્પષ્ટ અર્થબોધ કરાવવા માટે જ અહીં સંસ્કૃત અને ગુજરાતીમાં લખવામાં આવ્યું છે.

એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે પરસ્પર ક્ષમાપનાનો વ્યવહાર તો પ્રાકૃત ભાષાના **'મિચ્છા મિ દુક્કડં'**થી જ કરવાનો છે. ક્ષમાપના પત્રિકા છપાવનારા પુણ્યાત્માઓ **'મિચ્છા મિ દુક્કડં'** આમ શુદ્ધિપૂર્વક છપાવવાનો ખ્યાલ રાખે તો આ સૂત્ર શુદ્ધ રીતે લખવાના પ્રચારને વેગ મળે.

## ધાર્મિક અભ્યાસ કેવી રીતે કરાવવો ? ગોખણપટ્ટી નિરર્થક છે ?

જૈનધર્મ સંબંધી અભ્યાસ હાલ જે નવકારમંત્રથી શરૂ કરાવવામાં આવે છે તે બધી રીતે સ્વીકાર કરવાને પાત્ર છે. જૈનધર્મની કોઈ પણ ક્રિયા એ સૂત્રોના અભ્યાસ વિના થઈ શકતી નથી. તે અભ્યાસ શુદ્ધ થવો જોઈએ અને તેના અર્થની વિચારણા પણ અમુક વયે વિદ્યાર્થી ધારી શકે ત્યારે કરાવવી જોઈએ. જેને પૂર્ણ શ્રદ્ધા છે તેને કંઠે કરેલાં નવકાર આદિ સૂત્રો મૂળમાત્ર પણ મહાલાભ આપનારાં છે એમ સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલ છે.

આને ગોખણપટ્ટી શબ્દથી ઓળખાવીને એની કિંમત ઘટાડવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે તે યોગ્ય નથી. ગોખાવવું એ ખાસ ઉપયોગી છે. માત્ર એની ક્રિયામાં વયને લઈને ફેરફાર થાય છે. નાનાં બાળકો ગોખે છે, જ્યારે મોટા વિદ્યાર્થીઓ વારંવાર વાંચીને અંગ્રેજી ભાષાના સ્પેલિંગ તથા અર્થ વગેરે કંઠે કરે છે, એટલે ગોખવું એ નિરર્થક છે એ વાત કોઈ રીતે સિદ્ધ થઈ શકે એમ નથી. આપણે કોઈ વાત યાદ રાખવા જેવી હોય તો તે એકથી વધારે વાર સંભારી જઈએ છીએ, એ પણ ગોખણનો જ એક પ્રકાર છે.

**('શ્રી જૈનધર્મપ્રકાશ'**માંથી ટુંકાવીને સાભાર)

# ગાથા ગોખવાની રીત

૧. ગુરુમહારાજ પાસે કે પાઠશાળાના શિક્ષક પાસે વિનય સહિત શુદ્ધ ઉચ્ચારપૂર્વક ગાથા લેવી જોઈએ.

૨. લીધેલી ગાથા ગોખતી વખતે, ચોપડીમાં તે ગાથાના અક્ષરો સામે જ નજર રાખવી જોઈએ. ચોપડી બહાર નજર રાખીને ગાથા ગોખાય નહિ.

૩. ગાથાનાં ચાર પાદ હોય છે. તેમાં સૌપ્રથમ એકલું પહેલું પાદ જ ગોખવું જોઈએ. પહેલું પાદ સારી રીતે ગોખાઈ ગયા પછી બીજું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી પહેલું અને બીજું આ બંને પાદ સાથે ગોખવાં જોઈએ. આમ અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી, એકલું ત્રીજું પાદ ગોખવું જોઈએ. ત્રીજું પાદ સારી રીતે ગોખાઈ ગયા પછી, ચોથું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી ત્રીજું અને ચોથું આ બંને પાદ સાથે ગોખવાં જોઈએ. આમ નીચેની અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી જ, આખી ગાથા એક સાથે સારી રીતે ગોખીને રૂઢ કરવી જોઈએ.

૪. આમ ખૂબ સારી રીતે ગોખીને રૂઢ કરેલી ગાથા જલદી ભુલાતી નથી, લાંબા સમય સુધી યાદ રહે છે.

૫. શિક્ષકે આવી રીતે ગોખાઈને રૂઢ થયેલી ગાથા જ લેવી જોઈએ.

૬. ચોપડી બહાર નજર રાખીને માત્ર બે મિનિટ ગોખેલી ગાથા રૂઢ થયેલી હોતી નથી. તે માત્ર ધારી લીધેલી જ હોય છે, તેથી થોડી વારમાં જ ભુલાઈ જાય છે. કલાક/બે કલાક સુધી પણ યાદ રહેતી નથી.

૭. શિક્ષકે ગોખાઈને રૂઢ થયા વગરની, માત્ર ધારી લીધેલી ગાથા લેવી જોઈએ નહિ.

**માતાપિતા આદિને દિવસમાં ત્રણ વાર નમસ્કાર**

ઉપકારી માતાપિતા આદિને સવાર-બપોર-સાંજ એમ દિવસમાં ત્રણ વાર નમસ્કાર કરવો. કારણસર સાક્ષાત્ નમસ્કાર ન થઈ શકે તો મનમાં માતાપિતા આદિની સ્પષ્ટ ધારણા કરીને તેમને મનથી ત્રણ વાર નમસ્કાર કરવો.

| પ્રચલિત | અપેક્ષિત |
|---|---|
| ૧. અપવાસ | ઉપવાસ |
| ૨. અપાસરો | ઉપાશ્રય |
| ૩. અષ્ટાન્હિકા મહોત્સવ | અષ્ટાહ્નિક મહોત્સવ |
| ૪. આદેશ્વર | આદીશ્વર |
| ૫. ઉપધ્યાન | ઉપધાન |
| ૬. ગઈણીજી કે ગરણીજી મહારાજ | ગુરુણીજી મહારાજ |
| ૭. ગુરૂજી | ગુરુજી |
| ૮. ચતુર્વિધિ સંઘ | ચતુર્વિધ સંઘ |
| ૯. ચન્દ્રપ્રભુ | ચન્દ્રપ્રભસ્વામી |
| ૧૦. ચૈત્ર પરિપાઠી | ચૈત્ય પરિપાટી |
| ૧૧. જીર્ણોધ્ધાર | જીર્ણોદ્ધાર |
| ૧૨. જીવિચાર | જીવ - વિચાર |
| ૧૩. નમણ | ન્હવણજળ |
| ૧૪. પદ્મપ્રભુ | પદ્મપ્રભસ્વામી |
| ૧૫. પ્રિયવંદા | પ્રિયંવદા |
| ૧૬. પૂંજા, પૂંજારી | પૂજા, પૂજારી |
| ૧૭. બાર વૃતની પૂજા | બાર વ્રતની પૂજા |
| ૧૮. મિચ્છામી દુક્કડમ્ | મિચ્છા મિ દુક્કડં |
| ૧૯. વાસ્કેપ, વાસ્કેટ | વાસક્ષેપ |
| ૨૦. વારણા પસાર કરશોજી | વાયણા-પસાય કરશોજી |
| ૨૧. વૈયાવચ્ચ | વેયાવચ્ચ |
| ૨૨. શેત્રુંજય | શત્રુંજય |
| ૨૩. સહસ્ત્રફણા | સહસ્રફણા |

**કીર્તિ ઈચ્છવા યોગ્ય નથી.**

રાણીની પાછળ દાસીની જેમ દાનની પાછળ કીર્તિ આવવાની જ છે, પરંતુ તે ઈચ્છવા યોગ્ય નથી.

## પંચ પ્રતિક્રમણસૂત્ર : અશુદ્ધિ-શુદ્ધિ

સૂત્રપાઠ આપતી-લેતી વખતે તેમ જ ગોખતી વખતે, ઉચ્ચારશુદ્ધિ અંગે રાખવી જોઈતી કાળજીના અભાવે તથા કેટલાક અક્ષરો અને જોડાક્ષરોના જ્ઞાનના અભાવે, ચૈત્યવંદન - ગુરુવંદન - સામાયિક - પ્રતિક્રમણ - પૌષધ આદિ ધર્મક્રિયાઓ કરનારા મોટા ભાગના પુણ્યાત્માઓ જે સૂત્રો બોલે છે તેમાં ભૂલો પાર વગરની હોય છે. ઉચ્ચારણ પણ ઘણાં અશુદ્ધ હોય છે. રેફ (C), અનુસ્વાર (મીંડું ÷), વિસર્ગ (:) વગેરેની અશુદ્ધિઓ પણ પાર વગરની હોય છે, તે બધી અશુદ્ધિઓ અહીં બતાવવા જઈએ તો પાનાં પણ પાર વગરનાં ભરાય.

અશુદ્ધિ-શુદ્ધિપત્રક ઘણું લાંબું ન થઈ જાય તે માટે અહીં કેટલીક જ અશુદ્ધિઓને સ્થાન આપીને આ વિષયને સંક્ષેપમાં રજૂ કરવામાં આવ્યો છે.

❈

### ૧. નવકાર

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. નમોરિહંતાણં | નમો અરિહંતાણં |
| ૨. નમો આરિયાણં | નમો આયરિયાણં |
| ૩. સવપાવપણાસણો | સવ્વપાવપ્પણાસણો |

### ૨. પંચિંદિય

| | |
|---|---|
| ૧. તહનહવિહ / તવનવવિહ | તહ નવવિહ |
| ૨. પંચમહાવયજુત્તો | પંચ મહવ્વયજુત્તો |
| ૩. પંચવિયારપાલણ સમત્થો | પંચવિહાયાર પાલણ સમત્થો |
| ૪. છત્તીસ ગુરુ ગુરુ મજ્ઝ | છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ |

### ૩. ખમાસમણ

| | |
|---|---|
| ૧. ઇચ્છામિ ખમાસણો | ઇચ્છામિ ખમાસમણો |
| ૨. વંદિઉ(વંદેઉ) જાવણિજાએ | વંદિઉં જાવણિજ્જાએ |
| ૩. મથેણ વંદામિ | મત્થએણ વંદામિ |

❈

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| **૪. ઈરિયાવહિયં** | |
| ૧. ઇચ્છા. સંદિ. ભગવાન્ | ઇચ્છા. સંદિ. ભગવન્ |
| ૨. ઇચ્છામિ પડિકમિઉ | ઇચ્છામિ પડિક્કમિઉં |
| ૩. ઇરિયાવિયાએ | ઇરિયાવહિયાએ |
| ૪. મકડા | મક્કડા |
| ૫. એકિંદિયા | એગિંદિયા |
| ૬. અભિયા | અભિહયા |
| ૭. સંઘાયા | સંઘાઇયા |
| ૮. ઉદ્દુવિયા | ઉદ્દવિયા |
| **૫. તસ્સ ઉત્તરી** | |
| ૧. પાયછિત્ કર્ણેણં | પાયચ્છિત્ત કરણેણં |
| ૨. નિગ્ઘાયણ ઠાએ | નિગ્ઘાયણટ્ઠાએ |
| ૩. કાઉસગં | કાઉસ્સગ્ગં |
| **૬. અન્નત્થ** | |
| ૧. અનત્થ | અન્નત્થ |
| ૨. ખાસસિએણં | ખાસિએણં |
| ૩. જંભાએણં | જંભાઇએણં |
| ૪. સુહમેહિ | સુહુમેહિં |
| ૫. એવમાઇ આગારેહિ | એવમાઇ એહિં આગારેહિં |
| ૬. માણેણં | મોણેણં |
| **૭. લોગસ્સ** | |
| ૧. કિતઇસં | કિત્તઇસ્સં |
| ૨. સંભવમભિ અણંદણં ચ | સંભવ-મભિણંદણં ચ |
| ૩. પઉમપહં | પઉમપ્પહં |
| ૪. ચંદપહં | ચંદપ્પહં |
| ૫. કુંથુ | કુંથું |
| ૬. એવ મહે અભિત્થુઆ | એવં મએ અભિથુઆ |
| ૭. વિહુયરયમલ્લા | વિહુયરયમલા |
| ૮. સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ | સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| | **૮. કરેમિ ભંતે !** |
| ૧. પચ્ખામિ | પચ્ચક્ખામિ |
| ૨. દુવિહેણં તિવિહેણં | દુવિહં તિવિહેણં |
| ૩. મણેણં વાએણં | મણેણં વાયાએ |
| | **૯. સામાઈઅ વયજુત્તો** |
| ૧. ઉક્કએ | ઉ કએ |
| ૨. એએણ કારણેણ | એએણ કારણેણં |
| | **૧૦. જગચિંતામણિ** |
| ૧. અપડિહય | અપ્પડિહય |
| ૨. કમ્મભૂમિહિ | કમ્મભૂમિહિં |
| ૩. મુણિબિહુ | મુણિબિહું |
| ૪. ઉજ્જિંજત | ઉજ્જિંજતિ |
| ૫. બાસિયાઈ | બાસિયાઇં |
| ૬. સયાઈ | સયાઇં |
| ૭. અસિઈ | અસિઇં |
| | **૧૧. જં કિંચિ** |
| ૧. માણસે લોએ | માણુસે લોએ |
| ૨. જાઈ જિણબિંબાઈ | જાઇં જિણબિંબાઇં |
| ૩. તાઈ સવ્વાઈ | તાઇં સવ્વાઇં |
| | **૧૨. નમુત્થુ ણં** |
| ૧. લોગ પજ્જોગરાણં | લોગ પજ્જોઅગરાણં |
| ૨. ચખુદયાણં, મગ્દયાણં | ચક્ખુદયાણં, મગ્ગદયાણં |
| ૩. ધમ્દયાણં, ધમ્દેસિયાણં | ધમ્મદયાણં, ધમ્મદેસયાણં |
| ૪. ચક્વટ્ટીણં | ચક્કવટ્ટીણં |
| ૫. અપડિહયવરનાણં | અપ્પડિહયવરનાણ |
| ૬. જિણ્ણાણં જાવયાણં | જિણાણં જાવયાણં |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૭. તિન્નાણં તારિયાણં | તિન્નાણં તારયાણં |
| ૮. બુદ્ધાણં બોહિયાણં | બુદ્ધાણં બોહયાણં |
| ૯. સવનૂણં | સવ્વન્નૂણં |
| ૧૦. મપુણરાવિતિ | મપુણરાવિત્તિ |
| ૧૧. જે અઇઆ સિદ્ધા | જે અ અઇઆ સિદ્ધા |
| ૧૨. ભવિસંતિ અણાગએ કાલે | ભવિસ્સંતિ ણાગએ કાલે |

### ૧૩. જાવંતિ ચેઈયાઈ

| | |
|---|---|
| ૧. જાવંત ચેઇયાઇ | જાવંતિ ચેઇયાઇં |
| ૨. સવ્વાઇ તાઇ | સવ્વાઇં તાઇં |
| ૩. ઇઅ સંતો તત્થ સંતાઇ | ઇહ સંતો તત્થ સંતાઇં |

### ૧૪. જાવંત કે વિ સાહૂ

| | |
|---|---|
| ૧. જાવંતિ કે વિ સાહૂ | જાવંત કે વિ સાહૂ |
| ૨. મહાવિદેહે | મહાવિદેહે અ |
| ૩. પણહો | પણઓ |
| ૪. તિદંડ વીરિયાણં | તિદંડ વિરયાણં |

### ૧૫. નમોર્હત્

| | |
|---|---|
| ૧. નમોહર્ત | નમોર્હત્ |
| ૨. સિધાચાર્યો | સિદ્ધાચાર્યો |
| ૩. પાધ્યાયે | પાધ્યાય |

### ૧૬. ઉવસગ્ગહરં

| | |
|---|---|
| ૧. મંગલકલ્યાણઆવાસં | મંગલકલ્લાણઆવાસં |
| ૨. તુઅ સમત્તે લદ્ધે | તુહ સમ્મત્તે લદ્ધે |
| ૩. પાવંતિ અવિઘેણં | પાવંતિ અવિગ્ઘેણં |
| ૪. ઇહ સંથુઓ મહાયસ્સ | ઇઅ સંથુઓ મહાયસ |
| ૫. ભત્તિભર હિએણ | ભત્તિબ્ભર હિયએણ |
| ૬. દિજ્જ બોહિ | દિજ્જ બોહિં |
| ૭. પાસ જિણચંદં | પાસ જિણચંદ ! |

❋

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|

### ૧૭. જય વીયરાય

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. જય વીરાય | જય વીયરાય |
| ૨. હોઉ મમ | હોઉ મમં |
| ૩. મગ્ગા અણુસારિઆ | મગ્ગાણુસારિઆ |
| ૪. લોગવિરુધચ્ચાઓ | લોગવિરુદ્ધચ્ચાઓ |
| ૫. તવયણસેવણા | તવ્વયણસેવણા |
| ૬. વારિજઇ | વારિજ્જઇ |
| ૭. નિયાણબંધણ | નિયાણબંધણં |
| ૮. પ્રણામ કર્ણેણં | પણામ કરણેણં |
| ૯. સર્વમંગલ્યમાંગલ્યં | સર્વમંગલમાંગલ્યં |
| ૧૦. પ્રધાન સર્વધર્માણં | પ્રધાનં સર્વધર્માણાં |

### ૧૮.અરિહંત ચેઈયાણં

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. સિદ્ધાએ મેહાએ ધિએ | સદ્ધાએ મેહાએ ધિઈએ |
| ૨. અણુપેહાએ વઢમાણીએ | અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ |

### ૧૯. કલ્લાણકંદં

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. કલ્યાણકંદં | કલ્લાણકંદં |
| ૨. પઢમ જિણંદં | પઢમં જિણિંદં |
| ૩. સુગણિકઠાણં | સુગુણિક્કઠાણં |
| ૪. ભત્તીય વંદે | ભત્તીઇ વંદે |
| ૫. અપ્પારસંસાર | અપારસંસાર |
| ૬. સમુદ્રપારં | સમુદ્દપારં |
| ૭. સવ્વે જિણંદા | સવ્વે જિણિંદા |

### ૨૦. સંસારદાવાનલ

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. નમ્મામિ વીરં | નમામિ વીરં |
| ૨. લિઢ્લોલાલિમાલા | લીઢલોલાલિમાલા |
| ૩. સુરપદપદવી | સુપદપદવી |

### ૨૧. પુક્ખરવરદીવઢ્ઢે

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. સિદ્ધે ભો ! પયઓ અણમો | સિદ્ધે ભો ! પયઓ ણમો |
| ૨. કિન્નરગણસબ્ભૂઅ | કિન્નરગણસ્સબ્ભૂઅ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|

### ૨૨. સિદ્ધાણં બુદ્ધાણં

| | |
|---|---|
| ૧. લોઅગમુવગયાણં | લોઅગ્ગમુવગયાણં |
| ૨. નરં વ નારિ વા | નરં વ નારિં વા |
| ૩. તમધમ્મચક્કવટ્ટીણં | તં ધમ્મચક્કવટ્ટીં |

### ૨૩. વેયાવચ્ચગરાણં

| | |
|---|---|
| ૧. સમ્મદિઠ્ઠિ | સમ્મદ્દિઠ્ઠિ |
| ૨. ભગવાનં આચાર્ય ઉપાધ્યાયં | ભગવાનહં આચાર્યહં ઉપાધ્યાયહં |
| ૩. સર્વસાધુભ્યં કે સર્વસાધુભ્યઃ | સર્વસાધુહં |

### ૨૪. ઇચ્છામિ ઠામિ

| | |
|---|---|
| ૧. ઉસુત્તો ઉમગ્ગો | ઉસ્સુત્તો ઉમ્મગ્ગો |
| ૨. દુવિચિંતિઓ | દુવ્વિચિંતિઓ |
| ૩. તિણ્હ | તિણ્હં |
| ૪. મિચ્છામિ દુક્ડમ્ | મિચ્છા મિ દુક્કડં |

### ૨૫. નાણંમિ

| | |
|---|---|
| ૧. આયારણં આયારો | આયરણં આયારો |
| ૨. નિસંકિઅ નિકંખિઅ | નિસ્સંકિઅ નિક્કંખિઅ |
| ૩. વચ્છલ પભાવણે | વચ્છલપ્પભાવણે |
| ૪. પંચહિ સમિહિં | પંચહિં સમિઇહિં |
| ૫. વિતીસંખેવણં | વિત્તીસંખેવણં |
| ૬. પરકમઇ | પરક્કમઇ |

### ૨૬. વાંદણાં

| | |
|---|---|
| ૧. વંદિઉ | વંદિઉં |
| ૨. નિસ્સિહિઆએ | નિસીહિઆએ |
| ૩. નિસ્સિહિ | નિસીહિ |
| ૪. કિલ્લામો | કિલામો |
| ૫. અપ્ કિલંતાણં | અપ્પકિલંતાણં |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૬. વઇકંતો | વઇક્કંતો |
| ૭. જવ્વણિ જંચબ્ભે | જવણિજ્ જં ચ ભે |
| ૮. વઇકમ્મં | વઇક્કમં |
| ૯. તિતીસન્નયરાએ | તિત્તિસન્નયરાએ |
| ૧૦. મણદુકડાએ વયદુકડાએ કાયદુકડાએ | મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ |
| ૧૧. સવ્ધમ્માઇકમણાએ | સવ્વધમ્માઇક્કમણાએ |

## ૨૭. સાત લાખ

| | |
|---|---|
| ૧. બે લાખ બેઇન્દ્રિ | બે લાખ બેઇન્દ્રિય |
| ૨. તિર્યંચ પંચિન્દ્રિ | તિર્યંચ પંચેન્દ્રિય |
| ૩. અનુમોધ્યો હોય | અનુમોદ્યો હોય |
| ૪. મન-વચન-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં | મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં |

## ૨૮. પહેલે પ્રાણાતિપાત

| | |
|---|---|
| ૧. અગિયારમે દ્રેષ | અગિયારમે દ્વેષ |
| ૨. અનુમોધ્યું હોય | અનુમોદ્યું હોય |
| ૩. મન-વચન-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં | મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં |

## ૨૯. વંદિત્તુ

| | |
|---|---|
| ૧. વંદિતુ સવ સિદ્ધે | વંદિત્તુ સવ્વ સિદ્ધે |
| ૨. ઇચ્છામિ પડિકમિઉ | ઇચ્છામિ પડિક્કમિઉં |
| ૩. સાવગ ધમાઇયારસ્સ | સાવગ ધમ્માઇયારસ્સ |
| ૪. સુહમો અ બાયરો વા | સુહુમો અ બાયરો વા |
| ૫. ત નિંદે તં ચ ગરિહામિ | તં નિંદે તં ચ ગરિહામિ |
| ૬. પડિકમે દેવસિઅં સવ્વં | પડિક્કમે દેસિઅં સવ્વં |
| ૭. અપ્સત્થેહિ | અપ્પસત્થેહિં |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૮. આગમણે નિગમણે | આગમણે નિગ્ગમણે |
| ૯. છકાયસમારંભે | છક્કાયસમારંભે |
| ૧૦. પંચણમણુવયાણં ગુણવયાણં | પંચણ્હ મણુવ્વયાણં ગુણવ્વયાણં |
| ૧૧. થૂલગ પણાઇવાય વિરૈયો | થૂલગ પાણાઇવાય વિરઇઓ |
| ૧૨. પઢમ વયસિઆરે | પઢમ વયસ્સ-ઇઆરે |
| ૧૩. બીએણુવયમિ | બીએ અણુવ્વયમ્મિ |
| ૧૪. આયરિયમપસત્થે | આયરિયમપ્પસત્થે |
| ૧૫. ઇત્થ પમાયપસંગેણ | ઇત્થ પમાયપ્પસંગેણં |
| ૧૬. અપરિગહિઆઇતર | અપરિગ્ગહિઆઇત્તર |
| ૧૭. દુપએ ચઉપયમ્મિ | દુપએ ચઉપ્પયમ્મિ |
| ૧૮. ઉવભોગે પરિભોગે | ઉવભોગ-પરિભોગે |
| ૧૯. ભાડી ફોડી સુવજેએ કમ્મં | ભાડી ફોડી સુવજ્જએ કમ્મં |
| ૨૦. વાણિજ્જ ચેવ દંતં | વાણિજ્જં ચેવ દંત |
| ૨૧. એવં ખુ જંતાપિલ્લણ | એવં ખુ જંત-પિલ્લણ |
| ૨૨. નિલંછણં | નિલ્લંછણં |
| ૨૩. અસય પોસં ચ વજ્જિજ્જા | અસઇ પોસં ચ વજ્જિજ્જા |
| ૨૪. તણકંઠે | તણકટ્ઠે |
| ૨૫. કંદપ્પે કુકુઇએ | કંદપ્પે કુક્કુઇએ |
| ૨૬. અહિગરણ ભોગઇરિત્તે | અહિગરણ ભોગ અઇરિત્તે |
| ૨૭. સચિતે નિખવણે | સચિત્તે નિક્ખિવણે |
| ૨૮. વાયસ્સ વાયાએ | વાઇઅસ્સ વાયાએ |
| ૨૯. ન ય સંભારિઆ | ન ય સંભરિઆ |
| ૩૦. પાવ પણાસણીય | પાવપણાસણીઇ |
| ૩૧. વિણિગય કહાઇ | વિણિગ્ગય કહાઇ |
| ૩૨. વિરિઓમિ વિરાહણાએ | વિરઓમિ વિરાહણાએ |
| ૩૩. ખામેમિ સવ્વ જીવા | ખામેમિ સવ્વ જીવે |
| ૩૪. દુગંછિઅં સવ્વં | દુગંછિઅં સમ્મં |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| **૩૦. અબ્ભુટ્ઠિઓ** | |
| ૧. અબ્ભુઠિઓમિ અભ્યન્તર | અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર |
| ૨. વિણિએ | વિણએ |
| ૩. સુહમં વા | સુહુમં વા |
| **૩૧. આયરિય ઉવજ્ઝાએ** | |
| ૧. ભગવો અંજલિ | ભગવઓ અંજલિં |
| **૩૨. ખિત્તદેવયા** | |
| ૧. ચરણ સઇએહિં | ચરણ સહિએહિં |
| **૩૩. નમોસ્તુ** | |
| ૧. જયાય કમકમલાવલિં | જયાયઃ ક્રમકમલાવલિં |
| ૨. સદ્રશૈરિતિ | સદૃશૈરિતિ |
| ૩. જન્તુનિવૃતિ | જન્તુનિર્વૃતિં |
| ૪. વ્રષ્ટિસન્નિભો | વૃષ્ટિસન્નિભો |
| **૩૪. વિશાલલોચન** | |
| ૧. પ્રોધત્ દંતાંશુ | પ્રોદ્યદ્-દંતાંશુ |
| ૨. ત્રણમપિ | તૃણમપિ |
| ૩. અપૂર્વચન્દ્ર | અપૂર્વચન્દ્રં |
| ૪. બુધૈ નમસ્કૃતમ્ | બુધૈર્નમસ્કૃતમ્ |
| **૩૫. અડ્ઢાઇજ્જેસુ** | |
| ૧. અઢાઇ જેસુ | અડ્ઢાઇજ્જેસુ |
| ૨. પનરસુ | પનરસસુ |
| ૩. પડિગહધારા | પડિગ્ગહધારા |
| ૪. પંચમહાવયધારા | પંચમહવ્વયધારા |
| ૫. અઠારસ સહસ | અઢ્ઢારસ સહસ્સ |
| ૬. અક્ખયાયાર ચરિત્તા | અક્ખુયાયાર ચરિત્તા |
| ૭. મથેણ વંદામિ | મત્થએણ વંદામિ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|

## ૩૬. લઘુ શાન્તિ

| | |
|---|---|
| ૧. મન્ત્રપદે | મન્ત્રપદૈઃ |
| ૨. ભગવતે હતે | ભગવતેર્હતે |
| ૩. નમો નમો શાન્તિદેવાય | નમો નમઃ શાન્તિદેવાય |
| ૪. પાલનોધ્યત | પાલનોદ્યત |
| ૫. પ્રથમનાય | પ્રમથનાય |
| ૬. પધાન-વાક્યો પ્રયોગ | પ્રધાન-વાક્યોપયોગ |
| ૭. વિજિયા કુરુતે | વિજયા કુરુતે |
| ૮. નિવૃતિનિર્વાણજનનિ ! | નિર્વૃતિનિર્વાણજનનિ ! |
| ૯. નિત્યમુધ્યતે દેવિ ! | નિત્યમુદ્યતે દેવિ ! |
| ૧૦. સમ્યગ્દ્રષ્ટીનાં | સમ્યગ્દષ્ટીનાં |
| ૧૧. કુરુ કુરુ સદેતિં | કુરુ કુરુ સદેતિ |
| ૧૨. તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તી | તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ |
| ૧૩. ય ક્ષઃ | યઃ ક્ષઃ |
| ૧૪. કુરુતે શાન્તિ | કુરુતે શાન્તિં |
| ૧૫. નમો નમો શાન્તયે તસ્મૈ | નમો નમઃ શાન્તયે તસ્મૈ |
| ૧૬. વિદર્ભિત સ્તવ શાન્તે | વિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ |
| ૧૭. યશ્ચેનં પઠતિ સદા | યશ્ચૈનં પઠતિ સદા |
| ૧૮. શાન્તિં પદં યાયાત | શાન્તિપદં યાયાત્ |
| ૧૯. સૂરિ શ્રીમાનદેવશ્ચ | સૂરિઃ શ્રીમાનદેવશ્ચ |
| ૨૦. ઉપ્સર્ગા | ઉપસર્ગાઃ |
| ૨૧. છિધ્યન્તે | છિદ્યન્તે |

## ૩૭. ચઉક્કસાય

| | |
|---|---|
| ૧. ચઉકસાય | ચઉક્કસાય |
| ૨. ભુવણતય | ભુવણત્તય |
| ૩. પયચ્છિઉ | પયચ્છઉ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| **૩૮. ભરહેસર** | |
| ૧. વયરિસિ | વયરરિસિ |
| ૨. એમાઇ મહાસતા | એમાઇ મહાસત્તા |
| ૩. ગુણગણેહિ સંજુત્તા | ગુણગણેહિં સંજુત્તા |
| ૪. જેસિં નામગહણે | જેસિં નામગ્ગહણે |
| ૫. પાવબંધા | પાવપ્પબંધા |
| ૬. કણઠ્ઠ | કણ્હઠ્ઠ |
| **૩૯. મન્હ જિણાણં** | |
| ૧. પરિહરહ ધર સમત્તં | પરિહરહ ધરહ સમ્મત્તં |
| ૨. ભાસાસમિય છજીવ | ભાસાસમિઇ છજીવ |
| ૩. સઢાણ કિચ્ચમેઅં | સઢ્ઢાણ કિચ્ચમેઅં |
| **૪૦. સકલાર્હત્** | |
| ૧. સકલારત્ | સકલાર્હત્ |
| ૨. આદિમં પૃથવીનાથ | આદિમં પૃથિવીનાથ |
| ૩. ધ્યુસત્કિરીટ | દ્યુસત્કિરીટ |
| ૪. શાણાગ્રોતેજિતાંઘ્રિ | શાણાગ્રોત્તેજિતાંઘ્રિ |
| ૫. મૂર્તિ મૂર્તસિતધ્યાન | મૂર્તિમૂર્તસિતધ્યાન |
| ૬. નિર્મલીકારકારિણમ્ | નિર્મલીકારકારણમ્ |
| ૭. કમઠે ધરણેન્દ્રેચ્ચ | કમઠે ધરણેન્દ્રે ચ |
| ૮. બાષ્પાદ્રયોભદ્રં | બાષ્પાર્દ્રયોર્ભદ્રં |
| ૯. કુત્રિમાકુત્રિમાનાં | કૃત્રિમાકૃત્રિમાનાં |
| ૧૦. વિશાલહ્રદયા | વિશાલહૃદયા |
| **૪૧. સ્નાતસ્યા** | |
| ૧. વિસ્મયાહ્રતરસ | વિસ્મયાહૃતરસ |
| ૨. ઉન્મ્રષ્ટં | ઉન્મૃષ્ટં |
| ૩. વક્રં યસ્ય | વક્ત્રં યસ્ય |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૪. ક્ષીરાણવાંભોભૃતૈ | ક્ષીરાર્ણવાંભોભૃતૈઃ |
| ૫. પસ્પર્દ્ધિભિ | પ્રસ્પર્દ્ધિભિઃ |
| ૬. ગણૈ તેષાં | ગણૈસ્તેષાં |
| ૭. અર્હદ્વક્ર પ્રસૂતં | અર્હદ્વક્ત્રપ્રસૂતં |
| ૮. વૃષભૈદ્ધારિતં | વૃષભૈર્ધારિતં |
| ૯. નિત્યં પ્રપધ્યે | નિત્યં પ્રપદ્યે |
| ૧૦. દુતિમલસદ્રશં | દ્યુતિમલસદૃશં |
| ૧૧. બાલચન્દ્રાભદષ્ટ્રં | બાલચન્દ્રાભદંષ્ટ્રં |
| ૧૨. મન્તાં ઘંટારવેણ | મત્તં ઘંટારવેણ |
| ૧૩. પ્રસૂતમદજલં | પ્રસૃતમદજલં |
| ૧૪. સર્વાનુભૂતિ દિશતુ | સર્વાનુભૂતિર્દિશતુ |

## ૪૨. અજિતશાન્તિ

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧. નિરુવમમહપભાવે | નિરુવમમહપ્પભાવે |
| ૨. દુક્ખપસંતીણં | દુક્ખપ્પસંતીણં |
| ૩. પાવપસંતીણં | પાવપ્પસંતીણં |
| ૪. સુહપવતણં | સુહપ્પવત્તણં |
| ૫. ધિઇ મઇ પવતણં | ધિઇમઇપ્પવત્તણં |
| ૬. નિચિયં ચ ગુણેહિ | નિચિયં ચ ગુણેહિં |
| ૭. સમાહિનિહિ | સમાહિં નિહિં |
| ૮. હત્થિહત્થબાહુ | હત્થિહત્થબાહું |
| ૯. સૂઇસુઅમણાભિરામ | સૂઇસુહમણાભિરામ |
| ૧૦. દંતિ પંતિ | દંતપંતિ |
| ૧૧. ભાવિઅપભાવણેઅ | ભાવિઅપ્પભાવણેઅ |
| ૧૨. ધરણિધરપવરાઇરેઅ | ધરણિધરપ્પવરાઇરેઅ |
| ૧૩. પાવઇ નત્તં | પાવઇ ન તં |
| ૧૪. સિરિરઇઅંજલિ | સિરરઇઅંજલિ |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧૫. ચલકુંડલગય | ચલકુંડલંગય |
| ૧૬. વંદિઊણ તોઊણ તો જિણં | વંદિઊણ થોઊણ તો જિણં |
| ૧૭. સભવણાઇ તો ગયા | સભવણાઇં તો ગયા |
| ૧૮. વિઆરણિઆહિ | વિઆરણિઆહિં |
| ૧૯. મંડણોડણપગારએહિ | મંડણોડ્ડણપ્પગારએહિં |
| ૨૦. પત્તલેઅનામએહિ | પત્તલેહનામએહિં |
| ૨૧. ભત્તિવસાગય પંડિઅયાહિ | ભત્તિવસાગયપિંડિઅયાહિં |
| ૨૨. સુરવરરઇગુણપિંડિઅયાહિ | સુરવરરઇગુણપંડિઅયાહિં |
| ૨૩. સુવિકમાકમા | સુવિક્કમા કમા |
| ૨૪. વિબ્ભમપગારએહિ | વિબ્ભમપ્પગારએહિં |
| ૨૫. ગુણેહિમ જિટ્ઠા | ગુણેહિં જિટ્ઠા |
| ૨૬. ગઈ ગય સાસયં | ગઈં ગયં સાસયં |
| ૨૭. તં મોએઉ અ નંદિ | તં મોએઉ અ નંદિં |
| ૨૮. પક્ખિઅ ચઉમાસિઅ | પક્ખિઅ ચાઉમ્માસિઅ |
| ૨૯. પુવ્વુપન્ના | પુવ્વુપ્પન્ના |
| ૩૦. અહવા કિત્તિ | અહવા કિત્તિં |
| ૩૧. તા તેલુકુધરણે | તા તેલુક્કુદ્ધરણે |

## ૪૩. મોટી શાન્તિ

| | |
|---|---|
| ૧. પુણ્યાહાં પુણ્યાહાં | પુણ્યાહં પુણ્યાહં |
| ૨. ભગવતો રન્તઃ | ભગવતોર્હન્તઃ |
| ૩. લોકોધ્યોતકરાઃ | લોકોદ્યોતકરાઃ |
| ૪. ધ્રાતિ મતિ | ધૃતિ મતિ |
| ૫. મેઘા વિધ્યાસાધન | મેધા વિદ્યાસાધન |
| ૬. સુગ્રહીતનામાનો | સુગૃહીતનામાનો |
| ૭. વિધ્યાદેવ્યો | વિદ્યાદેવ્યો |
| ૮. બ્રહસ્પતિ | બૃહસ્પતિ |
| ૯. કોષ્ટાગારા | કોષ્ઠાગારા |

| અશુદ્ધ | શુદ્ધ |
|---|---|
| ૧૦. સુહ્રત્ સ્વજન સબન્ધિ | સુહૃત્-સ્વજન-સમ્બન્ધિ |
| ૧૧. અસ્મિંશ્ચ ભૂમંડલાયતન | અસ્મિંશ્ચ ભૂમંડલ-આયતન (અથવા ભૂમંડલયાયતન) |
| ૧૨. માંગલ્યોત્સ્વાઃ | માંગલ્યોત્સવાઃ |
| ૧૩. શાન્તિર્ગ્રહે ગ્રહે | શાન્તિર્ગૃહે ગૃહે |
| ૧૪. ઉન્મ્રષ્ટ રિષ્ટ | ઉન્મૃષ્ટ રિષ્ટ |
| ૧૫. ગોષ્ટિક પુરમુખ્યાણાં | ગોષ્ઠિક-પુરમુખ્યાણાં |
| ૧૬. વ્યાહરણૈવ્યાહરેછાન્તિમ્ | વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ |
| ૧૭. શાન્તિર ભવતુ | શાન્તિર્ભવતુ |
| ૧૮. તુષ્ટિર ભવતુ | તુષ્ટિર્ભવતુ |
| ૧૯. પુષ્ટિર ભવતુ | પુષ્ટિર્ભવતુ |
| ૨૦. શાન્તિકલશં ગ્રહીત્વા | શાન્તિકલશં ગૃહીત્વા |
| ૨૧. કંઠે ક્રત્વા | કંઠે કૃત્વા |
| ૨૨. તિત્થયરમાયા શિવાદેવી | તિત્થયરમાયા સિવાદેવી |
| ૨૩. અમ્હ શિવં તુમ્હ શિવં | અમ્હ સિવં તુમ્હ સિવં |
| ૨૪. અશિવોવસમં શિવં ભવતુ | અસિવોવસમં સિવં ભવતુ |

## ૪૪. સંતિકરં

| | |
|---|---|
| ૧. ખેલોસઇમાઇ | ખેલોસહિમાઇ |
| ૨. સોં રીં | સૌં હ્રીં |
| ૩. પત્તાણં ચ દેઇ સિરિ | પત્તાણં ચ દેઇ સિરિં |
| ૪. મહજ્વાલા માણવી અ | મહજાલા માણવી અ |
| ૫. ઇહ તિત્થરક્ખણરયા | ઇઅ તિત્થરક્ખણરયા |
| ૬. વ્યન્તર જોઇણિ પમુહા | વંતર જોઇણિ પમુહા |
| ૭. ઇહ સંતિ નાહ સમ્મદિટ્ઠિ | ઇઅ સંતિ નાહ સમ્મદિટ્ઠિ |

❈

## ૪૫. અતિચાર

| અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- |
| ૧. પંચહિં સમિહિં | પંચહિં સમિઈહિં |
| ૨. સાવધ્ય વચન બોલ્યા | સાવદ્ય વચન બોલ્યા |
| ૩. ત્રણ ડગલ | તૃણ ડગલ |
| ૪. પારિષ્ટાપનિકા સમિતિ | પારિષ્ઠાપનિકા સમિતિ |
| ૫. નૈવેધ્ય કીધાં | નૈવેદ્ય કીધાં |
| ૬. અનુમોધ્યાં | અનુમોદ્યાં |
| ૭. અજાણતાં થાપ્યાં | અજાણનાં થાપ્યાં (અજાણ માણસોનાં થાપેલાં) |
| ૮. પરિગ્રહિતાગમન કીધું | પરિગૃહીતાગમન કીધું |
| ૯. દ્રષ્ટિવિપર્યાસ કીધો | દૃષ્ટિવિપર્યાસ કીધો |
| ૧૦. તે સવિ હું | તે સવિ હુ |
| ૧૧. મુહપત્તિઓ સંઘટ્ટી | મુહપત્તિ ઓસંઘટ્ટી |

## આશાતનાથી બચો

ઘરમાં દેવ-ગુરુની પ્રતિમા અને ફોટા જ્યાં ખાવાપીવા આદિની પ્રવૃત્તિ ન થતી હોય ત્યાં જ રાખવા જોઈએ. તેવી જગ્યાના અભાવે પ્રતિમા અને ફોટા રાખવા હોય તો તેની આડે સુયોગ્ય રીતે સુંદર પડદા આદિની વ્યવસ્થા કરવી જોઈએ.

જ્યાં ધૂમ્રપાન તથા કામાદિની અશિષ્ટ ચેષ્ટાઓ વગેરે થતું હોય ત્યાં દેવ-ગુરુની પ્રતિમા અને ફોટા તથા માબાપના ફોટા પણ ઉઘાડા તો ન જ રખાય. આડો પડદો રાખવાથી દેવગુરુની આશાતનાથી બચી જવાય છે. તેમના પ્રત્યેનો તેમ જ માબાપ આદિ ઘરના વડીલો પ્રત્યેનો આદરભાવ અને મર્યાદા જળવાય છે એથી ઘણો લાભ થાય છે.

# ૬ સરળ તત્ત્વજ્ઞાન

ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરવા માટે જ ધાર્મિકસૂત્રો ભણાવાય છે. સૂત્રો ભણાવવા સાથે બાળકોમાં તે તે ધર્મક્રિયાઓના સંસ્કારોનું પણ સિંચન કરવું જોઈએ. ચૈત્યવંદન, ગુરુવંદન આદિના સંસ્કાર રોજ આપવા જોઈએ. અભ્યાસ બંધ રખાવી ઓછામાં ઓછું પાંચ પર્વતિથિએ બાળકોને પ્રતિક્રમણ કરાવવું જોઈએ અને પ્રતિક્રમણનાં સૂત્રો તેમની પાસે જ બોલાવવાં જોઈએ.

દર રવિવારે તેમ જ બીજી પણ રજાઓના દિવસે બાલક-બાલિકાઓને અલગ બેસાડી સામાયિક કરાવવું જોઈએ. તેમના હૃદયમાં ધર્મની શ્રદ્ધા વધારવા માટે તેમ જ સુસંસ્કારોનું સિંચન કરવા માટે, તેમને ધર્મશાસ્ત્રોમાં કહેલી ધર્મકથાઓ કહેવી જોઈએ તેમ જ નીચે મુજબનું હળવું તત્ત્વજ્ઞાન પણ શીખવવું જોઇએ.

## ૧. આપણા દેવ (ભગવાન)

દેવ એટલે ભગવાન. આપણા ભગવાન બે પ્રકારના છે : એક શ્રી અરિહંત-પરમાત્મા અને બીજા શ્રી સિદ્ધ-પરમાત્મા. શ્રી અરિહંત-પરમાત્મા શરીરધારી ભગવાન છે અને શ્રી સિદ્ધ-પરમાત્મા અશરીરી (શરીર વગરના) છે. એટલે શરીરી અને અશરીરી એમ બે પ્રકારના આપણા ભગવાન છે.

### પહેલા પ્રકારના દેવ : શ્રી અરિહંત-પરમાત્મા

અરિહંત-પરમાત્મા એટલે તીર્થંકરદેવ અથવા જિનેશ્વરદેવ. તેમને **'વીતરાગ'** પણ કહેવાય છે. તેઓ શરીરધારી દેવ છે.

અરિહંત-પરમાત્મા એટલે ચાર ઘાતી કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાન પામી, તીર્થની સ્થાપના કરી, ભવ્યાત્માઓના કલ્યાણને માટે ઉપદેશ આપતા તીર્થંકર ભગવાન.

અરિહંત-પરમાત્મા ૧૮ દોષોથી રહિત અને ૧૨ ગુણોથી યુક્ત હોય છે. તેઓ રાજકુળમાં જ જન્મે છે. તેઓ માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય છે ત્યારે માતા ૧૪ મહાસ્વપ્નો દેખે છે.

તેઓ માતાના ગર્ભમાં આવે ત્યારથી જ મતિ, શ્રુત અને અવધિ —આ ત્રણ જ્ઞાનવાળા હોય છે.

તેમનો જન્મ થાય છે ત્યારે દેવો તેમના ઘરમાં સોનું, રૂપું વગેરે અનેક પ્રકારના ધનનો તેમ જ અનેક પ્રકારનાં ધાન્યોનો અને બીજી પણ ઘણી વસ્તુઓનો વરસાદ વરસાવે છે.

તેમનો જન્મ-મહોત્સવ કરવા માટે ૫૬ દિક્કુમારિકાઓ (દેવીઓ) આવે છે.

સૌધર્મ નામના પહેલા દેવલોકમાંથી શક્રેન્દ્ર નામના ઇન્દ્ર મહારાજા આવે છે. તેઓ પ્રભુજીને મેરુ પર્વત ઉપર લઈ જાય છે. ત્યાં ૬૪ ઇન્દ્રો અને કરોડો દેવ-દેવીઓ ભેગાં મળી ખીર સમુદ્રના દૂધ જેવા જળથી તેમના મસ્તક ઉપર અભિષેક કરે છે—તેમને સ્નાન કરાવે છે. પછી નાચગાન કરે છે અને જાતજાતનાં વાજિંત્ર વગાડીને મોટા ઉત્સવપૂર્વક પ્રભુની ભક્તિ કરે છે. પછી પ્રભુને તેમની માતા પાસે લાવીને મૂકે છે.

જિનેશ્વરદેવ જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી માતાપિતાનો શ્રેષ્ઠ વિનય કરે છે. માતાપિતાને જરા પણ દુઃખ આપતા નથી. પોતે દુઃખી થઈને પણ માતાપિતાને સુખી કરે છે.

તેઓ ભરપૂર રાજ્યસુખવાળા સંસારનો ત્યાગ કરીને અવશ્ય દીક્ષા લે છે અને સાધુપણું સ્વીકારે છે.

પોતાના દીક્ષાના દિવસને એક વરસની વાર હોય છે ત્યારે સૂર્યોદયથી માંડીને મધ્યાહ્નકાળ (બપોરના ભોજનના સમય) સુધી પ્રભુ રોજ એક કરોડ ને આઠ લાખ સૌનેયાનું દાન આપે છે. આ પ્રમાણે એક વરસ સુધી દાન આપે છે, તેથી પ્રભુના તે દાનને **'વરસીદાન'** કહે છે.

દીક્ષા લેતાંની સાથે જ તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

પ્રભુની દીક્ષા વખતે તેમના ખભા ઉપર ઇન્દ્ર મહારાજા ભક્તિભાવથી દેવદૂષ્ય નામનું દેવતાઈ વસ્ત્ર મૂકે છે.

દીક્ષા લઈને પ્રભુ એક ગામથી બીજે ગામ વિચરે છે. સદા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહે છે. પગ વાળીને જમીન ઉપર બેસતા નથી. નિદ્રા પણ કરતા નથી. ઘોર તપ કરીને તેમ જ ઘોર પરિષહ અને ઘોર ઉપસર્ગોને (પીડાઓને) સમતાપૂર્વક સહન કરીને કેવળજ્ઞાન મેળવે છે.

પોતાને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રભુ મોટે ભાગે મૌન જ રહે છે. કોઈને પણ ધર્મનો ઉપદેશ આપતા નથી અને કોઈને દીક્ષા પણ આપતા નથી.

પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે દેવો આવીને સમવસરણ રચે છે. તેમાં બેસીને તીર્થંકરદેવ ભવ્ય જીવોના કલ્યાણને માટે ધર્મનો ઉપદેશ આપે છે. અનેક જીવોને ભવસમુદ્રથી તારવાને માટે તીર્થની સ્થાપના કરે છે-ચાર પ્રકારના સંઘની સ્થાપના કરે છે.

ઈન્દ્ર અને કરોડો દેવ-દેવીઓ પણ પ્રભુની અમૃત જેવી મીઠી વાણી સાંભળવા આવે છે. પ્રભુની વાણી સાંભળવા પશુ-પંખીઓ પણ આવે છે.

તીર્થંકરદેવો ૩૪ અતિશયવાળા હોય છે. તેમના વચનના અતિશયને કારણે તેમની વાણી પશુ-પંખી વગેરે સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સમજાય છે.

પ્રભુની વાણી ૩૫ ગુણવાળી હોય છે અને તે એક યોજન સુધી સંભળાય છે.

કેવળજ્ઞાન થયા પછી પ્રભુ હંમેશાં અષ્ટ પ્રાતિહાર્યથી યુક્ત હોય છે.

પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં બધે લોકોના રોગ, શોક, ભય, મારી, મરકી, ઉપદ્રવ વગેરે નાશ પામી જાય છે.

પ્રભુ જેના ઘરે તપનું પારણું કરે છે, તેના ઘરે દેવો ધનનો વરસાદ વરસાવે છે.

તીર્થંકરદેવના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન ને નિર્વાણ આ પાંચ પ્રસંગોને **'કલ્યાણક'** કહેવાય છે.

તેમનાં કલ્યાણકોના પ્રસંગે ત્રણે જગતમાં ઉદ્યોત (પ્રકાશ) થાય છે. તે વખતે સર્વ જીવોને સુખ થાય છે. સતત દુઃખમાં પડેલા નારકીના જીવોને પણ તે વખતે ક્ષણવાર સુખનો અનુભવ થાય છે.

તેઓ પોતાનાં વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર અઘાતી કર્મોનો સર્વથા નાશ થાય ત્યારે સિદ્ધિગતિને પામે છે.

આવા અરિહંત-પરમાત્મા આપણા પરમ ઉપકારી છે. આપણે રોજ તેમના ઉપકારને યાદ કરવો જોઈએ અને રોજ તેમનાં દર્શન, પૂજન અને ગુણગાન કરવાં જોઈએ.

# બીજા પ્રકારના દેવ : શ્રી સિદ્ધ-પરમાત્મા

સિદ્ધ-પરમાત્મા આઠેય કર્મોનો નાશ કરીને સિદ્ધિગતિને (મોક્ષને) પામેલા હોય છે. તેઓ શરીર વગરના દેવ છે.

તેઓ સદાકાળ ૧૪ રાજલોકના મથાળે આવેલી સિદ્ધશિલા ઉપર જ રહે છે.

ત્યાં તેમને બીજા કોઈ પણ જીવ તરફથી કોઈ પણ જાતનો ઉપદ્રવ (ત્રાસ) હોતો નથી. તેમ જ તેમના તરફથી જગતના કોઈ પણ જીવને કોઈ પણ જાતની પીડા થતી નથી.

સિદ્ધ-પરમાત્માઓને સિદ્ધશિલા પરથી ક્યારેય બીજે ક્યાંય ખસવું પડતું નથી.

તેમને ફરીથી ક્યારેય સંસારમાં આવવું પડતું નથી અને જન્મ-મરણ કરવાં પડતાં નથી.

તેમને રોગ અને દુઃખનું કારણ એવું શરીર પણ હોતું નથી અને મન પણ હોતું નથી, તેથી તેમને શારીરિક કે માનસિક કોઈ પણ જાતની પીડા હોતી નથી.

સિદ્ધ-પરમાત્માઓને ત્રણેય જગતના ત્રણેય કાળના સર્વ પદાર્થોનું જ્ઞાન સદાકાળ હોય છે.

તેઓ સદાકાળ સાચા આત્મિક સુખને ભોગવે છે. તેમના તે સુખમાં, દુઃખનું નામનિશાન પણ હોતું નથી. તેમનું તે સુખ ક્યારેય ઓછું પણ થતું નથી અને નાશ પણ પામતું નથી.

સિદ્ધશિલા ઉપર આવા અનંતાનંત સિદ્ધ-પરમાત્માઓ સદાકાળ બિરાજમાન છે.

આપણે સિદ્ધ થવા માટે સિદ્ધ-પરમાત્માનું સ્મરણ રોજ કરવું જોઈએ.

## અસાર સંસાર

આપણા સંજોગો જ્યારે અનુકૂળ હોય ત્યારે જેઓ સગાંસંબંધી ન હોય તેઓ પણ સગાંસંબંધી થતાં આવે છે. આપણા સંજોગો જ્યારે પ્રતિકૂળ હોય ત્યારે સ્વજનો અને પ્રિયમિત્રો પણ પરાયા જન જેવો વર્તાવ રાખી આપણાથી દૂર રહે છે.

## ખીલવવા જેવી કળા

ચહેરા પર સ્મિત ફરકતું કોઈકને જ લભ્ય હશે. સદા કમળ સમાન પ્રફુલ્લિત - વિકસ્વર ચહેરો હોવો એ સૌભાગ્ય - સદ્‌ભાગ્યની નિશાની છે. આ કળા ખીલવવા જેવી છે.

# ૨. આપણા ગુરુમહારાજ

આપણા ગુરુમહારાજ કદી કોઈ પણ જીવની હિંસા કરે નહીં, બીજાની પાસે હિંસા કરાવે નહીં અને હિંસા કરનારને સારો માને નહીં.

આપણા ગુરુમહારાજ કદી અસત્ય બોલે નહીં, બીજાની પાસે પણ અસત્ય બોલાવે નહીં અને અસત્ય બોલનારને સારો માને નહીં.

આપણા ગુરુમહારાજ કદી કોઈ પણ ચીજની ચોરી કરે નહીં, બીજાની પાસે ચોરી કરાવે નહીં અને ચોરી કરનારને સારો માને નહીં. રસ્તામાં પડેલા ઘાસના તણખલાની કે ઇંટના ટુકડાની જરૂર પડે તોપણ બીજાને પૂછીને જ લે. કોઈ પણ ચીજ તેના માલિકની રજા વગર લે નહીં.

આપણા ગુરુમહારાજ કદી સ્ત્રીનો સંગ કરે નહીં, બીજાની પાસે સ્ત્રીસંગ કરાવે નહીં અને સ્ત્રીસંગ કરનારને સારો માને નહીં.

આપણા ગુરુમહારાજ ધન, ધાન્ય, ઘરબાર, કુટુંબ-પરિવાર વગેરેનો પરિગ્રહ રાખે નહીં, બીજાની પાસે પણ પરિગ્રહ રખાવે નહીં અને પરિગ્રહ રાખનારને સારો માને નહીં.

આપણા ગુરુમહારાજ હંમેશાં ઉપરનાં પાંચ મહાવ્રતોનું પાલન કરે છે, માટે તેમને પંચમહાવ્રતધારી કહેવાય છે.

આપણા ગુરુમહારાજ ઉપરનાં પાંચ મહાવ્રત ઉપરાંત છઠ્ઠું રાત્રીભોજન વિરમણવ્રત પણ પાળે, એટલે કદી પણ રાત્રિભોજન કરે નહીં, રાત્રિભોજન કરાવે નહિ અને રાત્રિભોજન કરનારને સારો માને નહિ.

આપણા ગુરુમહારાજ સ્ત્રીને અને પૈસાને અડકે નહીં. ભિક્ષાવૃત્તિથી જીવે. કેશનો લોચ કરે. યથાશક્તિ તપ-જપ કરે. રાતદિવસ ધર્મધ્યાન કરે. હાથી, ઘોડા, ઊંટ વગેરે પ્રાણીઓની ઉપર બેસે નહીં. રેલવે, મોટર, બસ, ગાડું વગેરે વાહનોમાં પણ બેસે નહીં. ચોમાસાના ચાર મહિના એક જગ્યાએ રહે. બાકીના આઠ મહિના એક ગામથી બીજે ગામ ઉઘાડા પગે ને ઉઘાડા માથે વિચરે, ભવ્ય જીવોને શાસ્ત્રાનુસાર પાપકાર્યો નહીં કરવાનો અને પુણ્યકાર્યો કરવાનો ઉપદેશ આપે.

આપણા ગુરુમહારાજના બીજા ગુણો **'પંચિંદિય સૂત્ર'**માં જણાવ્યા છે.

આપણા આત્માના દોષ ટાળવા અને ગુણ પામવા માટે આપણે હંમેશાં આવા સદ્‌ગુરુના સમાગમમાં રહેવું જોઈએ, રોજ તેમને વંદન કરવું જોઈએ અને તેમના પવિત્ર મુખેથી ધર્મનો ઉપદેશ પણ રોજ સાંભળવો જોઈએ.

# ૩. આપણો ધર્મ

આપણો ધર્મ, દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો છે.

ધન ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ દાન આપવું જોઈએ.

વિષયસુખ ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ શીલ(સદાચાર)નું પાલન કરવું જોઈએ.

આહાર ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ યથાશક્તિ તપ કરવું જોઈએ.

મનમાં રહેલી દુષ્ટ ભાવનાઓનો નાશ કરવા આપણે રોજ શુભ ભાવનાઓ ભાવવી જોઈએ.

આપણો ધર્મ બીજી રીતે ત્રણ પ્રકારનો છે : સર્વવિરતિ ધર્મ, દેશવિરતિ ધર્મ અને સમ્યક્ત્વ ધર્મ.

સર્વવિરતિ ધર્મ એટલે સાધુપણું (સર્વથા પાપના ત્યાગવાળું જીવન).

દેશવિરતિ ધર્મ એટલે ગૃહસ્થપણામાં વ્રતધારી શ્રાવકપણું (પાપના અલ્પ ત્યાગવાળું જીવન).

આ બંને ધર્મ સમ્યક્ત્વ સહિત જ હોય છે.

તેમાં મુખ્ય સર્વવિરતિ ધર્મ છે. સર્વવિરતિ ધર્મના પાલનની શક્તિના અભાવે જ દેશવિરતિ ધર્મ છે. દેશવિરતિ ધર્મના પાલનની શક્તિના અભાવે જ અવિરતિ સમ્યક્ત્વ ધર્મ છે.

જે જીવન જીવવા માટે કોઈ પણ જાતનું પાપ કદી પણ કરવું પડે નહીં, એવું જીવન તે સર્વવિરતિ જીવન છે – સાધુ-જીવન છે.

જે જીવનમાં ૧૨ વ્રત કે તેમાંનાં કોઈ એક/બે વ્રત ધારણ કરી થોડા જ અંશે પાપનો ત્યાગ કરવામાં આવે છે, એવું જીવન તે દેશવિરતિ જીવન છે, ગૃહસ્થપણામાં શ્રાવક તરીકેનું જીવન છે.

કોઈ પણ વ્રત-નિયમ પાળવાની શક્તિ ન હોય તેથી વ્રત-નિયમ કાંઈ થઈ શકે નહીં, છતાં ઉપર બતાવ્યા તેવા સાચા દેવ, ગુરુ,ધર્મ પ્રત્યે હૃદયમાં દઢ શ્રદ્ધા હોય એટલે કે એવા સુદેવ, સગુરુ, સુધર્મને જ દેવ, ગુરુ, ધર્મ તરીકે, મોક્ષના દાતા તરીકે માનવાના હોય, કુદેવ, કુગુરુ, કુધર્મને માનવાના ન હોય, એવું જે જીવન તે સમ્યક્ત્વધર્મી જીવન છે.

જે જીવન જિનેશ્વરદેવોએ કહેલા મોક્ષમાર્ગની સંમુખ હોય તેમ જ વિનય, વિવેક, લજ્જા, મર્યાદા, ન્યાય, નીતિ, સદાચાર, પાપનો ભય ને પુણ્યની રુચિવાળું હોય—આવું સુંદર જીવન તે માર્ગાનુસારી જીવન છે. માર્ગાનુસારિતા એ સમ્યક્ત્વ આદિ ધર્મો પામવાની ભૂમિકા છે.

આપણો ધર્મ સર્વજ્ઞકથિત, અહિંસાપ્રધાન, સ્યાદ્વાદમય, મોક્ષમાર્ગસાધક અને સર્વ જીવોનું હિત કરનારો છે. આપણે આપણા જીવનને આવા પ્રકારના ધર્મથી વાસિત બનાવવું જોઈએ.

**૧. બે પ્રકારનો ધર્મ :**

સાધુધર્મ અને શ્રાવકધર્મ

**૨. બે પ્રકારના જીવ :**

સંસારી(શરીરી) અને મુક્ત(અશરીરી - સિદ્ધાત્માઓ)

**૩. ત્રણ રત્ન (રત્નત્રયી) :**

સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર

**૪. ત્રણ લોક :**

ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક

**૫. ત્રણ પ્રકારના જીવ :**

ભવ્ય, અભવ્ય, જાતિભવ્ય

**૬. ચાર પ્રકારના જીવ :**

દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક

**૭. ચાર પ્રકારની ગતિ :**

દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ

દેવગતિ અને મનુષ્યગતિને '**સદ્ગતિ**' કહે છે.

તિર્યંચગતિ અને નરકગતિને '**દુર્ગતિ**' કહે છે.

**૮. ચાર પ્રકારના દેવ :**

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક

**૯. ચાર પ્રકારના નિક્ષેપ :**

નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ

**૧૦. ચાર પ્રકારનાં સામાયિક :**

શ્રુતસામાયિક, સમ્યક્ત્વસામાયિક, દેશવિરતિસામાયિક, સર્વવિરતિસામાયિક

**૧૧. ચાર પ્રકારની મહાવિગઈ :**

મધ, માખણ, માંસ, મદિરા(દારૂ) (સર્વથા ત્યાજ્ય છે.)

**૧૨. ચાર પ્રકારની ભાવના :**

મૈત્રીભાવના, પ્રમોદભાવના, કરુણાભાવના, માધ્યસ્થભાવના

**૧૩. ચાર પ્રકારનો ધર્મ :**

દાનધર્મ, શીલધર્મ, તપધર્મ, ભાવધર્મ

**૧૪. ચાર પ્રકારના કષાય :**

ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય

**૧૫. ચાર પ્રકારનું ધ્યાન :**

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન

**૧૬. ચાર પ્રકારની વિકથા :**

સ્ત્રીકથા, ભક્ત(ભોજન)કથા, દેશકથા, રાજકથા

**૧૭. ચાર પ્રકારનું દાન :**

જ્ઞાનદાન, અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન

**૧૮. ચાર પ્રકારની સંજ્ઞા :**

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા

**૧૯. ચાર પ્રકારની ભાષા :**

સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા, વ્યવહારભાષા

(અસત્યભાષા અને મિશ્રભાષા ત્યાજ્ય છે.)

***૨૦. ચાર પ્રકારનો આહાર :***

અશન, પાન, ખાદિમ, સ્વાદિમ

**અશન** = દાળ, ભાત, રોટલી, શાક, ઘી, દૂધ, દહીં, મીઠાઈ વગેરે

**પાન** = પાણી

**ખાદિમ** = બધી જાતનાં ફળ, મેવો, ખજૂર તથા ધાણી, ચણા, મમરા, પાપડ વગેરે શેકેલી - ભૂંજેલી વસ્તુઓ

**સ્વાદિમ** = તજ, લવિંગ, સોપારી, વરિયાળી, ધાણાદાળ વગેરે બધી જાતના મુખવાસ

**૨૧. પાંચ મોટાં પાપ :**

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ

**૨૨. પાંચ મહાવ્રત :**

પ્રાણાતિપાતવિરમણમહાવ્રત, મૃષાવાદવિરમણમહાવ્રત, અદત્તાદાનવિરમણ-મહાવ્રત, મૈથુનવિરમણમહાવ્રત, પરિગ્રહવિરમણમહાવ્રત

**૨૩. પાંચ આચાર (પંચાચાર) :**

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર

**૨૪. પંચ પરમેષ્ઠી :**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ

**૨૫. પાંચ જ્ઞાન :**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન

**૨૬ પાંચ પ્રકારનાં દાન :**

અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્તિદાન, ઉચિતદાન

**૨૭. પાંચ પ્રતિક્રમણ :**

દેવસી, રાઈ, પક્ખી, ચઉમાસી, સંવચ્છરી

**૨૮. પાંચ કલ્યાણક :**

ચ્યવનકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક, નિર્વાણકલ્યાણક

**૨૯. પાંચ પ્રકારનાં શરીર :**

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ

**૩૦. પર્યુષણપર્વનાં પાંચ કર્તવ્ય :**

અમારિપ્રવર્તન, સાધર્મિકવાત્સલ્ય, પરસ્પરક્ષમાપના, અટ્ઠમતપ, ચૈત્યપરિપાટી

**૩૧. પાંચ ઇન્દ્રિય :**

સ્પર્શેન્દ્રિય(ચામડી), રસનેન્દ્રિય(જીભ), ઘ્રાણેન્દ્રિય(નાક), ચક્ષુરિન્દ્રિય(આંખ), શ્રોત્રેન્દ્રિય કે શ્રવણેન્દ્રિય(કાન)

**૩૨. પાંચ પ્રકારના જીવ**

ઈન્દ્રિયો પાંચ જ છે. સંસારમાં એટલે ચારેય ગતિમાં જેટલા જીવ છે, તે બધાને ઓછામાં ઓછી એક અને વધારેમાં વધારે પાંચ ઈન્દ્રિય હોય છે. ઈન્દ્રિયોના આધારે સંસારના સર્વ જીવોને નીચે પ્રમાણે પાંચ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યા છે.

**૧. એકેન્દ્રિય જીવો**–જે જીવોને માત્ર એક ઈન્દ્રિય હોય છે એવા જીવોને **'એકેન્દ્રિય જીવો'** કહે છે. તેમને સ્પર્શેન્દ્રિય એટલે ચામડીરૂપી માત્ર એક જ ઈન્દ્રિય હોય છે. બાકીની જીભ, નાક, આંખ, અને કાન એ ચાર ઈન્દ્રિય હોતી નથી. તે એક ઈન્દ્રિયવાળા જીવો પોતાનો ખોરાક સ્પર્શેન્દ્રિય એટલે ચામડી દ્વારા જ ગ્રહણ કરે છે.

પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય આ પાંચેય કાયના જીવોને એક જ ઈન્દ્રિય હોય છે, તેથી તેમને **'એકેન્દ્રિય જીવો'** કહે છે.

આ એકેન્દ્રિય જીવોને જીભ હોતી નથી, માટે તેઓ વસ્તુનો સ્વાદ જાણી શકતા નથી.

તેમને નાક હોતું નથી, માટે તેઓ વસ્તુની ગંધ પારખી શકતા નથી.

તેમને આંખ હોતી નથી, માટે તેઓ વસ્તુને કે વસ્તુના રૂપ-રંગને જોઈ શકતા નથી.

તેમને કાન હોતા નથી, માટે તેઓ કોઈ પણ જાતનો અવાજ કે શબ્દ સાંભળી શકતા નથી.

તેમને સુખ-દુઃખનું જ્ઞાન સ્પર્શેન્દ્રિય દ્વારા થાય છે.

**૨. બેઈન્દ્રિય જીવો** – જે જીવોને બે ઈન્દ્રિય હોય છે, એવા જીવોને **'બેઈન્દ્રિય જીવો'** કહે છે. તેમને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય એટલે ચામડી અને જીભ આ બે જ ઈન્દ્રિય હોય છે. બાકીની ત્રણ ઈન્દ્રિય હોતી નથી. તેમને જીભ હોવાથી તેઓ વસ્તુનો સ્વાદ જાણી શકે છે. તેઓ પોતાની મેળે હાલી-ચાલી શકે છે.

શંખ, કોડા, છીપ, અળસિયાં, કરમિયા, પાણીમાં થતા પોરા, જળો, કાષ્ઠકીડા, લાળિયા(વાસી ખોરાકમાં ઉત્પન્ન થતા જીવો), ચુડેલ, વાળા વગેરે બે ઇન્દ્રિયવાળા જીવો છે.

૩. **તેઇન્દ્રિય જીવો** – જે જીવોને ત્રણ ઇન્દ્રિય હોય છે, એવા જીવોને **'તેઇન્દ્રિય જીવો'** કહે છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એટલે ચામડી, જીભ અને નાક એ ત્રણ ઇન્દ્રિયો હોય છે. બાકીની બે ઇન્દ્રિયો હોતી નથી. તેમને નાક હોવાથી તેઓ વસ્તુની ગંધ પારખી શકે છે.

કીડી, મકોડા, માંકડ, જૂ, ઇયળ, ઘીમેલ, કુંથુઆ, ગોપાલિક (ચોમાસામાં થાય છે. તેને 'ભરવાડણ' પણ કહે છે), ઇન્દ્રગોપ (વરસાદમાં થતું લાલ રંગનું જીવડું), કાનખજૂરા, ઊધઈ, ગધૈયા, ચોરકીડા, ગોકળગાય, સાવા અથવા સવા (માણસના વાળના મૂળમાં થાય છે), ગાય વગેરે પ્રાણીઓનાં શરીર ઉપર થતા જિંગોડા વગેરેની જાતિઓ, છાણમાં થતા કીડા, વિષ્ઠામાં થતા કીડા તથા અનાજમાં થતા કીડા વગેરે ત્રણ ઇન્દ્રિયવાળા જીવો છે.

૪. **ચઉરિન્દ્રિય જીવો** – જે જીવોને ચાર ઇન્દ્રિય હોય છે, એવા જીવોને **'ચઉરિન્દ્રિય જીવો'** કહે છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને ચક્ષુરિન્દ્રિય એટલે ચામડી, જીભ, નાક અને આંખ એ ચાર ઇન્દ્રિયો હોય છે. કાન તેમને હોતા નથી. તેમને આંખ હોવાથી તેઓ વસ્તુને અને તેનાં રૂપ-રંગને જોઈ શકે છે.

વીંછી, તીડ, ડાંસ, મચ્છર, માખી, પતંગિયાં, ભમરા, ભમરી, બગાઈ, મસક, ખડમાકડી, કંસારી વગેરે ચાર ઇન્દ્રિયવાળા જીવો છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય જીવોને **'વિકલેન્દ્રિય જીવો'** પણ કહે છે.

૫. **પંચેન્દ્રિય જીવો** – જે જીવોને પાંચ ઇન્દ્રિય હોય છે, એવા જીવોને **'પંચેન્દ્રિય જીવો'** કહે છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય, એટલે ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઇન્દ્રિયો હોય છે. તેમને કાન હોવાથી તેઓ બધી જાતના અવાજ સાંભળી શકે છે.

પંચેન્દ્રિય જીવ ચાર પ્રકારના છે : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક

(૧) દેવગતિમાં રહેલા દેવો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૨) મનુષ્યગતિમાં રહેલા મનુષ્યો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૩) તિર્યંચગતિમાં રહેલા પશુ, પંખી, માછલાં, મગરમચ્છ, સાપ, નોળિયા, દેડકાં, ઉંદર, ગરોળી, ઘો, ખિસકોલી વગેરે તિર્યંચ જીવો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૪) નરકગતિમાં રહેલા નારકો પાંચ ઇન્દ્રિયવાળા છે.

જે જીવોને કાન હોય છે,તેમને પાંચેય ઇન્દ્રિયો હોય છે. સાપને અને બધાં પક્ષીઓને પણ કાન હોય છે

બાળકો ! તમે કદી કોઈ પણ જીવને દુઃખ આપશો નહીં, રોજ બીજા જીવોનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરજો.

કોઈ પણ જીવને મારવાથી આપણને ઘણું પાપ લાગે છે. તેમાં પણ એક ઇન્દ્રયવાળા જીવને મારવાથી જેટલું પાપ લાગે તેના કરતાં બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા જીવોને મારવાથી ઘણું વધારે પાપ લાગે છે. અને પાંચ ઇન્દ્રિયવાળા(પંચેન્દ્રિય) જીવને મારવાથી તો ઘણું મોટું પાપ લાગે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પંચેન્દ્રિય જીવની હત્યા કરનારો જીવ નરકગતિમાં જાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે જે માણસ જીવોની હિંસા કરે છે, તે માણસ ભવાંતરમાં લંગડો, કોઢિયો, અને હાથ-પગ વગરનો થાય છે, દુર્ગતિમાં પડે છે, આ ભવમાં અને પરભવમાં ખૂબ જ દુઃખી થાય છે. હિંસાના આવાં ફળ જાણીને નિર્મળ બુદ્ધિવાળા શાણા માણસોએ હિંસાનો ત્યાગ કરવો જોઈએ.

જે માણસ અહિંસાનું પાલન કરે છે, જીવોને મરતા બચાવે છે, જીવોની રક્ષા કરે છે, તેને ભવાંતરમાં લાંબું આયુષ્ય, ઉત્તમ રૂપ અને નીરોગીપણું મળે છે. વળી તે માણસ સર્વત્ર પ્રશંસા પામે છે તેમ જ સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ પામે છે.

અહિંસાનાં આવાં ઉત્તમ ફળ જાણીને સારી બુદ્ધિવાળા સમજુ માણસોએ હંમેશાં જીવદયાના પાલનમાં તત્પર બનવું જોઈએ.

૩૩. ૬ 'રી' :

સચિત્તપરિહારી, એકલઆહારી, ભૂમિસંથારી, બ્રહ્મચારી, પાદચારી, આવશ્યકક્રિયાકારી અથવા –

એકાશનકારી, ભૂમિસંથારી, સમકિતધારી, પાદચારી, બ્રહ્મચારી, સચિત્તપરિહારી

ઉત્તમ આચારના પાલનને બતાવનારા આ છયે શબ્દોના અંતે **'રી'** અક્ષર આવતો હોવાથી એને ૬ **'રી'** કહે છે.

**૩૪ છ લેશ્યા :**

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા

**૩૫. છ સંઘયણ :**

વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલક અથવા કીલિકા, છેવટ્ઠું

પહેલું સંઘયણ શ્રેષ્ઠ છે. તીર્થંકરો અને તે જ ભવમાં મોક્ષે જનારા મનુષ્યોને પહેલું સંઘયણ હોય છે. આપણને છેલ્લું સંઘયણ છે. (સંઘયણ એટલે હાડકાની રચના)

**૩૬. છ સંસ્થાન :**

સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડક (સંસ્થાન એટલે આકૃત્તિ અથવા આકાર)

**૩૭. છ દ્રવ્ય :**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, કાળ

**૩૮. છ કાયના જીવ**

સંસારમાં જાતજાતના જીવો દેખાય છે. તે બધાને નીચે મુજબ છ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યા છે :

૧. **પૃથ્વીકાય જીવો** – જે જીવોનું શરીર માટીરૂપ છે તેવા જીવો.

૨. **અપ્‌કાય જીવો** – જે જીવોનું શરીર પાણીરૂપ છે તેવા જીવો.

૩. **તેઉકાય અથવા અગ્નિકાય જીવો** – જે જીવોનું શરીર અગ્નિરૂપ છે તેવા જીવો.

૪. **વાઉકાય અથવા વાયુકાય જીવો** – જે જીવોનું શરીર વાયુરૂપ છે તેવા જીવો.

૫. **વનસ્પતિકાય જીવો** – જે જીવોનું શરીર વનસ્પતિરૂપ છે તેવા ફળ-ફૂલ, ઝાડ-પાન, શાક-ભાજી, ઘાસ અને ધાન્યરૂપ જીવો.

આ પાંચેય પ્રકારના જીવો પોતાની મેળે હાલી-ચાલી શકતા નથી, માટે તેમને સ્થાવર જીવો કહે છે.

૬. **ત્રસકાય જીવો** – જે જીવો પોતાની મેળે હાલી-ચાલી શકે છે તેવા જીવો. ત્રસકાય જીવો બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના છે.

પૃથ્વી એટલે માટી મીઠું વગેરે. સચિત્ત માટી, સચિત્ત મીઠું વગેરેના એક નાના કણિયામાં અસંખ્યાત પૃથ્વીકાય જીવો હોય છે.

પાણીના એક ટીપામાં અસંખ્યાત અપ્‌કાય જીવો હોય છે. પાણીમાં

પોરા વગેરે તો પાણીથી જુદું શરીર ધારણ કરનારા જુદા જ જીવો છે. પાણીને જ શરીર તરીકે ધારણ કરીને રહેલા જીવો તે જ અપ્‌કાય જીવો છે.

અગ્નિના એક તણખામાં અસંખ્યાત અગ્નિકાય જીવો હોય છે.

વાયુના એક અતિ નાના અંશમા અસંખ્યાત વાયુકાય જીવો હોય છે.

વનસ્પતિકાય જીવોના બે ભેદ છે : પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય.

જે વનસ્પતિકાયના એક શરીરમાં એક જ જીવ રહેલો હોય છે, તેને પ્રત્યેક વનસ્પતિકાય કહે છે; જેમ કે, પાંદડાં વગેરે.

જે વનસ્પતિકાયના એક શરીરમાં અનંત જીવો રહેલા હોય છે, તેને સાધારણ વનસ્પતિકાય કહે છે, તેને **'અનંતકાય'** પણ કહે છે. ડુંગળી, બટાટા વગેરે અનંતકાય છે.

પાણીમાં અને ભીની જગ્યાએ થતી લીલને **'નિગોદ'** કહે છે. તે નિગોદના એક અતિ નાના અંશની અંદર અસંખ્યાત શરીર રહેલાં હોય છે અને તે એક શરીરની અંદર અનંતાનંત જીવ રહેલા હોય છે.

**૪૦. સાત ક્ષેત્ર :**

જિનપ્રતિમા, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા

**૪૧. સાત વ્યસન :**

જુગાર, માંસ, દારૂ, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરદારસેવન

**૪૨. સાત ભય :**

ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અપયશભય

**૪૩. સાત નરક–પૃથ્વી :**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા, તમ:તમ:પ્રભા

**૪૪ સાત નારકી :**

ધમ્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી

**૪૫. અષ્ટપ્રકારી પૂજા :**

જળપૂજા, ચંદનપૂજા, ફૂલપૂજા, ધૂપપૂજા, દીપપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા, ફળપૂજા

**૪૬. આઠ મદ :**

જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, ઋદ્ધિમદ, વિદ્યામદ, લાભમદ

**૪૭. આઠ કર્મ :**

જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, વેદનીયકર્મ, મોહનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ, ગોત્રકર્મ, અંતરાયકર્મ

આપણા આત્માને ઉપર મુજબ આઠ પ્રકારના કર્મ બંધાય છે. તેમાંનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચારને ઘાતી કર્મ કહે છે. બાકીના ચારને અઘાતી કર્મ કહે છે.

**૪૮. નવ પદ :**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ

**૪૯. નવ અંગ :**

જમણા ને ડાબા પગનો અંગૂઠો, જમણા ને ડાબા પગનો ઢીંચણ, જમણા ને ડાબા હાથનું કાંડું, જમણા ને ડાબા હાથનો ખભો, મસ્તક, કપાળ, કંઠ, છાતી, નાભિ

**૫૦. નવ તત્ત્વ :**

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ

**૫૧. દશ પ્રાણ :**

પાંચ ઈન્દ્રિય, મનોબળ, વચનબળ, કાયબળ, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ

**૫૨. વાર્ષિક અગિયાર કર્ત્તવ્ય :**

સંઘપૂજા, સાધર્મિકભક્તિ, યાત્રાત્રિક, સ્નાત્રમહોત્સવ, દેવદ્રવ્યની વૃદ્ધિ, મોટી પૂજા, ધર્મજાગરિકા, શ્રુતજ્ઞાનની ભક્તિ, ઉજમણું, તીર્થની પ્રભાવના, આલોચના

**૫૩. બાર ભાવના :**

અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિભાવના, આસ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના, લોકસ્વભાવભાવના, બોધિદુર્લભભાવના, ધર્મભાવના

**૫૩. શ્રાવકનાં બાર વ્રત :**

સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત, સ્થૂલમૃષાવાદવિરમણવ્રત, સ્થૂલઅદત્તાદાન-વિરમણવ્રત, સ્વદારસંતોષ(પરસ્ત્રીગમન)વિરમણવ્રત, પરિગ્રહપરિમાણવ્રત, દિક્પરિમાણવ્રત, ભોગોપભોગપરિમાણવ્રત, અનર્થદંડવિરમણવ્રત, સામાયિકવ્રત, દેશાવકાશિકવ્રત, પૌષધોપવાસવ્રત, અતિથિસંવિભાગવ્રત

પહેલાં પાંચને અણુવ્રત, પછીનાં ત્રણને ગુણવ્રત અને છેલ્લાં ચારને શિક્ષાવ્રત કહે છે.

**૫૪. બાર દેવલોક :**

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત

આ બાર દેવલોક ઉપર નવ ગ્રૈવેયક વિમાન રહેલાં છે અને તેના ઉપર **વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ** નામનાં પાંચ અનુત્તર વિમાન રહેલાં છે. તેના ઉપર સિદ્ધશિલા રહેલી છે. સિદ્ધશિલા ઉપર અનંતાનંત સિદ્ધપરમાત્માઓ બિરાજમાન છે.

**૫૫. બાર પ્રકારનું તપ :**

અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા, પ્રાયશ્ચિત્ત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ

આમાંનાં પહેલા ૬ પ્રકારનાં તપને બાહ્ય તપ કહે છે અને પછીના ૬ પ્રકારના તપને આભ્યન્તર તપ કહે છે.

**૫૬. તેર કાઠિયા :**

આળસ, મોહ, અવિનય, અભિમાન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિકથા, કૌતુક, વિષયાભિલાષ

**૫૭. ચૌદ ગુણઠાણાં :**

મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, અપૂર્વકરણ(નિવૃત્તિબાદર), અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવળી, અયોગીકેવળી

**૫૮. ચક્રવર્તીનાં ચૌદ રત્ન :**

સેનાપતિરત્ન, ગૃહપતિરત્ન, પુરોહિતરત્ન, અશ્વરત્ન, હસ્તિરત્ન, વાર્ધકીરત્ન, સ્ત્રીરત્ન; ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, મણિરત્ન, કાકિણીરત્ન, ખડ્ગરત્ન, દંડરત્ન

આમાં પ્રથમનાં ૭ રત્ન પંચેન્દ્રિય છે અને પછીનાં ૭ રત્ન એકેન્દ્રિય છે.

**૫૯. અઢાર પાપસ્થાનક :**

પ્રાણાતિપાત(હિંસા), મૃષાવાદ, અદત્તાદાન(ચોરી), મૈથુન(અબ્રહ્મ), પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (ખોટા દોષોનું આરોપણ કરવું-આળ ચડાવવું), પૈશુન્ય (ચાડીચુગલી કરવી), રતિ-અરતિ (હર્ષ અને ઉદ્વેગ), પરપરિવાદ(પરનિંદા), માયામૃષાવાદ (છેતરપિંડી), મિથ્યાત્વશલ્ય (જે વસ્તુ જેવી હોય તેના કરતાં વિપરીત રીતે માનવી તે રૂપ મોટો દોષ).

# ત્રેસઠ શલાકા પુરુષ

૧. ૨૪ **તીર્થંકર** : જે જિનશાસનરૂપી તીર્થને સ્થાપે અને અનેક જીવોને ધર્મના માર્ગે જોડે તેનું નામ તીર્થંકર. આવા અનંતાનંત તીર્થંકર આજ સુધીમાં થઈ ગયા અને બીજા અનંતાનંત તીર્થંકર ભાવિકાળમાં પણ થવાના. સઘળા તીર્થંકરદેવોનું જ્ઞાન એકસરખું હોવાથી તેઓ એકસરખો જ ઉપદેશ આપે. ભરત અને ઐરાવતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ૨૪/૨૪ની સંખ્યામાં તીર્થંકરો થાય છે, માટે એને ચોવીસી કહે છે. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરો સદાકાળ થાય છે. તેઓ રાજકુળમાં જ જન્મે. સુખભરપૂર સંસારનો ત્યાગ કરી નક્કી દીક્ષા લે અને તે જ ભવમાં મોક્ષે જાય.

૨. ૧૨ **ચક્રવર્તી** : ભરત-ઐરાવતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ૧૨/૧૨ની સંખ્યામાં ચક્રવર્તીઓ થાય છે. ચક્રવર્તી એટલે સંપૂર્ણ ભરતક્ષેત્રના છયે ખંડોનો અધિપતિ એવો મોટામાં મોટો રાજા. તે જો મરતાં પહેલાં રાજગાદીનો ત્યાગ કરી દીક્ષા લે તો મોક્ષમાં કે દેવલોકમાં જાય. પણ જો મરતાં સુધી રાજગાદી પર બેસી રહે તો પરિગ્રહાદિના પાપે નક્કી નરકમાં જાય.

૩. ૯ **વાસુદેવ** : ભરત-ઐરાવતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ૯/૯ની સંખ્યામાં વાસુદેવો થાય છે. વાસુદેવ એટલે ભરતક્ષેત્રના દક્ષિણ બાજુના ત્રણ ખંડોનો અધિપતિ એવો રાજા. તેને **'અર્ધચક્રવર્તી'** પણ કહે છે. વાસુદેવો ગતજન્મમાં નિયાણું કરીને આવેલા હોવાથી મળેલાં ભોગસુખોનો ત્યાગ કરીને દીક્ષા લઈ શકતા નથી. જીવનપર્યંત આસક્તિપૂર્વક ભોગસુખો ભોગવે છે અને મરીને નરકમાં જ જાય છે.

૪. ૯ **પ્રતિવાસુદેવ** : ભરત-ઐરાવતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં વાસુદેવની જેમ જ ૯/૯ની સંખ્યામાં પ્રતિવાસુદેવો થાય છે. તેઓ ભરતક્ષેત્રના દક્ષિણ બાજુના ત્રણ ખંડ સાધે છે, જે અંતે વાસુદેવોના હાથમાં જાય છે. તેઓ પણ વાસુદેવોની જેમ ગતજન્મમાં નિયાણું કરીને આવેલા હોવાથી મળેલાં ભોગસુખોનો ત્યાગ કરીને દીક્ષા લઈ શકતા નથી, જીવનપર્યંત આસક્તિપૂર્વક ભોગસુખો ભોગવે છે અને યુદ્ધમાં વાસુદેવોના હાથે મરણ પામી નરકમાં જાય છે :

૫. ૯ **બળદેવ (રામ)** : ભરત—ઐરાવતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ૯/૯ની સંખ્યામાં બળદેવો પણ થાય છે. બળદેવોને **'રામ'** પણ કહે છે. તેઓ વાસુદેવના સાવકા મોટાભાઈ હોય છે. બંને ભાઈઓનો

પરસ્પર અદ્ભુત પ્રેમ હોય છે. તેઓ એકબીજાનો વિરહ સહન કરી શકતા નથી. વાસુદેવ મરણ પામે છે ત્યારે તેના ઉપરના ગાઢ સ્નેહથી મોટા ભાગના બળદેવો તેનું મૃતક ૬ મહિના સુધી ખભે રાખીને ફરે છે. તેના વિરહથી ઝૂરે છે. છેવટે દેવથી પ્રતિબોધ પામી દીક્ષા લે છે અને જો પોતાનો છેલ્લો ભવ હોય તો નિર્વાણ પામી મોક્ષમાં જાય છે. ભવ બાકી હોય તો સ્વર્ગમાં જાય છે.

# પ્રશ્નોત્તરી

**પ્રશ્ન-૧. આપણે કોણ છીએ ?**

**ઉત્તર –** આપણે જાતે આર્ય છીએ ને ધર્મે જૈન છીએ.

**પ્રશ્ન-૨. આર્ય કોને કહેવાય ?**

**ઉત્તર –** જે આત્મા, પરલોક, પુણ્ય, પાપ આદિની અડગ શ્રદ્ધાવાળા હોય, પાપથી ડરીને ચાલે અને પુણ્યકાર્યો કર્યા વગર રહે નહીં તેને **'આર્ય'** કહે છે.

**પ્રશ્ન-૩. હિંદુ કોને કહેવાય ?**

**ઉત્તર –** હિંસાથી જેનું મન દુભાય તેને **'હિંદુ'** કહેવાય.

**પ્રશ્ન-૪. જૈન કોને કહેવાય ?**

**ઉત્તર –** શ્રી જિનેશ્વરદેવની સર્વ આજ્ઞાઓનો હૃદયથી સ્વીકાર કરે, પાળવા જેવી માને અને યથાશક્તિ પાળે. જેટલી આજ્ઞા પળાય તેનો આનંદ માને અને જે આજ્ઞા ન પળાય તેનું હૃદયમાં દુઃખ રાખે તેને **'જૈન'** કહેવાય.

અથવા જે જિનેશ્વરદેવનો ભક્ત કે અનુયાયી હોય તેને **'જૈન'** કહેવાય.

**પ્રશ્ન-૫. લોક કેટલા છે ?**

**ઉત્તર –** ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક–આ ત્રણ લોક છે.

**પ્રશ્ન-૬. આપણે કયા લોકમાં વસીએ છીએ ?**

**ઉત્તર –** આપણે મધ્યલોકમાં વસીએ છીએ.

**પ્રશ્ન-૭. સામાન્યથી ઊર્ધ્વ, અધો, અને મધ્યલોકમાં કોણ વસે છે ?**

**ઉત્તર –** સામાન્યથી ઊર્ધ્વલોકમાં દેવો, મધ્યલોકમાં મનુષ્યો તથા તિર્યંચો અને અધોલોકમાં નારકો વસે છે.

**પ્રશ્ન-૮ તિર્યંચ જીવો કોને કહેવાય ?**

**ઉત્તર –** દેવ, મનુષ્ય અને નારક સિવાયના બાકીના બધા એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તેમ જ પશુ-પંખી, સાપ, નોળિયા, ઉંદર, ખિસકોલી, ગરોળી, માછલાં, મગરમચ્છ વગેરે પંચેન્દ્રિય જીવોને **'તિર્યંચ જીવો'** કહે છે. અથવા અહીં મનુષ્યલોકમાં મનુષ્ય સિવાયના જેટલા જીવ છે તે બધાને **'તિર્યંચગતિના જીવ'** કહે છે.

**પ્રશ્ન-૯. મધ્યલોકમાં દ્વીપ-સમુદ્રો કેટલા છે ?**

**ઉત્તર –** મધ્યલોકમાં દ્વીપો અને સમુદ્રો અસંખ્ય છે.

**પ્રશ્ન-૧૦. દ્વીપ કોને કહેવાય ?**

**ઉત્તર –** ચારે બાજુ સમુદ્રોથી વીંટળાયેલી ભૂમિને દ્વીપ કહે છે.

**પ્રશ્ન-૧૧. મનુષ્યોની વસતિ કેટલા દ્વીપમાં છે ?**

**ઉત્તર –** જંબૂદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને અર્ધો પુષ્કરવરદ્વીપ-આ અઢી દ્વીપમાં જ મનુષ્યોની વસતિ છે.

**પ્રશ્ન-૧૨. પહેલા અને છેલ્લા સમુદ્રનું નામ શું છે ?**

**ઉત્તર –** પહેલા સમુદ્રનું નામ લવણસમુદ્ર અને છેલ્લા સમુદ્રનું નામ સ્વયંભૂરમણસમુદ્ર છે.

**પ્રશ્ન-૧૩. અઢી દ્વીપમાંથી ક્યા દ્વીપમાં આપણે વસીએ છીએ ?**

**ઉત્તર –** આપણે સૌથી મધ્યમાં આવેલા જંબૂદ્વીપ નામના દ્વીપમાં વસીએ છીએ.

**પ્રશ્ન-૧૪. જેના ઉપર આપણે વસીએ છીએ તે જંબૂદ્વીપની પૃથ્વી કેવી છે ?**

**ઉત્તર –** જેના ઉપર આપણે વસીએ છીએ તે જંબૂદ્વીપની પૃથ્વી થાળી જેવી ગોળ છે.

**પ્રશ્ન-૧૫. ક્ષેત્ર કોને કહેવાય ?**

**ઉત્તર –** જે ભૂમિ ઉપર મનુષ્યોનાં જન્મ-મરણ થાય છે તે ભૂમિને **'ક્ષેત્ર'** કહે છે.

**પ્રશ્ન-૧૬. આપણે કયા ક્ષેત્રમાં વસીએ છીએ ?**

**ઉત્તર –** આપણે જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં વસીએ છીએ.

**પ્રશ્ન-૧૭. ભરતક્ષેત્રના કેટલા ખંડ છે ?**

**ઉત્તર –** ભરતક્ષેત્રના છ ખંડ છે.

**પ્રશ્ન-૧૮. ભરતક્ષેત્રની મધ્યમાં કયો પર્વત છે અને તે કેટલો ઊંચો છે ?**

**ઉત્તર –** ભરતક્ષેત્રની મધ્યમાં વૈતાઢ્ય નામનો પર્વત છે અને તે ૨૫ જોજન ઊંચો છે.

**પ્રશ્ન-૧૯. વૈતાઢ્યપર્વત ઉપર કોણ વસે છે ?**

**ઉત્તર** – વૈતાઢ્યપર્વત ઉપર વિદ્યાધર મનુષ્યો વસે છે.

**પ્રશ્ન-૨૦. મેરુપર્વત ક્યાં આવેલો છે અને તે કેટલો ઊંચો છે ?**

**ઉત્તર** – મેરુપર્વત આપણા જંબૂદ્વીપના મધ્યભાગમાં આવેલો છે અને તે એક લાખ જોજન ઊંચો છે.

**પ્રશ્ન-૨૧. મહાવિદેહક્ષેત્ર ક્યાં આવેલું છે ?**

**ઉત્તર** – મહાવિદેહક્ષેત્ર મેરુપર્વતની આસપાસ પૂર્વ-પશ્ચિમ દિશામાં આવેલું છે.

**પ્રશ્ન-૨૨. આપણા જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં હાલમાં કયા નામના કેટલા તીર્થંકર વિચરે છે ?**

**ઉત્તર** – આપણા જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં હાલમાં **સીમંધરસ્વામી, યુગમંધરસ્વામી, બાહુસ્વામી** અને **સુબાહુસ્વામી** નામના ચાર તીર્થંકર વિચરે છે.

**પ્રશ્ન-૨૩. મધ્યલોકમાં (તીર્ચ્છાલોકમાં) સૂર્ય-ચંદ્ર કેટલા છે ?**

**ઉત્તર** – મધ્યલોકમાં સૂર્ય-ચંદ્ર અસંખ્ય છે.

**પ્રશ્ન-૨૪. આપણા જંબૂદ્વીપમાં સૂર્ય-ચંદ્ર કેટલા છે ?**

**ઉત્તર** – આપણા જંબૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે.

**પ્રશ્ન-૨૫. આપણે કયા કાળમાં જીવીએ છીએ ?**

**ઉત્તર** – આપણે અવસર્પિણીકાળના પાંચમા આરામાં જીવીએ છીએ.

**પ્રશ્ન-૨૬. મોક્ષસ્થાન કોને કહેવાય ?**

**ઉત્તર** – *સકલકર્મોનો જડમૂળથી નાશ કરીને, આત્માનું સંપૂર્ણ શુદ્ધસ્વરૂપ* પ્રગટ કરીને અશરીરી બનેલા અનંતાનંત સિદ્ધાત્માઓએ જ્યાં સદાકાળને માટે નિવાસ કર્યો છે, જે બધા દેવલોકોની ઉપર ૧૪ રાજલોકના અગ્રભાગમાં આવેલું છે, એવા સિદ્ધશિલા નામના સ્થાનને **'મોક્ષસ્થાન'** કહે છે.

**પ્રશ્ન-૨૭ આપણો આત્મા કેવો છે ?**

**ઉત્તર** – આપણો આત્મા અસલમાં નિરંજન, નિરાકાર, અરૂપી, અનંતજ્ઞાનમય, અનંતદર્શનમય, અનંતચારિત્રમય, અનંતવીર્યમય છે. ચૈતન્યસ્વરૂપ છે, શરીરથી જુદો છે, પણ કર્મના સંયોગથી અત્યારે દેહ ધારણ કરીને દેહની સાથે એકમેક થઈને દેહમાં પુરાઈને રહેલો છે. પોતે જે દેહમાં પુરાઈને રહેલો છે, તે દેહપ્રમાણ છે. કીડીના શરીરમાં કીડી જેવડો અને હાથીના શરીરમાં હાથી જેવડો છે. વધેલા વાળ અને વધેલા નખમાં હોતો નથી. તે સિવાય આખા દેહમાં વ્યાપીને રહેલો છે.

**પ્રશ્ન-૨૮. આપણને સુખ-દુઃખ આપનાર કોણ છે ?**

**ઉત્તર** – આપણને સુખ આપનાર આપણું પુણ્યકર્મ છે. પૂર્વજન્મોમાં ધર્મકાર્યો કરીને તે આપણા જ આત્માએ બાંધેલું છે. આપણને દુઃખ આપનાર આપણું પાપકર્મ છે. પૂર્વજન્મોમાં પાપકર્મો કરીને તે આપણા જ આત્માએ બાંધેલું છે. આપણા જ આત્માએ બાંધેલાં શુભ-અશુભ કર્મનાં સારાં-નરસાં ફળ આપણે ભોગવીએ છીએ. બીજું બધું નિમિત્તમાત્ર છે. આપણા સુખમાં નિમિત્ત બનનારા સૌને આપણે જશ આપવો જોઈએ, પણ આપણા ઉપર આવેલા દુઃખમાં આપણા આત્મા સિવાય બીજા કોઈને દોષિત ગણાય નહીં.

**પ્રશ્ન-૨૯. આપણને પુણ્યોદયે મળેલા માનવજન્મની સફળતા શામાં છે ?**

**ઉત્તર** – પાપમય સંસારનો ત્યાગ કરી, જિનેશ્વરદેવોએ જાતે લીધેલી અને ઉપદેશેલી દીક્ષા લઈ, સંયમધર્મની આરાધના વડે સર્વકર્મનો સર્વથા ક્ષય કરી, મોક્ષ મેળવવામાં જ આપણને પુણ્યોદયે મળેલા માનવજન્મની સફળતા છે, પણ સંસારનાં ભોગસુખ ભોગવવામાં નથી.

**પ્રશ્ન-૩૦. સંસાર કોને કહેવાય ?**

**ઉત્તર** – દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ આ ચારેય ગતિને સંસાર કહે છે.

**પ્રશ્ન-૩૧. સંસાર કેવો છે ?**

**ઉત્તર** – (ચાર ગતિરૂપ) સંસાર અસાર, પાપમય અને દુઃખમય છે. જન્મ-જરા-મરણનાં દુઃખોથી તેમ જ આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરેલો છે. રહેવા જેવો અને ભોગવવા જેવો નથી, પણ છોડવા જેવો છે.

**પ્રશ્ન-૩૨. આપણે ક્યાંથી આવ્યાં છીએ, મરીને કયાં જવાનાં છીએ અને આપણી સાથે શું આવવાનું છે ?**

**ઉત્તર** – આપણે પરલોકમાંથી આવ્યાં છીએ, મરીને પરલોકમાં જવાનાં છીએ અને આપણી સાથે પુણ્ય-પાપ સિવાય બીજું કાંઈ આવવાનું નથી.

**પ્રશ્ન-૩૩. જૈનધર્મનું મુખ્યસૂત્ર ક્યું છે અને તેનો અર્થ શો છે ?**

**ઉત્તર** – **'આણાએ ધમ્મો'**એ શ્રદ્ધામાર્ગનું મુખ્યસૂત્ર છે. જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન કરવાથી ધર્મ થાય છે—એ તેનો અર્થ છે.

**પ્રશ્ન-૩૪. જયણા એટલે શું ?**

**ઉત્તર** – બોલવું-ચાલવું, ખાવું-પીવું, ઊઠવું-બેસવું, હરવું-ફરવું વગેરે સર્વ કાર્યો કરતી વખતે કોઈ પણ જીવ મરી ન જાય – દુ:ખી ન થાય તેની કાળજી રાખીને, સર્વે જીવોની રક્ષા કરવાનો પ્રયત્ન કરવો તેનું નામ જયણા છે. **'જયણાએ ધમ્મો'** એ ક્રિયામાર્ગનું મુખ્યસૂત્ર છે.

**પ્રશ્ન-૩૫. 'અહિંસા પરમો ધર્મ:' એટલે શું ?**

**ઉત્તર** – **'અહિંસા પરમો ધર્મ:'** એટલે જિનેશ્વરદેવોએ બતાવેલી અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે.

**પ્ર.૩૬. સમ્યગ્ જ્ઞાન કોને કહેવાય ?**

**ઉત્તર** – જે તત્ત્વ જેવા સ્વરૂપે હોય તેવા જ સ્વરૂપે તેનો સંક્ષેપથી કે વિસ્તારથી બોધ થાય તેને **'સમ્યગ્ જ્ઞાન'** કહે છે. અથવા જે જ્ઞાનથી આત્મપ્રેમ જાગે અને જડપ્રેમ ટળે તેને **'સમ્યગ્ જ્ઞાન'** કહે છે, અથવા જે જ્ઞાનથી સંસાર પ્રત્યે વિરાગ અને મોક્ષ પ્રત્યે રુચિ પેદા થાય તેને **'સમ્યગ્ જ્ઞાન'** કહે છે.

**પ્રશ્ન-૩૭. મિથ્યાજ્ઞાન કોને કહેવાય ?**

**ઉત્તર** – જે તત્ત્વ જેવા સ્વરૂપે હોય તેનાથી વિપરીત સ્વરૂપે તેનો બોધ થાય તેને **'મિથ્યાજ્ઞાન'** કહે છે, અથવા જે જ્ઞાન આત્માને ભુલાવે અને જડ પદાર્થો પ્રત્યેની આસક્તિ વધારે તેને **'મિથ્યાજ્ઞાન'** કહે છે, અથવા જે જ્ઞાનથી સંસાર પ્રત્યે રાગ અને મોક્ષ પ્રત્યે અરુચિ પેદા થાય તે જ્ઞાનને **'મિથ્યાજ્ઞાન'** કહે છે.

**પ્રશ્ન-૩૮. જ્ઞાનનું સાચું ફળ શું છે ?**

**ઉત્તર** – સર્વ પાપનો અને પાપથી ભરેલા સંસારનો ત્યાગ કરવાની બુદ્ધિ પેદા થવી, એ જ જ્ઞાનનું સાચું ફળ છે.

**પ્રશ્ન-૩૯. કપાળમાં તિલક શા માટે કરાય છે ?**

**ઉત્તર** – **'હું જિનેશ્વરદેવની આજ્ઞા મસ્તકે ચડાવું છું'** એવી ભાવનાપૂર્વક કપાળમાં તિલક કરાય છે. જૈનોએ તિલક રોજ અવશ્ય કરવું જોઈએ અને આખો દિવસ રાખવું જોઈએ.

**પ્રશ્ન-૪૦. સચિત્ત એટલે શું ?**

**ઉત્તર** – સચિત્ત એટલે સચેતન અર્થાત્ જીવવાળું.

**પ્રશ્ન-૪૧. અચિત્ત એટલે શું ?**

**ઉત્તર** – અચિત્ત એટલે અચેતન અર્થાત્ જીવ વગરનું.

**પ્રશ્ન-૪૨. ભવ્યાત્મા કોને કહેવાય અને મોક્ષે કોણ જાય ?**

**ઉત્તર** - મોક્ષ પામવાની લાયકાતવાળા જીવને **'ભવ્યાત્મા'** કહે છે.

જિનેશ્વરદેવોએ બતાવેલા સાધુપણાને કે ચારિત્રધર્મને પામનારા ભવ્ય મનુષ્યો જ મોક્ષમાં જઈ શકે છે.

**પ્રશ્ન-૪૩. અભવ્યાત્મા કોને કહેવાય ?**

**ઉત્તર** – મોક્ષની શ્રદ્ધાના અભાવે મોક્ષ પામવાની લાયકાત વગરના જીવને **'અભવ્યાત્મા'** કહે છે.

**પ્રશ્ન-૪૪. સ્વાધ્યાય એટલે શું ?**

**ઉત્તર** – સ્વાધ્યાય એટલે જ્ઞાન-ધ્યાનમાં રમણતા

**પ્રશ્ન-૪૫. તિવિહાર એટલે શું ?**

**ઉત્તર** – પાણી સિવાયના ત્રણ પ્રકારના આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને **'તિવિહાર'** કહે છે. (આયંબિલ, એકાસણું અને બીજું બિયાસણું કરી લીધા પછી મુખશુદ્ધિ કરીને આ પચ્ચક્ખાણ કરવું જોઈએ અથવા ધારી લેવું જોઈએ.)

**પ્રશ્ન-૪૬. ચઉવિહાર એટલે શું ?**

**ઉત્તર**—ચારેય પ્રકારના આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને **'ચઉવિહાર'** કહે છે.

**પ્રશ્ન-૪૭. પાણહાર એટલે શું ?**

**ઉત્તર** – પાણીસ્વરૂપ આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને **'પાણહાર'** કહે છે. જેમણે તિવિહાર ઉપવાસ, આયંબિલ, નિવિ, એકાસણું કે બિયાસણું કર્યું હોય તેઓ પાણી ચૂકવ્યા પછી આ પચ્ચક્ખાણ કરે છે.

**પ્રશ્ન-૪૮. 'મિચ્છા મિ દુક્કડં' એટલે શું ?**

**ઉત્તર** –**'મારું પાપ મિથ્યા થાવ'**– આ **'મિચ્છા મિ દુક્કડં'**નો અર્થ છે. પરંતુ ભાવાર્થ એ છે કે મેં ભૂલ કરી છે, તેનો હું પશ્ચાત્તાપ કરું છું. હવે પછી એવી ભૂલ નહીં કરું. અથવા હું અપરાધી છું. મારો અપરાધ કબૂલ કરીને અને હવે પછી અપરાધ નહીં કરવાની ભાવના રાખીને હું તમારી ક્ષમા માગું છું.

**પ્રશ્ન-૪૯ નિયાણું કોને કહેવાય ?**

**ઉત્તર** – ધાર્મિક ક્રિયાઓમાં સીધી કે પરંપરાએ મોક્ષ સિવાયના ફળની અભિલાષા રાખવી તેને **'નિયાણું'** કહે છે.

**પ્રશ્ન-૫૦. બાળકોએ પાઠશાળામાં ભણવા કેવી રીતે અવાય ?**

**ઉત્તર** – મુખશુદ્ધિ કરીને તેમ જ હાથ, પગ, મોઢું ધોઈ, વાળ ઓળી, સુંદર, સ્વચ્છ યોગ્ય અને પૂર્ણ વેશ પહેરીને બાળકોએ પાઠશાળામાં ભણવા અવાય. પણ એંઠા મોઢે તેમ જ ગંદી-ગોબરી હાલતમાં, વાળ ઓળ્યા વિના અને ઉદ્ભટ વેશ ધારણ કરીને કે અપૂરતાં વસ્ત્રો પહેરીને અવાય નહીં.

# ૭ કેટલુંક વિશેષ

## શ્રી જિનશાસન અદાલત

**પાત્રો :** ૧. ન્યાયાધીશ(જજ) ૨. સરકારી વકીલ ૩. આરોપીના વકીલ ૪. શિરસ્તેદાર(કારકૂન) ૫. કોર્ટનો પટાવાળો ૬. ફરિયાદી કલ્યાણમિત્ર ૭. આરોપી સંદીપકુમાર ૮. સાક્ષી ગોઠી(પૂજારી) ૯. સાક્ષી ધર્મેશકુમાર ૧૦. પોલીસ

**સૂચના :** ઉપરનાં પાત્રો માટે બાળકોની પસંદગી સમજપૂર્વક કરવી. પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પ્રભાવશાળી વાક્છટાવાળા ત્રણ હોશિયાર બાળકોને પ્રથમ પસંદ કરી તેમની યોગ્યતાનુસાર તેમને ન્યાયાધીશ, સરકારી વકીલ અને આરોપીના વકીલનાં પાત્ર સોંપવાં. બાકીનાં પાત્રો માટે પણ હોશિયાર બાળકોને જ પસંદ કરવા. કોર્ટની સંપૂર્ણ કાર્યવાહી દરમિયાન હાથમાં લાકડી રાખીને, પોલીસે આરોપીના પાંજરા પાસે ઊભા રહેવાનું છે. તેને ક્યારેય કાંઈ જ બોલવાનું નથી.

**પૂર્વ તૈયારી :** સભાની વચ્ચેના ભાગને કોર્ટરૂમ બનાવી તેમાં વચ્ચે ન્યાયાધીશ માટેનાં ટેબલ-ખુરસી મૂકવાં. ન્યાયાધીશની જમણી બાજુ કારકૂનનાં ટેબલ-ખુરસી મૂકવાં. બે વકીલો માટેની બે ખુરસી સામસામી દિશામાં મૂકવી. આરોપીનું પાંજરું જજની સામી દિશામાં યોગ્ય સ્થાને ગોઠવવું.

કારકૂન પોતાના ટેબલ પર હાજર રહી પોતાનું કામ કરે. ગોઠી પૂજાનાં વસ્ત્ર ધોતી-ખેસ પહેરીને હાજર રહે. કાળા કોટ પહેરીને અને હાથમાં કાગળ રાખીને બે વકીલ પોતપોતાની ખુરસી ઉપર બેસે. ન્યાયાધીશની સામેની દિશામાં એક પાટલી(બેન્ચ) મૂકવી. તેની ઉપર ગોઠી, ધર્મેશકુમાર, ફરિયાદી કલ્યાણમિત્ર અને આરોપી સંદીપકુમાર બેસે.

ત્યાર પછી પટાવાળા સાથે ન્યાયાધીશ કોર્ટરૂમમાં પ્રવેશ કરે. તે વખતે પાત્ર ભજવનાર બધા બાળકો ઊભા થઈ ન્યાયાધીશનું સન્માન કરે અને તેમના બેઠાં પછી બેસે. પટાવાળાના હાથમાં ફાઈલ હોય તે ન્યાયાધીશના ટેબલ પર મૂકી પોતે કારકૂનના ટેબલ પાસે ઊભો રહે.

**ફરિયાદ :** ફરિયાદી કલ્યાણમિત્રે આરોપી સંદીપકુમાર સામે કોર્ટમાં, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો અનાદર કરવા અંગેની ફરિયાદ દાખલ કરી છે. તે ફરિયાદના આધારે પોલીસે આરોપી સંદીપકુમારને કોર્ટમાં હાજર કર્યો છે.

# અદાલતના કાર્યનો પ્રારંભ

**પટાવાળો** – (મોટેથી બોલે) આરોપી સંદીપકુમાર હાજર હો.

(સંદીપકુમાર પોલીસ સાથે આવીને, આરોપીના પાંજરામાં ઊભા રહે.)

(કારકૂન કલ્યાણમિત્રની ફરિયાદનો પત્ર પટાવાળાને આપે, પટાવાળો તે પત્ર ન્યાયાધીશના ટેબલ પર મૂકે.)

**ન્યાયાધીશ** – (તે પત્ર હાથમાં લઈ આરોપનામું વાંચીને આરોપીને કહે) તમે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરતા નથી, બીજાને પણ પૂજા કરતાં રોકો છો અને જિનની મૂર્તિની પૂજા કરવી જોઈએ એવું માનતા નથી. આ રીતે તમે શ્રી જિનાજ્ઞાનો અનાદર કરો છો. તમારી સામે કલ્યાણકારી જિનાજ્ઞાનો અનાદર કરવાની ફરિયાદ છે. કલ્યાણમિત્ર તરફથી તમારા ઉપર મૂકવામાં આવેલો આ આરોપ તમને મંજૂર છે ?

**આરોપી** – ના જી ! બિલકુલ મંજૂર નથી.

**ન્યાયાધીશ** – તમારા બચાવમાં તમારે શું કહેવાનું છે ? તમારા બચાવ માટે તમારે વકીલ રોકવાના છે ?

**આરોપી** – હા જી ! મારે મારો બચાવ કરવાનો છે. તે માટે મેં વકીલ રોક્યા છે અને તેઓ અહીં હાજર છે.

**આરોપીના વકીલ** – (પોતાના વકીલાતનામાનો કાગળ પટાવાળા દ્વારા જજને પહોંચાડીને) આરોપીના વકીલ તરીકે મને માન્ય કરવામાં આવે એવી હું નામદાર કોર્ટને અરજ કરું છું.

**ન્યાયાધીશ** – તમને આરોપીના વકીલ તરીકે માન્ય કરવામાં આવે છે.

**સરકારી વકીલ** – આ કેસમાં મને સાક્ષી રજૂ કરવાની પરવાનગી આપવામાં આવે એવી હું નામદાર કોર્ટને અરજ કરું છું.

**ન્યાયાધીશ** – તમને સાક્ષી રજૂ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

**સરકારી વકીલ** – આ કેસમાં પ્રથમ સાક્ષી છે દેરાસરનો ગોઠી.

**પટાવાળો** – (મોટેથી બોલે) સાક્ષી ગોઠી હાજર હો. (ગોઠી જજ સામે હાજર થાય.)

**ન્યાયાધીશ** – તમે પવિત્ર શ્રી કલ્પસૂત્ર ઉપર હાથ મૂકીને, જુઠ્ઠું નહિ બોલવાના સોગંદ લો.

**ગોઠી** – અનંતા સિદ્ધપરમાત્માઓ કેવળજ્ઞાનથી મને જોઈ રહ્યા છે એવી શ્રદ્ધા રાખીને હું આત્મસાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે હું જે કહીશ તે સાચું જ કહીશ, સત્ય સિવાય બીજું કાંઈ કહીશ નહિ.

**સરકારી વકીલ** – સાક્ષીને તપાસવાની મને મંજૂરી આપવામાં આવે એવી હું નામદાર કોર્ટને અરજ કરું છું.

**ન્યાયાધીશ**—સાક્ષીને તપાસવાની તમને મંજૂરી આપવામાં આવે છે.

**સરકારી વકીલ**—(ગોઠીને તપાસવા પૂછે) તમે કોણ છો ? શું કામ કરો છો ?

**ગોઠી**—હું દેરાસરનો ગોઠી છું. રોજ દેરાસર હું જ ખોલું છું અને હું જ બંધ કરું છું. દેરાસર ખુલ્લું હોય ત્યાં સુધી દેરાસરમાં જ હાજર હોઉં છું. દેરાસર રેઢું મૂકીને બહાર ક્યાંય જતો નથી.

**સરકારી વકીલ**—તમે આરોપી સંદીપકુમારને પૂજા કરતો કદી જોયો છે ?

**ગોઠી**—ના જી ! મેં એને કદી પણ પૂજા કરતો જોયો નથી.

**સરકારી વકીલ**—રોજ પૂજા કરવા કોણ આવે છે ?

**ગોઠી**—ધર્મેશકુમાર અને બીજા પણ ઘણા રોજ પૂજા કરવા આવે છે.

**સરકારી વકીલ**—મૂર્તિપૂજા કરવાની જરૂર નથી એવું સમજાવીને પૂજા કરવા આવેલા બીજાઓને આરોપી સંદીપકુમારે પાછા વાળ્યા હોય એવું ક્યારેય તમે નજરે જોયું છે ?

**ગોઠી**—હા જી ! **'મૂર્તિપૂજા કરવાની જરૂર નથી'** એવું સમજાવીને સંદીપકુમારે પૂજા કરવા આવેલાને પાછા વાળ્યા હોય એવું મેં બે/ત્રણ વાર નજરે જોયું છે.

**સરકારી વકીલ**—(ન્યાયાધીશને) મારે હવે સાક્ષીને વધારે તપાસવો નથી.

**આરોપીના વકીલ**—(ન્યાયાધીશને) સાક્ષીની ઊલટતપાસ(ક્રૉસ) કરવાની મને મંજૂરી આપવામાં આવે એવી હું નામદાર કોર્ટને અરજ કરું છું.

**ન્યાયાધીશ**—સાક્ષીની ઊલટતપાસ કરવાની તમને મંજૂરી આપવામાં આવે છે.

**આરોપીના વકીલ**—(ગોઠીની ઊલટતપાસ કરવા પૂછે) આરોપી સંદીપકુમારને તમે રોજ દેરાસરમાં આવતા જુઓ છો, તો તેઓ પૂજા પણ કરતા હશે ને ?

**ગોઠી**—ના જી ! તેઓ માત્ર દર્શન કરીને જતા રહે છે, પૂજા ક્યારેય કરતા નથી.

**આરોપીના વકીલ**—મારે સાક્ષી ગોઠીને ફરી તપાસવો નથી.

**ન્યાયાધીશ**—(સરકારી વકીલને) તમારે હવે બીજા સાક્ષી રજુ કરવાના છે ?

**સરકારી વકીલ**—હાજી ! આ કેસમાં મારા બીજા સાક્ષી છે ધર્મેશકુમાર !

**પટાવાળો**—(મોટેથી બોલે) સાક્ષી ધર્મેશકુમાર હાજર હો.

(ધર્મેશકુમાર જજ સામે હાજર થાય છે.)

**ન્યાયાધીશ**—તમે જુઠ્ઠું નહિ બોલવાના સોગંદ લો.

**ધર્મેશકુમાર**—અનંતા સિદ્ધપરમાત્માઓ મને કેવળજ્ઞાનથી જોઈ રહ્યા છે એવી શ્રદ્ધા રાખીને હું આત્મસાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે હું જે કહીશ તે સાચું જ કહીશ, સત્ય સિવાય બીજું કાંઈ કહીશ નહિ.

**સરકારી વકીલ**—(ધર્મેશકુમારને તપાસવા પૂછે) તમે કોણ છો? શું કરો છો ? તમારી ઉંમર કેટલી છે ? તમે આરોપી સંદીપકુમારને ઓળખો છો ?

**ધર્મેશકુમાર**—હું આરોપી સંદીપકુમારનો કલ્યાણમિત્ર અને વિદ્યાર્થી છું. મારી ઉંમર ૨૦ વર્ષની છે. સંદીપકુમારને હું સારી રીતે ઓળખું છું. એ જે વાસમાં(લોકાલિટીમાં) રહે છે તે જ વાસમાં હું પણ રહું છું.

**સરકારી વકીલ**—સંદીપકુમાર જિનપૂજા કરતા નથી, બીજાને પણ પૂજા કરતાં રોકે છે અને મૂર્તિપૂજા કરવી જોઈએ એવું માનતા નથી—આ બધું તમે કયા આધારે કહો છો ?

**ધર્મેશકુમાર**—હું રોજ સવારે જિનપૂજા કરવા માટે જિનમંદિર જતી વખતે તેના ઘર પાસેથી જ પસાર થાઉં છું, ક્યારેક તેના ઘરમાં પણ જાઉં છું. તે વખતે હું તેને ટી.વી. જોતો, છાપું વાંચતો કે રમતગમત કરતો જોઉં છું, પણ મેં એને કદી જિનમંદિરે પૂજા કરવા જતો કે પૂજા કરતો જોયો નથી. હું તેને ઘણીવાર પૂજા કરવા આવવા માટે કહું છું ત્યારે તે મને **'મૂર્તિપૂજા કરવાની જરૂર નથી'** એવું સમજાવીને મને પણ પૂજા કરવા જતાં રોકવાનો પ્રયત્ન કરે છે.

**આરોપીના વકીલ**—સાક્ષી ધર્મેશકુમારની ઊલટતપાસ કરવાની મને મંજૂરી આપવામાં આવે એવી હું નામદાર કોર્ટને અરજ કરું છું.

**ન્યાયાધીશ**—સાક્ષી ધર્મેશકુમારની ઊલટતપાસ કરવાની તમને મંજૂરી આપવામાં આવે છે.

**આરોપીના વકીલ**—જિનમંદિરે પૂજા કરવા જતી વખતે આરોપીના ઘરમાં તમે કેટલીવાર ગયા છો ?

**ધર્મેશકુમાર** - ઘણીવાર ગયો છું.

**આરોપીના વકીલ**—સંદીપકુમારને તમે પૂજા કરવા જતાં જોયા નથી, પણ પ્રભુદર્શન અને ગુરુવંદન કરતાં જોયા છે ખરા ?

**ધર્મેશકુમાર**—હા જી ! મેં એને પ્રભુદર્શન અને ગુરુવંદન કરતાં ઘણી વાર જોયો છે.

**આરોપીના વકીલ**—મારે સાક્ષી ધર્મેશકુમારની ફરીવાર તપાસ કરવી નથી.

**ન્યાયાધીશ**—(સરકારી વકીલને) તમારે બીજા સાક્ષી તપાસવા છે ?

**સરકારી વકીલ**—ના જી ! મારે બીજા સાક્ષી તપાસવા નથી.

**ન્યાયાધીશ**—(આરોપીના વકીલને પૂછે) તમારે બચાવમાં આરોપીને તપાસવાનો છે ?

**આરોપીના વકીલ**—હા જી ! (પછી આરોપીને પૂછે) તમે જિનેશ્વર ભગવંતની પૂજા કરો છો ?

**આરોપી**—ના જી ! હું ક્યારેય જિનપૂજા કરતો નથી.

**આરોપીના વકીલ**—મૂર્તિપૂજામાં તમને શ્રદ્ધા નથી, એથી તમે પોતે પૂજા કરતા નથી અને બીજાઓને પણ પૂજા કરતા રોકો છો એવી ફરિયાદીની વાત સાચી છે ?

**આરોપી**—હા જી ! પૂર્વે મને મૂર્તિપૂજામાં શ્રદ્ધા નહોતી, તેથી હું પોતે પૂજા કરતો નહોતો અને બીજાઓને પણ મૂર્તિપૂજા નહિ કરવા સમજાવતો હતો. પરંતુ ગુરુકૃપાએ હાલમાં મારું અજ્ઞાન ટળ્યું છે, મને સમ્યગ્ જ્ઞાન મળ્યું છે. એથી મારી ગેરસમજ દૂર થઈ ગઈ છે અને મને મૂર્તિપૂજામાં પૂર્ણ શ્રદ્ધા થઈ છે. જિનપ્રતિમા સાક્ષાત્ તીર્થંકર સમાન છે એવું હું શ્રદ્ધાપૂર્વક માનવા લાગ્યો છું અને મૂર્તિપૂજા અવશ્ય કરવી જોઈએ એવું બીજાઓને પણ સમજાવવા લાગ્યો છું. મારી અજ્ઞાન દશામાં મૂર્તિપૂજાના વિષયમાં પૂર્વે મેં જે કાંઈ ખોટું કર્યું છે, તેનો હું પારાવાર પસ્તાવો કરું છું.

**આરોપીના વકીલ**—તમને ગુરુકૃપાએ મૂર્તિપૂજામાં શ્રદ્ધા થઈ છે, તો હવે તમે જિનપૂજા કરવાનું શરૂ કર્યું જ હશે ને ?

**આરોપી**—ના જી ! મેં હજી જિનપૂજા કરવાનું શરૂ કર્યું નથી.

**આરોપીના વકીલ**—તમને મૂર્તિપૂજામાં શ્રદ્ધા થઈ હોવા છતાંય તમે શા માટે પૂજા કરવાનું શરૂ કર્યું નથી ?

**આરોપી**—હાલમાં મારી તબિયત બરાબર રહેતી નથી. મને પેટમાં દુઃખે છે. આજકાલ ઠંડી પણ સખત પડે છે, એથી સ્નાન કરતી વખતે મારું શરીર ધ્રૂજે છે અને મને શરદી થઈ જવાનો ભય રહે છે. વળી મારે કામકાજ ઘણાં હોવાથી મને પૂજા કરવા જવા માટેનો સમય પણ મળતો નથી.

**આરોપીના વકીલ**—તમારી માંદગીનું ડૉક્ટરી સર્ટિફિકેટ રજૂ કરો છો ?

**આરોપી** – હા જી ! આ સર્ટિફિકેટ છે. (સર્ટિફિકેટ વકીલને આપે, વકીલ પટાવાળાને આપે, પટાવાળો જજના ટેબલ પર મૂકે.)

**આરોપીના વકીલ** – તમે પૂજા કરતા નથી, પણ દેવદર્શન અને ગુરુવંદન કરો છો ખરા ?

**આરોપી** – હા જી ! દેવદર્શન અને ગુરુવંદન હું રોજ અચૂક કરું છું.

**આરોપીના વકીલ** – (ન્યાયાધીશને) હવે મારે આરોપીને વધારે તપાસવો નથી.

**ન્યાયાધીશ** – (સરકારી વકીલને પૂછે) તમારે આરોપીની ઊલટતપાસ કરવી છે ?

**સરકારી વકીલ** – હા જી ! (પછી આરોપીની ઊલટતપાસ કરવા પૂછે)

તમે ઠંડીમાં કદી સ્નાન કરતા નથી ?

**આરોપી** – સ્નાન તો હું રોજ કરું છું.

**સરકારી વકીલ** – તમે કહો છો કે ઠંડીમાં સ્નાન કરવાથી મારું શરીર ધ્રૂજે છે અને મને શરદી થવાનો ભય રહે છે, તો પછી ઠંડીમાં રોજ સ્નાન કેમ કરો છો ?

**આરોપી** – ઠંડીના દિવસોમાં હું સવારમાં સ્નાન કરતો નથી, પણ બપોરે તડકામાં બેસીને સ્નાન કરું છું.

**સરકારી વકીલ** – હવે મારે કાંઈ પૂછવાનું નથી અને બીજા સાક્ષી પણ તપાસવાના નથી.

**ન્યાયાધીશ** – (સરકારી વકીલને પૂછે) આરોપીને દોષિત ઠરાવવા માટે તમારે શી દલીલો કરવાની છે ?

(સરકારી વકીલ ઊભા થઈ જજ સમક્ષ નીચે મુજબ દલીલ કરે.)

**સરકારી વકીલ** – મહેરબાન જજ સાહેબ ! આરોપી ખરેખર દોષિત છે. શક્તિ અને સામગ્રી હોવા છતાં જિનપૂજા નહિ કરીને, એણે જિનાજ્ઞાનો અનાદર કરવાનો ગુનો કર્યો છે. જિનપૂજા નહિ કરવા માટેનાં એણે બતાવેલાં કારણ ઉપજાવી કાઢેલાં બહાનાંરૂપ હોવાથી ખોટાં છે. એણે પોતાની માંદગી અંગેનાં જે કારણ બતાવ્યાં છે, એવાં કારણ ડૉક્ટર સાહેબના સર્ટિફિકેટમાં બતાવેલાં નથી. વળી આજકાલ ઠંડી સખત પડે છે, એવી આરોપીની વાત પણ વજૂદ વગરની છે. આજકાલ ઠંડી તો નહિ જેવી જ પડે છે. એથી એમાં શરીર ધ્રૂજવાનો કે શરદી થઈ જવાનો તો સવાલ જ પેદા થતો નથી. આજકાલ પડતી સામાન્ય ઠંડીને તો લોકો ગુલાબી ઠંડી કહે છે.

એ તો સાલમપાકની જેમ શરીરને હૃષ્ટપુષ્ટ બનાવનારી છે. છાપામાં રોજરોજ આવતો હવામાન ખાતાનો વર્તારો પણ એ વાતની સાક્ષી પૂરે છે. આરોપીને ઘણાં કામકાજ હોવાને કારણે પૂજા કરવાનો સમય જ મળતો નથી એ વાત તો હળાહળ જુઠ્ઠાણું જ છે. ઘણાં કામકાજને કારણે જેને પૂજા કરવાનો સમય જ ન મળતો હોય, એને રમતગમત કરવાનો, તોફાનમસ્તી કરવાનો અને ગામગપાટાં હાંકવાનો સમય કેમ મળે ? સંસારનાં બધાં જ કામ કરવાનો એને જોઈએ તેટલો સમય મળે અને ધર્મનું તો એકેય કામ કરવાનો સમય ન મળે એ કોઈ સજ્જનના મુખમાં શોભે એવી વાત છે ? જૈનકુળમાં જન્મેલાઓ **'અમને પાપ કરવાનો સમય નથી'** એમ બોલી શકે, પણ **'અમને ધર્મ કરવાનો સમય નથી'** એમ તો હરગિજ બોલી શકે નહિ. આરોપી સંદીપકુમાર સંસારનાં સર્વ પાપકાર્ય હોંશેહોંશે કરે છે અને પુણ્યકાર્ય કરવાનો મને સમય નથી એમ કહે છે. એથી ચોક્કસપણે માની શકાય એમ છે કે એને પાપકાર્યો કરવામાં જ મજા આવે છે, પુણ્યકાર્યો કરવાં તો એને ગમતાં જ નથી. હકીકતમાં એને કામકાજ કાંઈ છે જ નહિ. એ તો આખો દિવસ નવરો જ હોય છે. તે આળસથી જ જિનપૂજા કરતો નથી. એથી જિનાજ્ઞાનો અનાદર કરવાનો એનો ગુનો સાબિત થાય છે.

માટે મહેરબાન જજસાહેબને મારી ખાસ વિનંતી છે કે આરોપી સંદીપકુમારે પૂજા નહિ કરવા માટે બતાવેલાં બહાનાંરૂપ ખોટાં કારણોને ધ્યાનમાં લીધા વિના, સત્યને જ નજર સમક્ષ રાખીને આરોપી સંદીપકુમારને એના હિતને ખાતર સમાજમાં દાખલારૂપ એવી સજા કરવામાં આવે કે જેથી તે પોતે અને બીજાઓ પણ ખોટાં બહાનાં બતાવીને શ્રી જિનેશ્વર ભગવંતની કલ્યાણકારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોઈ પણ ગુનો કરવાની હિંમત ક્યારેય કરી શકે જ નહિ.

**ન્યાયાધીશ**—(આરોપીના વકીલને કહે) તમારે તમારા અસીલના બચાવ માટે શી દલીલો કરવાની છે ?

**આરોપીના વકીલ**—મહેરબાન જજ સાહેબ ! મારો અસીલ નિર્દોષ છે. જિનપૂજા નહિ કરવાનો એનો ગુનો ઇરાદાપૂર્વકનો નથી, પણ સંજોગવશાત્‌નો છે. જિનાજ્ઞાનો અનાદર કરવાનો એનો ભાવ નથી, માટે એનો ગુનો સાબિત થતો નથી. એથી મારા અસીલને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા મહેરબાન જજ સાહેબને મારી ખાસ વિનંતી છે.

**ન્યાયાધીશ**—(આરોપીને પૂછે) શક્તિ અને સામગ્રી હોવા છતાં તમે

શ્રી જિનેશ્વરભગવંતની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જિનપૂજા નહિ કરવાનો ગુનો કર્યો છે એ વાત તેમને કબૂલ-મંજૂર છે ?

**આરોપી સંદીપકુમાર** – મહેરબાન જજ સાહેબ ! મેં શ્રી જિનેશ્વરભગવંતની કલ્યાણકારી આજ્ઞાનો અનાદર કર્યો જ નથી. મને મૂર્તિપૂજામાં શ્રદ્ધા થયા પછી પણ હું સંજોગવશાત જ જિનપૂજા કરી શક્યો નથી. સંજોગવશાત્ પણ જિનપૂજા નહિ કરવાની જે ભૂલ મારાથી થઈ છે, તેનો અત્યારે મને પારાવાર પસ્તાવો થાય છે. હવેથી હું પ્રતિકૂળ સંયોગોમાં પણ મનની દઢતા રાખીને નિયમિત જિનપૂજા કરવાની નામદાર કોર્ટને ખાતરી આપું છું. સંજોગવશાત્ હું જેટલા દિવસ જિનપૂજા કરી શક્યો નથી, એની ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના કરી પ્રાયશ્ચિત્ત લઈને સવેળા વાળી આપીશ. **'હવેથી મારે રોજ જિનપૂજા કરવી'** એવી બાધા પણ તેમની પાસે લઈશ અને સારી રીતે પાળીશ. માટે નામદાર કોર્ટને મારી નમ્ર અરજ છે કે મારી ઉપર રહેમ નજર કરવામાં આવે.

(ખટલાનો સંપૂર્ણ અભ્યાસ કરીને ન્યાયાધીશ ચુકાદો આપે છે.)

❋

## ન્યાયાધીશનો ચુકાદો

શ્રી જિનેશ્વરદેવો સંસારનાં દારુણ દુઃખોથી છૂટવાનો અને મુક્તિનાં શાશ્વતસુખ પામવાનો ઉપાય બતાવનારા હોવાથી ભવ્ય જીવોના મહાન ઉપકારી છે. તેથી જૈનકુળમાં જન્મેલા તમામ પુણ્યાત્માઓએ બહાનાં બતાવ્યા વિના, પ્રમાદનો ત્યાગ કરીને અને પ્રતિકૂળ સંયોગોમાં પણ મનની દઢતા રાખીને શ્રી જિનેશ્વરભગવંતની પૂજા રોજ અવશ્ય કરવી જોઈએ અને એ માટેનો સમય એમને હોવો જ જોઈએ એમ હું માનું છું. આ ખટલાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી હું એવા તારણ ઉપર આવ્યો છું કે આજકાલ ઘણા જૈન યુવાનો જિનપૂજા કરતા નથી. તેને માટે ખાસ કરીને માબાપ અને આજનું શિક્ષણ જવાબદાર છે. ઉપરાંત ટી.વી.નું આક્રમણ તેમ જ રમતગમતને અપાતું વધુ પડતું ઉત્તેજન વગેરે કારણે પણ જૈન યુવાનોના ધાર્મિક સંસ્કારોનો નાશ થઈ રહ્યો છે.

આજનાં માબાપ અને આખો સમાજ પોતાનાં સંતાનોના વ્યાવહારિક શિક્ષણને જેટલું મહત્ત્વ આપે છે, તેટલું મહત્ત્વ ધાર્મિક શિક્ષણને આપતાં નથી.

આજના વ્યાવહારિક શિક્ષણનાં અનેક દૂષણ હોવા છતાં એની પાછળ અઢળક નાણાં ખરચે છે. દેવું કરીને પણ નાણાં મેળવી, શાળા-કૉલેજોને

ડોનેશન આપી તેમાં પોતાનાં બાળકોને પ્રવેશ અપાવે છે, 'અહં'ને પોષે છે અને પાપને વધારે છે, પરંતુ કલ્યાણકારી ધાર્મિક શિક્ષણ પ્રત્યે બેદરકારી બતાવે છે.

એથી માબાપ સહિત સમસ્ત જૈનસમાજને મારું સૂચન છે કે તેઓ બાળકોમાં ધાર્મિક સંસ્કારનું સિંચન કરવા વધુ પ્રયત્નશીલ બને, તેમને દેવગુરુનો આપણા ઉપરનો ઉપકાર અને ધર્મનો મહિમા સમજાવે, તો બાળકો કલ્યાણકારી જિનાજ્ઞાનો આદર કરીને પૂજા વગેરે સર્વ કાર્યો આપોઆપ કરવા લાગી જાય.

આ ખટલાના આરોપી સંદીપકુમારે સંયોગવશાત્ જિનપૂજા કરી નથી, તોપણ એણે શ્રી જિનેશ્વરદેવોના ઉપકારનો વિચાર કરવો જોઈતો હતો અને પ્રતિકૂળ સંયોગોમાં મનની દૃઢતા રાખીને પણ હંમેશાં જિનપૂજા કરવી જોઈતી હતી. પ્રમાદથી પોતાના કર્તવ્યને ચૂકવા ઉપરાંત અન્યને પણ આ કર્તવ્યથી ભ્રષ્ટ કરવામાં તે નિમિત્ત બન્યો હોવાથી એને ગુનેગાર ગણી શકાય.

પરંતુ સંદીપકુમારને જિનપૂજા નહિ કરવાના પોતાના ગુનાનો પશ્ચાત્તાપ થતો હોવાથી અને ગીતાર્થ ગુરુભગવંતની પાસે જઈને, પોતાના ગુનાની આલોચના કરી પ્રાયશ્ચિત્ત લઈને વાળી આપવાની ને **'હવેથી રોજ જિનપૂજા કરવી'** એવી બાધા લેવાની એની તૈયારી હોવાથી, એને એ પ્રમાણે કરવાનો આદેશ આપીને હું એને તહોમતમાંથી મુક્ત કરું છું.

(ન્યાયાધીશનો ઉપર મુજબનો ચુકાદો સાંભળ્યા પછી હર્ષ પામીને પાઠશાળાના બધા જ બાળકો એક સાથે મોટેથી ત્રણ વાર બોલે)

**જય જય જિનશાસન ! જય જય વીરશાસન !**

## મધુર વાણી

વિનય વડે શોભતી સંસ્કારવાળી મધુરવાણી એ જ માનવનું મહાન ભૂષણ છે. કટુ વાણી તો પશુઓને પણ ગમતી નથી.

જે માણસની વાણીમાં મધુરતા છે તે દુશ્મનના દિલમાં પણ વાસ કરી શકે છે. જે માણસ કટાક્ષયુક્ત કઠોર વાણી બોલે છે, તે સર્વત્ર શત્રુ ઊભા કરે છે.

**वाणी रसवती यस्य, सफलं तस्य जीवनम् ।**

જેની વાણી રસવાળી-મીઠી છે, તેનું જીવન સફળ છે.

**जिह्वायाममृतं यस्य तस्य मित्रं जगत्त्रयम् ।**

જેની વાણીમાં મધુરતારૂપી અમૃત વસે છે, તેને ત્રણેય જગત મિત્રરૂપ બને છે.

# ત્રિપદી અને સપ્તપદી

બાળક બોલતું, ચાલતું અને સમજતું થાય કે તરત જ જૈન માબાપે તેને સૌપ્રથમ આ ત્રિપદી શીખવવી જોઈએ.

૧. મેળવવા જેવો મોક્ષ છે.

૨. લેવા જેવું સંયમ છે.

૩. છોડવા જેવો સંસાર છે.

આ ત્રિપદી શીખી ગયેલા બાળકને પછી સમજાવવું જોઈએ કે મેળવવા જેવો જે મોક્ષ છે, તે મેળવવા માટે જે લેવા જેવું સંયમ છે, તે લેવા માટે છોડવા જેવો જે સંસાર છે, તે જલદી છૂટી જાય એટલા માટે નીચેની સપ્તપદી પણ જરૂરી છે.

૧. રોજ જિનેશ્વરદેવનું દર્શન-પૂજન કરવું.

૨. રોજ ગુરુવંદન કરવું.

૩. રોજ સવારે ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ કરવું.

૪. રોજ સાંજે ઓછામાં ઓછું તિવિહારનું પચ્ચક્ખાણ કરવું.

૫. રોજ સવારે માબાપને વિનય-વિવેક સહિત પગે લાગવું.

૬. રોજ પાઠશાળાએ જવું અને વિનયપૂર્વક ભણવું.

૭. ભણેલું યાદ રાખવા રોજ સ્વાધ્યાય કરવો.

ઉપર કહેલી ત્રિપદી બાળકોએ પોતાના જ હિતને માટે ગોખી નાખવી જોઈએ અને સપ્તપદીને જીવનમાં ઉતારવી જોઈએ.

બાળકો ! તમારે આ સપ્તપદીને જીવનમાં ઉતારવી છે ?

તમારે આ સપ્તપદીને જીવનમાં ઉતારવા માટેની પ્રેરણા મેળવવી છે ?

તો વાંચો, સંપ્રતિ મહારાજા અને શ્રીઆર્યરક્ષિતસૂરિજી મહારાજનું જીવનચરિત્ર ! આ બંને મહાપુરુષોનું જીવનચરિત્ર વાંચવા-વિચારવાથી સપ્તપદીને જીવનમાં ઉતારવાની પ્રેરણા તમને જરૂર મળશે, તેને જીવનમાં ઉતારવાનું સામર્થ્ય તમને જરૂર સાંપડશે.

# જિનશાસનના શણગાર : સંપ્રતિ મહારાજા

અર્ધા ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવીને ૧૬ હજાર મુકુટબદ્ધ રાજાઓથી પરિવરેલા સંપ્રતિ મહારાજા પોતાની રાજધાની ઉજ્જયિની નગરીમાં આવ્યા. હર્ષ પામેલા નગરજનોએ ભારે પ્રવેશ-મહોત્સવ કર્યો.

સંપ્રતિ મહારાજા મહેલમાં આવીને તરત જ પોતાની માતા કમલાદેવીના પગમાં પડ્યા. ઊભા થઈ મતાના મુખ સામે જોયું ત્યારે તેમને આશ્ચર્ય થયું. પોતાની વિજયયાત્રાથી જ્યારે આખુંય નગર હર્ષના હિલોળે ચડ્યું હતું ત્યારે માતાનું મુખ શોકમગ્ન શ્યામ અને ચિંતાતુર હતું ! દીકરાથી માતાનું આ દુઃખ ખમાતું નથી, તેથી પૂછે છે કે "હે માતા ! આજે મારા વિજયથી આખું નગર હર્ષઘેલું બન્યું છે, ત્યારે તું શા માટે શોકમગ્ન છે ? તને મારા જેવો પુત્ર હોવાનો આનંદ કેમ નથી ? મજૂરી કરીને સામાન્ય કમાણી કરી લાવતા પુત્રને જોઈને પણ માતા હર્ષ પામે છે, તો પછી હું તો આજે ભરતના ત્રણ ખંડ ઉપર વિજય-પતાકા ફરકાવીને આવ્યો છું, છતાં તને હર્ષ કેમ થતો નથી ?" સંપ્રતિ મહારાજા માનતા હતા કે મને જોઈને આખું જગત ભલે હર્ષ પામતું હોય, પણ એક મારી માતા જ હર્ષ પામતી ન હોય તો બીજાનો હર્ષ મારા માટે નિરર્થક છે.

આ માતા પરમશ્રદ્ધાળુ શ્રાવિકા હતી, માટે દુનિયાથી નિરાળી હતી. દુનિયા દીકરાના દેહને જુએ ! શ્રાવિકા આત્માને જુએ ! પોતાને આંગણે ઘોડા ઉપર બેસીને આવેલા મહેમાનની સામેય જોવું નહિ, ઘોડાનું જ સ્વાગત ને ઘોડાની જ સારસંભાળ કર્યા કરવી એ તો નર્યો અવિવેક જ છે ને ? દીકરાનો દેહ ઘોડા સમાન છે ને આત્મા મહેમાન સમાન છે ! સ્વાગત અને સારસંભાળને યોગ્ય તો આત્મા જ છે !

વિવેકી માતા કહે છે, "હે પુત્ર ! રાજ્ય તો તારા આત્માને નરકમાં લઈ જનારું છે ! તારાં જન્મ-મરણનાં દુઃખ વધારી મૂકનારું છે ! હું જો તારી સાચી જનેતા હોઉં તો એવા રાજ્યની કમાણીથી મને હર્ષ કેમ થાય ? મને હર્ષ જરૂર થાય ! પણ ક્યારે ? તું જે પૃથ્વી જીતીને આવ્યો છે, તે સમગ્ર પૃથ્વીને જિનાલયોથી સુશોભિત કરી દે ! તારી સંપત્તિથી ગામેગામ જિનમંદિરો ઊભા કરી દે અને તે જોઈને આખી પૃથ્વી હસી ઊઠે ત્યારે!"

કેવી હશે આ રાજમાતા ! બાળપણથી જ એણે પોતાના પુત્રને કેવા

સંસ્કાર આપ્યા હશે ? એ પવિત્ર સંસ્કારોનું પાન કરીને ઉછરેલો સુપુત્ર માતાને શોકમગ્ન રહેવા દે ? એની ઇચ્છાનો અનાદાર કરે ? હરગિજ નહિ !

સંપ્રતિ મહારાજાએ માતાના મુખમાંથી પડતો બોલ ઝીલી લીધો. ત્યાં જ સંકલ્પ કરી લીધો-આખી પૃથ્વીને જિનમંદિરોથી મઢી દેવાનો ! જોષીઓને બોલાવ્યા ને પોતાનું આયુષ્ય પૂછ્યું જવાબ મળ્યો :

"રાજન્ ! તમારું આયુષ્ય હજી ૧૦૦ વર્ષનું બાકી છે."

"૧૦૦ વર્ષના દિવસો કેટલા ?"

"રાજન્ ! ૩૬ હજાર "

પછી રોજનું એક જિનમંદિર બંધાવવાનો સંકલ્પ કરી સંપ્રતિ મહારાજાએ પૃથ્વીને મંદિરોથી મઢવાનું કામ શરૂ કર્યું. રોજ એક જિનાલયનું ખાતમુહૂર્ત થયાના સમાચાર સાંભળ્યા પછી જ માતાને પ્રણામ કરીને ભોજન કરતા. માતા પણ હર્ષ પામી રોજ પુત્રના કપાળે તિલક કરીને મંગળ કરતી.

આવી રીતે સંપ્રતિ મહારાજાએ ૩૬ હજાર નવાં જિનમંદિરો કરાવ્યાં અને ૮૯ હજાર જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. તેમણે સર્વ મળીને સવા લાખ જિનમંદિરો કરાવ્યાં. અને સવા કરોડ જિનપ્રતિમાઓ પણ ભરાવી. ઉપરાંત પોતાના રાજ્યમાં કોઈ પણ જીવ ભૂખ્યો કે દુઃખી ન રહે, તે માટે ૭૦૦ દાનશાળાઓ શરૂ કરી.

સંપ્રતિ મહારાજાએ અનાર્ય દેશમાં પણ કેટલાક માણસોને સાધુના આચાર શીખવી સાધુનો વેશ પહેરાવીને મોકલ્યા. તેમના દ્વારા અનાર્ય લોકોને પણ સાધુના આચારોથી માહિતગાર કર્યા ને ત્યાં પણ સાધુઓનો વિહાર કરાવ્યો.

આવી રીતે સંપ્રતિમહારાજાએ પોતાનો જન્મ સફળ કર્યો !

ધન્ય માતા ! ધન્ય પુત્ર !

– પૂ.આ.શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ

**સાચા મિત્રનો ધર્મ**

સાચા મિત્રનો ધર્મ હાસ્યની છોળો ઉડાડવવામાં કે હાંસી-મજાક કરવામાં નથી, આંસુ લૂછવામાં છે, સમયે સહાય કરવામાં છે અને સાચી શિખામણ આપવામાં છે.

**અપવિત્ર સ્થાનમાં ગુરુજનના નામનો ઉચ્ચાર કરવો નહિ.**

ઝાડો-પેશાબ કરતી વખતે કે ઝાડો-પેશાબ વગેરેથી અપવિત્ર જગ્યામાં ગુરુજનના નામનો ઉચ્ચાર કરવો નહિ.

# જિનશાસનના અણગાર : શ્રી આર્યરક્ષિતસૂરિજી

એક હતું નગર. તેનું નામ દશપુર. ત્યાં રહે એક બ્રાહ્મણ. તેનું નામ સોમદેવ. તેની પત્નીનું નામ રુદ્રસોમા. તેમને બે પુત્રો હતા. એકનું નામ આર્યરક્ષિત ને બીજાનું નામ ફલ્ગુરક્ષિત. પિતાના આદેશથી પાટલિપુત્ર નગરમાં જઈ આર્યરક્ષિતે બ્રાહ્મણોનાં ઘણાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ૧૪ વિદ્યાનો પારગામી થયો ને મહાપંડિત બનીને પોતાના નગર તરફ પાછો ફર્યો રાજા વિદ્યાપ્રેમી હતો, તેથી વિદ્વાનોનું સન્માન કરતો. રાજાએ મહાપંડિત આર્યરક્ષિતને મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરજનો અને સ્વજનોએ પણ તેનું ઘણું સન્માન કર્યું. મોટું સન્માન પામીને આર્યરક્ષિત ઘરે આવ્યો ને સૌપ્રથમ માતાની પૃચ્છા કરી તેને પ્રણામ કરવા ગયો.

ઉત્તમકુળમા જન્મેલા માણસો રોજ સવારમા ઊઠીને, ઘરમાંથી બહાર જતી વખતે, બહારથી ઘરમાં દાખલ થતી વખતે, વિદ્યાભ્યાસ કરવા જતી વખતે, વિદ્યાભ્યાસ કરીને પાછા આવતી વખતે તેમ જ બીજાં પણ સારાં કાર્યો કરતી વખતે દેવને, ગુરુને અને માતાપિતાને પ્રણામ કરવાનું ચૂકે નહિ. ઉત્તમકુળનો આ આચાર છે. ઉત્તમ આચારોથી જ કુળ ઉત્તમ કહેવાય છે અને શોભે છે.

પ્રણામ કરી માતાના મુખની સામે જોતાં જ આર્યરક્ષિત આશ્ચર્ય પામ્યો. પોતે ભણીગણીને પંડિત બનીને આવ્યો હતો, તેથી રાજા અને સર્વ નગરજનો પણ હર્ષ પામ્યા હતા. ત્યારે માતાના મુખ ઉપર તો હર્ષના સ્થાને વિષાદ જણાતો હતો. આર્યરક્ષિત માતાને પૂછે છે કે, “હે માતા ! આજે તો બીજા બધાં કરતાં તને વિશેષ આનંદ હોવો જોઈએ તેને બદલે આ વિષાદ કેમ ?”

માતા કહે છે કે, “હે પુત્ર ! તું જે જ્ઞાન મેળવીને આવ્યો છે તે તારું જ્ઞાન તને સદ્‌ગતિ અને શાશ્વત સુખ અપાવનારું નથી, પણ તારા આત્માને દુર્ગતિમાં દોરી જનારું ને સંસારમાં ભટકાવી મારનારું છે. એવા જ્ઞાન દ્વારા મેળવેલી તારી પંડિતાઈથી અજ્ઞાન લોકો હર્ષ પામે એ બનવાજોગ છે, પણ તારી આ માતા હર્ષ પામે એ બનવાજોગ નથી.”

“તો હે માતા ! કહે કે હું શું ભણું તો તને હર્ષ થાય ?”

“હે પુત્ર ! જો તું તારા આત્માને સદ્‌ગતિમાં લઈ જનાર ને સંસારનો અંત લાવનાર એવો દૃષ્ટિવાદ જૈન સાધુ પાસે જઈને ભણે તો જ મને હર્ષ થાય !”

આર્યરક્ષિતે વિચાર કર્યો કે, "જે માતા મારું આવું હિત ઇચ્છનારી છે, તેને હર્ષ પમાડવાની મારી પવિત્ર ફરજ છે. આખી દુનિયા હર્ષ પામીને ભલે મને ઘણું મોટું માન આપે પણ મેં જે જ્ઞાન મેળવ્યું છે, તે જ્ઞાન જો મારા આત્માનું કલ્યાણ ઇચ્છનારી મારી માતાને જ હર્ષ પમાડનારું ન બનતું હોય તો એવા જ્ઞાનની કિંમત જ શી છે ?"

આમ આર્યરક્ષિતે પોતાની ઉત્તમતાને છાજે એવો સુંદર વિચાર કર્યો, માતાના આશીર્વાદ મેળવ્યા ને તેના જ કહેવા પ્રમાણે ઇક્ષુવનમાં રહેલા તોસલિપુત્ર નામના આચાર્યની પાસે દૃષ્ટિવાદ ભણવા જવા માટે નીકળ્યા કે તરત જ હાથમાં શેરડીના સાડા નવ સાંઠા લઈને, પોતાને તેની ભેટ આપવા આવી રહેલા પોતાના પિતાના મિત્ર સામા મળ્યા. તેને શુભ શુકન માની આર્યરક્ષિતે આગળ પ્રયાણ કર્યું. તોસલિપુત્ર આચાર્યની પાસે પહોંચ્યો અને તેમને પોતાની દૃષ્ટિવાદ ભણવાની ઇચ્છા જણાવી, પણ દૃષ્ટિવાદ ભણવો હોય તો દીક્ષા લેવી પડે. દૃષ્ટિવાદ ભણવાનો અધિકાર તો સાધુઓનો જ છે. આમ તોસલિપુત્ર આચાર્યના કહેવાથી આર્યરક્ષિતે તેમની પાસે દીક્ષા લીધી, કારણ કે એને તો કોઈ પણ ઉપાયે દૃષ્ટિવાદ ભણવો જ હતો. દીક્ષા લઈ આર્યરક્ષિત મુનિ નવ પૂર્વ સુધી ભણી ગયા ને દશમા પૂર્વનો અભ્યાસ શરૂ કર્યો.

એવામાં તેમના નાના ભાઈ ફલ્ગુરક્ષિતે આવીને કહ્યું કે, "હે ભાઈ ! માતાપિતા તમને બહુ યાદ કરે છે. તો તમે તેમને મળવા અને પ્રતિબોધ પમાડવા માટે આવો." તે સાંભળી આર્યરક્ષિતજીએ ફલ્ગુરક્ષિતને તો ત્યાં જ ધર્મોપદેશ દ્વારા પ્રતિબોધ પમાડી દીક્ષા આપી હતી. પછી ગુરુની આજ્ઞા લઈ ફલ્ગુરક્ષિત મુનિ સાથે વિહાર કરી પોતાને ગામ આવ્યા, ને ધર્મોપદેશ આપી આખા કુટુંબને પ્રતિબોધ પમાડ્યો. બીજા બધાએ તો દીક્ષા લીધી, પણ તેમના પિતા સોમદેવને સાધુવેશ પહેરવાની લજ્જા આવવાથી તેમણે એકલાએ દીક્ષા લીધી નહિ. આમ છતાં સ્નેહના વશથી તેઓ ગૃહસ્થ વેશમાં પણ આર્યરક્ષિતજીની સાથે વિચરવા લાગ્યા.

પછી અવસર જોઈ આર્યરક્ષિતજીએ તેમને ઘણું સમજાવ્યા ત્યારે જનોઈ, કમંડળ, માથે છત્ર ને બે વસ્ત્ર આટલું રાખવાની છૂટ સાથે તેમણે દીક્ષા લીધી. પણ આર્યરક્ષિતજીએ તો યુક્તિપૂર્વક તે બધી વસ્તુઓનો પણ અંતે ત્યાગ કરાવ્યો ને શુદ્ધ સાધુવેશ અંગીકાર કરાવ્યો.

બાળકો ! આ આર્યરક્ષિતજીએ પોતાની માતાનું હિતકર વચન માન્યું તો તેમના પોતાના આત્માનો, આખા કુટુંબનો ને બીજા અનેક આત્માઓનો પણ ઉદ્ધાર થયો.

જે બાળકો પોતાના ઉપકારી માબાપ, દેવ(ભગવાન), ગુરુ ને વિદ્યાગુરુની હિતકારી આજ્ઞા માને નહિ તેમનું કલ્યાણ કેમ થાય ?

સંસારના રસિયા જગતનાં માબાપ દીકરાના દેહની, તેના માટે વહુની અને સંસારની સુખસાહ્યબીની જ ચિંતા કરનારાં હોય છે, પણ જૈન માબાપ તો જગતથી ન્યારાં ને નિરાળાં જ હોય છે. તેઓ તો પોતાનાં સંતાનોના આત્માની જ વિશેષ પ્રકારે ચિંતા કરનારાં હોય છે. જેની રાખ થવાની છે એવા શરીરને નહિ, પણ અંદર બેઠેલા આત્માને જોનારાં હોય છે.

સારાંશ એ છે કે જિનશાસનને પામેલી માતા કેવી હોય અને એ માતાના પુત્રો પણ કેવા હોય, તેનાં આ બે ઉત્તમ ઉદાહરણ છે. આજનાં માબાપોએ અને સુપુત્રોએ, આ સંપ્રતિ મહારાજાની માતા અને આર્યરક્ષિતજીની માતાના જીવનમાંથી જરૂર કાંઈક બોધ લેવા જેવો છે.

**– પૂ.આ.શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ**

## ભાષાદોષ અને સભાક્ષોભ

એક વાર સભામાં કુમારપાળ મહારાજાની બોલવામાં નજીવી ભૂલ થઈ. તેઓ પોતાના ઉચ્ચારણદોષ બદલ ખૂબ જ શરમિંદા બન્યા. પોતાનો ઉચ્ચારણદોષ એમને એવો જોરદાર ખટક્યો કે તે વખતે તેમની ઉંમર ૫૦ વરસ ઉપરની હોવા છતાંય તેમણે વ્યાકરણશાસ્ત્રમાં પારંગત થવાનો સંકલ્પ કર્યો. દૃઢ સંકલ્પબળના પરિણામે રાજ્ય સંબંધી કાર્યોથી નિવૃત્ત થઈ રોજ ભણવાની મહેનત કરીને બહુ જ થોડા વખતમાં વ્યાકરણશાસ્ત્રમાં પારંગત બની ગયા અને શાસ્ત્રચર્ચામાં પણ નિપુણતા મેળવી લીધી. એમની એ નિપુણતા જોઈને પંડિતોએ એમને હર્ષભેર **'વિચારચતુર્મુખ'** એવા બિરુદથી નવાજ્યા.

કુમારપાળ મહારાજાની જેમ આપણને પણ આપણા ઉચ્ચારણની ખામીઓ ખૂંચવા-ખટકવા લાગી જાય તો એ ખામીઓની શી દેણ છે કે રહી શકે ? દૃઢ સંકલ્પબળથી આપણે પણ શુદ્ધ ઉચ્ચારણ કરવાની કળા શીખી લેવી જોઈએ.

# બે પંડિતોના સભાક્ષોભનું દૃષ્ટાંત

સારી રીતે ભણી-ગણીને નવા તૈયાર થયેલા બે પંડિતોને કોઈ પ્રસંગે રાજાની સભામાં જવાનું થયું ત્યારે રાજા પાસે ખાલી હાથે જવાય નહિ એવા શાસ્ત્રવચનને યાદ કરીને, રાજાને ભેટ તરીકે ધરવા માટે તેમણે પોતાની સાથે એક મોટું બીજોરાનું ફળ લીધું.

રાજસભામાં પેસતાંની સાથે જ ઘણી મોટી સભા જોઈને બંને નૂતન પંડિતો ડઘાઈ ગયા—અત્યંત ક્ષોભ પામી ગયા. તેથી તેમના હાથ-પગ ધ્રૂજવા લાગ્યા. બેમાંથી એક પંડિતે રાજાને બીજોરાનું ભેટણું ધ્રૂજતા હાથે ધર્યું. ધ્રૂજતા હાથે ધરાઈ રહેલું ભેટણું જોઈને રાજાથી સહજ રીતે પુછાઈ ગયું કે, 'આ શું ?' ત્યારે ક્ષોભ પામેલા પંડિતથી ગભરાટમાં બોલાઈ ગયું કે, 'આ તો ભેટ તરીકે લીંબુ છે.' તે સાંભળી રાજાને હસવું આવ્યું. હસતાં-હસતાં રાજાએ બીજા પંડિતને પૂછ્યું કે, 'આ પંડિત બીજોરાને લીંબુ કેમ કહે છે ?' બીજા પંડિતે કહ્યું , 'રાજન્ ! મોટી સભા જોઈને એને **'ભસાક્ષોભ'** થઈ ગયો છે. માટે એ બોલવામાં ભૂલ કરીને બીજોરાને લીંબુ કહે છે.' આ બીજો પંડિત પણ સભાથી ક્ષોભ પામેલો જ હતો. એટલે એનાથી પણ **'સભાક્ષોભ'**ને બદલે ભૂલમાં **'ભસાક્ષોભ'** બોલાઈ ગયું.

આમ મોટી સભામાં ભલભલા પંડિતો પણ ક્ષોભ પામી જતા હોય ત્યારે બાળકોની શી વાત ! બાળકોએ ઘણી મહેનત કરીને શુદ્ધ ને કડકડાટ ગોખ્યું હોય છતાંય એ ગોખેલું સભામાં બોલવાના પ્રસંગે ક્ષોભથી તેમની ઘણી ભૂલો પડે છે અને અશુદ્ધ બોલાઈ જાય છે, એટલું જ નહિ એ વખતે ઘણી નવી ભૂલોનું પણ સર્જન થઈ જાય છે. બાળકોના મનમાંથી આવા સભાક્ષોભને દૂર કરવા માટે તેમની પાસે સભામાં વારંવાર સૂત્રો બોલાવવાં જોઈએ.

**— પં.શ્રી જયસુંદરવિજયજી ગણિવર**

## સાચું શિક્ષણ

૧. દૃષ્ટિથી જમીન તપાસીને પગ મૂકો, વસ્ત્રથી ગાળીને જળ પીઓ, સત્યથી પવિત્ર થયેલું વચન બોલો અને મનથી પૂર્ણ વિચાર કરીને આચરણ કરો.

૨. આંગણે આવનારનું ઓછામાં ઓછું ચાર વસ્તુથી સ્વાગત કરો : સ્વાગત વચન, આસન, જળ અને મુખવાસ

૩. કાગળ લાકડું વગેરે પદાર્થોને ઊધઈ ખાય છે, જ્યારે માણસને ઉંઘાઈ ખાય છે.

# સૂત્રગ્રહણ-ઉચ્ચારણપદ્ધતિ

શાસ્ત્રકારોએ સમ્યગ્ જ્ઞાનનો મહિમા ખૂબ ખૂબ ગાયો છે. ક્રિયા(ચારિત્ર)ને પુષ્ટ કરનારા તત્ત્વને શ્રદ્ધા કહે છે. શ્રદ્ધાને ઉત્પન્ન કરનાર, સ્થિર કરનાર અને વધારનાર સમ્યગ્ જ્ઞાન છે.

આમ શ્રદ્ધા અને ચારિત્રને પુષ્ટ કરનાર હોવાથી સમ્યગ્ જ્ઞાન પાયાસ્વરૂપ છે. પાયો જેટલો મજબૂત હોય તેટલા જ અંશે શ્રદ્ધા અને ચારિત્રની પુષ્ટિ થાય, માટે જ સમ્યગ્ જ્ઞાન અતિશય પુષ્ટ હોવું જરૂરી છે.

સમ્યગ્ જ્ઞાન અજ્ઞાનને દૂર કરવા સાથે મોહને પણ હઠાવે છે. અજ્ઞાન હઠે એટલે જ્ઞાન આવે અને મોહ ઘટે એટલે સુસંસ્કાર આવે. અજ્ઞાનને હઠાવવા અને જીવનમાં સુસંસ્કારોનું ઘડતર કરવા સમ્યગ્ જ્ઞાન મેળવવું જરૂરી છે.

સામાયિક-પ્રતિક્રમણ આદિનાં સૂત્ર ગણધર ભગવંતોએ રચેલાં છે. તેના અક્ષરો મંત્રમય છે અને કર્મોને હણનારા છે. તે જો શુદ્ધ ઉચ્ચારણ સહિત ભાવપૂર્વક બોલાય તો તે સાંભળનારના ચિત્તમાંથી ઉદાસીનતા પલાયન થઈ જાય અને તેનું મન પ્રસન્ન બની જાય.

શુદ્ધ ઉચ્ચારણપૂર્વક સૂત્રો બોલવાની રીત, બાળકોને શરૂઆતથી જ સાવધાન રહીને શીખવવી જોઈએ. જો એમ ન થાય તો શરૂઆતમાં જ અશુદ્ધ ઉચ્ચારણ જીભે ચડી ગોખાઈને રૂઢ થઈ જાય, પછી તો એ અશુદ્ધ ઉચ્ચારણનું નિવારણ કરીને શુદ્ધ ઉચ્ચારણ શીખવાનું કામ બેવડું મુશ્કેલ બની જાય.

આપણી ભાષાના શબ્દોમાં હ્રસ્વ-દીર્ઘ સ્વરનો ફેરફાર થઈ જાય તોપણ અર્થ બદલાઈ જાય છે; જેમ કે, ચિર=લાંબું, પણ ચીર=વસ્ત્ર; દિન=દિવસ, પણ દીન=ગરીબ; વધુ=વધારે, પણ વધૂ=વહુ; સુર=દેવ, પણ સૂર=વાજિંત્રનો શબ્દ.

એવી જ રીતે આપણાં પ્રતિક્રમણનાં સૂત્રોમાં પણ **હ્રસ્વ-દીર્ઘ-કાનો-માત્રા-મીંડું** વગેરેનો નજીવો ફેરફાર થઈ જાય તોપણ અર્થ બદલાઈ જાય છે, તેથી આપણને દોષ લાગે છે અને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એવું ન બને એટલા માટે શુદ્ધ ઉચ્ચારણ કરતાં શીખી લેવું જોઈએ. તે માટે **'દ્ય-દ્દ-દ્ધ-દ્વ-દ્ર'** વગેરે જોડાક્ષરો અને **'દ-દૃ-શૃ'** વગેરે અક્ષરોની સાચી ઓળખ, તેનું શુદ્ધ ઉચ્ચારણ-લેખન વગેરેનું જ્ઞાન મેળવી લેવું જોઈએ.

કોઈ પણ શબ્દનું ઉચ્ચારણ કરતાં પહેલાં તેમાં જોડાક્ષરો કેટલા છે તે જોઈ લેવું જોઈએ. જોડાક્ષરની પૂર્વનો અક્ષર સહેજ ભારપૂર્વક બોલવાથી જોડાક્ષરનું શુદ્ધ ઉચ્ચારણ થાય છે; જેમ કે, **'પચ્ચક્ખામિ'** આમાં **'ચ્ચ'** અને **'ક્ખા'** આ બે જોડાક્ષરો છે. તેની પૂર્વે અનુક્રમે આખા અક્ષર **'પ'** અને **'ચ'** છે. **'પ'** ઉપર ભાર આપવાથી **'ચ્ચ'** અને **'ચ'** ઉપર ભાર આપવાથી **'ક્ખા'**નું ઉચ્ચારણ બરાબર થાય છે.

ગુરુમુખેથી સૂત્રપાઠ લઈને જ ભણવું જોઈએ અને તેઓ જ્યારે પાઠ આપતા હોય ત્યારે તેઓ કયા શબ્દનું કેવી રીતે ઉચ્ચારણ કરે છે, તે બરાબર સાંભળીને અને ધ્યાનમાં રાખીને જ સૂત્રપાઠ ગ્રહણ કરવો જોઈએ.

**'અધ્યાત્મસાર'**માં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે,

**"शिक्षितादिपदोपेतमप्यावश्यकमुच्यते ।**

**द्रव्यतो भावनिर्मुक्तमशुद्धस्य तु का कथा ॥"**

**અર્થ :** શાસ્ત્રમાં **'શિક્ષિત'** વગેરે જે શ્રુતગુણો કહ્યા છે તે બરાબર જાળવીને જે આવશ્યક ક્રિયામાં સૂત્રોનો શુદ્ધ પાઠ થાય, તેવી શુદ્ધ આવશ્યક ક્રિયા પણ જો ભાવવિહોણી હોય તો દ્રવ્યાવશ્યક જ કહેવાય છે. તો પછી જે આવશ્યક ક્રિયા પાઠોચ્ચારાદિમાં પણ અશુદ્ધ જ છે તેની તો શી વાત કરવી ? અર્થાત્ એને તો દ્રવ્યાવશ્યક પણ ન કહેવાય.

જે સૂત્રો આપણે શીખીએ છીએ તે **શિક્ષિતં, ઠિયં, જિયં, મિયં, પરિજિયં, નામસમં, ઘોસસમં, અહીણક્ખરં, અણચ્ચક્ખરં, અવ્વાઇદ્ધક્ખરં, અક્ખલિયં, અમિલિયં, અવચ્ચામેલિયં, પડિપુન્નં, પડિપુણ્ણઘોસં, કણ્ઠોટ્ઠવિપ્પમુક્કં, ગુરુવાયણોવગયં** — આ ૧૭ પદોથી યુક્ત હોવાં જોઈએ. 'અનુયોગદ્વાર'માં આ અધિકાર છે.

## શ્રુતની ચૌદ આશાતના

**વાઇદ્ધ**(આડુંઅવળું), **વ્યત્યામ્રેડિત**(સ્વરૂપ બદલીને), **હીનાક્ષર, અધિકાક્ષર, પદહીન, વિનયહીન, ઘોષહીન, યોગહીન** (જોગ કર્યા વિના), **સુષ્ઠુ દત્ત, દુષ્ઠુ પ્રતીચ્છિત** (ક્રમનથી લીધેલું), **અકાલ સ્વાધ્યાય, કાલે ન કૃત સ્વાધ્યાય**

શ્રુતની આ ૧૪ આશાતના ટાળીને સૂત્ર બોલવું જોઈએ.

આ પ્રમાણે સૂત્રો બોલવાથી બોલનારને પોતાને અને સાંભળનારા સૌને ઘણો લાભ થાય છે. આ પ્રમાણે બોલાયેલાં સૂત્ર મંત્રસ્વરૂપ બની જાય છે.

પંચ પ્રતિક્રમણનાં સૂત્ર ઘણું કરીને બધાં પ્રાકૃત ભાષામાં છે અને મોટે ભાગે પદ્યમાં છે. એ પદ્યનો છંદ (વૃત્ત) આર્યા છે. મોટા ભાગનાં સૂત્ર આ આર્યા છંદમાં જ છે.

માત્રામેળ છંદ અને ગણમેળ છંદ એમ બે પ્રકારના છંદ છે. આર્યા, ગીતિ, હરિગીત, સવૈયા વગેરેને માત્રામેળ છંદ કહે છે, જ્યારે મન્દાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા વગેરેને ગણમેળ છંદ કહે છે.

એના પણ પાછા બબ્બે ભેદ પડે છે. દરેક પદ્ય, ગાથા કે શ્લોકનાં ચાર ચરણ હોય છે. જે પદ્ય, ગાથા કે શ્લોકનાં ચારેય ચરણો સરખી અક્ષરસંખ્યાવાળાં, સરખી ગણસંખ્યાવાળાં ને સરખી માત્રાસંખ્યાવાળાં હોય તેને **'સમમાત્રાગણમેળ'** છંદ કહે છે ને જે પદ્ય, ગાથા કે શ્લોકનાં ચારેય ચરણોમાં અક્ષરસંખ્યા વગેરે વિષમ(અસમાન) હોય તેને **'વિષમમાત્રાગણમેળ'** છંદ કહે છે.

આર્યા એ વિષમમાત્રાગણમેળ છંદ છે. તેનાં ચારેય ચરણોની માત્રાસંખ્યા ભિન્નભિન્ન છે. હ્રસ્વ-લઘુ વર્ણની એક માત્રા અને ગુરુ વર્ણની બે માત્રા ગણાય છે. પહેલા અને ત્રીજા ચરણમાં ૧૨, બીજા ચરણમાં ૧૮ ને ચોથા ચરણમાં ૧૫ માત્રા હોય છે.

આર્યા છંદના ચાર ચરણ કેવી રીતે બોલવાં તે સંબંધમાં પ્રાકૃત પિંગળમાં એક આર્યા આવે છે :

**पढमं चिय हंसपयं, बीए सिंहस्य विक्कमं जाया ।**

**तीए गजवर लुलिअं, अहिवर लुलिअं चउत्थीए ॥**

આમાં આર્યા છંદનાં ચારેય ચરણની ભિન્નભિન્ન ગતિ બતાવી છે. પ્રથમ ચરણનું ઉચ્ચારણ હંસના જેવી ગતિ(ચાલ)થી, બીજા ચરણનું ઉચ્ચારણ સિંહના જેવી ગતિથી, ત્રીજા ચરણનું ઉચ્ચારણ ગજરાજના જેવી ગતિથી અને ચોથા ચરણનું ઉચ્ચારણ સર્પના જેવી ગતિથી કરવું.

આવી રીતે ઉચ્ચારણ કરતાં, પહેલા-ત્રીજા ચરણમાં આરોહ (ઊંચે ચડવાનું) આવે, જ્યારે બીજા-ચોથા ચરણમાં અવરોહ (નીચે ઊતરવાનું) આવે.

**લોગસ્સ, ઉવસગ્ગહરં, જય વીયરાય, વંદિત્તુ** વગેરે સૂત્રો આ આર્યા છંદમાં જ છે. જો તે આર્યા છંદમાં જ બોલાય તો તેનું શ્રવણ અતિ મધુર, કર્ણપ્રિય અને આહ્લાદક બને. આવી સુયોગ્ય ઉચ્ચારણ-પદ્ધતિપૂર્વક સૂત્રો બોલવાથી તેમાં ભરેલા ગંભીર અર્થનું ઉદ્‌ઘાટન પણ સહજ રીતે થાય છે.

**– પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ**

✡

# સમકિત અને મિથ્યાત્વ

**'શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે, તે સાચું અને શંકા વગરનું છે'** એવી હૃદયપૂર્વકની દૃઢ માન્યતા તેનું નામ સમકિત અથવા સમ્યક્ત્વ.

સમકિત એટલે જિનવચનમાં અડગ શ્રદ્ધા અથવા માર્ગાનુસારી સાચી સમજ કે સાચી માન્યતા.

મિથ્યાત્વ એટલે જિનવચનમાં અશ્રદ્ધા-શંકા અથવા ઊંધી સમજ કે ઊંધી માન્યતા.

જે વસ્તુ જેવા સ્વરૂપે હોય તેવા જ સ્વરૂપે તેને માનવી તેનું નામ સમકિત.

જે વસ્તુ જેવા સ્વરૂપે હોય તેનાથી વિપરીત સ્વરૂપે માનવી તેનું નામ મિથ્યાત્વ.

**સુદેવ :** સર્વજ્ઞ, રાગાદિ ૧૮ દોષોથી રહિત, ત્રણેય લોકથી પૂજિત, જે પદાર્થ જેવા સ્વરૂપે હોય તેવા જ સ્વરૂપે તેને કહેનારા એવા અરિહંત પરમાત્માને જ સુદેવ કહેવાય એટલે સાચા અર્થમાં ભગવાન કહેવાય.

**કુદેવ :** ઉપર જણાવ્યું તેનાથી વિપરીત(ઊલટા) સ્વરૂપવાળાને કુદેવ કહેવાય એટલે ભગવાન કહેવાય નહિ.

**સુગુરુ :** પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, ઉપસર્ગો અને પરિષહોમાં ધૈર્ય ધારણ કરનારા, ભિક્ષામાત્રથી આજીવિકા ચલાવનારા, જીવનભરના સામાયિક ચારિત્રમાં રહેલા અને શુદ્ધ મોક્ષમાર્ગનો ધર્મોપદેશ આપનારા ગુરુને જ સુગુરુ કહેવાય એટલે સાચા અર્થમાં ગુરુ કહેવાય.

**કુગુરુ :** સર્વની અભિલાષા કરનારા, સર્વ પ્રકારનાં ભોજન કરનારા, સર્વ પ્રકારના પરિગ્રહવાળા તેથી જ અબ્રહ્મચારી અને ખોટો ઉપદેશ આપનારને કુગુરુ કહેવાય એટલે ગુરુ કહેવાય નહિ.

**સુધર્મ :** દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારણ કરી રાખનાર હોવાથી ધર્મ કહેવાય અને તે સર્વજ્ઞોએ કહેલો સંયમ આદિ દસ પ્રકારનો છે.

**કુધર્મ :** મિથ્યાદૃષ્ટિઓએ પ્રવર્તાવેલો, હિંસાદિ વડે કલુષિત થયેલો અને ધર્મ તરીકે પ્રસિદ્ધિ પામવા છતાં તે ભવભ્રમણનું કારણ હોવાથી કુધર્મરૂપ છે, માટે તેને ધર્મ કહેવાય નહિ.

સુદેવને જ ભગવાન માનવા ને કુદેવને ભગવાન માનવા નહિ તેનું નામ સમકિત.

સુદેવને ભગવાન માનવા નહિ અને કુદેવને ભગવાન માનવા તેનું નામ મિથ્યાત્વ.

સુગુરુને જ ગુરુ માનવા અને કુગુરુને ગુરુ માનવા નહિ તેનું નામ સમકિત.

સુગુરુને ગુરુ માનવા નહિ અને કુગુરુને ગુરુ માનવા તેનું નામ મિથ્યાત્વ.

સુધર્મને જ ધર્મ માનવો અને કુધર્મને ધર્મ માનવો નહિ તેનું નામ સમકિત.

સુધર્મને ધર્મ માનવો નહિ અને કુધર્મને ધર્મ માનવો તેનું નામ મિથ્યાત્વ.

ટૂંકમાં, દેવમાં જ દેવબુદ્ધિ, ગુરુમાં જ ગુરુબુદ્ધિ અને ધર્મમાં જ ધર્મબુદ્ધિ થાય તેનું નામ સમકિત.

અદેવમાં દેવબુદ્ધિ, અગુરુમાં ગુરુબુદ્ધિ અને અધર્મમાં ધર્મબુદ્ધિ થાય તેનું નામ મિથ્યાત્વ.

જ્ઞાનીઓએ સંસારને અસાર, દુઃખદાયક અને છોડવા જેવો કહ્યો છે. જ્ઞાનીઓના વચનમાં શ્રદ્ધા રાખીને સંસારને અસાર, દુઃખદાયક અને છોડવા જેવો માનવો તેનું નામ સમકિત.

જ્ઞાનીઓના વચનમાં અશ્રદ્ધા કરીને સંસારને સારો, સુખદાયક અને ભોગવવા જેવો માનવો તેનું નામ મિથ્યાત્વ.

મિથ્યાત્વ આપણા આત્માને સંસારમાં રખડાવનારું છે અને દુર્ગતિનાં દારુણ દુઃખ આપનારું છે.

સમકિત ભવભ્રમણ ટાળી આપણા આત્માને મુક્તિનાં શાશ્વત સુખ આપનારું છે.

મિથ્યાત્વનો ત્યાગ કરીને સમકિતનો સ્વીકાર કરીએ તો જ આપણે જે ધર્મ કરીએ છીએ તે બધો સાચા અર્થમાં સફળ થાય.

આપણે વહેલી તકે મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ અને સમકિતનો સ્વીકાર કરવો જોઈએ.

❋

રસ્તામાં પડેલા પારકા પૈસા આપણે ન લઈએ તો બીજો માણસ લઈને એનો દુરુપયોગ કરે, એના કરતાં એ પૈસા લઈને દેરાસરજીના ભંડારમાં નાખવામાં શો વાંધો ? આ જાતની મનોવૃત્તિનું પ્રમાણ આજે વધી રહ્યું છે, ત્યારે આ વિષયમાં શ્રાવકની વૃત્તિ-પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ એ અંગે અહીં સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જે વિચારીને અમલમાં મૂકવા જેવું છે.

# રસ્તામાં પડેલા પારકા પૈસા લઈને દેરાસરના ભંડારમાં નખાય નહિ.

**पतितं विस्मृतं नष्टं, स्थितं स्थापितमाहितम् ।**

**अदत्तं नाददीत स्वं, परकीयं क्वचित् सुधीः ॥**

– યોગશાસ્ત્ર બીજો પ્રકાશ

**ભાવાર્થ :** ખીસું, પાકીટ, થેલી, બેગ અથવા હાથમાંથી પડી ગયેલું, માલિકે કોઈ સ્થાને મૂક્યા પછી ભૂલી જવાથી કે ખોવાઈ જવાથી પડી રહેલું, થાપણ (અનામત) તરીકે મૂકેલું અને જમીનમાં દાટેલું પારકું ધન, સારી બુદ્ધિવાળો માણસ પોતે ગમે તેવી આપત્તિમાં આવી પડ્યો હોય તોપણ લે નહિ.

જેમ પરસ્ત્રીની સામે જોવાય નહિ, તેમ પરધનની સામે પણ જોવાય નહિ. જેમ પરસ્ત્રીની સામે સારી બુદ્ધિથી જોવામાં પણ દોષ છે, તેમ પરધનની સામે સારી બુદ્ધિથી જોવામાં પણ દોષ છે. આજે શ્રાવકોમાં અને તેમનાં બાળકોમાં પારકા પૈસા જોવામાં આવે એટલે એ લઈને દેરાસરના ભંડારમાં નાખી દેવાના સંસ્કાર જોવામાં આવે છે, પણ આ એક ભારે મોટું અને દુઃખદાયક અજ્ઞાન છે. **'રસ્તામાં પડી ગયેલા કોઈના પૈસા લઈને દેરાસરના ભંડારમાં નાખી દેવા જોઈએ'** એવી માન્યતા, એવી સમજ, એવા સંસ્કાર આપણા આત્માનું ભારે અહિત કરનારા બને છે. બને ત્યાં સુધી પરધનની સામે નજર કરવી જ નહિ. કદાચ નજર પડી જાય તો તેને માટીના ઢેફા સમાન માનીને ચાલ્યા જવામાં જ આપણું હિત છે.

આ વિષયમાં એક શાસ્ત્રોક્ત દૃષ્ટાંત જાણવા જેવું છે.

## કઠિયારાની કથા

દરિદ્રતાની સાક્ષાત્ મૂર્તિ જેવો એક કઠિયારો હતો. એની ગરીબાઈએ એના શરીરમાંથી લોહી ચૂસી લીધું હતું. એ અને એની પત્ની રોજ જંગલમાં જાય છે. લાકડાં કાપીને ભારા લઈ આવે છે. મહેનત મજૂરી કરીને નીતિથી મેળવેલો લૂખો-સૂકો રોટલો ખાઈને તેમ જ ટાઢ-તડકો, ભૂખ-તરસ અને થાકનાં ઘણાં દુઃખ વેઠીને નિષ્પાપ જીવન જીવે છે.

એક વાર એમના પરમ ભાગ્યોદયે એમને જંગલમાં, ભાગ્યહીન લોકોને જેમનાં દર્શન દુર્લભ છે, તેવા બે ઉત્તમ મુનિવરોનો ભેટો થયો.

કઠિયારાં પતિ-પત્નીએ એમને ભાવપૂર્વક હાથ જોડીને પ્રણામ કર્યા. યોગ્ય જીવો જાણીને તે સુજ્ઞ મુનિવરોએ કરુણાબુદ્ધિથી એમને એમની પરિસ્થિતિને અનુરૂપ ધર્મનો ઉપદેશ આપ્યો કે, **'કોઈએ આપ્યા વગરની પારકી વસ્તુ લેવાય નહિ, એને ચોરી કહેવાય.'** ચોરીનું પાપ હિંસાથી પણ મોટું છે. ચોરીથી ધનનો લોભ વધે. ધનનો લોભ વધવાથી નિર્દયપણું આવે. નિર્દય બનેલો માણસ માબાપ, ભાઈબહેન વગેરેને હણવા પણ તૈયાર થઈ જાય છે. માટે સારી બુદ્ધિવાળાએ પારકા ધનને પથ્થર સમાન જ માનવું જોઈએ.'

મુનિવરોનો ઉપદેશ સાંભળીને સરળ અને પાપભીરુ એવા તેમણે, **'માલિકે આપ્યા વગરની કોઈની પારકી ચીજ કદી પણ લેવી નહિ'** એવો નિયમ લીધો. મુનિવરોનો ઉપકાર માની ખૂબ જ ભાવપૂર્વક અને મનની મક્કમતાથી કઠિયારાં પતિ-પત્ની એ નિયમનું પાલન કરવા લાગ્યાં.

એક વાર એવું બન્યું કે કોઈ દેવે એ કઠિયારાં પતિ-પત્નીના નિયમની દઢતાનું પારખું કરવા માટે, તેઓ જયારે જંગલમાં જઈ રહ્યાં હતાં ત્યારે, એમના માર્ગમાં એક મૂલ્યવાન રત્નજડિત સુવર્ણનું ઘરેણું મૂકી દીધું. આગળ ચાલતા કઠિયારાની નજર એના પર પડી. તરત જ એને પોતાનો નિયમ યાદ આવ્યો. પોતે સાચા ભાવથી લીધેલા નિયમને કારણે જયાં પોતાને કોઈ જોનાર પણ નથી, તેવા એકાંત સ્થાનમાં પડેલું આવું કીમતી ઘરેણું જોવા છતાં એનું મન જરા પણ લોભાયું નહિ. પોતે અત્યંત દુઃખદાયક એવી ગરીબાઈમાં જીવી રહ્યો હોવા છતાં એની બુદ્ધિ જરા પણ બગડી નહિ. પ્રતિજ્ઞા-પાલનના વિષયમાં નિશ્ચલ એવું એનું મન જરા પણ ચલાયમાન થયું નહિ, પણ એને એવો વિચાર આવ્યો કે મારી પાછળ મારી પત્ની આવી રહી છે. સંભવ છે કે કદાચ એનું મન આ ઘરેણું જોવાથી લલચાય, બનવાજોગ છે કે એની બુદ્ધિ કદાચ બગડે, એથી એને આ ઘરેણું લેવાનું મન થઈ જાય તો એનો નિયમ ભાંગે. એટલે એ ઘરેણું જોવાથી પોતાની પત્નીનું મન લલચાય નહિ, એનો નિયમ ભાંગે નહિ, તે માટે તેણે નીચે બેસીને એ ઘરેણાને ધૂળથી ઢાંકી દીધું અને એ આગળ ચાલ્યો. આગળ જતાં પતિ-પત્ની ભેગાં થયાં ત્યારે પત્નીએ પતિને પૂછ્યું કે, રસ્તામાં તમે તે જગ્યાએ શા માટે બેઠા હતા ને શું કરતા હતા ? જવાબમાં કઠિયારાએ કહ્યું કે, ત્યાં સુવર્ણનું રત્નજડિત એક મૂલ્યવાન ઘરેણું પડ્યું હતું. એ જોઈને તારી બુદ્ધિ બગડે નહિ ને તને એ લેવાનું મન થાય નહિ તે માટે તેને ધૂળથી ઢાંકી દેવા હું બેઠો હતો.

તે સાંભળીને તેની પત્નીએ કહ્યું કે, **'તમને એ ઘરેણું સુવર્ણનું કેમ દેખાયું ? પારકી ચીજ તો ગમે તેવી કીમતી હોય તોપણ તે આપણને માટીના ઢેફા સમાન જ દેખાવી જોઈએ.'**

પત્નીની આ વાત સાંભળીને અત્યંત આનંદ અને આશ્ચર્ય પામેલા કઠિયારાએ કહ્યું કે, 'તું મારા કરતાં ચડી ! તારી બુદ્ધિ તો મારા કરતાંય વધારે નિર્મળ છે. પ્રતિજ્ઞા-પાલનની બાબતમાં તારું મન મારા કરતાં પણ વધારે નિશ્ચલ છે.'

જુઓ ! રસ્તામાં પડેલી પારકી ચીજ જોઈને, આ કઠિયારાને એવો વિચાર ન આવ્યો કે 'આ ઘરેણું હું નહિ લઉં તો બીજો કોઈ લઈ જશે અને એનો ગમે તે ઉપયોગ કરશે, અથવા જમીનમાં દટાઈ જશે તો કોઈનેય નહિ મળે.'

રસ્તામાં પડેલી પારકી ચીજ ગમે તેવી કીમતી હોય તોપણ લેવાય નહિ. 'હું નહિ લઉં તો એને બીજો કોઈ લઈ જશે' એવી ચિંતા કે પંચાત કરવાની આપણે જરૂર નથી. આપણે તો આપણું ન બગડે એનો જ વિચાર કરવાનો છે. બીજાનો વિચાર કરવા જતાં આપણું બગડી જશે. આપણા આત્માનું અહિત થશે, આપણી બુદ્ધિ બગડી જશે, 'હું નહિ લઉં, તો બીજો કોઈ લઈ જશે, હું સારો છું અને બીજા ખરાબ છે, હું સદુપયોગ કરીશ ને બીજા એનો દુરુપયોગ કરશે.' એવો વિચાર કરવો તે મૂર્ખાઈ છે. ડાહ્યો માણસ તો દરેક વાતમાં પોતાનાં જ નફા-નુકસાન જુએ, પોતાની લાભ-હાનિનો વિચાર કરે. પોતાની જાતને છોડીને પારકાનાં સારા-બૂરાનો વિચાર કરવો એ ગાંડપણ સિવાય બીજું કાંઈ જ નથી. તમે ડાહ્યા બનો, આવું ગાંડપણ છોડો. ધન પરનો તમારો રાગ અથવા મોહ જ તમારી પાસે આવા વિચાર કરાવે છે. આવા ગાંડપણભર્યા વિચાર કરવાથી આપણો રાગ વધે છે, આપણો મોહ પોષાય છે ને એ માતેલ સાંઢ જેવો બને છે. મોહને પોષવો સારો નથી. પોષાયેલો મોહ આગળ વધતો જ જશે ને એ આપણી સારી બુદ્ધિને પણ બગાડી નાખશે. ૧૧૦ રૂપિયા મળ્યા હશે ત્યારે ૧૦૦ રૂપિયા ખીસામાં મૂકી દઈને, ૧૦ રૂપિયા કોના છે ? એવી બૂમો પાડવાનું મન થશે. પાપ છુપાવવા માટે ને સારા દેખાવા માટે થોડી રકમ જાહેર કરવાનું ને મોટી રકમ હજમ કરી જવાનું મન થશે. આપણી બુદ્ધિ આજે આપણને કહેશે કે, 'તું લઈ લે ! ને જેનું છે તેને આપી દે ! કાલે કહેશે કે, 'કોઈએ જોયું નથી ! માટે ખીસામાં મૂકી દે !' આમ બુદ્ધિ બગડે, માટે રસ્તામાં પડેલી પારકી ચીજ લેવાય નહિ.

રસ્તામાં પડેલી પારકી ચીજ જેમ લેવાય નહિ તેમ એને ખસેડીને આઘી-પાછી પણ કરાય નહિ. એ જ્યાં પડી હોય ત્યાં ને ત્યાં જ એને રહેવા દેવી જોઈએ. એથી એના માલિકને, પોતાની વસ્તુ રસ્તામાં પડી ગયાની જાણ થયા પછી, જ્યારે એ શોધવા નીકળે ત્યારે પોતે જે રસ્તેથી અને રસ્તાની જે બાજુએથી પસાર થયો હોય તે જ રસ્તે અને તે જ બાજુએ ચાલીને શોધે છે. એની ખોવાયેલી વસ્તુ જો ત્યાં ને ત્યાં જ પડી હોય તો એને બહુ જ સહેલાઈથી એ મળી શકે છે, પણ જો કોઈએ એને ખસેડીને આઘી-પાછી કરી હોય તો ઘણી મોટી મુશ્કેલીથી મળે અથવા ન પણ મળે. દરેક માણસને આ વાત અનુભવસિદ્ધ હોય છે.

માટે રસ્તામાં પડેલી પારકી ચીજને જેમ લેવી ઠીક નથી, તેમ ત્યાંથી ખસેડીને આઘી-પાછી કરવી પણ ઠીક નથી.

વળી રસ્તામાં પડેલી પારકી ચીજ લેવામાં ઘણું જોખમ પણ છે. પારકી ચીજ લેવાની આદતવાળા ઉપર બીજા દુષ્ટ માણસો ચોરીનો આરોપ પણ મૂકી શકે છે. ધુતારાઓ એને પોતાની જાળમાં પણ ફસાવી શકે છે. મુંબઈ જેવા શહેરમાં તો ધુતારાઓ રસ્તામાં પડેલી પારકી ચીજ લેવાની ટેવવાળા માણસોને, પોતાની જાળમાં ફસાવીને લૂંટી લેવા માટે ઈરાદાપૂર્વક રસ્તા વચ્ચે સોનાનું ઘરેણું, સોનાની લગડી, રૂપિયાની નોટોનું બંડલ કે પાકીટ વગેરે ચીજો મૂકીને આજુબાજુમાં ઊભા રહે છે. પછી જે કોઈ માણસ એ વસ્તુ હાથમાં લે તેને પકડે છે. તેના ઉપર ચોરીનો આરોપ મૂકીને તેને ખૂબ ધમકાવે છે, માર મારે છે. પોલીસ ચોકીએ લઈ જવાની વાત કરે છે. એવી રીતે સામા માણસને અત્યંત ભયભીત કરી નાખવામાં આવે છે. પછી એ ઢીલો પડીને પોતાને છોડી મૂકવા માટે કરગરવા લાગે ત્યારે તેની પાસે જે હોય તે બધું પડાવી લઈને એને છોડવામાં આવે છે. આમ પારકી ચીજને હાથ લગાડવાની ટેવ આફતને આમંત્રણ આપનારી બને છે.

રસ્તામાં પડેલી પારકી ચીજ કીમતી હોય અને આપણને એના માલિકની ખબર ન હોય તો લોકોની સાક્ષીએ એને લઈને યોગ્ય સ્થાને સાચવવા આપી ગામમાં એની જાહેરાત કરાવવી જોઈએ અને એના માલિકને પહોંચાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

એટલું હંમેશાં યાદ રાખવું કે પરસ્ત્રી અને પરધનમાં અવશ્ય સાક્ષી જોઈએ. વળી તેમાં એક/બે સાક્ષી પણ ચાલે નહિ, ઘણા સાક્ષી જોઈએ. ઓછા સાક્ષીઓમાં પતનનો સંભવ છે.

એક મિત્ર, બીજા મિત્રની ગેરહાજરીમાં એને ઘેર જઈને બેસે નહિ. કારણ કે કોઈ સાક્ષી નથી. પરસ્ત્રીની સામે સારો અને ડાહ્યો માણસ ઘણા સાક્ષી રાખીને જ જાય. તેવી રીતે પરધનની પાસે પણ ઘણા સાક્ષી રાખીને જ જવાય. પહેલેથી જ ચેતી વિચારીને ચાલવામાં ડહાપણ છે, નહિ તો વહેલા મોડા અવશ્ય આળ કે આફત આવે.

કોઈ પણ સ્થાનમાંથી મળી આવેલા અથવા રસ્તામાં પડી ગયેલા પારકા પૈસા કે કોઈનાં ખોવાયેલાં ઘરેણાં લઈને દેરાસરના ભંડારમાં કદી પણ નખાય નહિ. **યાદ રાખો કે, ભંડારમાં પોતાના જ પૈસા નાખવાના છે, પારકા પૈસા નાખવાના નથી. પોતાના પૈસા ભંડારમાં નાખવાથી જ ધર્મ થાય છે, પણ પારકા પડી ગયેલા કે ખોવાયેલા પૈસા નાખવાથી નહિ.** આપણા ખીસામાંથી પૈસા લઈને કોઈ દેરાસરના ભંડારમાં નાખી દે તો એને ધર્મ થાય કે અધર્મ થાય ? જો પારકા પૈસા એના માલિકની રજા વગર ભંડારમાં નાખી દેવાથી ધર્મ થતો હોય તો તમારાં ખીસા-પાકીટમાંથી કે તમારી તિજોરીમાંથી પૈસા સેરવી લઈને ભંડારમાં નાખી દેનારને પણ ધર્મ થવો જોઈએ અને સામાને ધર્મ થતો હોય તેમાં તમારાથી વાંધો પણ લઈ શકાય નહિ. પડી ગયેલી પારકી ચીજ કે પૈસા લઈને કોઈ ગરીબને પણ આપી દેવાનો આપણને શો અધિકાર છે ? **ગરીબ પ્રત્યે આપણને હમદર્દી હોય, હૃદયમાં દયા હોય તો એને આપણી પોતાની જ માલિકીની વસ્તુ કે પૈસા આપવા જોઈએ. પારકી વસ્તુ અને પારકા પૈસા તો એના માલિકને જ પહોંચાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.**

**રસ્તામાંથી મળી આવેલા પારકા પૈસા દેરાસરમાં નાખી દેવાથી કે ગરીબને આપી દેવાથી ધર્મ થાય છે, અથવા સારું કામ થાય છે એ માન્યતા ખોટી અને અહિતકર છે.**

ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા કે વંદનાર્થે આવનારના ખીસામાંથી પડી ગયેલા પૈસા લઈને જ્ઞાનદ્રવ્યની કે દેવદ્રવ્યની પેટીમાં તરત જ નાખી દેવાય નહિ. પરંતુ 'અહીં કોઈના પૈસા પડી ગયા છે, જેના હોય તેણે લઈ જવા' એવી જાહેરાત કરીને એના માલિકને જ પહોંચાડવા જોઈએ. ઉપર મુજબની એક/બે વાર જાહેરાત કરીને એના માલિકને પહોંચાડવાનો પ્રયત્ન કર્યા પછી પણ કોઈ એ રકમ લેવા ન જ આવે ને રકમ પચીસ/પચાસ પૈસા જેવી મામૂલી જ હોય તો બે/ચાર દિવસ રાહ જોઈ, રહેવા દઈ, પછી જ્ઞાનદ્રવ્ય કે દેવદ્રવ્યની પેટીમાં નાખી દેવામાં આવે તો હજી એ યોગ્ય ગણાય, પણ ઉપાશ્રય

કે ધર્મશાળા વગેરે કોઈ પણ સ્થાનમાંથી મળી આવેલી એ રકમ મોટી હોય તો રકમ એના માલિકને પહોંચાડવા માટે બોર્ડ વગેરે ઉપર લખીને અને બોલીને વારંવાર જાહેરાત કરવી જોઈએ.

એમ છતાં કોઈ લેવા ન જ આવે તો છેવટે એવી છેલ્લી જાહેરાત પણ કરવી જોઈએ કે, 'અમુક સ્થાનમાંથી અમુક રકમ માલિક વગરની મળી આવી છે. તેની વારંવાર જાહેરાત કરવા છતાં હજી સુધી કોઈ લેવા આવ્યું નથી. એના માલિકને જ પહોંચાડવા માટે આ રકમને હજી પણ અમે આઠ/પંદર દિવસ સાચવી રાખીશું. આઠ કે પંદર દિવસમાં એનો કોઈ માલિક નહિ થાય, પોતાની આ રકમ લેવા માટે કોઈ જ નહિ આવે તો છેવટે આ રકમ માલિક વગરની સમજીને દેવદ્રવ્ય ખાતે જમા કરાવી દેવામાં આવશે અથવા અમુક શુભકાર્યમાં વાપરી નાખવામાં આવશે.' આવી અંતિમ જાહેરાત કર્યા પછી અને જણાવેલી મુદત પૂરી થયા પછી જ એ રકમ જાહેરાતમાં જણાવ્યા મુજબ આપી કે વાપરી શકાય, તે સિવાય નહિ.

ઘણીવાર એવું પણ બને છે કે પોતાની રકમ કે ચીજ/વસ્તુ ખોઈ નાખીને કે ભૂલી જઈને યાત્રિક પોતાના દેશમાં ચાલ્યો જાય છે. ત્યાં ગયા પછી એને પોતાની રકમ કે ચીજ/વસ્તુ ખોવાઈ/ભુલાઈ ગયાની ખબર પડે છે. એટલે અંતિમ જાહેરાતમાં રકમ કે વસ્તુને માલિક વગરની સમજીને ધર્મકાર્યમાં વાપરી નાખવા પહેલાંની મુદત ઓછામાં ઓછી આઠ/પંદર દિવસની તો રાખવી જ જોઈએ.

કોઈની ખોવાઈ/ભુલાઈ ગયેલી રકમ તરત જ દેરાસરના ભંડારમાં નાખી દેવાથી, જો એ રકમ કોઈ સામાન્ય સ્થિતિવાળા કે ગરીબ માણસની હોય તો પોતાની રકમ પોતાને પાછી નહિ મળવાથી એ કેટલો દુ:ખી થાય એ વિચારવાની જરૂર છે.

આપણાં બાળકો અણસમજથી કે લોભાઈ-લલચાઈને કોઈની રસ્તામાં પડેલી પેન્સિલ, બોલપેન, ઇન્ડિપેન જેવી ચીજ કે પૈસા અથવા તો કોઈએ ફેંકી દીધેલી નકામી વસ્તુ પણ ઘરમાં લઈને આવે તો તેમને સમજાવીને તેઓ તે ચીજ કે પૈસા જ્યાંથી લઈને આવ્યાં હોય ત્યાં જ તેમની પાસે પાછા મુકાવી દેવા જોઈએ. જેથી તેમને પારકી ચીજ ઉઠાવી લાવવાના ખોટા સંસ્કાર પડે નહિ. આપણાં બાળકો પારકી ચીજ ઘરમાં લઈને આવે તો એ એક પ્રકારની નાની ચોરી જ છે એમ સમજવું. એમાંથી જ આગળ જતાં એમને મોટી ચોરી કરવાની ટેવ પડે છે.

પરસ્ત્રી અને પરધનની સામે નજર માત્ર કરવાથી પણ આપણી મનોવૃત્તિ મલિન થાય, આપણા મનમાં દુર્બુદ્ધિ જાગે, પાપરહિત હૃદયમાં પણ પાપભાવના પ્રગટ થાય. આપણી ધર્મભાવનાને ધક્કો લાગી જાય. આપણા આત્મામાં અનાદિ કાળથી પડેલા લોભના સંસ્કાર જાગ્રત થઈ જાય. આપણી સજ્જનતા ટકે નહિ અને આપણો સદાચાર પણ જોખમમાં મુકાઈ જાય.

## કળિયુગમાં જે સહન કરશે તે જ સુખી થશે.

કાળ સારો પણ હોય અને ખરાબ પણ હોય. સારા કાળમાં સારા માણસ વધારે હોય અને ખરાબ માણસ થોડા હોય. સારા માણસોનું જોર હોય, ખરાબ માણસોનું જોર લગભગ ન હોય. મોટા ભાગે સમાજ ઉપર વર્ચસ સારા માણસોનું હોય. સારા માણસો પાપના ભયવાળા અને પુણ્યની રુચિવાળા હોય તેઓ હંમેશાં પાપથી બચવાનો પ્રયત્ન કરે અને પુણ્યકાર્યો કર્યા વગર રહે નહિ. ખરાબ માણસોને પણ પાપથી બચાવવાનો અને પુણ્યકાર્યોમાં જોડવાનો પ્રયત્ન કરે. તેમની વૃત્તિ પણ સારી હોય અને પ્રવૃત્તિ પણ સારી હોય. તેઓ પોતે દુઃખ વેઠીને પણ બીજાને સુખ આપવાનો પ્રયત્ન કરે. પોતે પણ સુખપૂર્વક જીવે અને બીજાને પણ સુખપૂર્વક જીવવા દે. તેથી સારા માણસોને સહન કરવું પડે એવું કાંઈ ખરાબ માણસો કરી શકે નહિ.

ખરાબ કાળમાં ખરાબ માણસો વધારે હોય અને સારા માણસ થોડા હોય. મોટે ભાગે ખરાબ માણસોનું જોર હોય, સારા માણસોનું જોર લગભગ ન હોય. સમાજ ઉપર વર્ચસ દુષ્ટ વૃત્તિવાળા ખરાબ માણસોનું હોય. ખરાબ માણસો પાપના ભય વગરના અને પુણ્યકાર્યોમાં અરુચિવાળા હોય. તેઓ હંમેશાં પુણ્યકાર્યોથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે અને પાપકાર્યો રાજી થઈને કરે તેઓ સારા માણસોનાં પણ પુણ્યકાર્યો છોડાવીને તેમને પાપકાર્યોમાં જોડવાનો પ્રયત્ન કરે. તેમની વૃત્તિ પણ ખરાબ હોય અને પ્રવૃત્તિ પણ ખરાબ હોય. પાપકાર્યો કરી-કરાવીને તેઓ પોતે પણ દુઃખી થાય અને બીજાને પણ દુઃખી કરે. પોતે પણ સુખપૂર્વક જીવે નહિ અને સારા માણસોને પણ સુખપૂર્વક જીવવા દે નહિ. બીજાને દુઃખી કરીને પણ સુખ મેળવવાની દુષ્ટ વૃત્તિવાળા હોય. તેથી તેઓ સારા માણસોને વિના કારણ ડગલે ને પગલે અનેક રીતે હેરાન-પરેશાન કર્યા કરે. સમાજ ઉપર વર્ચસ અને જોર દુષ્ટ માણસોનું હોવાથી વિના વાંકે પણ સારા માણસોને ખૂબ સહન કરવું જ પડે. સહન કર્યા વગર ચાલે જ નહિ. માટે આ કળિયુગને ઓળખીને જેઓ

ક્ષમાશીલ બનશે, સમજીને સહન કરશે તેઓ જ સુખી થશે. જેઓ ક્ષમા રાખી શકશે નહિ, સમજીને સહન કરશે નહિ, ક્રોધ કરશે, સામા થશે, સામનો કરશે, ગાળાગાળી ને મારામારી કરશે તેઓ કપાઈ મરશે, દુઃખી દુઃખી થઈ જશે. આ વિષયમાં એક શાસ્ત્રોક્ત બોધકથા વિચારવા જેવી છે.

## ક્ષમાનાં ફળ મીઠાં : યુધિષ્ઠિરની કથા

પાંડવો વનવાસ સેવી રહ્યા હતા તે વખતની આ વાત છે તેઓ જંગલમાં ઝૂંપડી બાંધીને રહ્યા હતા. રાત્રે સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરવા માટે તેમણે જાગતા રહેવું જરૂરી હતું. પણ બધાએ રોજ આખી રાત જાગતા રહેવાનું બની શકે નહિ. તેથી મોટા ભાઈ યુધિષ્ઠિરે પોતાના નાના ભાઈઓ સાથે વિચાર-વિનિમય કરીને, દરેક ભાઈ રોજ રાત્રે એક એક પહોરનો ચોકીપહેરો ભરે એવો પ્રસ્તાવ રજૂ કર્યો. વિનયી અને વિવેકી નાના ભાઈઓએ મોટા ભાઈની વાતને આનંદ અને આદરપૂર્વક વધાવી લીધી. ચારેય નાના ભાઈઓએ રાત્રિના ચાર પહોરના ચોકી પહેરાના વારા ગોઠવી દીધા.

રાત્રિના પ્રથમ પહોરે બીજા ભાઈઓ સુખપૂર્વક સૂઈ રહ્યા હતા અને ભીમ ચોકી પહેરો ભરી રહ્યો હતો. ભીમ એટલે ભીમ. એ કોઈથીય ગાંજ્યો જાય નહિ, પણ કળિયુગનો પ્રભાવ મહાન હતો. પોતાના પ્રભાવનો પરચો બતાવવા માટે મહાબળવાન કળિયુગ પ્રેતનું રૂપ ધારણ કરી ભીમ પાસે આવીને એને ક્રોધાયમાન કરવા માટે જ પૂછે છે કે, 'તું અહીં કેમ ઊભો છે ?' જવાબમાં ભીમ કહે છે કે, 'હું મારા ભાઈઓનું રક્ષણ કરવા માટે ઊભો છું.' ત્યારે પ્રેતરૂપધારી કળિયુગ લાલઘૂમ જેવાં લોચન કરીને તેને આક્રોશપૂર્વક કહે છે કે, 'તું શું તારા ભાઈઓની રક્ષા કરવાનો હતો ? તારી શી તાકાત છે ? તું જોતો રહીશ ને હું હમણાં જ તારા ભાઈઓને હણી નાખીશ.' મહાબળવાન ભીમ પોતાની નજર સામે જ પોતાના પ્રાણથી પણ અધિક પ્યારા ભાઈઓને હણી નાખવા સુધીની વાત કેમ સહન કરી શકે ? તો જગતમાં એની પ્રતિષ્ઠા પણ શી રહે ? પોતાની નજર સામે પોતાના ભાઈઓને હણી નાખવાની પ્રેતરૂપધારી કળિયુગની વાત સાંભળતાંની સાથે જ ભીમનું લોહી ઊકળી ઊઠ્યું. એના અંગેઅંગમાં કાળઝાળ ક્રોધ વ્યાપી ગયો. આંખો અંગારા વરસાવવા લાગી. ભીમ ખરેખર ભીમ બની ગયો. કાચાપોચાના તો એનું દર્શન થતાંની સાથે જ ક્ષણવારમાં

પ્રાણ નીકળી જાય એવી ભયાનક એની મુખાકૃતિ બની ગઈ. ક્રોધાગ્નિથી પ્રજ્વળતી કાયાવાળો અને કળિયુગના બળને નહિ જાણતો ભીમ એને હણી નાખવા માટે એની સામે ધસ્યો. પણ કળિયુગ કાંઈ કાચોપોચો નહોતો. લાખો/કરોડો ભીમને પણ લીલામાત્રમાં ભોંયભેગા કરી દે, ધૂળ ચાટતા કરી નાખે એવો એ મહાબળવાન હતો. આ એક ભીમ તો એને માટે એક મચ્છર સમાન હતો. એ એને ચપટીમાં જ ચોળી નાખે એવો હતો. પોતાની સાથે યુદ્ધ કરવા આવેલા ભીમને એણે એક જ ચપેટાથી ભોંયભેગો કરી દીધો. એ ધૂળ ચાટતો થઈ ગયો ને એના મુખમાંથી લોહી વહેવા લાગ્યું. ભીમ મૂર્ચ્છા ખાઈને પડી રહ્યો છે.

બીજા, ત્રીજા અને ચોથા પહોરે કળિયુગે બળના ગર્વવાળા અર્જુન, સહદેવ અને નકુલના પણ એવા જ હાલ કર્યા.

આ બધા બનાવોને નહિ જાણતા યુધિષ્ઠિર પ્રભાતકાળે જાગ્યા. મૂર્ચ્છા ખાઈને પડેલા પોતાના નાના ભાઈઓને એમણે નિદ્રાધીન માન્યા અને તેમની રક્ષા કરવા સાવધાન બનીને રહ્યા. તે વખતે પ્રેતરૂપધારી કળિયુગ તેમની પાસે આવ્યો. ક્રોધાગ્નિથી તપાવવા માટે એમને પણ અપમાનજનક, અસહ્ય અને અતિશય આકરાં વચન સંભળાવ્યાં. પરંતુ ક્ષમાભંડાર યુધિષ્ઠિર ન તો લેશમાત્ર ગુસ્સે થયા કે ન તો તેને એક અક્ષર પણ કહ્યો. તેમણે તો જગતમાં સર્વ પ્રકારના અભ્યુદયને આપનારી, સર્વ પ્રાણીઓને પ્યારી અને સમગ્ર ધર્મના સારભૂત એવી ક્ષમાને જ વહાલી કરી. ક્રોધને તો એમણે પોતાની પાસે ફરકવા દીધો જ નહિ. પોતાને ગુસ્સે કરવાની કળિયુગની ચાલને એમણે નિષ્ફળ બનાવી દીધી. એમનો ઉપશમ (ક્રોધનો અભાવ) જોઈને કળિયુગ પરાજય પામ્યો, એણે ભોંઠપ અનુભવી. ઉપશમના પ્રભાવે ઉપશાંત બનેલો એ પોતાનાથી પણ બળવાન પુરવાર થયેલા યુધિષ્ઠિરના શરણે મુખમાં તરણું લઈને આવ્યો, એમની મુઠ્ઠીમાં આવીને રહી ગયો. યુધિષ્ઠિર સાચા અર્થમાં વિશ્વવિજેતા બન્યા.

સવારે સૂર્યના તાપથી ભાનમાં આવીને બેઠા થયેલા પોતાના નાના ભાઈઓને, ક્ષમાના પ્રભાવે પોતાને વશ થયેલા, પોતાનો દાસ બનીને રહેલા કળિયુગને તેમણે બતાવ્યો. તે જોઈ કળિયુગના બળનો અનુભવ કરી ચૂકેલા ને તેનાથી પરાભવ પામેલા ચારેય નાના ભાઈઓ વિસ્મય પામ્યા. કળિયુગમાં ક્ષમા જ બળવાન છે એ વાતનો એમને સાક્ષાત્કાર થયો.

ક્રોધને વહાલો કરનારા ભીમ આદિ ચારેય ભાઈઓ દુઃખી દુઃખી થઈ ગયા ને એમની દુર્દશા થઈ. ક્ષમાને જ વહાલી કરનારા મહાબુદ્ધિશાળી યુધિષ્ઠિર વિશ્વવિજેતા બનીને રહ્યા. સુખશાંતિ અને સર્વ પ્રકારની સંપત્તિને પામ્યા.

આપણે પણ જગતને જીતવું હશે, સુખશાંતિ અને સમૃદ્ધિ પામવી હશે તો આ કળિયુગમાં ક્રોધને દેશવટો આપીને એકમાત્ર ક્ષમાને જ વહાલી કરવી પડશે.

**'कलियुगे बलवती क्षमा'** એને મન્ત્રાક્ષર માનીને રોજ એનો જાપ કરવો પડશે.

❈

## ફટાકડા ફોડશો નહિ.

**આવી અનુપમ દિવાળી, કરવા કર્મની હોળી;**
**ફટાકડા ફોડીને, ભરશો ના પાપની ઝોળી.**

બાળકો ! જેમ આપણને આપણા પ્રાણ વહાલા છે, તેમ નાના-મોટા સર્વ જીવોને પણ પોતાના પ્રાણ વહાલા છે. જેમ આપણને જીવવું ગમે છે, પણ મરવું ગમતું નથી તેમ બીજા જીવોને પણ જીવવું ગમે છે, મરવું કોઈનેય ગમતું નથી. જેમ આપણને દુઃખ ગમતું નથી, તેમ બીજા જીવોને પણ દુઃખ ગમતું નથી.

જગતના સર્વ જીવો આપણા મિત્ર છે. કોઈ પણ જીવ આપણો શત્રુ નથી. કોઈ પણ જીવ આપણું નુકસાન કરતો નથી. પાપકર્મો કરવા દ્વારા આપણું નુકસાન કરનાર આપણે પોતે જ છીએ. પુણ્ય કરીએ તો આપણું ભલું થાય ને પાપ કરીએ તો આપણું ભૂંડું થાય.

તમને માર મારીને કે દુઃખી કરીને બીજાં બાળકો હસતાં હોય, આનંદ કરતાં હોય તો એ તમને ગમે ખરું ? ન જ ગમે.

તો પછી બીજા અનેક જીવો મરે, તરફડે, દુઃખી થાય કે રિબાય એવી રીતે આનંદ મેળવવો એ જૈનકુળમાં જન્મેલા અને દયાપ્રેમી એવા તમને કેમ ગમે ? ન જ ગમે.

યાદ રાખો કે, બીજા જીવોને સુખ આપવાથી જ આપણને સુખ મળે છે. બીજા જીવોને દુઃખી કરવાથી કે મારી નાખવાથી આપણે અનેક ગણા વધુ દુઃખી થવું પડે છે, અનેક વાર મરવું પડે છે.

આપણા નાના ભાઈની રક્ષા કરવાની જેમ આપણી ફરજ છે, તેમ કીડી-મકોડા વગેરે આપણાથી નાના ને નબળા જીવોની રક્ષા કરવાની પણ આપણી પવિત્ર ફરજ છે.

જો આપણે આપણાથી નાના કે નબળા જીવોની રક્ષા કરીએ તો જ શાસનદેવ આપણી રક્ષા કરે છે.

બીજા જીવોને જિવાડવાથી જ આપણને જીવન મળે અને મોત આપવાથી મોત જ મળે.

આપણે બીજા જીવોને દુઃખી કરીએ ને આપણા ઉપર દુઃખ આવે ત્યારે પ્રભુને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! તું અમારું દુઃખ દૂર કર ! તો પ્રભુ આપણી એ પ્રાર્થના સાંભળે ખરા ? ન જ સાંભળે.

## ફટાકડા ફોડવાથી લાગતું પાપ

ફટાકડા ફોડવાથી કીડી-મકોડા વગેરે ઘણા જીવોની હિંસા થાય છે, તેથી તેમની હિંસાનું પાપ આપણને લાગે છે.

બીજાં બાળકો ફટાકડા ફોડતાં હોય તે જોવાથી અને રાજી થવાથી પણ આપણને પાપ લાગે છે.

ફટાકડા બનાવવાનાં કારખાનાંઓમાં અને ફટાકડા વેચનારાઓની દુકાનોમાં ઘણી વાર આગ લાગે છે અને તેમાં ઘણા માણસો સહિત બીજા જીવો પણ બળી મરે છે. તેનું પાપ ફટાકડા ફોડનારને જ લાગે છે.

ફટાકડા ફોડવાથી પશુઓ ભડકી ઊઠે છે ને પંખીઓ તથા તેમનાં બચ્ચાં ફફડી ઊઠે છે.

**આમ અનેક જીવોને ત્રાસ થતો હોવાથી ફટાકડા ફોડનારને ઘણું પાપ લાગે છે.**

❋

## ફટાકડા ફોડવાથી થતાં નુકસાન

ફટાકડા ફોડવાથી આગ લાગે છે ત્યારે ઘણાં મકાન બળીને ભસ્મીભૂત થઈ જાય છે. ઘણા માણસ ઘરબાર વગરના બની જાય છે ને તેમની માલ-મિલકતનો પણ નાશ થઈ જાય છે.

જે મકાનો આગમાં બળી જાય છે તે મકાનોમાં દર કરીને રહેલાં ઉંદર, ખિસકોલી, કરોળિયા, વાંદા, કીડી, મકોડા, માંકડ તથા માળો બાંધીને રહેલાં ચકલાં, કબૂતર વગેરે પાર વગરના જીવો પણ તેમાં બળી મરે છે.

ફટાકડા ફોડવાથી આપણે પોતે પણ દાઝી જઈએ કે બળી મરીએ છીએ. દાઝવાથી આંખો જાય કે હાથ-પગને નુકસાન થાય તો આપણે આંધળા, લૂલા કે લંગડા બની જઈએ અને આખી જિંદગી દુ:ખી થઈએ છીએ. આનંદના સ્થાને શોક છવાઈ જાય છે ને આપણી દિવાળી હોળીમાં પલટાઈ જાય છે.

આપણા ધનની ને સમયની બરબાદી થાય છે. આપણા હૃદયમાંથી દયા નાશ પામી જાય છે. જન્મ-મરણના ફેરા વધી જાય છે ને દુર્ગતિનાં દારુણ દુ:ખ વેઠવાં પડે છે.

આપણા ભગવાન, આપણા ગુરુમહારાજ અને આપણાં માબાપ આપણા ભલાને માટે જ આપણને ફટાકડા ફોડવાની મનાઈ કરે છે.

આપણી પોતાની જ ભલાઈની વાતની અવગણના કરીને ફટાકડા ફોડવા એ દુ:ખ અને દુર્ગતિને આમંત્રણ આપવા જેવું છે.

**'મારે ફટાકડા ફોડવા નહિ'** એવી પ્રતિજ્ઞા, આપણા જ ભલાને માટે ગુરુમહારાજ પાસે જઈને આજે જ લઈ લેવી જોઈએ અને સારી રીતે પાળવી જોઈએ.

❊

## નાટક, સિનેમા, સરકસ, ખેલ, પ્રાણીબાગ, ક્રિકેટ, ટી.વી, વગેરે જોવાથી થતાં નુકસાન

૧. કુતૂહલવૃત્તિ બહેકતી જાય.

૨. આત્મામાં પડેલા અનાદિ કુસંસ્કારોનું પોષણ થાય.

૩. અસભ્ય માણસોના સંપર્કમાં આવવાથી સદાચારનો નાશ થાય અને અસદાચારનું પોષણ થાય.

૪. જોવાનું વ્યસન પડી જાય, ફરી ફરી જોવાનું મન થાય.

૫. નાટક-સિનેમા વગેરે બનાવવામાં અને બતાવવામાં જે હિંસા વગેરે પાપો થાય, નટ-નટીઓ જે દુરાચારનું સેવન કરે, ખેલકૂદ કરનારા જે ક્રિકેટરો વગેરે માંસાહાર, મદ્યપાન આદિ કરે, પ્રાણીબાગમાં સિંહ-વાઘ વગેરે હિંસક પ્રાણીઓને માંસાહાર અપાય, સાપ અને અજગરના મોઢામાં જે ઉંદર વગેરે જીવતાં પ્રાણીઓને મૂકવામાં આવે તે બધાંની અનુમોદનાનું પાપ લાગે. ઉપરાંત પ્રાણીબાગમાં રહેલાં સર્વ પ્રાણીઓને જોઈને રાજી થવાથી, જીવનભર તેમને પાંજરાં વગેરેમાં પૂરવામાં આવ્યાં, બંધનમાં રાખવામાં આવ્યાં તેની

અનુમોદનાનું પાપ લાગે અને તેથી ભવાંતરમાં અનેક વાર જીવનભર જેલમાં કે પાંજરામાં પુરાઈને રહેવું પડે તેવાં ભયંકર દુઃખદાયક પાપકર્મ આપણા આત્માને બંધાય.

૬. નાટક વગેરે જોતી વખતે, જોયાં પહેલાં અને જોયાં પછી રાજી થવાથી ભોગવ્યા વિના છૂટે નહિ, તેવાં નિકાચિત પાપકર્મ બંધાય.

૭. આયુષ્યકર્મનો બંધ દુર્ગતિનો પડે.

૮. સંપત્તિનો વિનાશ થાય.

૯. મરણનો ભય રહે.

૧૦. કુટુંબમાં સદાચારનો નાશ થાય, દુરાચારનું પોષણ થાય, કલેશ-કંકાસ થાય.

૧૧. ત્યાં રૂપવતી સ્ત્રીઓને જોવાથી કામાસક્તિ વધે, સ્વસ્ત્રી ગમે નહિ.

૧૨. જ્ઞાનશક્તિનો દુરુપયોગ થાય.

૧૩. કષાયોનું અને ઉન્માર્ગનું પોષણ થાય.

૧૪. અનર્થદંડનાં પાપ બંધાય.

✡

## હિંસા વગેરે મોટાં પાપોનાં અને તેના પ્રતિપક્ષી અહિંસા વગેરેનાં કડવાં-મીઠાં ફળ

૧. **હિંસા** : આ ભવમાં વધ, બંધન, અપકીર્તિ આદિ અનેક દુઃખો પામે અને ભવાંતરમાં હાથ-પગ મળે નહિ અથવા ઠૂંઠો-લંગડો થાય, કોઢિયાપણું આવે, રોગી અને અશક્ત શરીર મળે તેમ જ અલ્પાયુષી થાય. —આ બધાં હિંસાનાં કડવાં ફળ છે.

**અહિંસા** : લાંબું આયુષ્ય, ઉત્તમ રૂપ અને નીરોગી શરીર મળે, સર્વત્ર પ્રશંસા પામે, સર્વ મનરથો પૂર્ણ થાય તેમ જ સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ મળે. —આ બધાં અહિંસાના(દયા પાળવાનાં) મીઠાં ફળ છે.

૨. **અસત્ય** : આ ભવમાં વધ, બંધન, અપયશ આદિ અનેક દુઃખો પામે અને મરીને દુર્ગતિમાં જાય. ભવાન્તરમાં મૂંગો, જડબુદ્ધિવાળો, બોલેલું કાંઈ સમજી શકાય નહિ એવો બોબડો, તોતડો, દુર્ગંધ નીકળતા મુખવાળો અને મુખના રોગવાળો થાય. આ બધાં અસત્યવચન(જૂઠું) બોલવાનાં કડવાં ફળ છે.

**સત્ય** : રાજા આજ્ઞા ઉઠાવે, દેવો પણ સેવા કરે, અગ્નિ આદિના ઉપદ્રવ શમી જાય, ભૂતપ્રેત વગેરે હેરાન કરી શકે નહિ અને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય—આ બધાં સત્યવચન(સાચું) બોલવાનાં મીઠાં ફળ છે.

૩. **ચોરી** : આ ભવમાં વધ, બંધન, અપયશ, તિરસ્કાર આદિ અનેક દુઃખ પામે ને ભવાંતરમાં દુર્ભાગી તેમ જ બીજાને ઉદ્વેગ પમાડનાર થાય, દરિદ્રતા, નોકરપણું, પરાધીનપણું અને ગુલામપણું પામે, અંગોપાંગ છેદાય, બંધુવર્ગ ત્યાગ કરે, અશાન્તિ પામે અને નરકની વેદના ભોગવે. આ બધાં ચોરીનાં કડવાં ફળ છે.

**અચૌર્ય** : પ્રતિષ્ઠા પામે, સંપત્તિની રેલમછેલ થાય, વિપત્તિઓ દૂર ચાલી જાય અને સ્વર્ગનાં સુખ પામે—આ બધાં ચોરી નહિ કરવાનાં મીઠાં ફળ છે.

૪. **અબ્રહ્મ** : આ ભવમાં વધ, બંધન, અપયશ આદિ અનેક દુઃખ પામે. વળી શરીરમાં ધ્રુજારી, પરસેવો, થાક, મૂર્છા, ચક્કર, બળનાશ તેમ જ ક્ષય આદિ રોગો થાય અને ભવાંતરમાં નપુંસકપણું, તિર્યંચપણું, દૌર્ભાગ્ય, અનાદેયપણું આદિ દુઃખો પામે—આ બધાં અબ્રહ્મનાં કડવાં ફળ છે.


**બ્રહ્મચર્ય** : લાંબું આયુષ્ય, સુંદર રૂપ તેમ જ નીરોગી અને મહાબળવાન શરીર મળે. સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ પૂજા કરે. —આ બધાં બ્રહ્મચર્ય પાળવાનાં મીઠાં ફળ છે.

૫. **પરિગ્રહ** : ગમે તેટલું મળે છતાં પણ તૃપ્તિ પામે નહિ, કોઈનો વિશ્વાસ કરી કે પામી શકે નહિ, બધા ઉપર શંકા રહે, ચોરાઈ કે લૂંટાઈ જવાની ચિંતાથી ભયભીત રહે, આરંભ સેવે, માતા, પિતા, ભાઈ, બહેન વગેરેને પણ હણે, અસત્ય વચન બોલે, વધ, બંધન, અપયશ આદિ અનેક દુઃખ પામે અને નરકાદિ દુર્ગતિમાં પડે—આ બધાં પરિગ્રહ નામના પાપનાં કડવાં ફળ છે.

**અપરિગ્રહ** : સંતોષવૃત્તિ, ચિત્તની શાંતિ, નિર્ભયપણું આદિ અનેક સુખો પામે. જીવન-મરણમાં સમાધિ રહે, સદ્‌ગતિ પામે, તેમ જ સ્વર્ગ અને મોક્ષનાં સુખ પામે—આ બધાં અપરિગ્રહનાં અર્થાત્ સંતોષવૃત્તિ ધારણ કરવાનાં મીઠાં ફળ છે.

❋

# વિશ્વ-દર્શન




નોંધ : ચિત્રમાં બતાવાયું નથી, પણ ૧ થી ૭ નારક પૃથ્વી, ક્રમશઃ ૧ થી ૭ રાજ લાંબી છે.